વિ. સં. ૧૯૬૯ ની ભેટ.

वार्तावारिधि रत्नावलि-रत्न २१ मुं.

॥ आचार्यवान् पुरुषो वेद ॥

એક અપૂર્વ આધ્યાત્મિક રસમય વાર્તા.

चारुचित्रा.

(प्रथम चित्र.)

આલેખક.

સાક્ષરોત્તમ શીઘ્ર કવિરાજ,

શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

અમદાવાદ.

Lakshmi Art,' Bombay.

અનેક ભેટ, ઈનામોના લાભ સાથે

વાર્તાવારિધિ.

એક મ્હોટામાં મ્હોટું, સોંઘામાં સોઘું, સમગ્ર ગુજરાતમાં અદ્વિતીય એવું સરસ વાર્તાઓના મહાસાગરરૂપ, મનહર, રસીલું સુબોધક,–સર્વને એક સરખું ઉપયોગી થઈ પડે તેવું,

સચિત્ર માસિક.

વાર્તાવારિધિના ગ્રાહકને પ્રતિવર્ષના **માત્ર બે રૂપિયામાં** સચિત્ર માસિક ઉપરાંત.

પ્રતિવર્ષ એક કરતાં વધારે—ઓછામાં ઓછાં **બે-ભેટનાં** પુસ્તકો મળશે.

દરેક અંકમાં નાના પ્રકારનાં **ઇનામો** આપવામાં આવે છે તેનો લાભ મળશે.

ઇનામી વાર્તા વાંચી સારૂં ઈનામ મેળવવાનો લાભ મળશે.

કોઇ પણ વિષયની **માહિતી મફત** મેળવવાનો લાભ મળશે.

જ્યોતિષમાં શ્રદ્ધા હોય તો **એક વર્ષનું ભવિષ્યફળ વિના મૂલ્યે** મેળવવાનો લાભ મળશે.

નાના પ્રકારની બીજી **અનેક ઇનામી** સ્પર્ધામાં ઉતરી તેનો લાભ મેળવવાની તક મળશે.

ભેટ ઉપરાંત કોઇ **મફત** તો કોઈ ખાસ **ઘટાડેલા ભાવથી-બીજાં** ઘણાં પુસ્તકો **વાર્તાવારિધિના** ગ્રાહકોને મળે છે તે મેળવવાનો લાભ મળશે.

વાર્તાવારિધિના પ્રત્યેક પૃષ્ઠમાં કંઇક નવિનતા છે.

વાર્તાવારિધિનો નમુનાનો અંક એક મંગાવી સંપૂર્ણ **વિગતથી** જાણીતા થવા વિનંતી છે.

સરકીવાડ, ખાડીઆ, **અમદાવાદ.**

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,
પ્રયોજક, વાર્તાવારિધિ.

वार्तावारिधि रत्नावलि— रत्न २१ मुं.

चारुचित्रा.

(प्रथम चित्र.)

(એક અપૂર્વ આધ્યાત્મિક રસમય વાર્તા.)

॥ आचार्यवान् पुरुषो वेद ॥

આલેખક,

સાક્ષરોત્તમ શીઘ્રકવિવર,

શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

અમદાવાદ.

પ્રકાશક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

પ્રયોજક, વાર્તાવારિધિ, અમદાવાદ.

વિ. સં. ૧૯૬૯. ઈ. સ. ૧૯૧૩

શ્રી રામકૃષ્ણ પ્રિન્ટિંગ પ્રેસ-(પાંચકુવા નવાદરવાજા પાસે)
અમદાવાદમાં શાહ મગનલાલ હરિવલ્લભદાસે છાપ્યું.

મૂલ્ય રૂ. ૧-૦-૦.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

પ્રસ્તાવના.

શરીરધારી જીવ માત્રમાં મનુષ્યદેહધારી જીવોને જ પોતાની બુદ્ધિની કોઇ અસાધારણ વિશેષતાને લીધે જન્મ જીવન અને મરણનાં બંધનો છતાં જીવન્મુક્ત અને અન્તે એ ત્રણે ઉપાધિથી મુક્તિરૂપ-વિદેહ મુક્તિરૂપ-અન્તિમ મોક્ષ પણ પ્રાપ્ત કરવાનો સંભવ હોવાથી શાસ્ત્ર માત્ર મનુષ્યોને જ ઉદ્દેશીને પોતાનું શાસન ઉચ્ચારે છે. તે શાસનને પરિણામે મનુષ્યને અમુક ગ્રાહ્ય અને અમુક ત્યાજ્ય છે. તે પ્રમાણે ગ્રહણ અને ત્યાગ તથા તે ગ્રહણ અને ત્યાગની ક્રિયામાં પ્રેરક અને વીરક એવા ગુણ કર્મ સ્વભાવ વગેરેનો ઇતિહાસ એજ માનવ જાતિનો ઇતિહાસ છે. વસ્તુતઃ આ વિશ્વરૂપ નાટક-શાળામાં મનુષ્યજાતિ એ મુખ્ય પાત્ર નથી; પણ મનુષ્ય જાતિનાં ગુણ કર્મ સ્વભાવાદિક જ મુખ્ય પાત્રો છે. તે જ પાત્રોને રૂપ આપીને તેની રૂપ રેખાઓ દોરવી અને તે માનવ સૃષ્ટિને પોતાની ઉન્નતિ અને મુક્તિમાં પ્રવૃત્તિ કરાવવા સમર્થ થાય એવા પ્રત્યક્ષ ઉપદેશને બદલે લક્ષણા અથવા વ્યંજ-નાથી ઇસારો કરી સમર્થ બનાવે એવી રીત્યે રૂપરેખા દોરવી એ આ ચારૂચિત્રોનો મુખ્ય ઉદ્દેશ છે.

મનુષ્યદેહ અને વિલક્ષણ માનસ સામગ્રી પામેલો જીવ એ જ આ પુસ્તકમાં શ્રીબહીરથલમાં મહારાજા છે અને વૃત્તિપદ્મા મહારાણી તેની પત્ની છે સદ્ગુરૂની પ્રાપ્તિ એ આ જગતમાં મુખ્ય અનુકૂલતા છે. તે પ્રાપ્ત થતાં પહેલાં મનુષ્યને ઘણી ભૂલ્યો થવાનો સંભવ હોય છે. પણ મનુષ્યને શિષ્ટા-ચારનો વાસ્તવ સમાગમ થયા પછી એવી ભૂલો થવાનો સંભવ નહિવત્ થઇ જાય છે. એટલો ભાગ આ પ્રથમ ચિત્રમાં આપેલો છે. તેથી આગળનું ચિત્ર હવે બીજા ચિત્રમાં આપવામાં આવશે.

આવાંજ ચિત્ર દોરવાનું કામ આપણા દેશના અને બીજા દેશના લેખકોએ પહેલાં કરેલું છે. પણ હાલના સમયને એક પ્રકારે સાવધ બનાવી સાચી આત્મસુધારણાના માર્ગે દોરે એવા પ્રકારનાં ચિત્ર આપવાં એવો વિશેષ હેતુ આ ચારૂચિત્રો આલેખવામાં રહેલો છે. એ વિશેષ તેમજ સામાન્ય હેતુને પાર પાડવા પરમેશ્વર કૃપાળુ થાવ એજ અભ્યર્થના સાથે અત્ર વિરમાય છે.

જ્યારે આ ચારૂચિત્રો વાર્તાવારિધિમાં પ્રથમ બહાર પડી હતી

ત્યારે વાચકવર્ગને તે ઘણી આકર્ષક થઈ પડી હતી, જેથી તેને બાલાર્ક-વારિધિના ગ્રાહકોને ઇનામ તરીકે આ પ્રસંગે આપવાની ઇચ્છા તેના ઉત્સાહી સાક્ષર તંત્રીએ દર્શાવવાથી તેમ કરવા મેં તેમને અનુમતિ ઘણી પ્રસન્તાપૂર્વક આપી છે.

આ ચારૂચિત્રાનું અધ્યાત્મ તત્વરૂપ સૂત્ર સમાપ્તિ પર્યન્ત એવી રીતે અનુસ્યૂત રાખવામાં આવશે કે વાર્તાના રસમાં તે પણ ઉપરને ઉપર તરતું સામાન્ય પ્રતિના વાચકને પણ દૃશ્યમાન રહે. ઇત્યલમ્

વિ. સવિનય, ગ્રન્થકાર.

એક અપૂર્વ આધ્યાત્મિક રહસ્યમય વાર્તા.

॥ ॐ શ્રી ॥

चारुचित्रा.

। अथ मङ्गलम् ।

भवारण्ये शरण्यं मे पुण्यं यस्य पदाम्बुजम् ।
तं सुमांगल्यसौभाग्यसदनं नृहरिं भजे ॥

ભાવાર્થ—આ ભવાટવીમાં જેનું પવિત્ર ચરણકમળ મારે શરણ લેવા યોગ્ય છે એવા સુમાંગલ્ય અને સૌભાગ્યના ભુવનરૂપ **શ્રી નૃસિંહ** સદ્‌ગુરુને હું ભજું છું.

પ્રકરણ ૧ લું.

મહોત્સવ.

શ્રી જગદ્‌ગુરુ પરમાત્માના અનંત ઐશ્વર્યના પ્રશસ્તિલેખરૂપ આ અનિર્વચનીય વિશ્વમાં દેવ દાનવ માનવ આદિક સમગ્ર જીવ જાતવડે નિરંતર વખણાતી સમગ્ર **જન્માવર્ત્ત** દેશની રાજધાની **મનુજાવતી** નામે નગરીમાં એક સમયે હર્ષનો મહાસાગર પોતાના તરંગ ઉછાળી ઉછાળીને પુરવાસી જનોનાં અંતઃકરણરૂપ કમળો ઉપરથી ચિન્તારૂપ રજને ધોઇ નાંખતો અને ઉક્ત કમળની સ્વાભાવિકી મૂળ કાન્તિને ખુલ્લી કરી રહ્યો છે. વાદ્યના માંગલિક ધ્વનિથી તે હર્ષમહાસાગર જાણે ગંભીર અનેક આનંદજનક નાદથી ગાજતો હોય એમ સઉને ભાન થઇ રહ્યું છે. હર્ષમહોદધિ પોતાથી ઉત્પન્ન થયેલા ઉત્સાહરૂપ અમૃતથી નગરવાસીઓને તેઓના મર્ત્યભાવનું વિસ્મરણ કરાવી રહ્યો છે. ગોરે, ચકે, અને નગરનાં દેવાલયોમાં નૃત્ય કરતી વારાંગનાઓ તે હર્ષસાગરમાંથી નિકળેલી રંભાદિક

દેવાંગનાઓનું ભાન કરાવી રહી છે. મંગલ તોરણાદિકથી શણગારેલા રથમાં જોડેલા અનુપમ અશ્વો હર્ષોદધિમાંથી તત્કાળ નીકળેલા અનેક ઉચ્ચૈઃશ્રવા-હયનું દર્શન કરાવી રહ્યા છે. પોતાના શુણ્ડદંડમાં પકડેલા માંગલિક સુવર્ણકળશોથી શોભતા અનેક કરિવર પોતાનાં મદ ઝરતાં ગણ્ડસ્થળોથી નદીઓનાં ઝરણવાળા અનેક ગિરિરાજ અને શ્રાવણ ભાદરવાના વર્ષાદનાં ઝાપટાં નાંખતા ધનમંડળને પરાજય પમાડીને સુરેન્દ્રના ગજેન્દ્રરત્નનો દેખાવ ચારે તરફથી આપી રહ્યા છે. વર્તતા મંગલ પ્રસંગને લીધે જેમણે વિવિધ પ્રકારના અલંકાર ધારણ કરેલા છે એવી નિરૂપમ રૂપવતી સૌભાગ્ય-શાલિની નગરનારીઓવડે આ હર્ષરૂપ અંબુનિધિમાં અનેક રૂપ ધારણ કરીને જાણે સાક્ષાત્ લક્ષ્મી મહાલતી હોય એમ જણાઇ રહ્યું છે. વિપ્રો દાનમાં મળેલી સુવર્ણની શિંગડીઓ, ઝાંઝરીઓ, સાંકળીઓ વગેરેથી શણ-ગારાયલી, અને દાન વિધિમાં ચંદનાક્ષત કુકુંમ તથા પુષ્પોના હારવડે અલંકૃત એવી અનેક ગાયોને દોરી જાય છે તે જોઇને પ્રવાસીઓને કામ-ધેનુનાં દર્શન આ હર્ષપારાવારમાં અનેક રૂપે થતાં હોય એમ ભાસી રહ્યું છે. દેવોના જેવાં રૂપ ગુણવાળાં પુરજન અપાર સમૃદ્ધિવાળા અને અનન્ય દાનવીર મહારાજાધિરાજા બહીરથવર્મ દેવના દક્ષિણ હસ્તને આ હર્ષ-જલનિધિમાં સર્વકામપ્રદ પારિજાતકવૃક્ષ તરીકે સ્થળે સ્થળે વખાણી રહ્યાં છે. ચંદ્રવંશી મહારાજા બહીરથવર્મ નરેન્દ્રનું કુટુંબરૂપ ચંદ્રમંડલ આ હર્ષમહાવારિધિથી ઉન્નતિ પામી પૂર્ણ કળાનો અનુભવ કરતુ શાન્ત તેજોમય પ્રહ્લાદને ચારે તરફ પ્રસારતું પુરજન પરિજન વગેરે સર્વ પ્રજાને આનંદનું અલૌકિક ભાન કરાવી રહ્યું છે. આ પ્રમાણે મનુજાવતી નગરીમાં વર્તેલો મહોત્સવ મહાસાગર તે અનેક ઉત્તમ રત્નોનું ભાન કરાવી રહ્યો હતો, અને તેમાં ઉલટેલી વ્યક્તિયોના સમુદાયની હિલચાલથી તે મહાસાગર જાણે ઉત્સાહ રૂપ રવૈયાથી મંથનવશ થઇ ઉછળતો હોય એમ જણાતું હતું.

એ સમગ્ર ઉત્સાહરૂપ રવૈયાને ઘુમાવનાર દોરી તો ફક્ત શ્રી બહી-રથવર્મ દેવ મહારાજની ધર્મપત્ની મહારાણી શ્રી વૃત્તિપદ્મા દેવી જ હતી. કારણ કે શ્રી બહીરથ રાજેન્દ્રનું રાજ્ય અત્યંત વિસ્તારવાળુ અને અગ-ણિત વિભવોથી ભરપૂર હતું; મહારાજા બહીરથની આજ્ઞા આ સંસારમાં કોઇ લોપી શકે એમ નહોતું; જો કે મનુજાવતી રાજધાની આ મર્ત્યલોકમાં જ ગણાય તોપણ મહીમહેન્દ્ર સાર્વભૌમ એક ચક્રવર્તી બહીરથ મહારાજાના અપ્રહત આ દેશને ઉર્ધ્વલોકવાસી દેવોના રાજા ઇન્દ્ર અને અધોલોકવાસી ઉરગ અને દાનવાદિકના રાજાઓ પણ ઘણાજ માન સાથે પોતાના મસ્તક

ઉપર ચઢાવતા. આવું નિષ્કંટક જેવું રાજ્ય બહીરથવર્મદેવને પ્રાપ્ત થયેલું હતું, અને તે પણ તેમના પોતાના જ અથાગ સામર્થ્ય અને પ્રતાપથી જ પ્રાપ્ત થયેલું હતું. તેમને દાનવી, માનવી અને દૈવી એવી અનેક સુંદરીઓ વરેલી હતી; જેમના રૂપગુણના અલૌકિક ચમત્કારોવડે મોટા મુનિઓ પણ મોહવશ થઇ જાય એવી અનેક રાણીઓવડે મહારાજા બહીરથવર્મનું અંતઃપુર અલંકૃત થયેલું હતું. તે સઉને અનેક અનેક સંતાન પણ થયેલાં હતાં. તેમાંના કેટલાક પુત્રો હોવાથી રાજ્યના વારસો અંતે કોણ થશે એ વિષે ચિન્તા કરવાનું તો લેશ પણ કારણ નહોતું; કેમકે તે પુત્રો જો બહીરથ મહારાજની પાછળ હયાત રહે તો પોતાના પિતા કરતાં પણ વિશેષ દીપી નીકળે એવા હતા, એટલુંજ નહીં પણ તેઓ પોતાના પિતાને એટલા તો પ્રીતિથી ચહાતા હતા કે રાજ્યલોભનાં કારણો અત્યંત પ્રબળ છતાં પણ તેઓ પોતાના પિતાને અમર થયેલા જોવાને નિરંતર ઇચ્છતા હતા, તેમજ પોતાના પિતાનું અસ્તિત્વ અખંડિત રહે તેવા, જપ, તપ, પ્રયોગો, કલ્પ, ઔષધ વગેરે ઉપચારો કર્યા કરતા હતા. અને પોતે બહીરથ રાજા પણ પોતાના સંતાનોને તેઓની રૂચિ અનુસાર સ્વતંત્રપણાનો ઉપભોગ કરવામાં આડે આવતા નહિ, એટલું જ નહિ પણ, તેઓને અત્યંત પ્રસન્નતાથી અનુમોદન આપતા હતા; આથી બહીરથનરેન્દ્ર રાજ્ય સામર્થ્ય, પ્રતાપ, શરીર, સમૃદ્ધિ, કુટુંબ, પરિવાર, વિભવ, અને કૌટુંબિક સંપ, જંપ વગેરે સમગ્ર સાંસારિક ઇષ્ટ પદાર્થોની બાબતમાં જેવા સુખી હતા તેવો અન્ય કોઇ પણ સુખી નહોતો.

આ પ્રમાણે સંપૂર્ણ લૌકિક સુખના મહાસાગરરૂપ મહારાજા બહીરથ હતા, તોપણ લૌકિક સુખનો સ્વભાવ જ એવો છે કે તે હમેશ ન્યૂનતાનું જ ભાન કરાવે છે, તે સામાન્ય નિયમ પ્રમાણે બહીરથ રાજાને પણ હજી એક મનોરથ બાકી રહ્યો હતો. તેમની અનેક મહારાણીઓ પુત્રપુત્રીરૂપ સંતતિથી કૃતાર્થતા પામી હતી, તોપણ મુખ્ય પટ્ટરાણી પૂર્વોક્ત વૃત્તિપદ્માને કાંઇ સંતાન થયું નહોતું. અન્ય રાણીઓનાં પુત્રપુત્રીઓ મહાદેવી વૃત્તિપદ્માને પોતાની જનિતા સમાન અને તેથી પણ પટ્ટરાણી તરીકે અધિક ગણતાં. બીજી રાણીઓ પણ પટ્ટરાણી વૃત્તિપદ્માને પોતાની જ્યેષ્ઠ ભગિની તરીકે વાસ્તવ પ્રીતિભાવથી જોતી; તેઓ વૃત્તિપદ્માને અસૂયાપાત્ર ઉન્નતિ પામેલી શોક્ય તરીકે ન ગણતાં પોતે જાણે તેની ઉપશાખાઓ હોય અને તે પોતાની આધારભૂત મુખ્ય શાખા હોય એમ ગણીને તેને પોતાની પૂજ્યતરીકે માન આપતી. વૃત્તિપદ્મા પણ પોતાની સપત્નીઓને પોતાની શોભારૂપ પ્રિય

સખીઓ ગણીને ચહાતી, અને તેઓનાં સંતાનને પોતાના જ ઉદરથી પ્રકટેલાં સંતાન તરીકે પરમવાત્સલ્યથી પાળતી, પોષતી, અને હુલાવતી. આ પ્રમાણે હતું તોપણ રાજા બહીરથ અને તેની બીજી રાણીઓ નિરંતર એવી જ ઇચ્છા કર્યા કરતાં કે પટ્ટરાણી વૃત્તિપદ્માના ઉદરથી એકાદ સંતાન ઉત્પન્ન થાય તો આપણા કુટુંબની અપૂર્ણતારૂપ ખામી ટળીને પૂર્ણકલા થાય. કેમકે વૃત્તિપદ્મા અન્ય મહારાણીઓ કરતાં વયમાં અને પદવીમાં મોટી હતી, તોપણ તેના ઉદરથી કાંઇ પણ સંતાન પ્રકટયું નહોતું. તેને માટે આખું રાજકુટુંબ વ્રત, અનુષ્ઠાન, અને બાધા આખડીઓ પોતપોતાની રૂચિ અનુસાર કેટલાંક લાંબા સમયથી લેઇ બેઠું હતું. તેઓ સૃષ્ટિની ઉત્પત્તિના કારણ અને પ્રજાપતિયોમાં મુખ્ય એવા બ્રહ્માજીની સાવિત્રી શક્તિસહિત ઉપાસના કરી ચૂક્યાં હતાં, વિશ્વપાલક સત્તાના અધિપતિ શ્રી વિષ્ણુ ભગવાનને કમલા શક્તિસહિત આરાધી ચૂક્યાં હતાં, તથા સુરાસુરનો ભેદ રાખ્યા વિના ઇચ્છિત આપનાર પરમકૃપાલુ શંકર ભગવાનને જગજ્જનની પાર્વતી સહિત પૂજી ચૂક્યાં હતાં: વળી બીજા નાના મોટા અનેક દેવદેવીઓને તો તેઓએ એટલાં તો સંખ્યાબંધ પૂજ્યાં હતાં કે તેનું વર્ણન જો અત્ર કરવા બેસીએ તો સમગ્ર દેવમંડલની એક નામાવલિ લખાઇ જાય. ટુંકામાં એટલું જ કે આ રાજકુટુંબે વૃત્તિપદ્માના ઉદરથી એક પણ સંતાન થાય તેને માટે સંસારમાં કહેવાતા કરાતા સઘળા ઉપચારોનો ઉપયોગ કર્યો હતો; અને તે સર્વ ઉપાયોનું કાંઇ પણ ફલ ન જોવામાં આવ્યું, તેથી તેઓ સઉ **નિરાશા** નદીના અલંધ્ય પ્રવાહના તીરઉપર આવી પહોચ્યાં હતાં. એટલામાં તે **નિરાશા** નદીના કિનારે વાસ પૂરીને રહેલા અને સોમવલ્લીરસ કરતાં પણ જીરવવું કઠિન એવા નૈરાશ્ય જલનું પાન માત્ર કરીને જ નિરંતર સદા કૈફમાં મગ્ન રહેનાર હોવાથી જેમને હરિ હર વિધિ પણ પરમપૂજ્ય ગણે છે એવા પુરૂષ સિંહ શ્રી **સદ્ગુરુનાથ** નામના યોગીન્દ્રચુડામણિનું દર્શન તેઓને પૂર્વપુણ્યના પ્રભાવથી થયું. આ યોગીન્દ્ર ભગવાને બહીરથરાજા અને તેના કુટુંબને જે ઉત્કટ ઇચ્છા સતાવતી હતી, તે પોતાના યોગ બળથી જાણી લીધી; બહીરથરાજા અને વૃત્તિપદ્મા તથા બીજા કુટુંબનાં સઘળા મનુષ્યોએ તે યોગીન્દ્રને ચરણે પડીને અનુગ્રહ કરવા યાચના કરી. ત્યારે તે સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્ યોગીશ્વરે બહીરથરાજાને તથા તેની સઘળી રાણીઓને અને પરિવારને આ પ્રમાણે કહ્યું:—

હે સમગ્ર લૌકિક વિભવને પ્રાપ્ત તથા ત્રિલોકીને વશ વર્ત્તાવનાર રાજેન્દ્ર! અને સમગ્ર સુખસૌભાગ્યને પ્રાપ્ત થયેલ રાજકુટુંબ! આ સંસારમાં જીવને

ઠ્ઠીપણુ તૃપ્તિ થતી નથી, એ સ્વાભાવિક છે; તોપણુ એ અતૃપ્તિને લીધે જ માણુસ નિષ્ક્રિય થવા ઇચ્છતો નથી, અને ક્રિયામાં તો પરિણામે કોઇ પણુ પ્રકારનું ફળ રહેલું જ હોય છે; જેને અત્યંત સુખરૂપ ફલ લૌકિક દૃષ્ટિથી મળી ચૂક્યું હોય છે, તે મનુષ્ય જો નિરાંતે ન બેસતાં કોઇપણુ વિશેષ ઇચ્છાવડે પ્રેરાઇને કોઇ પ્રકારની ક્રિયામાં પેસે છે, તો પછી સુખમાત્રરૂપ ફલ તો તેને પ્રથમ જ પ્રાપ્ત થયેલું હોવાથી, બાકી રહેલું જે દુ:ખરૂપ ફલ તે જ છેવટે આવીને તેને પ્રાપ્ત થાય છે. માટે જેને સંતોષવાળી બેસવું જોઇયે તેવા જીવો પણુ જો ઇચ્છાને મર્યાદામાં રાખીને પ્રાપ્તસુખને ભોગવતા નથી અને ઇચ્છા અને ક્રિયાની હોડીઓને પાછી સંસાર સાગરમાં ઝુકાવે છે તો અન્તે તેઓને દુ:ખનાં દર્શન થાય છે. તો હે સુખની સીમાએ પહોચેલ રાજકુટુંબ! હવે ક્ષુદ્ર ઇચ્છાને માટે આગ્રહ ન કરતાં પ્રાપ્તસુખ ભોગવો અને શાન્ત થાવ. અન્ય રાણીઓનાં સંતાનથી પટ્ટરાણી વૃત્તિપદ્મા પણુ સંતાનવાળી જ છે એમ માનવામાં શાસ્ત્ર પણુ અનુમોદન આપે છે, તો વૃતિપદ્માના જ ઉદરથી કોઈ સંતતિ ઉત્પન્ન થાય તો જ તમોને સઉને પૂર્ણ સુખનું ભાન થાય એવો દુરાગ્રહ કરવાથી શું અધિક ફલ છે?

આવા ઉપદેશની રૂડી અસરથી વૃતિપદ્માનું અંતઃકરણ સત્વર સમાધાન પામ્યું. કેમકે તે તો **સામ્યાવર્ત્ત** દેશના મહારાજા **સામ્યસેન** તથા તેની મહારાણી **વિક્ષોભા** દેવીના ઉત્તમ કુલમાં જન્મેલી હતી. પરંતુ કેવલ વૃતિપદ્માપ્રતિના અમર્યાદ સ્નેહથી બંધાયલાં તથા વૃતિપદ્માના સંતાનનું મુખ જોવાના કુતૂહલની મોહજાલમાં સપડાયલાં રાજા તથા રાણીઓને શ્રીસદ્‌ગુરૂનાથનો બોધ ગળે ઉતર્યો નહિ; અને તેઓ દીનમુખે બોલ્યાંઃ– હે ભગવન્! આપનાં દર્શનથી અશક્ય વસ્તુઓ પણુ શક્ય થઇ જાય છે, એવી લોકવાયકા અમે કોઈ કાલથી સાંભળતાં આવ્યાં છીએ. આપનો અનુગ્રહ એ દુર્લભમાં દુર્લભ વસ્તુને પણુ સુલભમાં સુલભ કરી દે છે. ત્યારે હે પ્રભો! આપનાં દર્શન થયાં છતાં જો અમારે અમારી ઇચ્છાને મારવી પડશે તો પછી આપના અમોઘ બિરૂદને જ લાંછન લાગશે. માટે અમારા કર્મ સામું જોયા વિના અથવા અમારી પાત્રતાનો વિચાર કર્યા વિના પણુ અમારી ઇચ્છા પૂર્ણ કરવાને આપ સમર્થ કૃપાલુ થાવ. વૃતિપદ્માથી થયેલ સંતાનનું મુખ જોવાને અમે ભાગ્યશાળી થઇએ એટલી જ અમારી સઉની ઇચ્છા છે અને તેને પૂર્ણ કરવાને આપ સર્વ સિદ્ધિપતિ યોગીન્દ્ર સમર્થ છો એવી અમને સંપૂર્ણ શ્રદ્ધા છે.

આખા રાજકુટુંબની આવી રાજહઠ જોઇને પરમ યોગીશ્વર શ્રી સદ્‌ગુરુનાથે

પોતાના મનમાં વિચાર કર્યો કે, સંતોષ પામવા જેવી સુખી સ્થિતિ પ્રાપ્ત છતાં, અને મારાથી બનતો ઉપદેશ આપીને તેમને ચેતાવ્યા છતાં પણ તેઓ પોતાની ઇચ્છાના અયોગ્ય વેગને રોકવાને સમર્થ થતાં નથી, તે ઉપરથી સ્પષ્ટ જ છે કે, તેઓ કોઇક પ્રકારના પોતાના વિપરીત પ્રારબ્ધનાં જ પ્રેર્યાં એવા વેગને વશ થયેલાં છે; તો ફલ આપવાને માટે પરિપાક અવસ્થાએ આવેલાં હોવાથી અત્યંત પ્રબલ વેગથી ફલોન્મુખ થયેલાં કર્મોનો ભોગ તેઓ ભોગવી લે તે પણ એક પ્રકારે માયાપ્રવાહના નિયમ પ્રમાણે હોવાથી, કર્મકોષ ખાલી કરીને કૈવલ્યના માર્ગે ચઢવાની એક રીતિ છે. તેથી હવે મારે આમને વિશેષ ઉપદેશ આપવો એ ઉપયોગનો નથી. વળી આમણે અનેક દેવદેવીઓની ઉપાસના પણ આ જ ઇચ્છાથી કરી છે. તેમ જ અનેક મહાત્માઓની પણ સેવા તેઓ કરી ચૂકયાં છે, તો પણ તેઓનું ઇચ્છિત તેઓને પ્રાપ્ત થયું નથી, અને તેથી તેઓને અશ્રદ્ધા પ્રાપ્ત થવાનો સમય આવી પહોંચ્યો છે; તેથી હવે જો હું પણ તેઓને નિરાશ જ કરીશ તો તેઓની શ્રદ્ધાનો નાશ જ થશે, અને જેઓ શ્રદ્ધાથી ભ્રષ્ટ થાય છે તેઓનું ઐહિક તેમ જ આમુષ્મિક શ્રેયઃ કોઇપણ કાલે થતું નથી. શ્રદ્ધાવાન્‌નું જોકે ઐહિક અશ્રેયઃ થાય છે, તોપણ તેનું આમુષ્મિક નિઃશ્રેયસ તો નિરંતર જળવાય છે. તો જેથી આમુષ્મિક શ્રેયનું સંરક્ષણ થઇ શકે છે એવી શ્રદ્ધાનું રક્ષણ કરવાને માટે તેમની ઐહિક અશ્રેય કરનારી ઇચ્છા પૂરી પાડવી એ અધિક અંશે અપેક્ષણીય છે.

એ પ્રમાણે વિચાર કરીને શ્રી સદ્‌ગુરુનાથ બોલ્યાઃ—હે સાર્વભૌમ સત્તાવાળા રાજકુટુંબ! તમે સઉ એવા જ આગ્રહ ઉપર આવ્યાં છો, તો તમારી ઇચ્છા પ્રમાણે ગમે તે કોઇ સંતાન થશે; અને સુખ–દુઃખ તથા ઉદય–અસ્ત તો આ સંસારમાં વસ્તુમાત્રને થયાં કરે છે, પણ એ સંતાનથી જ તમારું આખું કુટુંબ અત્યંત પ્રખ્યાતિ પામીને પરમ શાન્તિરૂપ મોક્ષ પામશે. પણ હાલ જેમ તમો વૃત્તિપદ્માને સંતાન થવું જ જોઇએ એવા આગ્રહને ધારણ કરી રહ્યાં છો, તેમ એ નિશ્ચયને પણ ધારણ કરી રાખજો કે **આ સંસારમાં જે કાંઇ વિપત્તિ ગણાય છે, તે ખરી વિપત્તિ નથી, અને જે સંપત્તિરૂપ મનાય છે તે ખરી સંપત્તિ નથી.** શ્રી સદ્‌ગુરુનાથનાં આ વચનો સાંભળીને જે હર્ષ એ રાજકુટુંબમાં ઉત્પન્ન થયો, તે હર્ષાવેશમાં એ યોગીન્દ્રનાં વચનોનું ખરું રહસ્ય કોઈ પણ જાણી શક્યું નહીં, અને સઉ કોઇ એકે સ્વરે 'તથાસ્તુ' 'તથાસ્તુ' કહી પોતે માની લીધેલા વરદાનને વધાવી લેવા લાગ્યાં. આ પ્રમાણે રાજકુટુંબ વરપ્રાપ્તિથી

આનંદ ઓઘમાં ઝીલી રહ્યું હતું તેવામાં જ એકાએક શ્રી સદ્ગુરુનાથ યોગીન્દ્ર અંતર્ધાન પામી ગયા; અને રાજકુટુંબના આનંદના પ્રવાહ ભેગો આશ્ચર્યના પ્રવાહનો સંગમ થયો.

નિરાશામાં ડુબવાની અણી ઉપર આવેલું રાજકુટુંબ હવે આશાનાં કિરણથી ઉન્મુખ થઇને પોતાના મનોરથસૂર્યના સિદ્ધિરૂપ ઉદયની હર્ષપૂર્વક વાટ જોવા લાગ્યું. આ સંસારમાં પ્રત્યેક વસ્તુ નિષ્ફલ થઇ જાય છે, પણ સિદ્ધ યોગીશ્વરનું વચન કદી પણ નિષ્ફલ થતું નથી. વરદાન થયું તે જ માસમાં વૃત્તિપદ્માએ ગર્ભધારણ કર્યો. એમ કરતાં કરતાં પાંચમો માસ થયો અને વૃત્તિપદ્મા મહારાણીને ગર્ભાધાન છે એ વાતનો સઉને નિશ્ચય થયો. હવે રાજા પ્રજા સહુએ શુભ પ્રસંગ નિમિત્તે ઉત્સવ કર્યો. એ મહોત્સવ એવો તો મોટો અને દેદીપ્યમાન થયો કે તેનું વર્ણન કરવાને નેત્ર જ સમર્થ થાય, વાણી તેનું વર્ણન કરવાને કોઇ પણ અંશે સમર્થ નથી એમ કહીએ તો ચાલે. તોપણ તેનો કાંઇક ભાસ આપવાને માટે સંક્ષેપમાં આ પ્રકરણના આરંભમાં તેનું દિગ્દર્શન કરાવ્યું છે. આખી મનુજાવતી નગરી ઉજ્વલતા, આનંદ, અને ઉત્સાહથી ઝળહળી રહી હતી.

આ મહોત્સવનો આનંદ લેવાને માટે સ્વર્ગમાં વસનાર દેવો પણ પોતાની દેવાંગનાઓ સાથે વિમાનોમાં બેશીને મનુજાવતીમાં અદૃશ્ય રૂપે આવ્યા હતા. પરંતુ આ મહોત્સવના દિવ્ય પ્રભાવથી જેમનું સૌન્દર્ય કોઇ અલૌકિક રીતે પ્રકાશતું હતું એવાં નગરનાં નરનારીઓને જોઇને એ સુરલોકવાસીઓ આનંદની સાથે કાંઇક અસૂયાનો અનુભવ કરતા હતા. વિશ્વમર્યાદાસ્થાપક દેવોને પણ જે મહોત્સવનો વિભવ જોઇને અસૂયા ઉત્પન્ન થતી હતી તે મહોત્સવ વિષે અધિક વર્ણન કરવા જતાં વાક્યરચના હર્ષોન્મત્ત થઇને મૂર્છા પામે એ સ્વાભાવિક છે.

પ્રકરણ ૨ જું.

સગર્ભા રાણી.

વૃત્તિપદ્મા મહારાણી જો કે પ્રથમ સંતતિને માટે ઘણી આતુર નહોતી, અને પોતાની સપત્નીઓની સંતતિથી જ પોતાને પ્રજાવતી માનતી હતી, તોપણ જ્યારે તેને પોતાને જ શુભ દિવસ આવ્યો ત્યારે તેના અંતઃકરણમાં પણ ભવિષ્યના શુભ વિચારોદ્વારા સુખની પ્રતીતિ થવા લાગી. વન્ધ્યાદોષની નિવૃત્તિનો માંગલિક સમય પ્રાપ્ત થયેલો જોઇને તે અનુગ્રાહક પરમેશ્વરનો અત્યંત આભાર માનવા લાગી. પતિવ્રતા નારીઓને કોઇ પણ દોષ દૂષણરૂપ નથી હોતો, તે સત્સિદ્ધાંતમાં આ મહારાણી અડગ શ્રદ્ધા ધરાવતી હતી. તેથી તેને વંધ્યત્વ કોઇ પણ પ્રકારે ક્લેશ આપી શકતું નહોતું, તથાપિ જ્યારે હવે તે નામમાત્ર દોષનો પણ નાશ થવાનો સમય સદ્ભાગ્યે પ્રાપ્ત થયો તેથી તેને આનંદ થયા વિના રહેતો નહોતો. તેને દેવ બ્રાહ્મણ આદિકના ઉપર જે ભક્તિ હતી તે ભક્તિ વૃદ્ધિ પામવા લાગી, તેમ જ તેના અંતઃકરણમાં સારી સારી ભાવનાઓ થવા માંડી, તેમ જ સાત્વિક આહાર-વિહારાદિક ઉપર તેની રુચિ થવા માંડી, તેમ જ તેના શરીરની કાન્તિમાં પણ સાત્વિક તેજોમય શાન્તિનો પ્રભાવ જણાવા લાગ્યો, તેની મુખમુદ્રામાં જે સ્વાભાવિકી મૃદુતા હતી તેની સાથે સંતોષનું લગ્ન થયું, તેનો નૈસર્ગિક સુસ્વભાવ અધિક અધિક મધુરતાને પ્રકટ કરવા લાગ્યો, અને પોતાના ઉદરમાં ગર્ભનો ભાર છતાં પણ તેના અંગોમાં જડતા કે મંદતાનો ભાસ થતો નહિ પરંતુ તેના આખા શરીરમાં સાત્વિક બલ અને લાઘવનું ભાન તેને થતું હતું. આ ચિન્હો ઉપરથી વૃત્તિપદ્માદેવીને પોતાને તેમ જ અન્ય સર્વને એટલો તો નિશ્ચય થયો કે, તેના ઉદરમાં કોઈ પુણ્યવાન ગર્ભ છે; પછી ગમેતો તે ગર્ભ પુત્રીરૂપ હોય કે પુત્રરૂપ હોય.

વળી તે મહારાણીને વારંવાર સુસ્વપ્ન પણ આવતાં. તેમાં તેને વિવિધ દેવોનાં દર્શન થતાં, તેમજ વિવિધ દિવ્ય પદાર્થો, પવિત્ર તીર્થો, યજ્ઞયાગાદિકના પ્રસંગો, તથા અન્ય અનેક માંગલિક વસ્તુઓ સ્વપ્નમાં જણાતી. આ સઘળાં સ્વપ્નોમાં આરંભમાં અને અંતમાં તેને એક અત્યંત સૌન્દર્ય-વાળી કુમારિકાની અલૌકિક જેવી મૂર્ત્તિ જણાતી. આ સ્વપ્નવિષે વૃત્તિપદ્મા

પોતાના પતિને વારંવાર કહેતી અને તે સાંભળીને મહારાજા બંદીરથ વર્મ શુભ ભવિષ્યનાં અનુમાનો બાંધી બાંધીને પોતાની રાણીને એ સ્વપ્નનાં રહસ્ય સમજાવવાને પ્રયત્ન કરતા. સ્વપ્નો પણ દેખીતાં સારાં જ હતાં, અને તેથી રાજા શુભ અનુમાનો બાંધીને જે જે કાંઇ કહેતા તે ઉપર મહારાણી તથા અન્ય સર્વ કૌટુંબિક જનોની સંપૂર્ણ રીત્યે શ્રદ્ધા બેસતી હતી. એમ કરતાં પુંસવન ક્રિયા કરવાનો સમય આવ્યો ત્યારે પુત્રપ્રજા જ અવતરે એવા હેતુથી એ ક્રિયાનો આરંભ કરવાને માટે જ્યાં રાજા સંકલ્પ કરવાને હાથમાં જલ લેછે તેવામાં તે જલમાં એક સ્ત્રીરૂપ દિવ્યમૂર્તિએ દેખાવ દીધો અને એમ બોલતી જણાઇ કે, "પુંસવન ક્રિયા કરશો માં, પુત્રીરૂપ પ્રજા જ થશે." રાજાએ આ પ્રત્યક્ષવત્ અનુભવ્યું; પરંતુ આશા, દુરાશા, અને અત્યાશાથી આકર્ષાયલાં મનુષ્યો શાસ્ત્રવાણી તો શું પણ દેવવાણીને પણ ઉલ્લંઘવાને દોરાઇ જાય છે. આ સંસારમાં શ્રીમંતો પણ પુત્રીરૂપ પ્રજાને ઇચ્છતા નથી, અને રાજાઓ પણ પોતાના સમાન કુળવાન્ જમાઇ મળવો દુર્લભ હોવાથી પુત્રીરૂપ પ્રજાને ઇચ્છતા નથી. બંદીરથ રાજા પણ ઘણો માની ક્ષત્રિય વીર રજોગુણના મહાસાગર જેવા હતો, તેથી બેટીના બાપ થવું તેને પણ એકે કાલે રુચે તેમ નહોતું, વળી પોતાની મુખ્ય પટ્ટરાણીને કુમાર જ થવો જોઇએ એવો પણ કાંઇક તેના મનમાં સવિશેષ આગ્રહ હતો. તેથી પેલી દેવવાણીને પણ ન ગણકારતાં સંકલ્પનું જલ જમીન ઉપર મૂકતાં પુંસવન ક્રિયાનું કામ આગળ ચલાવ્યું. આચાર્ય, પુરોહિત, આદિ બ્રાહ્મણ-મંડલે તે કર્મની પૂર્ણાહુતિ કરાવી; અને પુંસવન કર્મની પરિસમાપ્તિએ સંકલ્પ કરવાને માટે રાજાએ ફરીને અંજલીમાં જલ લીધું. ફરીને તે જલમાં રાજાની દૃષ્ટિ પડી અને તેમાં પુનઃ તેની તે જ સ્ત્રીમૂર્ત્તિ તેની દૃષ્ટિએ પડી. પણ આ સમયે તેનો દેખાવ કોઇ અન્ય પ્રકારનો જ હતો.

પ્રથમના જેવો આનંદમય શાન્ત આકાર આ સમયે તેનો નહોતો. તેમ જ પ્રથમનો રક્તવર્ણનો સાળુ પણ તેણે આ સમયે ધારણ કરેલો નહોતો: તેણે આ સમયે કાળા રંગની સાડી ધારણ કરેલી જણાતી હતી. તેનાં નેત્ર રક્ત અને ક્રોધાવેશથી પૂર્ણ જણાતાં હતાં, તેની વાંકી ભ્રકુટી ક્રોધથી વિશેષ વક્ર થયેલી હતી. તેના કપાલે ક્રોધતમ પ્રસ્વેદનાં બિંદુ તગતગતાં હતાં. તેણે ભયંકર રીત્યે પોતાની તર્જની આંગળી રાજાના સામી ઉગામીને વજ્રપ્રહાર જેવા શબ્દોથી કહ્યું:—હે મદોન્મત્ત રાજા! તું જાણ કે હું નિયતિ દેવી છું. નિર્માણ થયેલી વસ્તુઓનો જેવાને તેવો જ પ્રયોગ કરવાનો અધિકાર મને પ્રાપ્ત છે. નિયતિનો અનાદર કરવાની સત્તા

કોઇને પણ નથી. નિયતિમાં ફેરફાર કરવાને યોગીઓ વિના કોઇપણ સમર્થ નથી. કર્તુ અકર્તુ અને અન્યથાકર્તુ સમર્થ એવા ઐશ્વર્યને પ્રાપ્ત યોગીન્દ્રો પણ પોતાનામાં સંપૂર્ણ સામર્થ્ય છતાં, સવિશેષ કારણોને અભાવે મારો અનાદર કદી પણ કરતા નથી; પરંતુ સામર્થ્યની સાથે મર્યાદા-સ્થાપકત્વરૂપ ઐશ્વર્ય તેઓને પ્રાપ્ત હોય છે, તેથી તેઓ મારૂં તેઓના મહત્વને છાજે તેવી રીત્યે માન રાખે છે. હું કોઇને પ્રત્યક્ષ થઇને ચેતાવતી નથી, કેમકે તેમ કરવાને માટે હું બંધાયલી નથી. તોપણ શ્રી સદ્દગુરુ-નાથના પરમ અનુગ્રહથી નિયતિને ઉલ્લંઘવાને એકવાર સમર્થ થયેલા તને ચેતવવાને માટે મેં પ્રત્યક્ષ થઇ ચેતવણી આપી. તે છતાં પણ અતિ દુરા-શાને વશ થઇને તેં મારી ચેતવણીની અવજ્ઞા કરી. પણ તારે સમજવું જોઇએ કે હું શ્રી મહેશ્વરથી અભિન્ન એવા યોગીશ્વરોની સત્તા નીચે છું. કાંઇ તારા જેવા ક્ષુલ્લક રાજસી વૈભવવાન્ પ્રાણીની ઇચ્છાને અધીન વર્ત્ત-નારી હું નથી. મારી અવજ્ઞા તું કરી ચૂકયો છે. પણ તેની શિક્ષા કરવી હવે મારા હાથમાં રહી છે. તો લેજે હવે નિયતિના અવહેલનનું ફલ—એ પ્રમાણે કહીને તેણે પોતાના ડાબા હાથમાં પકડેલ ખડ્ગ કોપમાંથી જમણે હાથે બહાર કાઢયું, અને તે ખડ્ગ તે રાજા સામું ફેંક્યું, એટલે તે ખડ્ગ એક અઢારેક વર્ષની વયના કુમાર રૂપ થઇને ઉભું રહ્યું. આ સઘળું રાજા બહીરથવર્મને પ્રત્યક્ષ પોતાની હથેલીમાં લીધેલા સંકલ્પના જલમાં હસ્તા-મલકવત્ જણાતું હતું, પરંતુ અન્ય કોઇના જોવામાં એમાંનું કશું પણ આવતું નહોતું. આ સઘળું જોઇ રાજા બહીરથ તો આશ્ચર્યને લીધે મૂઢ-વત્ થઇ ગયેલો તે સંકલ્પના જલમાં અનિમેષ દ્દષ્ટિથી જોઇ રહ્યો હતો. સંકલ્પ ભણી રહ્યા પછી કર્મ કરાવનાર બ્રાહ્મણે જ્યારે બે ત્રણ વાર કહ્યું કે જલ મૂકી દો ત્યારે રાજા પોતાના અંતઃકરણમાં સાવધાન થયો અને તેણે જલ મૂક્યું.

પૂર્વોક્ત અદ્દભુત દેખાવ ઉપરથી રાજાએ એવો વિચાર બાંધ્યો કે પુંસવન ક્રિયાથી પુત્રપ્રજાની ઉત્પત્તિ તો થશે પણ કોઇ ભારે વિઘ્ન થશે. પોતાના હાથમાંનું જલ મૂકતાંની સાથે એ સઘળો ચમત્કારમય દેખાવ અદૃશ્ય થઇ ગયો. ક્રિયાની સમાપ્તિ થઇ અને રાજા રાણી પોતાના અંતઃ પુરમાં પધાર્યાં. પોતાને જણાયેલા દેખાવથી રાજા આજે એટલો વિચારમાં નિમગ્ન થઇ ગયો હતો કે તે વાત તેણે પોતાની રાણીને પણ કહી નહિ; અને બ્રહ્મભોજન, દાન, આદિક ક્રિયાઓ કરતાં કરતાં દિવસ આથમી ગયો, રાત્રી પડી અને આખી મર્ત્યલોકની સૃષ્ટિ નિદ્રાના શ્રમહર ખોળામાં પડી.

સગર્ભા મહારાણી વૃત્તિપદ્માને પણ દિવસે પડેલા શ્રમથી અધિક પ્રબલ નિદ્રા આવી, અને પરોઢ લગી તેણે ગાઢ સુષુપ્તિનું સુખ લીધું પણ તે સુષુપ્તિમાંથી જાગ્રત્ અવસ્થામાં આવતાં મધ્યમાં રહેલી સ્વપ્નાવસ્થાએ તેને નિત્યની માફક આજે પણ રોકી. સ્વપ્નાના આરંભમાં આજે પણ પેલી કુમારિકા જણાઇ, પણ આજે તો તે એકલી નહોતી: તે કન્યાએ આજે તો વિવાહવેશ રચેલો હતો અને તેનો સુંદર કોમલ હસ્ત એક અઢારેક વર્ષના વીરકુમારે ગ્રહણ કરેલો હતો. તે કુમારે નખશિખ કવચ ભીડેલું હતું, તથા વિવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્ર ધારણ કરેલાં હતાં. તે કોઇ મહા સંગ્રામમાં ઘુમેલો હોય એમ તેના વજ્રથી પણ અનેકગુણ અભેદ્ય એવા કવચ ઉપર રૂધિરના છાંટા તાજા જ લાગેલા હતા, તેથી જાણે તેનું કવચ ઉત્તમોત્તમ માણિક્યથી જડેલું હોય એમ જણાતું હતું. તે કુમારના દેખાવમાં મનોહરતા તો હતી જ પણ તે આ વખતે વીર ભાવના સંપૂર્ણ પ્રકાશથી કાંઇક ભયાનક જેવી ભાસતી હતી. તોપણ વૃત્તિપદ્માને આ વીર અને શૃંગાર રસમય જોડાને જોઇને ઉમળકો આવ્યા વિના રહ્યો નહિ. તે વરકન્યાને તેણે પોતાની અનિચ્છા છતાં પણ એવો આશીર્વાદ દેઇ દીધો કે-તમારો નિરંતર જય થાય. ત્યાર પછી નિત્યના ક્રમસ્વપ્નના બીજા દેખાવો સગર્ભા રાણીને દેખાયા. તેમાં જાણે પોતે રાણી પોતાના મહારાજા સાથે તથા અન્ય સર્વ કુટુંબી વર્ગ સાથે ચંદ્રલોક તરફ ચાલી અને ત્યાં સઉએ ચંદ્રપ્રકાશરૂપ થઇને જાણે ચંદ્રમાં જ સમાઈ ગયાં. બીજા સઉ પરિવારનાં સેવક આશ્રિતો આદિ પણ ભિન્ન ભિન્ન લોકમાં ગયાં અને ત્યાં તે લોકના વાસ્તવ તત્વના પરમાણુરૂપ થઇને ત્યાં ત્યાં સમાઇ ગયાં. છેવટે પાછા જાગ્રત્ થતા પહેલાં પેલું વરકન્યાનું જોડું રાણીને જણાયું, અને સ્વપ્નનો અંત આવ્યો. મહારાણી જાગી; પણ આજના સ્વપ્નથી તેને કાંઇક અશાન્તિ અને ભયનું ભાન થતું હતું. તેથી સવાર થતાં તેણે બ્રાહ્મણોને શાન્તિપ્રયોગ કરવાને રાજાની આજ્ઞાથી નિયોજ્યા; અને નિત્યકર્મ કર્યા પછી તથા ભોજનાદિક કર્યા પછી બપોરે જ્યારે વૃત્તિપદ્મા તથા બહીરથવર્મદેવ પોતાના અંતઃપુરમાં બેઠાં હતાં ત્યારે નીચે પ્રમાણે વાતચિત ચાલી;—

વૃત્તિપદ્માને અશાન્ત જોઇને રાજાએ પૂછ્યું:-જે સ્વપ્નને લીધે આજે શાન્તિપ્રયોગ કરવાને માટે વિપ્રોને નિયોજ્યા છે, તે સ્વપ્નનું સવિસ્તર વર્ણન મને કહેવાનું તેં કહ્યું તે મને કહે. તે ઉપરથી મહારાણી વૃત્તિપદ્માદેવીએ સ્વપ્નનું સવિસ્તર વર્ણન યથાર્થ રીત્યે કહ્યું. તેમાં પેલા શસ્ત્ર અને કવચયુક્ત કુમારનું વર્ણન સાંભળીને રાજાને પોતાના સંકલ્પના જળમાં જણા-

ચેલી નિયતિદેવીએ પોતાની તરફ જે ખડ્ગ ફેકયું અને તેનો કુમાર થઇ ગયો હતો તે વાતનું સ્મરણ થયું. તે કુમારનું વર્ણન અને આ વૃત્તિપદ્માએ સ્વપ્નમાં દેખેલ કુમારનું વર્ણન અક્ષરશઃ મળતું હતું. તેથી મહારાજા બહીસ્થવર્મ દેવ પોતાના મનના વલણ પ્રમાણે અનુકૂલ અનુમાનો બાંધીને રાણીને કહેવા લાગ્યા:—' હે ભીરુ પ્રિયતમા ! આ સ્વપ્ન ઉપરથી તે આપણે ઉદ્વેગ પામવાનું શું કારણ છે ? તેં શાન્તિપ્રયોગ આરંભાવ્યો તે તો ઠીક જ છે, કેમકે એ પણ એક સત્કર્મ છે; પણ તેં મને જે વૃત્તાન્ત કહ્યો તે ઉપરથી એ સ્વપ્ન આપણને ઘણું માંગલિક ગણાય એમ છે. ગયે કાલે આપણે પુંસવનક્રિયા કરી ત્યારે સંકલ્પના જળમાં નિયતિદેવીના ખડ્ગમાંથી એ કુમાર ઉત્પન્ન થયેલો મને જણાયો હતો. એ પ્રમાણે કહીને રાજાએ પોતાના હાથમાં સંકલ્પના જળમાં જે ચમત્કારિક દેખાવ જણાયો હતો તેનું સંપૂર્ણ રીત્યે સવિસ્તર વર્ણન પોતાની રાણીને કહ્યું, અને ફરીને ઉત્સાહપૂર્વક રાણીના મનની ગ્લાનિને દૂર કરી દેવાને બોલ્યો;-નિયતિદેવીએ આપણે માટે પુત્રીરૂપ પ્રજા નિર્માણ કરી હશે, પણ આપણી કરેલી પુંસવનક્રિયાના પ્રભાવથી તે પુત્રીનો પુત્ર થઇ ગયો, તેથી આપણું તો શુભ જ થયું. પરંતુ એમાં એટલું થવાનું કે એ પુત્ર જ્યારે લગ્ન કરશે, ત્યારે તારા સ્વપ્નના સ્વરૂપ ઉપરથી એમ સૂચવાય છે કે મોટો વિગ્રહ થશે, અને તેમાં સહસ્ત્રશઃ સૈન્યોનો ક્ષય થશે, રૂધિરના સાગર જેવો ઉછળતો સંગ્રામ થશે, અને છેવટે આપણો પુત્ર કોઇ અનુપમ રાજકુમારીનું પાણિગ્રહણ કરશે. આટલું વિઘ્ન આપણને ચિન્તાનું કારણ ઉત્પન્ન કરશે. પણ આપણ ક્ષત્રિયોને તો એ ચિન્તા, ચિન્તા રૂપજ નથી. કેમકે યુદ્ધની ચિન્તા એ તો ક્ષત્રિયોને આનંદ આપનારી છે. અને તેમાં પણ સંગ્રામમાં જય મેળવી કન્યા પ્રાપ્ત કરવી એ તો ક્ષત્રિય વીરને પરમ આનંદનું કારણ છે. આપણો કુમાર પણ એવી જ રીત્યે યુદ્ધમાં વિજય પામીને કન્યાનું પાણિગ્રહણ કરશે, તેથી આપણને તો વિવાહ અને વિજય બંનેનો આનંદ અને લહાવો મળશે. માટે હે સુંદરી ! તું આનંદ પામ કે તું પુત્રની માતા થઇશ એટલુંજ નહીં, પણ વીરપુત્રની જનિતા હોવાની અતિ દુર્લભ કીર્તિ તારા સદ્ભાગ્યમાં લખી છે, એમ તારૂં સ્વપ્ન સૂચવે છે. તો તું માંગલિક સ્વપ્નને અમાંગલિક ગણીને નિષ્કારણ ચિન્તાવશ થઇ છું. તેથી તારૂં સ્વપ્નરહસ્ય જે મેં સ્પષ્ટ કરી બનાવ્યું તેનો અને તારા સ્વપ્નમાં જણાએલા વૃત્તાન્તનો વિચાર કરીને એવી મિથ્યા ચિન્તાને દૂર કર, એટલું જ નહીં પણ, ક્ષાત્ર સતીઓ જેનો લોભ ધરાવે છે એવા વીરપ્રસુપદને માટે તું આનંદ પામ. એ સ્વપ્નમાં જણાયેલાં વીરરસ અને શૃંગારરસના યુગ્મરૂપ વર-

કન્યાને પૂંખવાનો તારે ઉજળો અવસર આવશે એમ સૂચવનાર તારા સ્વપ્નને આનંદથી વધાવી લે. વળી તું કહે કે, તારા સ્વપ્નમાં એવું જણાયું કે જાણે આપણે સઉ ચંદ્રલોકમાં જઇને ચંદ્રના પ્રકાશની સાથે મળી ગયાં? આ પણ કેવું માંગલિક ચિન્હ સૂચવે છે. ઉત્તમ કવિજનો ચંદ્રના પ્રકાશની ઉપમા કીર્તિને અથવા યશને આપતા આવ્યા છે; તેમજ ચંદ્ર, પદ્મ આદિક ઉજ્વલ પદાર્થો એ માંગલિક ગણાતા આવ્યા છે. તો આપણે યશની પ્રાપ્તિ થશે એ પણ સ્પષ્ટ છે. કેમકે એવો વીર કુમાર આપણે હોય એટલે આપણે અને આપણું આખું કુટુંબ યશોમય થઇ જવાનું એમાં પણ શો સંદેહ છે? માટે તું કોઇ પણ પ્રકારે હૃદયમાં ઉદ્વેગ પામીશ નહિ, પણ આ શુભ સૂચક સ્વપ્નોને આપણા ભાગ્યસૂર્યના ઉદયનાં આનંદજનક કિરણો માનીને હે પદ્મિની! તું તારા હૃદયકમલને પ્રફુલ્લ રાખજે. શ્રી સદ્‌ગુરુનાથ યોગીન્દ્રે જે વરદાન આપ્યું છે તે એક રીતે નહિ પણ અનેક રીતે આપણને મંગલકર થઇ પડવાનું એમાં કોઈ પણ પ્રકારે સંદેહ કરવાનો નથી. મહાત્માઓની કૃપારૂપ કમલકલિકામાં અનેક શુભ વરદાનરૂપ પાંખડીઓ રહેલી હોય એમ સમગ્ર શાસ્ત્રનો ડિંડિમ નાદ છે.

પોતાના પતિએ કરેલા સાન્ત્વનથી વૃત્તિપદ્માનું અંતઃકરણ સંપૂર્ણ શાન્તિને પામ્યું, અને તેના હૃદયરૂપ કમલને બળાત્કારે મુઝાવી નાંખનાર ઉદ્વેગ ભ્રમર ઉડી ગયો; અને તેને સ્થલે શાન્તિરૂપ જલનાં અમૃતમય અને ઉજ્વલ બિંદુઓ તેની પ્રત્યેક પાંખડીને શણગારવા લાગ્યાં. આ મહારાણીએ પણ પોતાના સ્વપ્નના અનુભવને પોતાના પતિનાં વચનો સાથે ફરી ફરીને સરખાવી જોયો, તો પોતાના અદ્દભૂત સ્વપ્નનો ભેદ સંપૂર્ણરીતે પોતાના પતિએ સ્પષ્ટ કરી બતાવ્યો છે એવો તેના અંતઃકરણને સંપૂર્ણ નિઃશંકપણે વિશ્વાસ બેઠો. તેના પતિયે વર્ણવેલી ભવિષ્યની શુભ આશાઓ તેના મન આગળ વર્તમાન રૂપે ખડી થવા લાગી. રાજા અને પટ્ટરાણી વૃત્તિપદ્મા પરમ આનંદમાં રહેવા લાગ્યાં, અને એ આનંદનું પ્રતિબિંબ કુટુંબના પ્રત્યેક મનુષ્યના હૃદય અને મુખઉપર સ્પષ્ટ રીતે જણાવા લાગ્યું.

બ્રાહ્મણોએ કરેલા શાન્તિપ્રયોગનું પણ કોઇ એવું અલૌકિક ફલ થયું કે તે દિવસથી વૃત્તિપદ્માને જે નિત્ય સ્વપ્નાંઓ આવતાં હતાં તે બંધ થઇ ગયાં. સગર્ભાને અસ્ખલિત નિદ્રાનું સુખ મળવાથી તેને પોતાની અધિક અધિક આરોગ્યવૃદ્ધિનું ભાન થવા લાગ્યું. રાજવૈદ્યોની સૂચના પ્રમાણે સાવધ દાસીજનો પ્રસવસમયની નિકટ આવતી મહારાણીની ઘણા યત્નપૂર્વક

સાચવણી રાખતી હતી. આ સંસારમાં અતિ નિર્ધન માણસ હોય છે, તે પણ પોતાની સગર્ભા સ્ત્રીને પોતાની સંપત્તિના પ્રમાણમાં દોહદ કરાવે છે: તેના અંતઃકરણની ઇચ્છાઓ બનતાં લગી પૂરી પાડે છે. તો આ તો રાજપત્ની, અને તે પણ બહીરથવર્મદેવ મહારાજાની રાણી અને તે પણ તેની અનેક રાણીઓમાં સર્વોપરિ ગણાતી પટ્ટરાણી તેનો તો પ્રત્યેક મનોરથ ક્ષણ પણ વિલંબ થયા વિના સર્વોત્તમ રીત્યે પૂરો પાડવામાં આવે તેમાં કાંઇ પણ નવાઇ નહીં. પોતાની સગર્ભા અવસ્થામાં મહારાણીને જે જે ઇચ્છાઓ થતી હતી તે સાત્વિક જ થતી હતી તેથી ચિકિત્સાનાં જાણનાર સર્વ કુશળ મનુષ્યો એમજ ભવિષ્ય વર્ત્તતાં હતાં કે, મહારાણીશ્રીના ઉદરમાં રહેલો ગર્ભ કોઇ દૈવીસંપત્તિએ કરીને યુક્ત છે, એ વાત આપણે પ્રથમ એકવાર કહી ગયા છીએ. વૃત્તિપદ્માને પુનઃ એકવાર શ્રી સદ્‌ગુરુનાથનાં દર્શનની અપેક્ષા થઇ; અને તેણે પોતાના એકચક્રવર્તી સાર્વભૌમ પતિને કહી.

સમર્થ મહારાજા બહીરથવર્મદેવ પોતાની પત્નીની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરવાને શક્તિમાન્ હતા. જો રાણી કહે કે મારે નંદનવનનાં પુષ્પ જોઇએ તો દેવેન્દ્ર પોતે લેઇને હાજર થાય તેમ હતું; જો તેને અલૌકિક રત્નોની ઇચ્છા થાય તો સાક્ષાત્ નાગેન્દ્ર તે લેઇને ભેટ તરીકે આપવા આવે તેમ હતું; જો તેને કોઇ અત્યંત સ્વાદિષ્ટ અનુપમ પદાર્થની ઇચ્છા થાય તો સાક્ષાત્ કામધેનુ આવીને ઉભી રહે તેમ હતું; જો તેને ઉત્તમ મહાલયોની ઇચ્છા થાય તો સાક્ષાત્ વિશ્વકર્મા પોતે આવીને દૈવી ભુવનો તૈયાર કરે તેમ હતું, અને જો આસુરી કારીગરીવાળાં ભુવનોની ઇચ્છા થાય તો સાક્ષાત્ મયદાનવ આવીને આજ્ઞાની રાહ જોતો ઉભો રહે તેમ હતું. અર્થાત્ જે કાંઇ ઇચ્છા થાય તેવી પ્રત્યેક વસ્તુ ચિન્તવતાંવાંત વૃત્તિપદ્માને મળે તેમ હતું. કેમકે મહારાજા બહીરથની સત્તા અધઃ ઉર્ધ્વ અને મધ્યમાં આવેલા સઘળા લોકોમાં અપ્રહત રીત્યે સ્થપાયલી હતી. દેવ, દાનવ, અને માનવ એ સર્વે મહારાજા બહીરથની આજ્ઞારૂપ દોરીવડે નાચનાર પૂતળાં જેવાં હતાં, તેથી પોતાની સગર્ભા પટ્ટરાણીની ઇચ્છા પૂરી પાડવાને બહીરથદેવ સર્વ પ્રકારે સમર્થ હતા. પણ જેઓની દૃષ્ટિએ બહીરથવર્મા એક મહારાજા નહિ પણ તુચ્છમાં તુચ્છ જેવો જણાતો હતો, અને જેઓના ઐશ્વર્ય આગળ કોટિ કોટિ બહીરથ એક રંકમાં રંક ભિક્ષુક જેવા ગણાય એવા સિદ્ધ યોગીન્દ્રો કોને વશ છે? તેથી સર્વ યોગીન્દ્રોના શિરોમણિ એવા ષડ્રિપુરૂપ હસ્તિગણના કુંભસ્થલને વિદારણ કરનાર સાક્ષાત્ પુરૂષસિંહ શ્રી સદ્‌ગુરુનાથનાં દર્શન પોતાની પત્નીને કરાવવાં એ કાંઇ સહેલી વાર્ત્તા નહોતી. શ્રી સદ્‌ગુરુનાથનો

આશ્રમ એવો ચમત્કારિક હતો કે કોઇ ઉગ્ર પુણ્યવાન્ મનુષ્ય હોય તેને જ જણાતો. બીજા કોઇને તો તે દેખાતો જ નહિ. વળી મનુષ્યનાં પુણ્યપાપનો સમુદાય નિત્ય એક સરખો રહેતો નથી. તેથી પ્રજાપ્રાપ્તિ નિમિત્ત કરેલાં ઉગ્ર પુણ્યોના પ્રભાવે એકવાર બહીરથરાજાને તથા તેના કુટુંબને શ્રીસદ્ગુરુનાથનાં દર્શન થયાં હતાં. તેથી એકવાર ફળી ચૂકેલાં કર્મ ફરીને તે યોગીશ્વરનાં દર્શન આપવાને સમર્થ થાય જ એવો કાંઈ નિયમ નહીં. તેથી તેણે પુનઃ નિરાશાનદીના તીર ઉપરના પ્રદેશમાં અનેક દૂતો મોકલીને તપાસ કરાવી, પણ તે મહાનદીના પ્રદેશ લગી તેમાંના કેટલાક તો જઇ પણ શક્યા નહીં, અને જેઓ જઈ શક્યા તેઓને ત્યાં આગળ શ્રીસદ્ગુરુનાથના પરમ પવિત્ર આશ્રમનાં દર્શન ન થતાં, અતિ ભયંકર અરણ્યો જણાયાં. તે અરણ્યો એવાં હતાં કે, જેમાં હૃદયને વિદારી નાંખે એવી વિકરાળ કાળરૂપ સિંહની ગર્જના સંભળાતી હતી; ગીધ ઘુવડ અને શિયાલ જેવાં અમાંગલિક પ્રાણીઓનાં રુદન શાક્ષાત મરણનું સાન્નિધ્ય સૂચવતાં હતાં; શોકના વાદળ જેવા હસ્તીઓ ભયાનક કાજળના ગિરિ સમાન અહીં તહીં ફરતા હતા; આખા વિશ્વને એકે જ કોળીએ સ્વાહા કરી જાય એવા વગડાઉ અગ્નિ અથવા દવ મહા શ્મશાનાગ્નિની પેઠે અહીં તહીં બળતા હતા; સાક્ષાત્ સંકટનાં સૈન્ય જેવાં કંટકવૃક્ષોના યૂથની પ્રગાઢ પંક્તિઓ, વર્તુલો, અને છુટી છુટી ટુકડીઓ સ્થળે સ્થળે ત્યાં દૃષ્ટિયે પડતી હતી; પ્રત્યક્ષ ક્રોધના પ્રવાહ જેવા મોટા નાગ અને અજગરો અહીં તહીં ધુંધવાતા અગ્નિની માફક ફૂત્કાર કરી રહ્યા હતા; આપઘાત કરવા છતાં પણ જેઓની વાસનાનો અંત આવ્યો નહોતો એવા અવગતિને પામેલા અનેક પિશાચનો સમુદાય છુટો છવાયો અહીં તહીં વિચરતો ધોળે દિવસે જણાતો હતો, કેમકે એ અરણ્યોમાં ધોળો દહાડો તે પણ કાળરાત્રીના મધ્ય ભાગ જેવો જ જણાતો હતો; પ્રલયસમયે યાતના ભોગવતા સમગ્ર પાપી પ્રાણીઓના છેવટના નિશ્વાસના જેવા ઘોર પવન ત્યાં આખાં અરણ્યોને ઘોર ગર્જનાઓથી ગજાવી તથા ધ્રુજાવી નાંખતા હતા; પૃથ્વી ત્યાં પોતાનું ધરણી નામ છોડીને ભયને લીધે ધ્રુજતી હોય એમ જણાતી હતી, અને તેના ઉપર વિચારનાર પ્રાણીઓના પગ ટકી શકતા નહિ; દાવાનળના ધુમાડાથી ભરાઇ ગયેલું આકાશ ત્યાં વિશ્વભક્ષક કાળના વિકસિત મુખ જેવું જણાતું હતું. તથા સૂર્ય ચંદ્રને નિરંતર રાહુવડે ગ્રસાયલા દર્શાવતું હતું; આ સઘળાની વચ્ચે નિરાશાનદીનાં હાલાહલ જેવાં પરંતુ અત્યંત ભારે અને લીલાં પીળાં જણાતાં જળ, ધીમે પણ અત્યંત ભયંકર નાદ કરતાં કરતાં સ્વન-

કારના સાગરપ્રતિ વહી જતાં જણાતાં હતાં.

અહીરથમહારાજાના જે દૂતો નિરાશાનદીના તટ લગી જઇ પહોંચ્યા તેઓને શ્રી સદ્‍ગુરુનાથના આશ્રમને સ્થળે પૂર્વોક્ત ભયંકર દેખાવો જણાયા. સઉ રખડતા રખડતા પાછા આવ્યા, પણ કોઇને તે પૂજ્ય યોગીન્દ્રનો આશ્રમ જડયો નહીં એ વાત સાંભળીને મહારાજા અહીરથને ઘણો ખેદ થયો. ગમે ત્યાં દૂતો મોકલીને પણ શ્રીસદ્‍ગુરુનાથ યોગેશ્વરનાં દર્શન મારી પ્રિયતમા પટ્ટરાણીને કરાવીશ એવો ઉત્સાહરૂપ અભિમાન જયાં લગી તેના અંતઃકરણમાં હતો ત્યાં લગી તો તેનો પુરોહિત ભાવમિશ્ર કંઇ બોલ્યો નહીં; પણ જ્યારે રાજાને અત્યંત ખેદ થયો ત્યારે ભાવમિશ્રે પોતાના આશ્રયભૂત યજમાનને ધૈર્ય આપવાને કહ્યું:—હે ત્રિભુવનચક્રવર્તિ મહારાજા! તમો ખેદ કરશો નહિ. હું અને મારૂં કુટુંબ આપના જ આશ્રયથી પોષાયલાં છીએ, તો સગર્ભા મહારાણીશ્રીની ઇચ્છા પૂર્ણ કરવામાં મારાથી બનતું સાહાય્ય મારે કરવું એ મારો ધર્મ છે. તો આપ હવે એ સંબંધી ચિંતા ત્યજો અને મને શ્રીસદ્‍ગુરુનાથની શોધમાં જવાની આજ્ઞા આપો.

અહીરથરાજાઃ-હે ભગવન્! આપના જેવા પવિત્ર પુરોહિતના યજમાનને કદી પણ ચિંતા નડી શકતી નથી. જેમ અમારી નિત્યનૈમિત્તિક ક્રિયામાં આપ નિરંતર સાહાય્ય કરો છો, તેમ આ કાર્યમાં પણ આપની જ સહાયતાથી અમો અમારી અભિલાષા પૂર્ણ કરી શકીશું. અમો યજમાનનું હિત કેવે પ્રકારે થાય તેનું આપ નિરંતર ચિન્તન કરનાર હોઇ પુરોહિત પદનું સાર્થક્ય કરનાર મહાત્મા છો. જે રાજસત્તા અને ધનસત્તાથી સિદ્ધ થઇ શકે નહીં એવા અલૌકિક મનોરથને સિદ્ધ કરવાનો માર્ગ આપ શિવાય અન્ય કોઇ જાણનાર નથી માટે આપને યોગ્ય લાગે તે દેશમાં શ્રી સદ્‍ગુરુનાથના આશ્રમનો શોધ કરવાને વિચરવાને આપ તો સર્વ પ્રકારે સ્વતંત્ર જ છો. આપની આજ્ઞામાં રહેવાને યોગ્ય એવો હું આપ બ્રહ્મદેવને આજ્ઞા કરવાના અધિકારવાળો નથી.

પોતાના યજમાન મહારાજાનાં આવાં વિનય વાક્યો સાંભળીને કરૂણાર્દ્ર થયેલા અંતઃકરણવાળા પવિત્ર ભાવમિશ્ર, યોગીન્દ્રચૂડામણિ શ્રી સદ્‍ગુરુનાથના આશ્રમની શોધ કરવાને નિકળ્યા. તેમણે પહેલાં અનેક સ્થળે તીર્થયાત્રાઓ કરેલી હતી અને પ્રથમ શ્રી સદ્‍ગુરુનાથના દિવ્ય આશ્રમનાં દર્શન પણ કરેલાં હતાં. તેથી ઘણો પ્રવાસ કરીને તેમણે માર્ગ કાપ કાપ કર્યો અને અન્તે નિરાશા નદીના તટ ઉપર આવી પહોંચ્યા, પણ પવિત્ર પુરોહિતને તટઉપર ભયંકર અરણ્યોનું દર્શન થયું નહીં. તથાપિ પુરોહિતપણું કરવાથી જે કર્મમાલિન્ય

ઉત્પન્ન થાય છે તેને લીધે તેમને શ્રી સદ્દગુરુનાથનો આશ્રમ પણ દ્દષ્ટિગોચર થયો નહિ. નિરાશાનદીના તટઉપર જે સ્થળે તે પરમૈશ્વર્યયુક્ત યોગીશ્વરનો આશ્રમ છે તે સ્થળનાં ચિન્હ તો મળ્યાં, પણ આશ્રમ જણાયો નહીં. તેથી આ શાસ્ત્રદ્દષ્ટિવાળા પુરોહિતે વિચાર્યું કે, મારામાં કાંઇક મલિનતા આવેલી છે, તેથી તેમણે નિરાશાનદીના જલમાં સ્નાન કરીને વેદનારાયણનું પારાયણ કર્યું. તેથી પુરોહિતનું કર્મ કરવાથી ઉત્પન્ન થયેલા માલિન્યનો ભાગ નાશ પામ્યો, અને તેની સાથે શ્રી સદ્દગુરુનાથના પરમ પાવન આશ્રમનાં દર્શન થયાં.

તે આશ્રમ તથા તેની આસપાસનું પવિત્ર ઉપવન નિકટ જ જણાવા લાગ્યું. તે ઉપવનનાં વૃક્ષોની સ્પર્ધા અમરપુરનાં ઉદ્યાનોમાનાં કલ્પવૃક્ષો પણ કરી શકે તેમ નહોતું. કેમકે કલ્પવૃક્ષો તો મનોહર વિષય ભોગોને ઇચ્છા પ્રમાણે પૂરા પાડીને વાસનાના વડવાનલને ભવસાગરમાં પ્રદીપ્ત કરનાર છે, અને આ શ્રી સદ્દગુરૂનાથના આશ્રમનાં ઉપવનોને અલંકૃત કરતાં તરુવર તો દર્શનમાત્રથી વિભવેચ્છા માત્રને નિર્મૂલ કરનાર અને સર્વોપરિ સંતોષને આપનાર છે; આ વૃક્ષોની છાયામાં વસનાર કે વિશ્રામ કરનાર પ્રાણિઓના તનના તાપ શાન્ત થાય છે એટલું જ નહિ પણ મનના તાપ પણ તત્ક્ષણ શમી જાય છે. એ વૃક્ષોની સાથે અથડાતો પવન પણ સત્સંગના પ્રવાહથી ધીર, સુગંધ અને શીતલ થઇને જે દિશામાં જતો તે દિશામાં વસનાર પ્રાણીઓના પ્રતાપને શમન કરવાને સમર્થ થતો. તે શુદ્ધ સાત્વિક આશ્રમનાં ઉપવનોમાં થઇને આવતા પવનની લહેરોથી જાણે તે ઉપવનો પણ પ્રાણાયામ ક્રિયામાં તત્પર થયેલાં હોય નહિ એમ જણાય છે. જેમ યોગીઓએ અન્ય ભાગ્યશાળી જીવઉપર કરેલો પ્રાણનિક્ષેપ જેમ સમગ્ર વ્યાધિનું હરણ કરવા સમર્થ થાય છે, તેમ આ ઉપવનમાંથી આવતા પવનથી, પુરોહિત ભાવમિશ્રની સમગ્ર વ્યગ્રતા અથવા વ્યાકુલતા નાશ પામી ગઇ. અને તેના શરીર અને મનમાં એક પ્રકારનું અપૂર્વ નૂતન બલ જણાયું. તેથી નવીન સત્વબલથી પ્રેરાયેલો તે ત્યાંથી અનાયાસે જાગ્રત્ થયો અને તત્કાલ તે પુણ્ય આશ્રમનાં તપોવનોપ્રતિ જવાને સજ્જ થયો. આશ્રમની આસપાસ વનવૃક્ષ જાણે નિરંતર આર્ય આચાર જોવાથી અતિથિસત્કારની વિધિમાં કુસલ થયો હોય તેમ પોતાની શાખાઓરૂપ ભુજલતાને પલ્લવરૂપ આંગળીઓ સહિત હલાવીને પુરોહિત ભાવમિશ્રને આદર સહિત આવકાર આપતાં, પવનસીત્કારવડે “ સ્વાગત ” (ભલે પધાર્યા) શબ્દોનો ઉચ્ચાર કરતાં હતાં. આશ્રમની વધારે પાસે પાસે જતાં, આશ્રમની પર્ણકુટીઆદિકનો દેખાવ દ્દષ્ટિયે પડવા લાગ્યો. વૃક્ષયૂથોની વચગાળાના ભાગોમાંથી તે પર્ણશાળાઓના કોઇ

કોઇ ભાગ જણાતા હતા. પર્ણશાળાઓ પવિત્ર જંગલી કાષ્ઠપત્રની બનાવેલી કેવલ સાદી જણાતી હતી. તોપણ તે કોઇ અલૌકિક યોગરૂપ ઐશ્વર્યનો શાન્ત ભાસ ધરાવતી હતી. આશ્રમના ઉપવનમાં પ્રવેશ કરતા ભાવમિશ્રના ઉપર વૃક્ષ અને વલ્લીઓનાં પુષ્પો પવનથી તૂટીને પડતાં હતાં, તે જાણે આશ્રમવૃક્ષો અતિથિપૂજન કરતાં હોય એમ જણાતું હતું. એ શાન્ત આશ્રમનાં વૃક્ષોનાં પુષ્પો પોતાના ઉપર પડતાં અનુભવીને તે પુરોહિતને જે આનંદનો ભાસ તેના અંતઃકરણમાં થતો હતો તે સાત્વિક પ્રકારનો હતો. તે તપોવનમાં આવેલી છુટક છુટક પર્ણકુટીઓમાં વસતા અનેક શિષ્યો પોતપોતાના સ્વાધ્યાયમાં લાગેલા હતા; વળી કોઇ કોઇ કર્મકાંડની ક્રિયાઓ ત્યાં કરતા હતા, કોઇ કોઇ તો એકાન્તમાં, અધ્યયન કોલાહલથી દૂર પોતાના યોગમંડપમાં, યોગાભ્યાસમાં લાગેલા હતા, અને કોઇ કોઇ તો બ્રહ્મજ્ઞાનનાં પુસ્તકો જૂનાં તાડપત્ર ઉપર લખેલાં વાંચતાં વાંચતાં જ્યાં વૃક્ષનીચે બેઠા હતા ત્યાં જ બ્રહ્મ-ચિન્તનમાં સુષુપ્તવત્ થઇને નિશ્ચલ બેઠેલા જણાતા હતા. કોઇ તો પોતાના અધિકાર પ્રમાણે તપશ્ચર્યા કરતા હતા. આ સઘળું જોતો જોતો પુરોહિત ભાવમિશ્ર શ્રી સદ્ગુરુનાથના પોતાના રહેવાના આશ્રમપ્રતિ ચાલ્યો. છેવટે એક વેદિકાઉપર તે મુખ્ય આશ્રમની પાસે પવિત્ર અશ્વત્થના મૂલ પાસે તેની છાયામાં શ્રી સદ્ગુરુનાથ યોગેશ્વર વિરાજતા તે પુરોહિતની દૃષ્ટિએ પડયા. તે જગદીશ્વરથી અભિન્ન એવા યોગાધિનાથને દૂરથી જોતાં વાંત જ તે પવિત્ર પુરોહિતે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને ત્યાંથી તે ઠેઠ તે યોગીન્દ્રવર્યનાં ચરણકમલવગી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો કરતો ગયો, ને રાજ-પુરોહિતે સર્વ સિદ્ધિપતિ યોગીશ્વરની પાસે જઇને તેમનાં સર્વ ઇષ્ટનાં આપનાર પદપદ્મમાં મસ્તક મૂકયું. તત્ક્ષણ તે પરમકારુણિક શ્રી સદ્ગુ-રુનાથ ભગવાને "शिवमस्तु" કહીને હાથ પકડીને ઉઠાડયો, અને તેને અત્યંત આદરપૂર્વક પોતાના હૃદય સાથે આલિંગન લેતાં બોલ્યાઃ—હે વત્સ! રાજવિભવવાળી યજ્ઞશાળા છોડીને આ ભયંકર અરણ્યોથી વીંટાયલા આશ્રમમાં શા હેતુથી તમારૂં આવવું થયું છે?

એ પ્રશ્ન સાંભળીને પોતાના બંને હાથ જોડીને ભાવમિશ્ર બોલ્યોઃ—

વસંતતિલકા.

" શ્રી ધી સુયુક્તિ વળિ મુક્તિતણા ધણી છો,
" યોગીન્દ્રમંડલતણા શિરના મણિ છો;
" સર્વજ્ઞ ને સકલ શક્તિતણા નિધિ છો,
" સાક્ષાત્ નિરંજન હરિહર ને વિધિ છો. ૧

" જીવોતણા હૃદયઆશય સર્વ જાણો,
" ના યોગ્ય હોય પણ કોપ કદી ન આણો;
" પૂછો પિતાસમ શિશુ સમજાવિ ધીરે,
" કાંઇ અજાણ્યું પ્રભુ આપ થકી નથી રે ૨.
" સંસારભાર હરનાર દયાળુ દાતા,
" સંતાપશામક સુશીતલ મેઘ ! ત્રાતા;
" વંદુ નમાવિ શિર ઈશ્વિર આપ પાયે,
" ઇષ્ટાર્થ જેથી મનના સહસા સધાયે. ૩.

એ ત્રણ શ્લોક બોલીને પુરોહિત ભાવમિશ્ર ફરીને તે યોગેશ્વરને ચર્ણે સાષ્ટાંગ કરીને કહે છે:-હે ત્રિગુણાતીત, ત્રયીસંસ્તુત, ત્રિગુણપતિ, આપને કંઇ પણ અજ્ઞાત નથી, તો હું અલ્પજ્ઞ આપને શું કહું ?

આવાં ભાવમિશ્રનાં સંપૂર્ણ શ્રદ્ધાપ્રધાન વચનો સાંભળીને પ્રસન્ન થયેલા શ્રી સદ્‌ગુરુનાથે ગદ્‌ગદ કંઠે બોલતા તથા રોમાંચિત થયેલા ભાવમિશ્રને કહ્યું:—હે પુત્ર ! અત્ર બેસો અને નિવૃત્તિથી શાન્તિ પામો.

એ પ્રમાણે આજ્ઞા થતાં ભાવમિશ્ર તે યોગીશ્વરની સામે હાથ જોડીને બેઠા. ત્યાર પછી સર્વનું કુશળ ઇચ્છનાર સર્વભૂતાત્મા શ્રી સદ્‌ગુરુનાથે ભાવમિશ્રને તેના પોતાના અને રાજકુટુંબના કુશળસમાચાર પૂછ્યા. ભાવમિશ્રે અત્યંત વિનયની સાથે તે સમાચાર નિવેદન કરતાં કહ્યું કે:-જેઓના સમાચાર પૂછનાર આપના જેવા સમર્થ ઇશ્વર છે તેનું કાંઈ પણ અકુશળ થતું જ નથી. તેનો પ્રત્યક્ષ દૃષ્ટાન્ત તો એ જ છે કે આપનાં પુણ્યપદ દર્શન કરવાને માટે સાભિલાષ થયેલાં સગર્ભા મહાદેવી વૃત્તિપદ્માની ઇચ્છાથી અનેક દૂતોને આપ પ્રભુના સ્થાનની શોધને માટે મોકલેલા, પણ તેઓ પોતાના શ્રમમાં નિષ્ફળ થઈને પાછા આવેલા તેથી મારા રાજવંશી યજમાન પતિપત્ની નિરાશાથી ખેદ પામતાં હતાં તેવામાં આપના ચરણારવિંદના આ સેવકે આપની જ કૃપાની પ્રેરણાથી એ કામ માથે લીધું, તે આપની જ કૃપાથી જ આ સમયે સફળ થયું છે, અને આપ કરુણાળુના ચરણકમલસમીપ હું આવી શક્યો છું. તો હું એટલું જ યાચું છું કે:-સદા સર્વદા આપ મહેશ્વરની માંગલિક ભક્તિ મારામાં હોજો, અને હું બાળક આપ પિતાને વિસારું તો પણ આપ મને વિસારશો નહિ. આ સાંભળીને પ્રથમથી જાણતા છતાં પણ માનુષી લીલા દર્શાવીને શ્રી મહેશ્વરસ્વરૂપ યોગેશ્વર શ્રી સદ્‌ગુરુનાથ બોલ્યા:-અહો ! રાણી વૃત્તિપદ્મા સત્કર્મના પ્રભાવથી સર્વ રાજકુટુંબને આનંદ આપવા

સમર્થ થઇ છે એ વૃત્તાન્ત તમારા જેવાં વિશ્વાસપાત્ર વિપ્રના મુખથી સાંભળીને ઘણો સંતોષ પ્રાપ્ત થયો છે. પુરોહિત ભાવમિશ્ર મસ્તક નમાવીને તથા હાથ જોડીને બોલ્યાઃ-પરમૈશ્વર્યનિધાન પિતાજી! આપ નિત્યતુષ્ટ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્‌ની કૃપાથી એ સઉ સારાં વાનાં થયાં છે. પરંતુ આપ વિભુના દર્શનાર્થે તલસતાં મારાં યજમાન દંપતીને આપ સર્વસિદ્ધિપતિ દર્શન દેવા કૃપાળુ થાવ એ જ મારી પ્રાર્થના છે. શ્રી સદ્‌ગુરુનાથ બોલ્યાઃ—ભાવમિશ્ર! તમારૂં વિનયમય બોલવું તથા ભક્તિમય અંતઃકરણ સર્વ પ્રકારને સિદ્ધ કરવાને સમર્થ છે. જો તમારી ઇચ્છા હોય તો હું તમારી સાથે તમારા યજમાનના નગરમાં આવું. વિશેષે કરીને રાજસી પ્રકૃતિના પ્રાણી-પદાર્થના સંબંધમાં યોગીજનોએ આવવું નહીં એવું શાસ્ત્રનું વચન છે, તો પણ જો તમારી ઇચ્છા હોય તો આ મારો નિરુપાધિક આશ્રમ છોડીને પણ તમારી સાથે ઉપાધિથી ભરેલા નગરમાં આવવાને પણ હું તત્પર છું.

ભાવમિશ્રઃ—અહો ભક્તવત્સલ દીનબન્ધુ! આપની અલૌકિક કૃપામાં સઘળું સંભવે છે. શરણાગતવત્સલ આપ, હું શરણાગત રંક બ્રાહ્મણ ઉપર જે કરુણા દર્શાવો છો, તે આપના બિરુદને અનુરૂપ જ છે. પરંતુ સેવકે સ્વામીને શ્રમ આપવો એ સેવકધર્મને છાજતું નથી. તો હું અને મારાં યજમાન, આપ મહેશ્વરને એવડો મોટો શ્રમ આપવાને યોગ્ય નથી. અમારો સર્વનો ધર્મ તે છે કે સામે પગલે આપ પરમેશ્વરને શરણ થવું. તો અમે સઉ આપની આજ્ઞા થાય તો આપના પવિત્રતમ આશ્રમની રજોટી માથે ચઢાવવાને આવીને આપના વિશ્વોદ્ધાર કરવાને સમર્થ એવા ચરણારવિંદનાં દર્શનનો લાભ લેઇએ. પરંતુ જેમ શરણે આવતાં અસમર્થ બાળકોને ઠેસ આદિ પ્રતિબંધો નડે નહીં, તેટલા માટે પિતા જેમ તેના માર્ગમાંથી કંટક, પત્થર, ઈંટ આદિને દયાર્દ્ર હૃદયથી દૂર કરે છે, તેમ આપ સત્સંકલ્પદ્વારા આપનાં દર્શને આવતાં અમને નડે એવાં પ્રતિબંધનાં કારણો હોય તે દૂર કરવા કૃપા કરશો એટલે આપ દયાળુનો પિતૃધર્મ અને અમો રંકનો બાળકધર્મ સચવાશે. આપના અલૌકિક આશ્રમમાં કોઇ એવી દિવ્ય સત્તા રહેલી છે કે, તે પાપસંસ્કારી અથવા મલિનતાના સંસર્ગવાળા પ્રાણીઓથી તે દેખીજ શકાતો નથી. તેથી આપનાં વિશ્વપાવન દર્શનનાં અભિલાષી છતાં અશુભ સંસ્કારી મનુષ્યોની તેવી શુભ અભિલાષા પૂર્ણ થઇ શકતી નથી. કેમકે તેઓ આશ્રમને શોધતા આવે છે પણ તેમની દૃષ્ટિથી આ આશ્રમ જણાતો જ નથી. તેથી તેઓ કાં તો અથડાઇ પીટાઇને પાછા જાય છે કે કાં તો તેઓને માર્ગમાં અનેક ભયંકર ઉપસર્ગો નડે છે. તો અમો

બાળકોને એ પ્રમાણે ન થાય એટલો અનુગ્રહ આપ પ્રભુ કરાવશો એટલે અમો બાળકો કૃતાર્થતા માનીશું. આપને વિશેષ શ્રમ આપવા જેટલી યોગ્યતા હજી અમારામાં નથી.

સદ્ગુરુનાથઃ—હે પવિત્ર રાજગુરુ ! તમો બ્રહ્મણ્ય પ્રકૃતિના છો અને નિરંતર સ્વકર્મનિષ્ઠ છો તે છતાં પણ રાજઅન્નથી અને વૃત્તિથી ઉત્પન્ન થયેલા માલિન્યને જ્યારે તમે વેદત્રયીના પારાયણવડે દૂર કર્યું ત્યારે જ તમારાં ચક્ષુ અનિર્લેપ આશ્રમને જોવાને સમર્થ થયાં, તો નિરંતર રાજસ તામસ વ્યવહાર કરનાર તમારા યજમાન રાજા બહીરથને વિના કસોટીએ પ્રવેશ કરાવીને આ આશ્રમની મર્યાદા કેમ તોડાય ? વિના અધિકારે અને કસોટી કર્યાવિના પ્રવેશ કરાવવાથી પ્રવેશ કરનારને આ આશ્રમમાં આવવાથી કાંઇ પણ લાભ થતો નથી એટલું જ નહિ, પણ તેને ઉલટી ભારે હાનિ થવાનો સંભવ રહે છે. તો તેમના અધિકાર પ્રમાણે કસોટી કરીને જ તમારાં યજમાન દંપતીને અત્ર પ્રવેશ કરાવવામાં આવશે, પરન્તુ તમો પણ તેમની સાથે જ આવજો; કેમકે તમારા વિના અન્ય કોઇ તેમને અવશ્યની સહાયના કરી શકશે નહીં.

ભાવમિશ્રઃ—હે શ્રી મહેશ્વરસ્વરૂપ સ્વામિન્ ! આપની આજ્ઞા થઇ તો હું મારાં યજમાન દંપતીની સાથે તો આવીશ; પણ તેઓને કસોટીરૂપ ઉપસર્ગોમાં સાહાય્ય કરવાનો ભાર જે મારા જેવા રંક શિશુઉપર આપ સમર્થ પિતાશ્રી થઇને નાંખો છો તે ઉઠાવવા જેટલું મારામાં સામર્થ્ય નથી. તો મને એ ભારમાંથી મુક્ત કરશો, મારામાં પોતાનામાં તો કાંઇ પણ સામર્થ્ય નથી, મારો આધાર પણ આપના જ ઉપર છે તો અન્યને હું દીન શી સહાયતા કરી શકવાનો હતો ?

શ્રી સદ્ગુરુનાથઃ—હે પવિત્ર દ્વિજોત્તમ ! જે પરમાત્માઉપર તું આધાર રાખે છે, તેજ તને અને બહીરથને બંનેને સહાય થશે. પરંતુ એવું જ નિર્ણીત થયેલું છે કે તારા નિમિત્તરૂપ સાહાય્યવિના તે આશ્રમમાં આવી શકશે નહીં. માટે હે દ્વિજવર ! તું પણ તારા યજમાનની સાથે પુનઃ આ આશ્રમપ્રતિ આવજે. તેમાં એટલી સાવધતા રાખવાની છે કે તારા યજમાનની જોડેથી તું જરીક પણ વિખુટો પડીશ નહીં. નિકર આ આશ્રમનો માર્ગ બતાવનારી થઇને ત્રણ સ્ત્રીઓ માર્ગમાં ફરે છે, તેમાંની એક જણી તો કેવળ ધૂતારી છે, તે તો આ આશ્રમને નામે બીજાં અનેક દુઃખને સ્થાને દોરીને પ્રવાસીને લઇ જાય છે, અને છેવટે તેને ખારા સમુદ્રમાં ડુબાવી દે છે. બીજી છે તે જો કે દેખાય છે સાજી સમી તોપણ તેનાં નેત્રથી

તે દેખી શકતી નથી, તેથી જે પ્રવાસીઓ તેના દોરાયા દોરાય છે, તેઓને માર્ગમાં અનેક ટેકરા, ખાડાખઇઆ, કાંટા, ઝાંખરાં આદિક પ્રતિબંધો નડે છે; તેમ છતાં જેઓ તેનો આધાર રાખી માર્ગમાં પ્રવાસ કર્યા કરે છે, તેઓ તો છેવટે આ આશ્રમે આવી પહોચે છે; પરંતુ જેઓ એવા માર્ગથી કંટાળીને તેનો આધાર તજી દેછે, તેને તો તરત જ પેલી ધૂતારી પાછી પોતાના પાશમાં લેઇ લે છે અને અત્યંત દુઃખના માર્ગોમાં રઝળાવી રખડાવીને અંતે ખારા સમુદ્રમાં ડુબાવી દેછે; વળી ત્રીજી એક સ્ત્રી છે, તે તો શરીરે ઘણી ધાટીલી અને સુદ્દઢ છે, તથાપિ બહુબોલી કે ધાલમેલિયણ નથી, પરંતુ સાદી અને ગંભીર છે; તેથી તે પેલી ધુતારીના જેવી ચપલ કે લટકાળી નથી, તેમ જ પેલી આંધળીના જેવી મોહક કે ગપાટી નથી, તેથી ઘણા પ્રવાસીઓ એના પ્રતિ આકર્ષાતા નથી; અને પેલી બે જણીઓના અનેક મોહક ગુણોથી પ્રવાસીઓ આકર્ષાઇને માર્ગથી ભ્રષ્ટ થાય છે અથવા તો પરમ દુઃખે આ સ્થળે આવે છે. માટે ભાવમિશ્ર પુરોહિત ! તું બહીરથની સાથે ને સાથે રહેજે, નહિ તો તારો યજમાન પણ એ જ પ્રમાણે દુઃખી થશે અથવા તો વિનાશ પામશે. તું તેની સાથે રહીશ એટલે જેના ઉપર તારો વિશ્વાસ અથવા આધાર છે એવો તારો ઇષ્ટ પણ તેની સાથે રહેશે, અને તારી સાથે તેનું પણ રક્ષણ કરશે.

ભાવમિશ્ર:—જેવી આપ કૃપાળુની આજ્ઞા. જો કે હું તો બહીરથની સાથે આવીશ જ, પણ આપની કૃપા જ મારા યજમાનનું અને મારૂં રક્ષણ કરનાર છે, એવો મને રંકને આપની કૃપાથી જ દૃઢ વિશ્વાસ છે તો અમારા રક્ષણ માટે આપની કૃપાને આપ પ્રેરતા રહેશો. તો હવે હું આપ સર્વેશ્વર યોગીન્દ્રને પ્રણામ કરીને પાછો અનુજ્ઞાવતી જાઉં છું; કેમકે મારા યજમાન રાજા મારી વર્ષાદની પેઠે વાટ જોતા હશે. માટે તેમને જઇને આપ પ્રભુના અનુગ્રહની વધામણી કહીને પાછો આપના ચરણે મારા યજમાન સાથે આવીશ.

શ્રી સદ્દગુરુનાથ:-વત્સ જેવી તારી ઇચ્છા ! અનુજ્ઞાવતીપ્રતિનો તારો માર્ગ સુખરૂપ હજો.

આ પ્રમાણે શ્રી સદ્દગુરુનાથ યોગેશ્વરને સાષ્ટાંગ દંડવત્ કરીને તથા તેઓ શ્રીનો આશીર્વાદ પ્રાપ્ત કરીને ભાવમિશ્ર તે આશ્રમેથી ઉપડવાનું કરતો હતો, તેવામાં કરુણાસાગર શ્રી સદ્દગુરુનાથજીએ પોતાના શિષ્યોને બોલાવીને કહ્યું કે:—આ ભાવમિશ્રને અત્ર ભોજન કરવાને થોભવાની ઇચ્છા નથી, તો તેને માર્ગમાં જતાં ભાતાને માટે થોડાંક સુકૃતવૃક્ષનાં પકવ અને

મિષ્ટ ફળો બંધાવો. તે આજ્ઞા પ્રમાણે એક શિષ્યે ભાવમિશ્રને ફળો બંધાવ્યાં, તે લઇને રાજપુરોહિત મનુજાવતી નગરીપ્રતિ જવાને નીકળ્યો. શ્રી સદ્ગુરુનાથ યોગીન્દ્રનાં દર્શન તથા પોતાની કાર્યની સિદ્ધિ થયેલી હોવાથી તેનું મન પ્રફુલ્લિત થયેલું હતું, અને તેની સાથે માર્ગમાં મંદ સુગંધ પવનની લહેરોથી શરીર પણ શ્રમરહિત થતું હતું તેથી ભાવમિશ્રને મનુજાવતીનો માર્ગ કાપતાં કાંઇ પણ કષ્ટ ભાસતું નહોતું. વળી જે પ્રમાણે શ્રી સદ્ગુરુનાથઆશ્રમમાં જનારને માર્ગમાં ઉપસર્ગ થતા હતા તે પ્રમાણે તે આશ્રમમાંથી પાછા વળનારને ઉપસર્ગ થતા નહોતા. ભાવમિશ્ર સુખરૂપ મનુજાવતીમાં આવી પહોંચ્યો અને તેણે પોતાના યજમાન મહારાજા શ્રી બહીરથવર્માને આશીર્વાદ દેઇને થયેલી કાર્યસિદ્ધિનો વૃત્તાન્ત નિવેદન કર્યો. પોતાની અત્યંત પ્રિય પત્નીનો દ્રવ્ય અને સત્તાવડે સાધ્ય ન થઇ શકે એવો મનોરથ પોતાનો પવિત્ર પુરોહિત દ્વિજ ભાવમિશ્ર સિદ્ધ કરી આવ્યો, એ વાત જાણીને રાજા બહીરથને અત્યંત આનંદ થયો. મહાત્માઓ જેટલા વૈભવ અને સત્તાવાળાઓને વશ નથી તેટલા દીન અને પવિત્ર હૃદયના માણસોને વશ છે. પરમાત્મા અને મહાત્માઓ તો નિરંતર કપટરહિત દીન ભાવને સ્વીકારનાર શરણાગતજનને જ વશ વર્તનાર હોય છે. આ વાત બહીરથરાજાને સંપૂર્ણ રીત્યે સમજાઇ તેમ છતાં રાજા હોવાથી રજોગુણના તરંગને વશ થઇ પુરોહિતને અનેક પ્રકારની ભેટો આપવાની ઇચ્છા દર્શાવી પણ લોભરહિત પુરોહિત ભાવમિશ્રે કહ્યું:—હે સમૃદ્ધિવાન્ યજમાન રાજા! હું પવિત્ર બ્રાહ્મણ વૃત્તિને વરેલો છું, તેથી મને નિર્વાહ પૂરતું આપના આશ્રયથી મળેલું છે, અને મળ્યાં કરે છે, તેથી વધારે સંચય કરીને બ્રાહ્મણને ઉચિત એવા સંતોષને મારા હૃદયમાંથી દેશવટો દેવા ઇચ્છતો નથી. શ્રી સદ્ગુરુનાથની શોધ કરવામાં દ્રવ્યનો તો તમે અથાગ વ્યય કર્યો હતો, પણ એ કામ દ્રવ્યસાધ્ય નથી; તેથી તે કામની સિદ્ધિથી હું આપની પાસેથી કોઇ પણ પ્રકારનો લાભ લેવાની ઇચ્છા રાખતો નથી, આપનું નિરંતર કલ્યાણ થાય એ જ મને પરમ લાભ અને આનંદ છે.

પછી રાજાએ પુરોહિત ભાવમિશ્રને પૂછ્યું કે તમે એક સારું મુહૂર્ત જુઓ તે દિવસથી આપણે શ્રીસદ્ગુરુનાથના આશ્રમે જવાને માટે નીકળીએ, તથા તમે કહો તેટલા મનુષ્યને આપણી સાથે રાખવાને માટે નિશ્ચય કરીએ. ત્યારે ભાવમિશ્રે મંદ હાસ્ય કરીને કહ્યું કે:—હે રાજન્! મહાત્માઓને શરણે જતાં કોઇ પણ મુહૂર્ત કે શુકન જોવાની આવશ્યકતા નથી. કેમકે ખરા અંતઃકરણપૂર્વક પરમાત્માથી અભેદભાવને પામેલા એવા મહાત્માઓનું

સ્મરણ જ મંગલરૂપ છે, તેમને આશ્રમે જતાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન નડતું નથી તો ત્યાં શુભાશુભ મુહૂર્ત્તની શી ગણત્રી ? ત્યાં નવે ગ્રહ અને સઘળા યોગ અનુકૂલ જ વર્તે છે. માટે કોઇ પણ પ્રકારની શંકા રાખ્યા વિના જ્યારે આપની ઇચ્છા થાય ત્યારે તરત જ આપણે તે મહેશ્વરસ્વરૂપ યોગીન્દ્રના સમગ્ર ઇષ્ટપ્રદ આશ્રમે જવાને માટે પ્રસ્થાન કરીએ.

પછી મહારાજા બહીરથે અંતઃપુરમાં જઇને વૃત્તિપદ્મા દેવીને પોતાના પુરોહિતે કહેલા વૃત્તાન્તને માંડીને કહ્યો. તે સાંભળીને મહારાણી વૃત્તિપદ્માને જે આનંદ થયો તે કથવા કરતાં કલ્પવો સહેલો છે. વૃત્તિપદ્મા રાણી જન્મ અને સ્વભાવે કરીને દૈવીસંપત્તિવાળી હતી, વળી પરમ યોગેશ્વર શ્રી સદ્ગુરુનાથના જ પ્રસાદથી તેનો વંધ્યાદોષ ટળવાનો પરમ માંગલિક પ્રસંગ પણ આવ્યો હતો; સગર્ભાવસ્થાની વાંછનાઓમાં જેમ દુષ્ટ વાંછનાઓ આસુરીસંપત્તિવાળાં પ્રાણીઓમાં અધિક ઉત્કટ હોય છે તેમ દૈવીસંપત્તિવાળાં પ્રાણીઓમાં શુભ અને પવિત્ર વાંછનાઓ અધિક ઉત્કટ બળ કરે છે; તેમ જ વૃત્તિપદ્મા પણ જો કે સતીશિરોમણી હતી તો પણ પોતાના શુભ મનોરથ સિદ્ધ કરવાની ઇચ્છાનો વેગ તેના અંતઃકરણમાં અન્ય અબળા જાતિના સ્વભાવ પ્રમાણે અત્યંત પ્રબળપણે વહેતો. પોતાના પુરોહિતે કરેલી કાર્યસિદ્ધિના સમાચાર પોતાના પતિના મુખે સાંભળીને મહારાણી વૃત્તિપદ્મા એ તત્ક્ષણ સુરાસુરપૂજ્ય શ્રી સદ્ગુરુનાથ ભગવાનનાં પતિતપાવન આશ્રમનાં દર્શન કરવાને માટે જવાનો પોતાનો અથાગ આગ્રહ જણાવ્યો. તે પ્રમાણે સત્વર શ્રી બહીરથ મહારાજાએ તૈયારી કરાવી, અને એક વિશાળ રથમાં રાજા રાણી અને એક છુટા તથા વશ વર્ત્તનાર ઘોડા ઉપર પુરોહિત ભાવમિશ્ર એ પ્રમાણે છડી સવારીએ રાજસી ઠાઠવિના શ્રી સદ્ગુરુનાથના આશ્રમપ્રતિ ગમન કરતાં પ્રવાસીઓની દૃષ્ટિયે પડતાં હતાં. માર્ગમાં રાજા પોતાની પ્રિય રાણીને અનેક વૃક્ષો, ગિરિ, નાનાં મોટાં સરોવરો, તથા પશુ પક્ષી આદિકની શોભા બતાવતા હતા અને તે વિષેનાં વિવિધ રસમય વૃત્તાન્તો કહેતા હતા; તથા જે કાંઇ વૃત્તાન્ત પોતાના જાણવામાં ન હોય તે પોતાના પુરોહિત ભાવમિશ્રને રાજા પુછતા અને પુરોહિત પોતાના ઘોડાને રથની પાસે પાસે ચલાવતો હતો અને કહેતો હતો, કેમકે જો કે સારથિ સંસ્કારભદ્ર માર્ગમાં આવતાં સઘળાં સ્થળોનાં નામ માત્ર જાણતો હતો તો પણ તે તે વિષયક સંપૂર્ણ વૃત્તાન્તોને નહિ જાણનાર હોવાથી બહુશ્રુત રાજા રાણીની જીજ્ઞાસા પૂરી પાડવાને માટે સમર્થ થઇ શકે તેમ નહોતું.

આ પ્રમાણે માર્ગમાં તેઓ નૈસર્ગિક શોભા જોતાં જોતાં અને આનંદ

પામતાં શ્રી સદ્‌ગુરુનાથના આશ્રમપ્રતિ જતા હતા, તેવામાં ભાવમિશ્રને તૃષા લાગી અને તેનો કંઠ શુષ્ક થવા લાગ્યો, કેમકે માર્ગમાં રાજા તથા રાણી જે જે પ્રશ્નો પૂછતાં હતાં તે તે પ્રશ્નોના ઉત્તરમાં તેને લાંબા પુરાતન ઇતિહાસો તથા બીજા અનેક વૃતાન્તો સવિસ્તર કહેવા પડતા હતા. તેથી વૈખરીની વિશેષ ક્રિયા થવાથી ભાવમિશ્રનો કંઠ શુષ્ક થાય જ એમાં કાંઇ નવાઇ જેવું નથી. પોતાની તૃષા છિપાવવાને માટે ભાવમિશ્ર આતુર હતો તેવામાં રસાલય નામનું એક મોટું સરોવર આવ્યું, અને તે જોઇને ભાવમિશ્રને અત્યંત હર્ષ થયો. આ સરોવર એવું તો રમણીય હતું કે તે જોઇને જ પ્રાણી માત્રને ત્યાં થોભવાનું મન થાય, અને ત્યાં થોભ્યા એટલે તેનું અમૃતસમાન ભાસતું જળ પીવાનું મન પણ થયા વિના રહે જ નહિ, અને જ્યાં એ જળનું પાન કર્યું એટલે તેની શીતલતાના પ્રભાવથી કેટલોક સમય તન અને મન ઠરી સ્થિર થઇ જતું. વળી આપણા ભાવમિશ્ર પુરોહિત તો તૃષાતુર પણ થયા હતા. તેથી આ સરોવર જોઇને તે ત્યાં થોભ્યા, અને જળપાન કરીને શીતલતાના સુખમાં લીન થઈ ગયા. ઉત્તમ જલાશય જોઇને પોતાની બ્રાહ્મણ પ્રકૃતિને વશ થઇને ભાવમિશ્ર તે સરોવરમાં સ્નાન કરવાને માટે ઉત્કંઠ થયા. પોતાના ઘોડાને એક અશોક વૃક્ષને થડે બાંધીને તેમણે પોતાનાં વસ્ત્ર ઉતાર્યાં અને એક નાના પંચીઆભેર સ્નાન કરવાનો પ્રારંભ કર્યો. સરોવરમાં ઉતર્યા પછી તે જલનો સ્પર્શ થતાં ભાવમિશ્ર તો આલ્હાદમાં નિમગ્ન થઈ ગયા તેવામાં તેમને તે સરોવરમાં ઉગેલાં અત્યંત સુંદર કમલો ઉપર ગુંજારવ કરતા ભ્રમરોના સ્વરે તે મનોહર નલિનીવનપ્રતિ જોવાને દોર્યા. તે કમલસમુદાય ઉપર દૃષ્ટિ જતાં કેટલોક પલ લગી તો પોતે જલઉપર છે કે સ્થળઉપર તેનો પણ વિચાર ભાવમિશ્રને રહ્યો નહીં. તે કમલવનનું સૌન્દર્ય જોઇ તૃપ્ત થયેલાં નેત્રદ્વારા મન જ્યારે પાછું પોતાને સ્થળે આવીને બેઠું, ત્યારે ભક્તિયુક્ત હૃદયવાળા ભાવમિશ્રના હૃદયમાં એવો સંકલ્પ સ્ફુર્યો કે આ કમળોમાંથી કેટલાંક કમળો પરમકારુણિક ભગવાન્ શ્રી સદ્‌ગુરુનાથને ચઢાવવાને માટે લીધાં હોય તો કેવું સારૂં ! સંકલ્પની સાથે જ્યારે શક્તિ હોય છે ત્યારે પ્રાણીમાત્ર પોતાનો સંકલ્પ સિદ્ધ કરવાને પ્રવૃત્તિવાન્ થાય એ કેવળ સ્વાભાવિક છે. આપણા ભાવમિશ્ર એક સમર્થ તારા હતા અને ભવસાગરના અથાગ જળમાં પણ તે કમળપત્ર સમાન તરી શકતા હતા, એટલું જ નહીં પણ અનેક ડૂબતા જીવોને તેમણે ઘણીવાર પોતાની શક્તિથી ભયંકર જલમય ઉપસર્ગમાંથી બચાવી લીધા હતા. તેથી આપણા મિશ્રે તો રસાલય સરોવરમાંનાં ઉત્તમોત્તમ કમળો પ્રાપ્ત

ફરી શ્રી સદ્દગુરુનાથ પરમાત્મામાટે લેઇ જવા પોતાની ઇચ્છાને સિદ્ધ કરવાને માટે કટિ કસી. આ પ્રમાણે કેટલાક સમય લગી પુરોહિત ભાવમિશ્ર તો આ સરોવર આગળ રોકાયા.

હવે પુરોહિત હવણાં જળપાન કરીને આવી પહોંચશે એવા વિચારથી રાજા રાણીએ પોતાનો રથ ઉભો ન રખાવતાં ધીમે ધીમે આગળ ચાલવા દીધો હતો. પરંતુ આપણે ઉપર જોઈ ગયા છીએ તે પ્રમાણે પુરોહિત તો પેલા સરોવર ઉપર વધારે વાર રોકાયા. રાજા અને રાણીનો રથ તો આશરે પા ગાઉ કે અર્દ્ધ ગાઉ આગળ ગયો ત્યારે સારથી સંસ્કારભદ્રને એક કરતાં વધારે ચીલાઓ વિવિધ દિશામાં ફંટાતા દેખાયા. કયે માર્ગે જવું તે તેને સમજાયું નહીં, તે પોતે સંદેહમાં પડયો.

પ્રકરણ ૩ જું.

ભોમિયામાં ભૂલ્યા.

સારથી સંસ્કારભદ્રને વિચારમાં પડેલો જોઇને રાજાએ પૂછયું:—કેમ સૂત! સમગ્ર ભૂગોલ ઉપરના તેમજ અન્ય લોકમાંના માર્ગો જેને હસ્તામલકવત્ છે એવા તમે એક કરતાં અધિક માર્ગો જોઇને કેમ શંકાવશ થયા છો? સંસ્કારભદ્રે કહ્યું:—આયુષ્મન્! જો કે સ્વર્ગ, મૃત્યુ, અને પાતાલ લોકના માર્ગો મને મારા કરતલની રેખાઓના જેવા જાણીતા છે, તો પણ આ તો શ્રી સદ્દગુરુનાથના ઘરનો માર્ગ છે. તેને યથાવત્ જાણનાર કોઇ જ નથી. પરંતુ તે યોગીવર્ય જેને કૃપા કરીને પોતાના ઘરનો માર્ગ અંતર્યામીરૂપે રહીને બતાવે તેને જ તે માર્ગ સૂઝે છે. બીજાઓને, ચહાય તો તેઓ દેવ દાનવ કે માનવ હોય તોપણ, તે માર્ગ જાણવામાં આવતો નથી. આથી હું સન્દેહમાં પડયો છું.

બહીરથરાજા બોલ્યા:—હે કુશળ સારથિ! તમારૂં કહેવું યોગ્ય છે; પરંતુ ભાવમિશ્ર પુરોહિત આ આશ્રમમાર્ગથી સારી પેઠે જાણીતા છે, માટે આપણે તેમને પૂછીને આગળ ચાલીશું તો પછી પ્રતિબંધ નડશે નહિ. પુરોહિતજી પાછળ આવે છે, તે હમણાં આવી પહોંચશે, એટલે આપણે

આગળ પ્રયાણુ કરીશું. તેમના આવતા લગી આપણે વનશોભા જોતા રથને અત્ર ઉભો રાખીએ.

સંસ્કારભદ્ર:—જેવી આયુષ્માનની આજ્ઞા. રથ સારથિએ ઉભો રાખ્યો, પણુ વેગઉપર ચઢેલા અશ્વ ચાપલ્ય વશ થઇને સતપતરો કરતા ઉભા રહે છે, અને જંપતા નથી, તેથી સંસ્કારભદ્ર અધીરો થઇને બોલ્યો:—હે કૃપાનાથ ! પાછળ દૃષ્ટિ નાંખતાં પુરોહિતજીનો તો કાંઇ પત્તો પણુ જણાતો નથી, અને વેગવશ થયેલા આપના રથના ઘોડા તો જંપતા પણુ નથી. તેમાં પણુ વળી જંગલી માખ્યો અને ડાંસ પણુ ઘોડાઓને અતિશય વ્યાકુલ કરે છે. ચમરી હલાવી હલાવીને મારા હાથ પણુ રહી જવા આવ્યા અને પોતાનાં પુચ્છ હલાવતાં પણ પુરૂં ન પડવાથી અશ્વો પોતાના પાછલા પગની પાટુઓ નિરંતર કાઢ્યા કરે છે, અને પોતાનાં શિર પણુ ઘણા આવેશથી વારંવાર ધુણાવે છે, કે જેના આંચકાથી આખો રથ ધરતીકંપને વશ થયેલા ભૂતલની સમાન મહાદેવીશ્રીને અસ્વાસ્થ્ય ઉત્પન્ન કરે છે. તો જો રાજેન્દ્રને રુચતું હોય તો કોઇ વટેમાર્ગુ સ્ત્રી કિંવા પુરૂષ આટલામાં દેખાય તો તેને પૂછીને રથ આગળ ચલાવીએ. પુરોહિતજી તો આપણુને પાછળથી આવી મળશે.

આ પ્રકારનાં સારથિનાં વાક્યો સાંભળીને, સગર્ભા વૃત્તિપદ્માને ઘોડાઓના અનિયમિત આસ્ફાલનથી થતા ખેદનું અનુમાન કરીને, બહીરથવર્મા થોડીક ક્ષણુ વિચાર કરીને બોલ્યા:—અશ્વ તેમજ રથીની અનુકૂલતાને નિરંતર ચિંતવનાર ચતુર સારથિ ! જો કોઇ મનુષ્ય અત્ર આવતું જતું જણાય તો તેને પૂછીને આગળ પ્રયાણુ કરીએ તો અશ્વોને મક્ષિકાઓ આદિ જંતુઓ પજવતા અટકે, રથ આપણે ધીરેધીરે હાંકીશું એટલે ભાવમિશ્રજીને આપણાથી છેટું પડશે નહીં, અને તેઓ આપણુને સત્વર આવી મળશે. મહારાજશ્રીનાં આ વચનો સાંભળીને ચારે દિશાપ્રતિ દૃષ્ટિ કરતો સંસ્કારભદ્ર કાંઇક નિરાશામય સ્વરથી બોલ્યો:—અન્નદાતાજી ! આસપાસ કોઇ પણુ વનવાસી કે વટેમાર્ગુ મનુષ્ય જણાતું નથી; એટલે કોને પૂછીને આગળ પ્રયાણુ કરવું ? જો કોઇને પંથ પૂછ્યા વિના આપણે આગલ ચાલીએ, ને કોઇ મહા ભયમાં આવી પડીએ તો પછી વિટંબના જેવું થાય. આ શબ્દોથી સહજ આવેશમાં આવીને બહીરથવર્મા બોલ્યા:—પ્રિય સૂત ! તું જાણે છે ને કે ભય એ શબ્દને તારો રથી જાણુતો જ નથી ! તું જાણુ કે સમગ્ર ભયનું પાન કરવાને સમર્થ એવું મારૂં ખડ્ગ અપ્રહત છે અને મારા ધનુષ્યની પ્રત્યંચાની સાથે મારા બાણુનું લગ્ન થતાં સર્વત્ર માંગલિક

વાજાં વાગેછે જ. તો મહા ભય એ શબ્દનો ઉપયોગ કરતાં તું ક્યાંથી શીખ્યો ? અથવા તો આજે તારા રથમાં મારી અતિ કોમળ ભીરુ પ્રિયા બિરાજે છે, તેનો સંસ્કાર તો તને બાધ કરતો નથી? સંસ્કારભદ્ર બોલ્યો:–આયુષ્યમાન્‌નું પરાક્રમ ત્રિભુવનવિદિત છે. રાજગર્ભાલંકૃત પૂજ્ય મહા દેવીશ્રી આપણી સાથે છે, તેથી સેવકને સહ જ સંકોચ રહે છે તે ક્ષમા કરશો.

આ પ્રમાણે રાજા તથા સારથિ વાત કરતા હતા. તેવામાં તેમના જોવામાં કેટલેક છેટે ત્રણ સ્ત્રીઓ આવી. તે જોઇને પોતાના માર્ગ સંબંધી જીજ્ઞાસા પૂરી પાડવાનાં સાધનનો પ્રાપ્તિ થઇ એવું ભાન થતાં તેમને અંતઃકરણમાં એક પ્રકારનું અધૈર્ય અને આનંદ પ્રતીત થવા લાગ્યાં. પેલી ત્રણ સ્ત્રીઓ પણ રથપ્રતિ આગમન કરતી હતી, તેથી થોડાક સમયમાં રથની નિકટ આવી પહોંચી. તેમાંની એક કે જે સઉ કરતાં આગળ ચાલતી હતી તથા વરણાગીમાં વાંકી ગતિથી પગ ઉઠાવતી હતી, તે શ્યામ વર્ણની તથા ટાપટીપવાળી તથા લટકાળી અને ધુતારી સ્ત્રી જણાતી હતી. તેનામાં અલૌકિક મોહ ઉત્પન્ન કરે તેવી ચપળતા અને વાચાળતા હોય એમ તેનાં નેત્ર તથા મુખમુદ્રા ઉપરથી જણાઇ આવતું હતું. તેના શરીર ઉપર અનેક કૃત્રિમ વસ્ત્ર અલંકાર ધારેલા હતા. તે ટટાર ઉભી રહી ચપળ દૃષ્ટિથી ચારે તરફ જોતી હતી. તેની અણિયાળી આંખ વસ્તુમાત્રને ભેદી નાંખે એવી જણાતી હતી. તેના હાથમાં ભૌતિક પદાર્થવિજ્ઞાનનાં અનેક ઓજારો જેવાં કે, શંકુ, હોકાયંત્ર, દૂરદર્શકયંત્ર, સૂક્ષ્મદર્શકયંત્ર વગેરે અનેક સાધનો હતાં, અને તે પકડવાની તેની છટા એવી તો ડોળદાર અને શોભાયમાન હતી કે તે જાણે પરમેશ્વરની પણ પિતરાણી હોય નહીં એવા દબદબામાં ને દબદબામાં રહેતી. તેની પાછળ એક ગૌરવર્ણની સુંદર અને નિશ્ચિંત જેવી જણાતી એક સ્ત્રી હતી. તે પણ મોહક હતી તેનાં નેત્ર સાજાં જેવાં જણાતાં હતાં. પરંતુ તે આંખે બિલકુલ દેખી શકતી નહોતી. તેથી તેના હાથમાં એક લાકડી હતી. તે લાકડી શિષ્ટોક્તિ નામના વૃક્ષના કાષ્ટની બનાવેલી હતી. તે ટેકવીને ચાલતી હતી, પણ તે એવી રીતે ટેકવતી હતી કે કોઇ તેને આંધળી જાણી શકે નહીં; પણ કોઇ એમ જાણે કે એ તો તેણે રમતમાં અથવા શોખમાં લાકડી રાખી હશે. એવી બેધડક રીતે તે લાકડી ટેકવી ટેકવીને ચાલતી હતી. ઉપર વર્ણવી ગયા તેવી શ્યામ રંગની સુંદરીજેવી લટકાળી અને મોહક તો આ સ્ત્રી નહોતી; પરંતુ સહજ વાયડુ શરીર હોવાથી કાંઇક ફુલેલી અને નિર્બળ બાંધાવાળી હતી. તેની પાછલ તેના જેવી જ પરંતુ વધારે શાન્ત તેજસ્વી

મુખમુદ્રાવાળી સાદી, અને ગંભીર સુંદરી હતી. તેના હાલવા ચાલવામાં તથા જોવામાં તથા ઉભા રહેવામાં જે અડગ ધુતિનું દર્શન થતું હતું, તેની ખુબી સાત્વિક ધૈર્યવાળા મનુષ્યો જ સમજી શકે તેમ હતું; પણ જેઓ ઉપલક ઉપલક વિચાર કરવાની ટેવવાળા હોય તેમને તો તેથી એક પ્રકારનો અણગમો ઉત્પન્ન થાય એમ હતો. તોપણ એના અને પેલી આંધળીના મુખઉપર એક સરખા સંતોષની લાગણી જણાતી હતી. ફક્ત વિશેષમાં એટલું જ હતું કે આના મુખઉપર જેટલી તેજસ્વી કાન્તિ હતી, તેવી પેલી આંધળીના મુખઉપર નહોતી. વળી પેલી આંધળી સ્વદૃષ્ટિહીન હોવાથી તે બિચારીને પેલી વિલાસી શ્યામસુંદરી કાંઇ ટીંખલ કે અટકચાળુ કરીને વારંવાર ભડકાવતી; પણ તે આંધળીની સ્વાભાવિક રીતે સંતોષી પ્રકૃતિથી તેના મન અને મુખ ઉપર તેથી ઉત્પન્ન થયેલો ક્ષોભ એક ક્ષણ કરતાં વધારે વાર કદી પણ ટકી શકતો નહીં. કોઇ કોઇવાર તો પેલી અટકચાળી શ્યામસુંદરી તે બિચારીને એકાદ ખાડામાં ઉતારીને પાડી પણ નાંખતી, અને વેગળી ઉભી ઉભી હસતી, તોપણ તે બિચારી આંધળી પોતાની લાકડીના ટેકાથી ઉભી થઇને પોતે પણ હસવા મંડી પડતી, એવી ભોળી અને નિખાલસ હતી. પરંતુ જ્યારે પેલી દોઢડાહ્યલી શ્યામસુંદરી તેને અતિશય પજવતી ત્યારે અત્યંત ક્રોધ ચઢવાથી તે પેલી અડપલાને ઇંટ, પત્થર વગેરે જે કાંઇ વસ્તુ હાથમાં આવે તેનાથી મારતી. આવા પ્રકારની આ ત્રણ સ્ત્રીઓ હતી. તેઓ રથની નિકટ આવી એટલે આતુરતા પૂર્વક સંસ્કારભદ્રે પૂછ્યું:—પરમ યોગેશ્વર શ્રીમત્સદ્ગુરુનાથજીના આશ્રમે જવાનો માર્ગ, હે બાઇયો ! કયો છે તે અમને કૃપા કરીને કહેશો ?

સારથિના આ શબ્દો સાંભળીને તે ત્રણે સ્ત્રીઓમાંની સઉથી આગળ હતી તે શ્યામસુંદરી કે જેનું નામ અશ્રદ્ધા હતું તે લટકાની સાથે બોલી:— અહો ! એમાં તે શી મોટી વાત છે. એ રસ્તો તો બધા આંધળાઓના પણ જાણવામાં છે. એક મૂર્ખ કે ગાંડો હોય તે પણ એ રસ્તો તો બતાવી શકે. એમાં શું કહેવું હતું ? મારી સાથે ચાલો, હું તમને તમે જેને પરમ યોગીશ્વર કહો છો, તેના રહેઠાણનો રસ્તો બતાવું. એ રહેઠાણમાં જવાના માર્ગો કરતાં પણ જે ઘણા કઠણ માર્ગો છે તે પણ હું જાણું છું, સમુદ્રમાં જ્યાં કોઇ પણ દિશા ઓળખાય નહીં એવે સ્થળે પણ આ મારા હોકાયંત્રથી એક સપાટામાં રસ્તો ખોળી કાઢું, વળી જમીનમાં પૃથ્વીપડની નીચે શી શી ધાતુઓ છે, તે પણ આ મારાં રસાયણશાસ્ત્ર અને ભુસ્તરશાસ્ત્રના ઓજારથી એક ઘડીના છઠ્ઠા ભાગમાં હું શોધી કાઢું, મારી પાસે પદાર્થ-

વિજ્ઞાન શાસ્ત્રનાં અંગ અને ઉપાંગને લગતાં ઓજારની સામગ્રી એટલી તો પ્રબળ છે કે તેથી સમગ્ર ભુવનોમાં કાંઇ પણ વસ્તુ મારાથી ન શોધી કઢાય તેમ નથી. લોકો યોગશક્તિ અને ઇશ્વરી શક્તિને માટે અંધારામાં ફાંફાં મારે છે, પણ મારી પાસે જે યાંત્રિક શક્તિ અને રસાયણિક શક્તિ-સાધનોથી જે કાર્ય સિદ્ધ કરવાનો ઉત્સાહ છે, તેની આગળ દિવ્ય, અદિવ્ય અને દિવ્યાદિવ્ય કોઈ પણ વસ્તુ કે માર્ગ અસાધ્ય નથી. હું પણ પ્રવાસીઓને માર્ગ દેખાડવાનું એટલે ભોમિયાનું કામ કરૂં છું, એટલે મને તમારો ઇચ્છેલો માર્ગ દેખાડવામાં કાંઇ પણ વિલંબ કે પ્રતિબંધ થવાનો નથી. પરંતુ તમારે મારી પાછળ જ ચાલવું પડશે. પછી તમારે કાંઇ ચિંતા કે પરિશ્રમ કરવો પડવાનો જ નહીં. જો તમને રુચે તો ચાલો, હું તમારી પાસેથી કાંઇ મહેનતાણું પણ લેવાની નથી. ફક્ત તમે મારો આભાર માનીને મારી તરફ આદરબુદ્ધિ રાખજો.

ઉપર પ્રમાણે અશ્રદ્ધાબાઇ બોલી રહ્યાં એટલે પેલી આંધળી બાઇ કે જેનું નામ અંધશ્રદ્ધાબાઇ હતું તે બોલી:–તમે એના ઉપર ભરોંસો રાખીને જશો નહીં; એની મધુર પણ ઠગારી વાણીમાં જો મોહ પામીને તમે એના બતાવેલ માર્ગે જશો તો મરણ કરતાં પણ અધિક દુઃખદ એવી સ્થિતિને પામશો અને પછી પસ્તાવાનું સુખ પણ મળવું અશક્ય થશે. તમે એના લટકાને લટકો ન સમજશો, પણ તલવારના ઝટકા કરતાં પણ વધારે ભયંકર સમજજો. એની વાતમાં આખી દુનિયાની ચાવડત બતાવે છે, પણ જે કોઇ એના પાશમાં આવે છે, તેને એ ધુતારી ખાડામાં ઝિકાવે છે; એ કહે છે કે શ્રી સદ્‌ગુરુનાથ ભગવાનના આશ્રમનો માર્ગ તો અત્યંત સહેલો છે, પણ જો તમે મારૂં કહ્યું માનો તો એ માર્ગ તો એવો કઠિન છે કે દેવોને પણ દુર્લભ છે. એ માર્ગમાં તો એવાં અનેક વિઘ્નો આવે છે કે મોટા દેવો પણ ધબ થઇ જાય છે, તો માણસની તો શી ગણત્રી? એ તો શ્રી સદ્‌ગુરુનાથજીની કૃપા હોય તો જ એ માર્ગમાં પાર પડાય. હું કાંઈ અભિમાન કરતી નથી, પણ જો તમે મારી સાથે આવશો તો હું તમને એવા કઠણ માર્ગમાં પણ સહી સલામત લેઇ જઇશ, પણ હું કાંઇ મફત આગવાપણું કરતી નથી. હું તમારા આગવા તરીકેનું કામ સ્વીકારૂં તે પહેલાં તમારે તમારી થેલીમાં જેટલી શંકાશાઇ સિક્કાની મહોરો હશે તેટલી બધી મને આપી દેવી પડશે. હું તે શંકાશાઈ મહોરો ઘરમાં ખાતી નથી, કે મારા પોતાના ઉપયોગમાં લેતી નથી પણ જે પંડિતોને ગુરુકૃપા-રૂપ ધન પ્રાપ્ત નથી થયેલું હતું તેવા પંડિતોના ગુજરાન સારૂ તેમને દક્ષિ-

ણામાં વહેંચી દેઉં છું. હું તો મારે છુટે છેડે આનંદમાં રહું છું કેમકે મારાથી પોતાથી તો દેખાતું નથી, એટલે એવી મહોરોનો જમાવ મારી પાસે થાય તો તે જોખમરૂપ થઇ પડે. માટે હું એ પ્રમાણે પરોપકારમાં એ મહોરો વાપરી દેવાની. માટે જો તમને યોગ્ય લાગે તો મારી સાથે ચાલો, તો આ મારી લાકડીને ટેકે ટેકે આગળ આગળ ચાલીને તમને ઠેઠ શ્રી સદ્‍ગુરુનાથ પ્રભુના પરમ પવિત્ર આશ્રમમાં પહોંચાડી દઇશ. એ ચમત્કારી આશ્રમનો મહિમા એવો તો અપાર છે કે સુરમુનિવર પણ તેનો પાર પામી શકે તેમ નથી. આ પ્રમાણે કહીને આંધળાં વાચાળ માણસ જેમ ગપાટા ઉપર ચઢે છે તેમ અંધશ્રદ્ધાબાઇએ પણ શ્રી સદ્‍ગુરુનાથ ભગવાનના આશ્રમના મહિમાનું મોટું વ્યાખ્યાન ચલાવ્યું. જોકે વાસ્તવે જોતાં એમાં કાંઇપણ અસત્ય નહોતું, તો પણ તે સાંભળનાર સામાન્ય જીવોને તે ગપાટા જેવું લાગે તેમ હતું. તેથી આ અંધશ્રદ્ધાને તો બહીરથરાજા તથા તેમના સારથીએ કોઇ ગાંડી સ્ત્રી હોય એવી ગણી કાઢી.

છેવટે પેલી છેલ્લી રહેલી સુદૃઢ અને ગંભીર સ્ત્રી કે જેનું નામ શ્રદ્ધાબાઇ હતું તે બોલી:—હે પ્રવાસીઓ! પેલી સ્યામસુંદર ધુતારી કરતાં આ આંધળી ભલી સ્ત્રી વધારે વિશ્વાસપાત્ર છે. વળી જો તમારી ઇચ્છા હોય તો હું તમને સર્વોત્તમ અને સુખરૂપ માર્ગે શ્રી મહેશ્વરસ્વરૂપ સદ્‍ગુરુનાથના વિશ્વપાવન આશ્રમમાં લેઈ જવા તૈયાર છું. પણ હું તમારી પાસેની સઘળી શંકાસાઇ મહોરોના તમારે હાથે કડકા કરાવી ફેંકી દેવરાવું. ત્યાર પછી તમારા આગવાનું કામ સ્વીકારૂં. કેમકે શંકાસાઇ મહોરોની લીધે અનેક લુટારા, ધાડપાડુ વગેરે લોકો ખેંચાઇ આવે છે અને કોઇવાર પ્રવાસીઓના પ્રાણ પણ લેછે; માટે મારી સાથે જવા ઇચ્છનારનું હું એ જ સરતે આગવાનું કામ કરૂં છું. કેવળ સાદા અને ગંભીરરીતે બોલાયલા આ શબ્દોએ રાજા, સારથી, અને રાણીના અંતઃકરણ ઉપર કોઇ એક પ્રકારની અદ્‍ભુત અસર કરી; પણ શંકાસાઇ મહોરોના કડકા કરાવી નાંખવાનો કરાર તેમને કેવળ છોકરમત ભરેલો જણાયો, તેથી તેમણે તે અંગીકાર કર્યો નહીં; અને અંધશ્રદ્ધાએ કહેલી વાર્તા ઉપર તો તેમને બિલકુલ ભરોંસો જ બેઠો નહીં, કેમકે આંધળું માણસ બીજા માણસને દોરી લેઇ જાય એ વાત કેટલી અસંભવિત છે એ સમજવા જેવી સામાન્યબુદ્ધિ તો સઉનામાં હોય જ.

રાજા સારથી અને રાણી વિચારમાં પડયા.

આ તકનો લાભ લઇને લટકાળી, અને છટાદાર વાણીવાળી સ્યામસુંદરી અશ્રદ્ધાબાઇ બોલી:—અમારૂં ત્રણેનું કહેવું તમોએ સાંભળ્યું છે. હવે

કોનું કહેવું વધારે સંભવિત અને સપ્રમાણ છે, તેનો નિર્ણય કરી શકો એટલી બુદ્ધિ તો કુદરતે તમને આપેલી છે. હું ચમત્કારની વાત કરતી નથી. આ શાસ્ત્રીય સાધનો અને ઓજારથી કામ કરનારી છું. મારે કાંઇ પણ પરિશ્રમના બદલામાં દ્રવ્ય જોઇતું નથી, તમારી શંકાસાઇ મહોરો મારે જોઇતી નથી, કેમકે મારે તો નામના કરવા શિવાય બીજો કાંઇ લોભ નથી, માટે શંકાશાઇ મહોરોના કડકા કરાવી નાખવા જેવો છોકરમત ભરેલો કરાર પણ હું કરવા માગતી નથી. કેમકે દ્રવ્ય છે તે કોઇને પણ ઉપયોગી થઇ પડે એવી વસ્તુ છે, અને જેના ઉપર આખો સંસારનો વ્યવહાર ચાલે છે તેવી વસ્તુનો નાશ કરાવી નાંખવો એ કોઇપણ ડહાપણવાળું માણસ પસંદ કરે જ નહીં. તો હવે જેવી તમારી ઇચ્છા હોય તે પ્રમાણે કરો. અમારામાંથી જેને આગવા તરીકે રાખવાની ઇચ્છા હોય તેને પસંદ કરો. આ વખતની અશ્રદ્ધાબાઇની બોલવાની જે ચાલાકી અને છટા હતી, તેમ જ તેણે જે હાવભાવથી છેવટનું વળાણુ વાળ્યું, તે ઉપરથી રાજાને અને સારથીને સંપૂર્ણ નિશ્ચય થયો કે આ બાઇની પાસે સાધન સામગ્રી, તેમજ બુદ્ધિબળ ઘણે અંશે પસંદ કરવા યોગ્ય છે, તથા શરીરે પણ સાબુત છે; તેથી રાજા અને સારથી બંને જણનો એવો અભિપ્રાય થયો કે અશ્રદ્ધાબાઇ ને આગવાતરીકે સાથે લેવી. તેથી બહીરથ બહુમાનપૂર્વક બોલ્યા:—હે બુદ્ધિમતી બાઇ! તમે અમને માર્ગ બતાવવા કૃપા કરો.

મંદહાસ્યથી પ્રસન્નતા દર્શાવીને અશ્રદ્ધાબાઇ બોલી:—હે મહામતિ પ્રવાસિન્! ચિરંજીવ. હું તમારા આગવા તરીકે તમારી સાથે મારાં સર્વ શાસ્ત્રીય સાહિત્યો લેઇને આવીશ. હું તમારો ભાવ જોઇને પ્રસન્ન થઇ છું; જો કે મારૂં નામ અશ્રદ્ધા છે, તોપણ જેઓ મારા ઉપર શ્રદ્ધા રાખે છે તેમના ઉપર મારૂં મન અત્યંત પ્રસન્ન રહે છે માટે હવે તમે કશી ચિન્તા રાખશો નહીં. ચાલો હું તમારી આગળ થાઉં છું અને તમો મારી પાછળ બેધડક રીતે રથ હાંકતા આવો. પછી આગળ અશ્રદ્ધા અને રાજાનો રથ પાછળ એ રીતે પ્રવાસ આગળ ચલાવ્યો; અશ્રદ્ધાબાઇ વારંવાર પોતાનાં યાંત્રિક સાધનોનો મહા આડંબર સાથે ઉપયોગ કરતી અને સર્વજ્ઞતાનો તથા અલૌકિક દીર્ઘદષ્ટિનો ડોળ કરતી આગળ આગળ ચાલતી હતી અને પાછળ પાછળ રાજા તથા સારથી રથમાં બેઠા બેઠા તે બાઇની પોતાનું કામ કરવાની ચાલાકીનાં વખાણુ કરતા કરતા માર્ગ કાપતા હતા; પરંતુ મહારાણી વૃત્તિ-પદ્માને અશ્રદ્ધાબાઇના આડંબરીપણા વિષે મનમાં કંટાળો આવતો હતો, તેથી તે કાંઇપણ બોલ્યાચાલ્યાવિના બેશી રહી હતી. અશ્રદ્ધાના ચાપલુશીઆ

વેડાથી સંસ્કારભદ્ર પણ તેના વખાણમાં કાંઇક વધારે સાવધતાથી બોલતો હતો, પરંતુ બહીરથવર્મા તો પોતાના અસ્થિરતાવાળા રાજસ્ સ્વભાવને લીધે આ વખતે અશ્રદ્ધાની કુશલતાનાં વખાણ કરવામાં સારી પેઠે વાયરે ચડ્યા હતા.

તેવામાં એક એવો બનાવ બન્યો કે. અશ્રદ્ધાએ પોતાનો દૂરદર્શકયંત્ર સજ કર્યો તથા તે વડે દૂરલગી દૃષ્ટિ પહોંચાડીને જોયું. તેની નજરે એક બાજુએ ધાંચોવાળો રસ્તો માલમ પડયો. અને બીજી બાજુએ સપાટ જાણે લીપી કાઢેલો કે છોઇ લીધેલો હોય તેવો રસ્તો જણાયો. તે ઉપરથી તેણે રાજાને કહ્યુ: હે રાજન્! આ વિકટ પ્રવાસમાં શ્રદ્ધા અને અંધશ્રદ્ધા જેવા આગવાથી કાંઈ પણ બની શકતું નથી. મારી પાસે જે જે સાધનો છે અને જે સાવચેતીથી હું તેનો ઉપયોગ કરૂં છું, તેની પરીક્ષા તમને હવે જ પડશે. જુઓ આ જમણો રસ્તો અહીં આગળ સીધો ચાલ્યો જાય છે, તે અહીંથી તો સારો જણાય છે, પણ આગળ જતાં તેમાં એવી તો ધાંચો છે ને તેમાં ચાલતાં રથને ડખમડખા એવી તો થાય છે કે વખતે રથને પણ નુકશાન લાગવાનો સંભવ રહે, એટલુંજ નહીં પણ વખતે તમારા ઘોડાઓની ખરીઓ પણ ભાગી જાય ને વખતે આપણે રસ્તાવચ્ચે ને વચ્ચે રહીએ. એ તો જાણે કાંઇક ઠીક, પણ રથની વિષમ ગતિથી ડખમડખા થવાને લીધે જો આ તમારાં રાણીજીને ગર્ભપાત થઇ જાય તો પછી આપણે કેવા બારીક અને ભયંકર સ્થિતિમાં આવી પડીએ તેનો વિચાર તમે સહજ કરી શકો તેમ છે. આ ડાબો રસ્તો જુઓ. તે અહીંથી સહજ રેતવાળો જણાય છે. પણ આગળ જતાં સપાટ અને લીપેલા જેવો સરસ જણાય છે. માટે અહીંથી સારથાને ડાબે રસ્તે રથ લેવાની હું સૂચના કરૂં છું. જેની પાસે આવાં સાધન ન હોય તેવા આગવાઓ આ પ્રમાણે અગમચેતી શી રીતે રાખી શકે? હવે તમને ખાતરી થશે કે તમે મને તમારા આગવાતરીકે રાખી તેથી તમે સંપૂર્ણરીત્યે સહીસલામતીથી તમારી મુસાફરી કરી શકશો. મારાં પોતાનાં વખાણ મારે હાથે કરવા કરતાં મારાં કામ જ મારાં વખાણ કરી બતાવશે. આ સૂચનાપ્રમાણે સારથી સંસ્કારભદ્રે રથને ડાબા ચીલા ઉપર ચલાવ્યો અને રાજા તથા સારથી બંને જણ અશ્રદ્ધાબાઇનાં વખાણ વધારે જોસથી કરવા લાગ્યા. મહારાજા બહીરથવર્મા આવી કુશળ બાઇને પોતાના આગવાતરીકે પસંદ કરવામાં પોતાનીજ અગમચેતીને માટે સહજ ફુલાવા લાગ્યા; અને સારથી સંસ્કારભદ્રને પણ કાંઇક આ વખતે પોતાના રાજાજીના વખાણ કરવાનું વ્યાજબી લાગ્યું. સગર્ભા રાણીને પણ આ વખતે

કાંઇ અશ્રદ્ધાબાઇનાં યાંત્રિક સાધનોની ઉપયોગિતા સમજાઇ. સર્વાનુમતે એવો નિશ્ચય થયો કે, અશ્રદ્ધાબાઇને આગવાતરીકે પસંદ કરી તે બહુ સારૂં થયું. રાજાને પોતાની પરીક્ષક બુદ્ધિનો વિશ્વાસ પડયો, સારથીને માર્ગસબંધી દેખરેખ રાખવાની સઘળી ચિંતા દૂર થઇ, મહારાણીશ્રીને સંપૂર્ણ નિર્ભયતા લાગવા માંડી, અને અશ્રદ્ધાબાઇના મહત્વમાં અને ડિમાકમાં વધારો થયો. સઉ પોતાના મનથી આનંદનું સુખ ભોગવવા લાગ્યાં. રથ ચાલતો પેલી લીપેલીજેવી જગો આગળ આવી પહોચ્યો.

તે જમીન જોઇને સારથી તથા રાજા બોલી ઉઠયાઃ--અહો સોપારી ભાગે તેવો માર્ગ છે, જાણે કોઇયે છોબંધ સડક કરી રાખી ન હોય તેવો જ આ માર્ગ છે; ઘોડાઓને વાહન ખેંચતાં કાંઇ પણ જોર પડે નહીં એવો સુંદર આ માર્ગ છે; આ માર્ગમાં પગલે ચાલનારને એક જરીક પણ શ્રમ લાગે એમ નથીઃ આ માર્ગમાં ચાલતા વાહનમાં બેસાનારના તો પેટમાં પાણી પણ હાલે નહીં એવો સારો સપાટ એક સરખો માર્ગ છે.

આ પ્રમાણે અશ્રદ્ધાબાઇનાં તથા તેણે દર્શાવેલા માર્ગનાં એકે અવાજે રથમાંથી વખાણ થતાં હતાં, અને આગળ અશ્રદ્ધાબાઇ ચાલતાં હોવાથી પ્રથમ તે એ જમીન ઉપર ગયાં. આ જમીન જે સપાટ જણાતી હતી, તે તો ઠરી ગયેલો કાદવ હતો. તે કાદવ એવો સારી પેઠે જામી ગયો હતો તથા ઉપર ઉપરથી સુકાવા આવ્યો હતો કે, તે એક સરખી બનાવેલી લીપી ધુંપી જમીન જેવો જણાતો હતો; તે એટલો સુકાયલો હતો કે તેના ઉપર એક માણસ ચાલે ત્યાં લગી તે જમીનને કાંઇ પણ હરકત થાય તેમ નહોતું; અને તેમાં પણ અશ્રદ્ધાબાઇનું શરીર ગાદરથી સંગીન ન હોવાથી તેના હલકા ભારથી તે જામેલા કાદવની સપાટીના થરને કાંઇ પણ અસર થઈ નહી; તેથી તે તો સહી સલામત આગળ ચાલી, પણ તેની પાછળ હાંકેલા રથના ઘોડાનો તથા બેસનારાસહિત રથનો ભાર તે કાંપની સપાટીનો થર ઝીલી શકયો નહીં; અને કાદવનાં છેક સાંગીલગી તે રથ ઉતરી પડયો, અને ઘોડા પણ છેક પેટલગી કાદવમાં જ કળી ગયા. રથમાં બેસનારા જે અદ્યાપિલગી નિર્ભયતાની ધુનમાં અસાવ્યસરખાં બેશી રહેલાં હતાં તેમણે એક ક્ષણમાં પોતાના ઘોડા અને રથનું સ્તંભન થઇ ગયેલું જોયું કે તરતજ તેઓ કેટલીક ક્ષણપર્યન્ત તો કેવળ દિગ્મુઢજ બની ગયાં. રથનું સ્તંભન થતાં તેઓનાં મન અને વાણીનું પણ સ્તંભન થઇ ગયું. તેઓ સાવધ થયાં અને પોતાની આગવી અશ્રદ્ધાને બુમ મારી ત્યારે તો તે આશરે ૫૦ કદમ આગળ પોતાના ડિમાકમાં ને ડિમાકમાં નિકળી ગઇ હતી. કેમકે

કાદવમાં રથ કાંઈપણ અવાજ જ થાય નહીં એ રીતે ધીમે લેઇને સરર કરતો કે કળી ગયો હતો. સારથી વગેરેની બુમ સાંભળીને જ્યારે અશ્રદ્ધાબાઇએ પાછળ જોયું ત્યારે તો કમરલગીના કાંપના થરમાં તે રથ ઉતરી પડેલો હતો. એક ક્ષણ તો યાંત્રિકસાધનસંપન્ન છતાં અશ્રદ્ધાબાઇના મુખ ઉપર એકવાર તો બપોરિયું ઉડી ગયું. તેણે એક જ ક્ષણમાં પુનઃ ધૈર્ય એકઠું કર્યું અને મિથ્યાભિમાન ધારણ કરીને બોલી કેઃ—હે પ્રવાસીઓ ! તમે ગભરાશો નહીં, તમારા આગવાનતરીકે હું પોતે છું. મારી પાસે કેવાં સાધનો છે, તેની તમને હજી ખબર નથી. શાન્ત થાવ ! મારૂં પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર હજુ તમે જોયું નથી, મારા યંત્રશાસ્ત્રનો ચમત્કાર હજુ તમે જોયો નથી, મારા રસાયણશાસ્ત્રની ખુબીની તમને હજુ ખબર નથી. આ વિપત્તિમાંથી તમને હમણાં જ હું મુક્ત કરૂં છું. નિર્ભય થાવ !

એ પ્રમાણે અશ્રદ્ધાબાઇએ પોતાને અનુસરનાર પ્રવાસીઓને ઘણું ધૈર્ય આપ્યું અને પોતાનાં શાસ્ત્રીય સાધનોને સજ્જ કરવા લાગી. આ વખતે તેના હૃદયમાં કેટલોક ક્ષોભ અને ગભરાટ તો થતો હતો, પણ પોતાની દૃઢતા અને નિર્ભયતાના આડંબરમાં મોટા ડીમાકથી પોતાનાં યાંત્રિક સાધનો તેણે તૈયાર કરવા માંડયાં, તોપણ હવે રાજા બહીરથને, તેમના સારથી સંસ્કારભદ્રને અને મહારાણી વૃત્તિપદ્માને આ પ્રથમ જ વાર મનમાં સમજાયું કે, ' **ભોમિયામાં ભૂલ્યા.** '

પ્રકરણ ૪ થું.

અશ્રદ્ધાબાઇને અનુસરવામાં આપત્તિયો.

કાદવમાં કળી ગયેલા રથમાં બેઠેલા પ્રવાસીઓને તથા પોતાના યાંત્રિક સાધનો ગોઠવવાને મથતી અશ્રદ્ધાબાઇને જોઇને ત્યાં પાસે થઇને જતા આવતા વનવાસીઓ પાસેની નક્કર જમીનઉપર આવીને એકઠા થયા. તેઓને રાજા બહીરથે પૂછ્યુંઃ—અહોભાઇઓ ! આ સ્થળ કયું છે, તે તમને ખબર હોય તો કહો. ત્યારે તે વનવાસીઓ માંહેનો એક વૃદ્ધ પુરૂષ બોલ્યો કેઃ—આ જગોનું નામ નિર્ભયાભાસનું કલણ છે, અને આ સ્થળે કળી ગયેલાં ઢોર વગેરે કદી પણ બહાર નિકળી શકતાં નથી. તે તો અહીં ને અહીં જ કળીને મરી જાય છે; વળી જ્યારે આ ઠેકાણે વહેળો વહેતો હોય છે, ત્યારે તો માણુસ પણ ગદગદા થયેલા કાદવમાં કળી જાય

છે, પછી માંહી ને માંહી જ ઉતરી પડે છે અને મરી જાય છે. આ વચનો સાંભળીને કળી ગયેલા રથની અંદરથી ઉતરીને તે વૃદ્ધ પુરૂષને મહારાજાશ્રીએ પૂછ્યું:—હે અનુભવી વૃદ્ધ! એ વહેળાનું નામ શું? અને એ વહેળો ક્યારે વહેવા માંડે છે અને કેટલી મુદ્દતલગી તે વહેળો રહે છે? તે વૃદ્ધે ઉત્તર આપ્યો:-" તે વહેળો પેલા અપૂર્ણતાલય નામના પર્વતના શિખરમાંથી નિકળે છે, અને તે વહેળાનું નામ જ્ઞાનગર્વ છે. તે ક્યારે વહે છે તેનું કાંઇ પ્રમાણ નથી, પણ જ્યારે તે વહેવાનો હોય છે તે પહેલાં બે ત્રણ દિવસ પહેલાંથી જ એ અપૂર્ણતાલય પહાડનું શિખર બમણું ત્રમણું ફુલેલા જેવું અને ધુંધવાતા અગ્નિના ધુમાડા જેવું જણાય છે. જ્યારે આ પ્રમાણે જણાય છે ત્યારે બે ત્રણ દિવસમાં એ વહેળો તે પહાડના મસ્તકમાંથી ધોધવાને આકારે પડીને પ્રચંડ વેગથી ઉત્તર દક્ષિણ પ્રવાહરૂપે વહેવા માંડે છે. એ પ્રમાણે શિખરનું રૂપ બદલાય છે ત્યારે અમે અમારા પશુ વગેરેને તથા છોકરાંને પ્રથમથી સંભાળી લેઇને સાવધતાથી રાખીએ છીએ. આ જ પણ સવારથી એ પહાડનું શિખર એવા જ ફુલેલા કદનું અને ધુંધવાતા અગ્નિના ધુમાડાના રંગનું થયેલું છે. તેથી અમે અત્રે કોઇ ઢોર ઢાંકર કે માણસ હોય તો તેને લેઈ જવાને કે ચેતવવાને કાજે આવ્યા છીએ. અમે તમને અહીં આ પ્રમાણે કળેલા જોયા તેથી અમે અત્યંત દિલગિર છીએ. માટે હવે તો તમે સઉ રથમાંથી ઉતરી પડો અને રથને તથા ઘોડાને અત્રે જ રહેવા દઇને પગપાળા સહીસલામત અમારી સાથે ચાલો; કેમકે બે ત્રણ દિવસમાં જો જ્ઞાનગર્વનો વહેળો વહેવા માંડશે તો તમે પણ આ કલણમાં ડૂબી મરશો. જો જીવતા હશો તો રથ અને ઘોડાઓ તો ગમે ત્યાંથી મળશે, પણ જો કાદવમાં કળી મરશો તો પછી તમારાં ચારે જણના અમૂલ્ય જીવ કદી પણ મળશે નહીં. માટે હવે રથની અને ઘોડાની આશા મૂકીને તમે અમારા રહેઠાણમાં ચાલો. ત્યાં અમે તમને ખાવાપીવાનું તથા પાથરવાનું આપીશું અને પછી તમારી ખુશીમાં આવે ત્યારે જ્યાં જવું હોય ત્યાં જવાનું વાહન વગેરે સાધન મેળવીને જજો. આ પ્રમાણે તે વૃદ્ધ પુરૂષ અને મહારાજા વાત કરતા હતા, ત્યાં આવીને રાજાને હિંમત આપવાના હેતુથી અશ્રદ્ધાબાઇ બોલ્યાં:–તમે ગભરાશો નહીં. બે ત્રણ દિવસમાં હું મારૂં ઉચ્ચાલન ગોઠવવાનું છે તે ગોઠવીને રથ તથા ઘોડાઓને એકદમ કાદવમાંથી બહાર તાણી કાઢીશ. તમે ફિકર રાખશો નહીં.

એ સાંભળીને રાજા સહજ અધૈર્ય તથા ગુસ્સાથી બોલ્યાઃ—બે ત્રણ દિવસમાં અહીં એવો વહેળો આવશે કેનીકે તમને અને અમને સઉને

યમરાજાને ત્યાં પહોચાડી દેશે, તેની કાંઇ ખબર છે? આ વનના જાણીતા આ મનુષ્યો કહે છે તે કાંઇ તમે સાંભળ્યું છે? તે ઉપરથી અશ્રદ્ધાબાઇ કાંઇક ખશિયાણી પડીને બોલી:—જે વાતની આપણને પ્રત્યક્ષ અનુભવથી ખાતરી થઇ નથી, તેવી વાત બીજા લોકોના કહેવા ઉપરથી જ ખરી માની લેવી એનુંજ નામ હું ખરેખરું ગાંડપણ સમજાુંછું. આ ઉપરથી પેલો વનવાસી વૃદ્ધ પુરૂષ સ્વાભાવિક ક્રોધથી બોલ્યો:—શાણાં બાઇ સાહેબ! જ્યારે એ વહેળાના સપાટાનો તમને પ્રત્યક્ષ અનુભવ થશે ત્યારે તો તે અનુભવનો લાભ લેવાનો કે બીજાને આપવાનો વખત પણ રહેવાનો નથી. માટે દરેકના વચનઉપર અવિશ્વાસરૂપ ગાંડપણથી તમે દૂર રહોતો સારૂં. પોતે આ વચનોને હાંસિ અને તિરસ્કારમાં કાઢી નાંખતી હોય એવો ઉપરનો ડોળ કરીને પરંતુ પોતાના મનમાં બળતી અશ્રદ્ધાબાઇ બોલી:—"પરંતુ અનુભવમાં ને અનુભવમાં વૃદ્ધ થયેલા મહાશય! તમે કહો તો ખરા કે તે વહેળો આવવાને કેટલો વખત બાકી છે?" પેલા વૃદ્ધ પુરૂષે કરડી નજરે અને ગંભીરતાથી જવાબ દીધો કેઃ—કાલ કે પરમ દિવસે એ વહેળો નક્કી જ આવવાનો છે, આ વાતમાં કાંઇ પણ શંકા સમજશો નહીં. તે પહેલાં જો તમો આ સ્થળેથી નહીં ખસો અને રથ તથા ઘોડાની લાલચથી અથવા તો પોતાની હુશિયારીના મિથ્યાભિમાનથી આ જ સ્થળે રહેશો તો તમે નક્કી વિનાશને જ પામશો. અશ્રદ્ધાબાઇ ખુંખારીને બોલ્યાં:—તમે એટલા બધા ઉંચા નીચા શું કરવા થાવ છો, કાકા! હું હાલ ને હાલ મારૂં ઉચ્ચાલન યંત્ર ગોઠવુંછું તથા એકદમ ઘોડાને તથા રથને બહાર કાઢુંછું. તમે જુઓ મારો સપાટો. તમે સઉ જરીક એટલી મદદ કરો કે મને હું કહું તેવા મજબુત ઉચ્ચાલનનાં સાધનો આ પાસેના બાગના જંગલમાંથી કાપી લાવી આપો. તે આણી આપતાં કંઇ તમને વધારે વાર લાગશે નહીં. રાત પડતાં પહેલાં તો ઉચ્ચાલન તૈયાર થઇ જશે, અને તરત જ આ રથ તથા ઘોડાને બહાર કાઢી લેઇશ. આ સાંભળીને મરડમાં હસીને પેલો વૃદ્ધ પુરૂષ બોલ્યો:–કોઇની વાત ઉપર તો તમે આધાર રાખતાં નથી, ત્યારે કોઇની મદદઉપર તમારે શા માટે આધાર રાખીને તમારી કુશળતાને ખામી લગાડવી જોઇએ? તોપણ વિદેશી પ્રવાસીઓને અમારી શક્તિ પ્રમાણે મદદ કરવી એ અમારો ધર્મ છે, તેટલા માટે તમે જે સાધનો માટે લાકડાં કાપી લાવવાને કહો તે કાપી લાવવાને આ મારા જુવાન બાંધવોને મોકલવાને હું તૈયાર છું. પછી જે પ્રમાણે જે જે કદનાં લાકડાં કાપી લાવવાનું અશ્રદ્ધાબાઇએ કહ્યું તે પ્રમાણે તે તે કદનાં લાકડાં પેલા

વૃદ્ધ પરોપકારી પુરૂષે પોતાના સાથીઓ પાસે કપાવી મંગાવ્યાં. તે લાકડાંવડે ગુમાની અશ્રદ્ધાબાઇયે યાંત્રિક નિયમો પ્રમાણે ઉચ્ચાલન ગોઠવ્યું. પરંતુ અતિ જલદ અશ્વોના વેગથી પ્રથમ સપાટે જ કેટલેક દૂર તે કલણુની જમીનમાં એ રથ ચાલ્યો ગયેલો હોવાથી તે ઉચ્ચાલનના આધાર માટે કાંઇ નક્કર જમીન મળે તેમ નહોતું, એવો જ યોગ આ વખતે બનેલો હતો, તેથી તે ઉચ્ચાલનને દાબતાં જ ઉચ્ચાલનનો આધાર કલણુમાં જ ઉતરી ગયો અને અશ્રદ્ધાબાઇની યાંત્રિક ફજેતી થઇ. તે જોઇને પેલા નિખાલસ દિલના સઉ વનવાસીઓને ખડખડીને હસવું આવ્યું. તેથી અશ્રદ્ધાબાઇ ચીડાયાં, અને રાતાંચોળ જેવાં થઇ ગયાં; પરંતુ તેથી કાંઇ તેની ફજેતીમાં ઘટાડો થયો નહીં. તેનો મિથ્યાભિમાનભર્યો ક્રોધ જોઇને સઉ કોઇને વધારે હસવું આવ્યું અને રાજા, રાણી તથા સારથી પણ પોતાની વિષમ સ્થિતિને એકવાર વિસરી જઇને પેટ પકડીને હસ્યાં. પેલા વનવાસીઓ હસ્યા ત્યાંલગી તો અશ્રદ્ધાબાઇ પોતાના ક્રોધને કાંઇક અંકુશમાં રાખીને મુંગે મોઢે બળતી ઉભી, પણ જ્યારે તેણે રાજા, રાણી તથા સારથીને હસતાં જોયાં ત્યારે તો તેને પોતાને એટલું અપમાન લાગ્યું કે તે એકદમ બોલી ઉઠી:-હું જે માણસોને માટે પ્રયાસ કરૂં છું, તેઓ જ જ્યારે તે પ્રયાસમાં મારી નિષ્ફળતા જોઈને મારી હાંસી કરે ત્યારે મને અત્યંત ખોટું કેમ ન લાગે? તોપણ મેં જ્યારે એકવાર તમારૂં આગવાપણું સ્વીકાર્યું છે, ત્યારે મારે તમને તજી દેવા ન જ જોઇયે એવો મારો ધર્મ હું સારી પેઠે સમજાુંછું તેથી જ તમોને ઠેઠ પહોચાડતાં લગી હું તમારી સાથે રહેવાની. બાકી તમારી વર્ત્તણુકતો એવી અસભ્ય અને કૃતઘ્ન છે કે કોઇ ઓછા દિલ આગવાને તો તેમને અધવચ રખડતા મૂકીને ચાલ્યા જવાનું મન થયા વિના રહે નહીં. આ વખતે અશ્રદ્ધાબાઇયે પોતાની શંકાનું દૂરબીન માંડીને ચારે તરફ જોવા માંડયું પણ તેને પોતાની આશપાશ ઘણે દૂર નજર પહોચાડવા જતાં કાંઇ પણ ઉપયોગી સાધન જડી આવ્યું નહિ. પરંતુ તેની દૂરબીનમાંથી સ્થળે સ્થળે બ્રાન્તિનો ધુમસ જ જણાવા લાગ્યો. તેવામાં સંસ્કારભદ્ર સારથી જે પોતાની અશ્વકલામાં ઘણો કુશળ હતો, તેણે પોતાનો કિસબ એકવાર અજમાવી જોવાનો છેવટે નિશ્ચય કર્યો. સમય કઠિનો હોવાથી જે અશ્વશાસ્ત્રના મંત્રો ફળ આપવાને સમર્થ જણુતા નથી, તેવા મંત્રોનો પણ સંપૂર્ણ ભક્તિપૂર્વક આ સંસ્કારભદ્રે પોતાની બાળકવયમાં પોતાના શિક્ષક પાસે રહીને અભ્યાસ કરતી વખતે મોટી સંખ્યાઓનો જાપ કર્યો હતો. તે મંત્રોનો ઉપયોગ તે કોઈ કોઈવાર પોતાના ધંધામાં આવી પડતી

ઘાંટીઓમાં શ્રદ્ધાપૂર્વક કરતો, તે કાલના પ્રમાણમાં તે મંત્રો ફળની સહજ સહજ પ્રતીતિ પણ આપતા. તેથી આ વખતે તેણે અશ્વશાસ્ત્રમાં કહેલા ઉડ્ડીયાન મંત્રનો ઉપયોગ કરવાનો ઠરાવ પોતાના મનસાથે કર્યો. કેમકે રાજાએ તથા રાણીએ તથા પેલા વનવાસીઓએ છેવટે તે રથ અને ઘોડાઓને ત્યાં જ પડતા મૂકીને ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો હતો અને અશ્રદ્ધા કાંઇક નિરાશા અને ક્રોધમાં પોતાના અવિશ્વાસના ડગોરા ઉપર અઢેલીને ઉભી હતી. જો કે સંસ્કારભદ્રના મનમાં રથ ભારે કિંમતનો હોવા છતાં ખટકનો નહોતો, પણ પોતાના જીવની માફક પાળીપોષીને રાખેલા મહામૂલ્યના ઘોડાઓને તે કલણમાં મરણને શરણે મૂકીને જવાનો નિર્દય નિશ્ચય તે કરી શકતો નહોતો. તેથી સંસ્કારભદ્રે પોતાના મનસાથે મરણીઓ નિશ્ચય કર્યો, અને બોલ્યો:—

હે રાજેન્દ્ર! આપશ્રી અને મહાદેવીશ્રી તથા આ અશ્રદ્ધાબાઇ આ વનવાસીઓની સાથે નક્કર જમીન ઉપર પધારો અને નિર્ભયતાથી ત્યાં બેસો. હું અત્રે મારા અશ્વશાસ્ત્રમાં લખેલા ઉડ્ડીયાન મંત્રનું અનુષ્ટાન આરંભું છું. તેની સમાપ્તિ થતાંલગી હું મારા પ્રિય અશ્વોને મૂકીને અત્રેથી હઠનાર નથી. જે અશ્વોને પ્રતાપે મેં આટલા દિવસલગી ખાધું પીધું અને મોજ કરી તે અશ્વોને અહીં મરણના મોઢામાં મૂકીને ચાલ્યા જવા કરતાં મારે પણ તેઓની સાથેજ મરવું એ હું હજારે દરજ્જે સારૂં સમજું છું. પણ આ પ્રમાણે જેમને હું દેવની માફક પૂજતો અને મારાં પેટનાં સંતાન કરતાં પણ અધિક પ્રિય ગણતો તે રાજ-અશ્વોને ગીધ અને કાગડાઓને માટે ઉજાણી થવાને મૂકીને મારો જીવ વહાલો કરી ચાલ્યો જવા જેવી કૃતઘ્નતા માલિકશ્રીનું અન્ન ખાઇને મારાથી થવાની નથી. મંત્રદેવતાની કૃપા થશે તો અમે ઉગરીશું નિકર મારા પ્રિય અશ્વોની સાથે હું પણ મારા ભાવિને તાબે થઇશ.

આવો સારથીનો નિશ્ચય સાંભળીને પોતાના હોઠ પીશીને તિરસ્કારથી અશ્રદ્ધાબાઇ બોલી:—ખરેખરો મૂર્ખનો શિરોમણિ! મંત્રદેવતાને ભરોંસે રહેનાર તારા જેવા કરોડો માણસો પોતાને હાથે ને હાથે જ નાશ પામ્યા છે. તારા જેવા મૂર્ખને હિતનો ઉપદેશ કરવો એ ગાંઠનું જ્ઞાન ખોવા જેવું છે. માટે તારા દીવડાળા મગજમાં જે આવે તે ખરૂં. બાઇ! કર તને ભાવે તેમ. એટલું બોલતી કે રાજા તરફ ફરીને તે અશ્રદ્ધાબાઇ બોલી:—પરંતુ મહારાજા! આપ અને મહારાણીજી સંગીન જમીન ઉપર પધારો, એવી હું તમને આગવાતરીકે સલાહ આપું છું. કેમકે આ વનવાસી

લોકો વહેળો આવવાને બે ત્રણ દિવસની વાર છે, એમ કહે છે; પણ હું તે ઉપર ભરોંસો રાખીને આપને બંનેને આ વહેળાની વહેવાની જગોએ ગફલતથી ઉભા રહેવાની સલાહ આપવી દુરસ્ત ધારતી નથી. કેમકે તે વહેળો એક ક્ષણ પછી જ ઉભરાઇને વહેવા નહીં માંડે એની શી ખાતરી ? પૃથ્વીની અંદર કુદરતી રીતે એવાં એવાં તત્વો હોય છે કે તેથી ક્ષણ પછી શું થશે તેનું અનુમાન બાંધવું અશક્ય છે. ભૂસ્તરશાસ્ત્ર તથા પદાર્થવિજ્ઞાન-શાસ્ત્રમાં એ વિષે જે બારીક અનુભવ લખ્યો છે, તે ઉપરથી હું તમને સલાહ આપીને મારી ફરજ બજાવું છું કે આપ બંને હાલ ને હાલ અહીંથી ચાલો. સારી નકકુર જમીન ઉપર ચાલો. હું પોતે આગળ થાઉંછું. એ પ્રમાણે કહેતી કે તે અશ્રદ્ધાબાઇ આગળ થઇ અને રાજા તથા રાણીને હાથ પકડીને તાણવા લાગી. રાજા તથા રાણી પણ પેલા વનવાસીઓએ કરેલા આગ્રહથી નકકૂર જમીનનો જે ભાગ તે સ્થળની પાસે હતો ત્યાં જઇને ઉભાં. તથાપિ પોતાના સેવકઉપર સ્વામિને છાજે તેવી પ્રીતિ રાખનાર તે રાજા તથા રાણીએ સંસ્કારભદ્રને ત્યાં રણવગડાના કલણમાં એકલો મૂકીને પેલા વનવાસીઓને આશ્રમે જવાને ના પાડી; પરંતુ તે કલણની પાસે જ આવેલી સારી જમીન ઉપરના એક ટેકરા ઉપર જ જ્યાંલગી સંસ્કારભદ્રનું અનુષ્ઠાન પૂરૂં થાય ત્યાં લગી રહેવાનો નિશ્ચય દર્શાવ્યો. તેથી પેલા વનવાસીઓએ તેમના ઉપર દયા લાવીને પાસેના જંગલમાંથી વાંસડા વળીઓ તથા પાંદડાંના છાજવડે એક સગવડભરેલું ઝુપડું તરત તે ટેકરા ઉપર કરી આપ્યું, તથા તેમને જોઇતું પાણી છાણી, ફળ, ફુલ, તથા પાથરવા ઓઢવાનું સઘળું સાધન તેજ સ્થળે પૂરૂં પાડયું. અને તે વનવાસીઓના ચાર મુખીઓ ત્યાં તે રાજા રાણીનું આતિથ્ય કરવાને માટે આવીને રહ્યા. આ વનવાસીઓ પવિત્રમાં પવિત્ર હૃદયવાળાઓ હતા તથા સારા નઠારા સઉને જીવનનાં સાધન પૂરાં પાડીને સઉની પરોણાચાકરી કરવામાં તથા સઉનું હિત કરવામાં આનંદ માનનાર હતા; તેથી તેઓએ અશ્રદ્ધાબાઇ જેવી કુપાત્રને પણ પોતાની પરોણાચાકરીમાંથી બાતલ કરી નહીં. આ લોકો એવા તો સત્યવાદી હતા, કે તેમનાં વચનને તેમની સાથે પ્રસંગવાળાં માણસો સાક્ષાત્ ઇશ્વરનાં જ વચન કહેતાં. તેમના જે ચાર મુખીઓ હતા, તેમાંના એકનું નામ, ઋગ્ગવર, બીજાનું યજુર્ધામ, ત્રીજાનું સામગ, અને ચોથાનું નામ આથર્વેન્દ્રનું હતું. તેઓ આ રાજા તથા રાણીમાં રહેલી કેટલીક સાત્વિકતાને લીધે તેમની પાસે રહેવામાં આનંદ પામતા હતા. તેઓને રાજા તથા રાણી વિવિધ પ્રશ્નો પૂછતાં અને તેના ઉત્તરમાં તેઓ

સાચે સાચો અને નિખાલસ ઉત્તર આપતા; તેથી તે રાજા તથા રાણીને વિનોદ થતો હતો; પરંતુ તેઓએ આપેલા ઉત્તરો ઉપર પેલી અશ્રદ્ધાબાઇ હજારો કુતર્કો કરીને તે પૂર્ણપ્રજ્ઞ અને નિર્મલ વનવાસીઓને જંગલી, સમજણવગરના, જૂના અને જડવિચારવાળા ઠરાવવાને મથતી. તો પણ તેઓના રાગદ્વેષરહિત શુદ્ધ હૃદયના ઉત્તરો કોઇ કોઇવાર એવા તો ભેદક હતા કે તેથી તે બાઇસાહેબને બે ઘડી વિકળતા થઇ પરસેવો ઉતરતો. પરંતુ અશ્રદ્ધાબાઇનું મિથ્યાભિમાન કોઈ પણ પ્રકારે પાછું હઠે તેવું નહોતું. આ પ્રમાણે વિનોદમાં રાજારાણીનો બીજો દિવસ પણ પૂરો થયો પરંતુ પેલા સંસ્કારભદ્ર સારથીનું અનુષ્ઠાનતો પૂરૂં થયું નહીં. ત્રીજે દિવસે સવારમાં સંસ્કારભદ્ર પોતે લગાવેલા આસનેથી ઉઠયો: તે જોઇને રાજા રાણીને એમ લાગ્યું કે હવે તે આપણી પાસે આવશે; પણ સંસ્કારભદ્રે તો પેલા રથની પાછળ ત્રણ પ્રદિક્ષણાઓ કરી અને અશ્વોના કાનમાં કાંઇ મંત્ર ભણી ભણીને ફુંકો મારવા માંડી; પછી તેણે મંત્ર ભણીને પોતાના રથ હાંકવાની ચાબુકવડે રથનાં દરેક અંગને સ્પર્શ કર્યો; અને પછી પોતાના રથ હાંકવાના સારથીના આસન ઉપર ચઢીને ઘોડાઓની રેનો પકડીને બેઠો અને પોતાના મુખેથી પોતાના ઇષ્ટ મંત્રના જાપ કરવા લાગ્યો. રેનો પકડીને સંસારભદ્ર સારથીના આસને બેઠો તે વખતે જ પેલી અશ્રદ્ધાબાએ પોતાનું દૂરબીન ચઢાવ્યું અને બરોબર દષ્ટિબિંદુ મેળવીને પેલા અપૂર્ણતાલય પહાડના શિખર તરફ જોવા માંડ્યું. એક બે ક્ષણલગી તેણે તે શિખરને નિહાળ્યું. એટલામાં તે શિખરમાંથી પ્રચંડ વેગથી પાણીનો એક મોટો ધોધ નિકળ્યો. જેવો આકાશમાંથી ગંગાનો ધોધ પહેલવહેલો પડયો હતો તેવોજ મહાન્ ધોધ આ જણાતો હતો. તે ધોધ જોતાં જ અશ્રદ્ધાબાઇએ પોતાની પાસે ઉભેલા પેલા વનવાસીઓને પૂછ્યું કે આવા પ્રકારનો એક ધોધ હાલ જ પેલા શિખરમાંથી નિકળ્યો તે શું હશે. ત્યારે પેલા વનવાસીઓમાંના એકે તરત જ તે શિખરતરફ જોયું તો તે શિખરમાંથી એક મેલા રંગની રેખા નિકળતી જણાઇ. તે જોઇને તે વનવાસીએ કહ્યુ કે:—આ શિખરમાંથી જ્યારે આવી મેલી રેખા નિકળતી જણાય છે, ત્યારે થોડાક વખતમાં આ વહેળો ચાલવા લાગે છે. હવે થોડાક જ સમયમાં આ વહેળામાં પાણી જોસભેર આવશે. આ વનવાસીને જે પેલી રેખા જણાતી હતી તે દૂરબીનવડે અશ્રદ્ધાને મેલા રંગના પાણીનો મોટો ધોધ જણાતો હતો, અને તેજ પ્રમાણે જ્યારે તે શિખરમાંથી આવો ધોધ નિકળતો ત્યારે તે વહેળામાં તે પાણીનું પૂર થોડા જ સમય પછી આવતું. આથી હવે અશ્રદ્ધાબાઇને ખાતરી થઇ કે થોડા સયયમમાં તે પુર

આવશે અને સંસ્કારભદ્રસારથી કે જે પોતાના ઠળી ગયેલા રથની ઉપર પોતાના બેસવાને ઠેકાણે બેઠો હતો તે હવે તણાઇ જશે અને ઘોડા તથા રથની પણ હવે આશા રાખવાની નથી. તેથી તેણે એકદમ સંસ્કારભદ્રને હાકો મારા મારીને કહેવા માંડયું કેઃ–હે ભોળિયા સારથી ! તું એકદમ હવે રથની આશા છોડીને અહીં સારી જમીનમાં આવતો રહે. નિકર આ વહેળાનું જે પુર હવે થોડાક સમયમાં આવશે તેથી તું તણાઇ જઇશ. સંસ્કારભદ્ર કે જેને પોતાના મંત્રાનુષ્ઠાનમાં સંપૂર્ણ વિશ્વાસ હતો તેણે અશ્રદ્ધાબાઇના કહેવા ઉપર કાંઇ પણ લક્ષ આપ્યું નહીં, પોતાની સારથીની બેઠકે બેઠે બેઠે પોતાના મુખેથી પોતાનો જપ ચાલુ રાખ્યો. આ પ્રમાણે તે સારથીની હઠ જોઇને અશ્રદ્ધાબાઇએ રાજા તથા રાણીને અત્યંત ચીડાઇને કહ્યું જુઓ તો ખરાં ! આ તમારો ગાડીવાન અને ગદ્દેવાન એક સરખા છે, એ તે કેવો મૂર્ખનો સરદાર છે કે હાથે કરીને મોતના મોઢામાં પેસે છે. આ થોડા સમયમાં વહેળામાં પૂર આવશે એટલે એ દોઢડાહ્યો એના નારાયણ-પાસે ક્ષીરસાગરમાં જ દુધ પીતો પીતો જશે, રસ્તામાં ભાતાની પણ જરૂર પડશે નહિ. મેં એને અનેક બુમો મારી પણ એને મન તો હું ઘાસ કાપું છું, પણ એમાં મારૂં શું જવાનું છે, જશે તો એનો પોતાનોજ જીવ ! એટલે પછી અનુષ્ઠાનનું પૂરેપૂરૂં ફળ મળશે !

અશ્રદ્ધાબાઇએ દીધેલા ઠપકા કરતાં જેમને પોતાના સારથીના જીવના જોખમની ભીતિથી અત્યંત અસર થઇ હતી એવાં રાજારાણીએ આર્ત્ત-સ્વરથી પોતાના સારથીને કહ્યું:—બાપુ સંસ્કારભદ્ર ! હવે તું તારી નકામી હઠ છોડી દે; જો તું હયાત હોઇશ તો આપણે રથ કે અશ્વોનો શો તોટો છે ? આખી રથશાળાઓ અને અશ્વશાળાઓ આપણે ત્યાં રથ અને અશ્વથી ભરેલી છે. માટે તું રથ ઉપરથી ઉતરીને અહીં અમારી પાસે સત્વર આવતો રહે. તેં તારી વિદ્યા ચાલે તેટલી અજમાવી છે, પણ અશક્ય ન બની શકે તેથી કાંઈ તારી હોંશીઆરીને ખામી આવવાની નથી. માટે હે વત્સ! તું મિથ્યા મમત્વને છોડીને અમારી પાસે અહીં આવીને નિર્ભય ભૂમીઉપર બેસીને અમને નિશ્ચિન્ત કર. તારા જેવા સ્વામિભક્ત સેવકને માટે એવા અસંખ્ય રથ અને ઘોડા કુરબાન કરવાને અમે નિરંતર તત્પર છીએ. તો દૈવગતિથી જેનો નાશ નિર્માણ થઇ ચુક્યો હોય એમ જણાય છે, તેવા આ ક્ષુદ્ર રથ અને ઘોડાઓ માટે તું તારા પ્રાણને વ્યર્થ નાશમાં હોમવાને તૈયાર થયેલો જોઇને અમને વેદના થાય છે તેનો વિચાર કરીને તું તારો આ દુરાગ્રહ છોડી દેઇને અમને સુખી કર. એ પ્રમાણે રાજા તથા રાણીએ

સંસ્કારભદ્રને અનેક પ્રીતિયુક્ત શબ્દોવડે સંબોધ્યો પણ પોતાના મંત્રના જપમાં એકાગ્રતા પામેલો તે કાંઇ પણ ઉત્તર ન દેતાં જપમાં મન, વાણી અને શરીર અચલપણે યોજીને બેસી રહેતો હવો. તે પોતાના સારથીને આસને રથઉપર દૃઢતાથી બેઠો હતો. તેના એક હાથમાં ઘોડાની રેનો પકડેલી હતી, તેના બીજા હાથમાં અશ્વ હાંકવાની ચાબુક પકડેલી હતી, અને તેના મુખેથી કોઈ સાંભળે નહીં તેવી રીત્યે તે પોતાના ઇષ્ટમંત્રનો જપ ર્ક્યા કરતો હતો. રાજા અને રાણી પોતાના સારથીની તરફ નિરાશા અને ખેદવાળાં મુખથી જોયા કરતાં હતાં કે વહેળામાં પાણીની રેલ આવે તે પહેલાં સંસ્કારભદ્ર પોતાની હઠ છોડી દેઇને રથ ઉપરથી ઉતરીને તેઓ પાસે આવે તો સારૂં. એવામાં પાણીની પ્રચંડ રેલ આવતી હોય એવો ઘુઘવાટ સંભળાવા લાગ્યો અને ત્યાર પછી થોડીક ક્ષણમાં ઉન્મત્ત હસ્તીની પેઠે પોતાની ફીણવાળી છોળોરૂપી સુંઢોને આમતેમ મહાવેગથી ઉછાળતો મોટો પાણીનો પ્રવાહ વેગળેથી આવતો જણાયો. રાજા અને રાણીએ ફરીને દુઃખમય તીક્ષ્ણ અવાજથી ચીસ નાંખીને સંસ્કારભદ્રને રથઉપરથી ઉતરી આવવાને માટે બોલાવ્યો, પણ હવે વખત ક્યાં હતો? એકદમ પાણીના પૂરે સંસ્કારભદ્રના રથને ઘેરી લીધો. સઉને તેનો નાશ થયેલો જ ભાસ્યો. તેના રથ અને ઘોડાઓ ઉપર મેલા રંગનું પરંતુ ફીણના લોચાથી સ્થળે સ્થળે સફેદ જણાતું ભયંકર જળ ફરી વળ્યું. સઉના મનમાં ખાતરી થઇ કે હવે અશ્વ રથ અને સારથી જળના પ્રવાહભેગાં ક્યાંએ તણાઇ ઘસડાઇને ગતે ઘલાયાં હશે. રાજાને અને રાણીને પોતાનો પ્રિય સારથી આ પ્રમાણે નાશ પામ્યાનું અનુમાન થતાં જે શોક થયો તે એવો તો વજ્રપ્રહાર જેવો હતો કે તેથી એકદમ આત્યંતિક વેદનાથી બહેરાં થઇ ગયેલાં તેમનાં હૃદય કેટલીક ક્ષણલગી મૂઢવત્ બની ગયાં, અને તે બન્ને જણ પૂતળાંની પેઠે ખડી આંખ્યે જે સ્થળે સંસ્કારભદ્ર પોતાના રથ સાથે જળમાં લીન થઈ ગયો હતો તે સ્થળે પોતાની દૃષ્ટિને સ્થાપી રહ્યાં હતાં. પરંતુ જો કે તેઓનાં નેત્ર ખુલ્લાં હતાં તોપણ તેઓ કોઈ પણ વસ્તુને જોતાં નહોતાં. આ વખતે અશ્રદ્ધાબાઇ કૃતેહમદીની સાથે બોલી ઉઠયાં:—જેઓ મારી શીખામણ ન માને તેમની આવી જ વલે થાય. પેલા વનવાસીઓ બિચારા સંસ્કારભદ્રના ડુબી જવાવિષે ઘણો શોક અને લાગણી દર્શાવતા હતા. આ પ્રમાણે સઉ પોત પોતાની લાગણીઓ પ્રકટ કરતા હતા અને રાજા તથા રાણી તો શોકમૂઢ થઇને ઉભાં હતાં, તેવામાં સઉની નજરે આનંદ અને આશ્ચર્ય ઉત્પન્ન કરનારો એક દેખાવ તે વહે-

ળાના પ્રવાહની સપાટીઉપર જણાયો. સઉનું અને તેમાં સહુથી પ્રથમ રાજારાણીનું ધ્યાન તે તરફ ખેંચાયું.

પ્રથમ પૂર આવ્યું તેવું તો તે સંસ્કારભદ્ર તથા રથ અને ઘોડાઉપર ફરી વળ્યું, પણ પોતાના આસનની બે તરફ પોતાના પગ ભીડાવી રાખી ને સંસ્કારભદ્ર સ્થિર રહ્યો; થોડીક ક્ષણમાં જે કલણમાં રથ અને ઘોડા ચોટી રહ્યા હતા તે પૂરમાં ભમરીઓવાળા જોસમાં ખોદાઇ દૂર તણાઇ ગયું, અને રથ તથા ઘોડા છુટા થયા. એટલામાં પ્રથમને રેલનો જોસ જરીક જમાવ ઉપર આવ્યો એટલે ઘોડા તરવા લાગ્યા અને રથ પણ તેના બનાવનાર કારીગરે તરી શકે એવી યુક્તિથી સાંગી નીચે પોલાણવાળી પેટીની યોજના રાખીને બનાવેલો હતો તેથી તરીને પાણી ઉપર આવ્યો. સંસ્કારભદ્રે ઘોડાઓ અને રથ પાણીની સપાટી ઉપર આવતાં પોતાના હાથમાંની રેનોવડે અશ્વોને સહજ ઇસારો કર્યો, એટલે ઘોડાઓ તરતાતરતા જે કિનારા ઉપર રાજા તથા રાણી હતાં તે કિનારા તરફ વળ્યા, અને તરતા રથને તે કિનારા ઉપર લાવ્યા. આ વખતે પેલા વનવાસીઓએ આનંદ પામીને જયજયકારના નાદ કર્યા. રાજા રાણીને જે આનંદ થયો તે સહજ કલ્પનામાં આવી શકે તેમ છે અને સંસ્કારભદ્રને જે આનંદ થયો તે વિષે જે કહીએ તે ઓછું છે. સંસ્કારભદ્ર રથ કિનારા ઉપર આવતાં વાંતજ જમીન ઉપર ઉતર્યો. એટલામાં રાજા તથા રાણી દોડતાં તેના રથ પાસે જ આવી પહોંચ્યાં હતાં, તેમને બંનેને સારથી સંસ્કારભદ્રે ચરણે મસ્તક મૂકીને પ્રણામ કર્યા, અને રાજારાણીએ આનંદમગ્ન અંતઃકરણપૂર્વક પોતાના વહાલા સારથીના મસ્તક ઉપર હાથ મૂકતાં કહ્યું:—વત્સ, ચિરંજીવ! સારથી પછી નમ્રતાપૂર્વક બોલ્યો.—આપના પુણ્ય પ્રતાપથી આપણા પ્રિય અશ્વોસહિત આ સેવક પાછો આપની સેવામાં તત્પર છે. મને વિશેષ આનંદ તો એથી જ થાય છે કે આપ અન્નદાતાજીને અને મારાં માતુશ્રી મહાદેવીને રથ અને સારથીવિના આ અરણ્ય પ્રવાસમાં અડચણ પડવાનો સંભવ શ્રી ઇષ્ટકૃપાથી દૂર થયો છે; અને તેથી મારૂં તથા મારા અશ્વોનું ઉગરી જવું સાર્થક થયું છે. તરતજ રાજાએ પેલા વનવાસીઓને પોતાની ઇચ્છા જણાવી એટલે તેમણે કોરાં વલ્કલ સારથીને માટે આણી આપ્યાં, અને સારથીએ તે પહેરી લઇને પોતાનાં ભીનાં વસ્ત્રોને નીચોવીને સૂકવી દીધાં. પછી અશ્વોની તથા રથની તેણે વ્યવસ્થા કરી અને તે કામ પરવારીને સંસ્કારભદ્ર આવીને પોતાનાં રાજારાણીની પાસે આવીને બેઠો. મહારાણી વૃત્તિપદ્માને તે સારથી પોતાના પેટના

દીકરા જેવો પ્રિય હતો. તેથી તેના ઉગરવાથી તે પોતાનો આનંદ અનેક હેતુના અને આનંદના શબ્દોથી બતાવવા લાગી. રાજાજી પણ તેમાં તેટલાજ પ્રેમપૂર્વક ભાગ લેતા હતા, અને પેલા વનવાસીઓ તો સંસ્કારભદ્રનો જીવ ઉગર્યો તેથી પરમેશ્વરની કીર્ત્તિનું ગાન કરતા હતા અને પરમેશ્વરનો આભાર માનતા હતા. તેમણે વિવિધ પ્રકારે તે રાત્રિ પરમાત્માના યજન પૂજનમાં અને તેનો મહિમા ગાવામાં ઉત્સવતરીકે ગાળી અને તેમાં રાજા, રાણી અને સંસ્કારભદ્રે પણ પરમ ભાવપૂર્વક ભાગ લીધો. પરંતુ એવી વહેમી અને જંગલી જેવી યજન-પૂજનની વિધિયોમાં અને તે ઉત્સવમાં અશ્રદ્ધાબાઇએ કાંઇ પણ ભાગ લીધો નહીં. પરમેશ્વરના અસ્તિત્વ વિષેનો પ્રત્યક્ષ પુરાવો મળ્યાવિના પરમેશ્વરની ભક્તિ કે યજનપૂજન કરનાર આ લોકો મૂર્ખ છે, એમ માનીને તે વેગળી બેઠી બેઠી પોતાના શાણપણમાં કરડાકી કરતી વેગળી બેસી રહી હતી એટલુંજ નહીં પણ મંત્રજપને આધારે બેસી રહેલો સંસ્કારભદ્ર પોતાના ઘોડા સાથે તણાઇ ના ગયો અને જીવતો નિકળ્યો, તેથી અશ્રદ્ધા બાઇને મહાન ક્ષોભ થયો હતો, અને તે તેના ખશિયાણા પડેલા ફીકા મોઢાઉપરથી જણાઈ આવતો હતો. તે વેગળી બેઠી બેઠી અસંતોષના ઉદ્ગાર નીચે પ્રમાણે કાઢતી હતી:-

" મૂર્ખ અને વિદ્યા સંસ્કારહિન મનુષ્યો કાંઇ પણ કારણ સમજ્યા વિના પ્રારબ્ધ, પરમેશ્વર, અને મંત્રની જુઠા કલ્પિત બાબતોને ખરા માની બેસે છે; અને તેથી પદાર્થવિજ્ઞાનની ઘણી ઉપયોગી બાબતથી વધારે ને વધારે વેગળા જતા રહે છે, નિત્ય અજ્ઞાન અને વહેમના દરિયામાં તણાય જાય છે આવાં માણસો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાને દિનપ્રતિદિન વધારેને વધારે અશક્ત થતાં જાય છે. આથી સંસારમાં દુઃખનો જ વધારો થાય છે અને સુખનાં સાચાં સાધનો ઉદ્યોગ અને સુધારો તેનો અભાવ જ થતો જાય છે. પરમેશ્વરઉપર આધાર રાખતાં શીખ્યા એટલે ન્યાલ થઇ ગયા એમ એવા અનાડી લોકો માની બેસે છે. મંત્રોના જપ કર્યા એટલે જાણે ઉદ્યોગના ઉંચામાં ઉંચા શિખરે ચઢયા એમ એ અક્કલના દુશ્મનો સમજે છે અને પ્રારબ્ધના પલંગમાં સૂતા એટલે પછી એ લોકો આંખ્યો મીંચીને સો મણની તલાઇયે પહોડયા હોય એમ સુખે ઘોર્યા કરે છે આવાં માણસોએ મારીને દુનિયાને ડાહી બનાવવાને બદલે દિવાની બનાવી દીધીછે. તેમાં અંધારામાં પુરૂં કોઇ વાર કાગનું બેસવું અને તાડનું પડવું એવો યોગ બની જાય છે તો પછી એવા આંધળાનાં ટોળેટોળાં તે વાતને ખરી માનીને જ્યાં ત્યાં તે વાત ગાયા કરે છે અને આંધળાંનો પરિવાર વધે છે.

અને વહેમની વધારે ઉંડી ખોમાં મનુષ્યજાતી ઉતરતી જાય છે. તથા અજ્ઞાનના અંધારામાં અથડાઇને આખો જન્મારો વૃથા કાઢે છે. આ સાળો ગધેડા જેવો ગાડીવાન મોટો સિદ્ધનો દીકરો અનુષ્ઠાન માંડીને બેઠો હતો, તે જો બુડયો તેવો તણાઇ ગયો હોત તો વેહેમી લોકોને મોટી શિક્ષા વળત; લોકને સમજાવત કે વિદ્યા, કલા અને ઉદ્યોગ વિનાનાં સઘળાં તૂત જુઠાં છે. મંત્રનાં અનુષ્ઠાન એ આળસુ અને પેટભરા લોકોએ બીજાની ખરાબી કરીને પોતાનાં પેટ ભરવાનો એક રસ્તો કાઢેલો છે. જેઓ પોતે મંત્ર અનુષ્ઠાન કરે છે તેઓ જો કે બીજા તેવાં અનુષ્ઠાન કરનારા ધુતારાઓના હાથમાં પોતાનું ધન જતુ અટકાવી શકે છે પણ ધન કરતાં પણ જે વધારે ઉપયોગી અને કિંમતી છે તેવો પોતાનો સમય તેઓ પ્રમાદના હાથમાં જવા દે છે, અને કર્ત્તવ્ય ઉદ્યોગથી વિમુખ રહીને વધારે વધારે દુઃખના અધિકારી થતા જાય છે. એ તો આપણે પ્રત્યક્ષજ જોઈએ છીએકે મૂર્ખાઇની ફતેહથી મૂર્ખાઇ વધતી જાય છે. આ ગાડીવાન ઉગરી ગયો તે જોઇને આ વનવાસીઓ કે જેઓ કાર્યકારણનો કાંઇ પણ વિચાર કરી શકે નહીં એવા ભોળા પશુ જેવા છે તેઓએ વળી મોટો પરમેશ્વરનો જશ ગાવાનો ભવાડો માંડયો. આ ગદ્ધેવાન ગાડીવાનના બચી જવા સાથે વળી પરમેશ્વરને શો સંબંધ હતો કે તેનાં કીર્ત્તન કરવાં અને વળી તેના ઉપકાર માનવા ? જેમનાં મનને અને મગજને બીજો કાંઇ ઉદ્યોગ નથી એવા આ વનવાસી વાનરાઓ આ વાત બીજા અનેક મૂર્ખને કહેશે, અને તેથી કરી મૂર્ખનું લશ્કરનું લશ્કર વધ્યે જવાનું ! હું તો આ દુનિયામાં લોકોની બેવકુફી જોઇ જોઇને બળી જાઉં છું ! અરે મને જરીક પણ ચેન પડતું નથી ! ! જે તે માણુસ '**કલ્યાણ તો પરમેશ્વરે કર્યું અને પરમેશ્વરની કૃપા થઇ માટે પરમેશ્વરનો આભાર માનો ! ! !**' આવાં જ નકામાં ફિતૂર ઉભાં કરે છે, પોતે ફસાય છે અને બીજાઓને ફસાવે છે. પરમેશ્વરને કોણ એમનો બાપ જોઇ આવ્યો છે ? પરમેશ્વર છે જ એ બાબતનો પુરાવો તપાસ્યા વિના જ્યાં ત્યાં પરમેશ્વરનું નામ ઘોચે છે, એ તે કાંઇ થોડું ઘણું ગાંડપણ ? આખી દુનિયાં એ આવાં ગાંડાની ઇસ્પિતાલ જ થઇ પડી છે. એ ગાંડાનું ઓસડ કરવાને હું ઘણીએ મથું છું, પણ શું કરૂં ? મારાથી એકલીથી તે કેટલું કરી શકાય ? આખી મૂર્ખાઇનો સમુદ્ર મારે બે હાથનો ખોબો વાળીનેજ ઉલેચવો એ શી રીત્યે બને ? પેલી શ્રદ્ધા અને અંધશ્રદ્ધા બને જણીઓ રાંડો જ્યાં ત્યાં મારા ઉદ્યમનો ખાટલો આખોએ ઉંધો વાળી નાંખે છે, તેમાં પણ રાંડ આંધળીના આંધળાઓનું લશ્કર તો એવડું મોટું

અને હઠીલું છે કે મારી દલીલ સાંભળે જ શાનું ? તો પણ તેઓ આંધળામાંનાં કોઇ કોઇને તો હું મારા શંકાસ્ત્રથી એવાં તો ઝખમી કરું છું કે તેઓ મારા તુરંગમાં કેદી થઇ પડે છે, પણ પેલી શ્રદ્ધાના સિપાઇઓ ઘણા થોડા છે, તો પણ તેઓમાંનો કોઇ મારા સપાટામાં આવતો નથી. તેઓના ઉપર પણ તેઓમાંના કોઇ મારા શંકાસ્ત્રના પ્રહાર કરવામાં તો હું બાકી રાખતી નથી, તોપણ તેઓ પોતાની પાસે સમાધાનરૂપી કાચબાની ઢાલ એવી રાખે છે કે મારું શંકાસ્ત્ર તો તેમને પથારો ઉપર પુષ્પ જેવું થઇ પડે છે. પરંતુ મારી મદદમાં એક યુગનો મહારાજાધિરાજા કળિયુગ છે, એટલે મારા લશ્કરમાં પણ હું ઘણા ભણ્યાગણ્યા અને શાણા ગણાતા માણસોને આણી શકું છું. જો કે જોઇયે તેવું સંતોષકારક કામ મારાથી થઇ શકતું નથી. તોપણ સાળાં વહેમો સાધુડાંનુ તેલ કાઢનાર મહારાજા કળિયુગની સત્તાથી પણ કેટલાકને એવા તો લાચારીમાં નાંખવામાં આવ્યા છે કે તેઓ લશ્કરના સામી ઉંચી આંખ પણ કરી શકે તેમ નથી. આ વનવાસી જેવા જંગલી લોકો કે જેઓ ત્રાસ કે આશાથી લલચાય તેવા નથી તેમના સામે મારો કાંઇ પણ ઉપાય ચાલતો નથી; તોપણ એક રસ્તો છે કે, એ લોકો ઉપર મહારાજા કલિયુગના લોભ અને મોહ નામના સરદારો પોતાનાં લશ્કર લેઇને આ જંગલી લોકોને જેર કરે તો મારું કાંક વધારે જોર ફાવે ખરું. હશે તે તો હવે પછી જ્યારે મારા આગવાપણાથી નિવૃત થઇને પાછી ફરીશ અને મહારાજા કલિયુગસેનને મળીશ ત્યારે જોઇ લેવાશે. પણ હાલ કોઇ પણ યુક્તિથી આ પ્રવાસી રાજા રાણીને આ વહેમો ઉત્સવમાંથી વારી લાવવા યત્ન કરું. જોઇયે કેમ થાય છે ?

આ પ્રમાણે વિચાર કરીને તે અશ્રદ્ધાબાઇ ગંભીરતાથી રાજા રાણી પાસે ગઇ અને બોલી:—આ પ્રમાણે આખી રાતનો ઉજાગરો કરશો તો પછી આવતી કાલે સવાર થતાં આપણે જે પ્રવાસ આગળ ચલાવવો છે, તેમાં અંતરાય આવ્યા વિના રહેશે નહીં. આ વનવાસીઓને કાંઇ મુસાફરી કરવી નથી એટલે કાલ સવારમાં તેઓ ચહાય તો પડયા પડયા ઉંઘે કે દોઢ પહોર દિવસ લગી પડયા પડયા ઘોરે તોપણ તેમને ફાવે અથવા તો બપોરે પણ સુવું હોય તો તે તો તેમના વતનમાં છે એટલે તેઓને ફાવે, પણ આપણે તો સઘને માર્ગ કાપવો છે, માટે મુસાફરીનો થાક અને આ ઉજાગરો ભેગાં થશે તો પછી આ હરિકીર્તનનો ઓચ્છવ કર્યાનું ફળ તો એક કોરાણે રહેશે, અને તબીયત બગડવાથી અધવચ રસ્તામાં જ રહેશો. માટે જો આપણે સઉ આ ઉત્સવનો કોલાહલ બંધ કરાવાને

જરીકઆરામ લેઇએ તો ઠીક! આ બાઇની સૂચના સાંભળીને રાજા રાણી વિચારમાં પડયાં કે જેઓએ આપણા જ સારથીનો પ્રાણ ઉગર્યો તેથી પરમાત્માનો આભાર દર્શાવવાને યજન પુજન સહિત આ ઉત્સવ માંડયો છે. અને જેમણે આપણી આટલી બધી સરભરા કરી છે અને સંભાળ રાખી છે તે આ વનવાસીઓને તેઓનો આનંદોત્સવ બંધ રાખવા કહેવું એના જેવું બીજું કાંઇ પણ અસભ્યતા ભરેલું ગણાય નહીં. તેથી આ બાબતનો વિચાર કરવાને તેઓએ પોતાના સારથી સંસ્કારભદ્રને પણ એક કોરાણે બોલાવીને કહ્યું કે:-આ આપણી સાથે આગવાતરીકે આવેલાં બાઇ આપણને આપણા આ પ્રવાસના સંબંધમાં કાંઇ સૂચવવા માગે છે તે વિષે હે સૂત! તારો શો અભિપ્રાય થાય છે? એ પ્રમાણે કહીને રાજાએ અશ્રદ્ધાના સામું જોયું એટલે બીજાને શીખામણ દેવાને નિરંતર તત્પર રહેનારી તે બાઇ બોલી કે-આપણે પાછી કાલે આપણી મુસાફરી આગળ ચલાવવી છે, અને આ વનવાસીઓ અત્રે આખી રાત કોલાહલ કરશે તેથી આપણને કાંઇ ઉંઘ આવશે નહીં, તેથી ઉજાગરો અને મુસાફરી ભેગાં થતાં પ્રકૃતિ બગાડવાથી આપણામાંનું એકાદ અટકી પડશે તો પછી રસ્તામાં જ દહાડા ગાળવાનું થશે, અને તમારે જે આશ્રમે જવું છે ત્યાં જવાશે નહિ. વળી મહારાણીશ્રી સગર્ભા છે તેમને જાગરણ થાય તો ઠીક નહીં; અને હિમતવાન્ સંસ્કારભદ્ર! તમે પણ આજે પાણીમાં પલળ્યા છો તેથી શરદી, ઉજાગરો, અને થાક ભેગો થતાં તમને વખતે કાંઈક થયું તો પછી રથના હાંકનારવિના પ્રવાસ કેવી રીત્યે કરી શકાશે તેનો વિચાર કરો; માટે આ ભોળા વનવાસીઓને કોઇ યુક્તિથી સભ્યતા ભરેલી રીત્યે સમજાવો કે તેઓ આ ઉત્સવનો કોલાહલ બંધ કરે અને તેઓ પણ વિશ્રાન્તિ લે અશ્રદ્ધાના આ શબ્દો સાંભળીને શું કરવું એ મોટા વિચારમાં આ સંસ્કારભદ્ર પણ રાજાની પેઠે ગુંચાયો. તો પણ પરમેશ્વર ઉપર અચલ વિશ્વાસ હોવાથી જેનું હૃદયબળ કંઇક વિલક્ષણ હતું, તે સારથી બોલ્યો:—અશ્રદ્ધાબાઇ! તમે અમારી જે કાળજી રાખો છો તેને માટે આપનો આભાર માનીએ છીએ. મહારાજા સાહેબ તથા મહારાણીજીસાહેબને જાગરણ થાય એવો હું આગ્રહ કરતો નથી; તેમ જ તમો પણ જાગરણ કરો એવો મારો આગ્રહ નથી. આપને સઉને વિશ્રાન્તિ લેવી હોય તો સુખેથી લ્યો; પણ આપણી આવી નિ:સ્વાર્થ બુદ્ધિથી જેમણે આટલી બધી પરોણાચાકરી કરી છે, અને તેમાં પણ વિશેષે કરીને મારો પ્રાણ ઉગર્યો તે નિમિત્તજ જેમણે આવો યજન-

પૂજનપૂર્વક આનંદોત્સવ કર્યો છે તેમને તેમના ઉત્સાહમાં રોકવા એ મને કેવળ અસભ્યતાભરેલું લાગે છે. માટે મારાથી મારી જીભે તો આ ભલા વનવાસીઓને કાંઇ પણ કહી શકાશે નહી: અને મારે તેઓની સાથે આજે ઉત્સવમાં કેઠલગી ભાગ લેઇને પરમેશ્વરને અને આ મારા શુભેચ્છક વનવાસીઓને એકસરખી રીત્યે પ્રસન્ન કરવામાં જરીક પણ મન ડગાવવું જોઇયે નહી-એવો મારો ધર્મ હું સમજું છું. માટે ભલે જો આપની સફિની વિશ્રાન્તિ લેવાની ઇચ્છા થઇ હોય તો આ હાલ જ રચેલી પર્ણશાળામાં જઇને આપ ખુશીથી આરામ લ્યો.

આનાં સંસ્કારભદ્રનાં વચનો સાંભળીને કાંઇક મરડની સાથે અશ્રદ્ધાબાઇ બોલી:—ડાહ્યાભાઇ! તમે મહારાજાજી તથા મહારાણીજીને આરામ લેવાનું તો કહ્યું, પણ અહીં આ તમારા ભજન કીર્ત્તનનો સોરબકોર થાય અને પછી આરામ તે શી રીત્યે લે? કાંઇ બોલો છો તેનો થોડો ઘણોયે વિચાર કરીને બોલો છો કે એમને એમ? અશ્રદ્ધાબાઇની આ ધૃષ્ટતા જોઇને સહજ ઝંખવાણો પડેલો સંસ્કારભદ્ર બોલ્યો:—આખા મુલકના શુભેચ્છકપણાનો ડોળ ઘાલીને જેને તેને અડાવવાનું ડહાપણ ડહોળો છો તે જાણ્યું! પણ તમે મહારાજાસાહેબ તથા મહારાણીજીસાહેબને પૂછ્યું કે આ જાગવાથી કાંઇ પ્રકૃતિને પ્રતિકૂળ જેવું લાગે છે? બાજાઓની પ્રકૃતિ બગડે કે સુધરે તેવી છે તેની તમને શી ખબર પડી? તમે કાંઇ પરમેશ્વર થઇ ગયાં છો કે બીજાની વાતો ચપચપ કરવા મંડી પડો છો? તરતજ અશ્રદ્ધાબાઇયે પોતાનું મોઢું ચઢાવીને રાજારાણીનો અભિપ્રાય જાણવાને તેમના સામું જોયું. રાજારાણીએ સ્વાભાવિક રીત્યે કહ્યું કે:—આ ઉત્સવથી અમને કાંઇ શ્રમનું ભાન થતું નથી, પણ શ્રી પરમાત્માના યશોગાનથી અન્તઃકરણમાં આનંદ અને શાન્તિનું ભાન થાય છે. આ વનવાસીઓ પ્રત્યેક ક્રિયા એવા તો શુદ્ધ ભાવથી કરે છે કે તેની છાયા અમારા અંતઃકરણઉપર પણ પડે છે. તેથી અમને એવું લાગે છે કે જાણે સાત્વિક ભાવ અમારા અંતઃકરણઉપર છવાઇ રહ્યો છે. નિદ્રા અને તંદ્રાનો લેશ પણ સ્પર્શ અમારા શરીરને થતો નથી. આ આહુતિ અપાયલા યજ્ઞના અગ્નિમાંથી હજુ પણ જે ધુમાડો નીકળ્યા કરેછે તેનો સુવાસ અંતઃકરણને દેવોના સાત્વિક વાતાવરણનું ભાન કરાવે છે. વિકારોથી નિરંતર દૂર રહેનાર આ વનવાસીઓના તન્દુરસ્ત અવાજો તેમના માધુર્યથી કાનને આનંદ અને તેમના ગાનની અંદર રહેલા અર્થથી હૃદયને પરમકૃપાળુ વિશ્વનિયંતાના અગાધ અને સર્વોત્તમ મહિમાનો પ્રકાશ આપે છે. આ ઉત્સવથી અને જાગરણથી અમને કાંઇ

શ્રમ જેવું તો ભાસતું જ નથી. પણ પ્રિય સંસ્કારભદ્ર વત્સ ! તારા ઉપર આજે સંકટ વીતી ગયું છે, તેથી શ્રમ કે શરદીને લીધે તને આ ઉજાગરો હાનિ કરે એવા ભયથી જ આ વાતઉપર સહજ અશ્રદ્ધાબાઇની સૂચનાથી આપણે વિચાર કરવાની જરૂર પડી હતી. પોતાના માતપિતા તુલ્ય પુજ્ય રાજા તથા રાણીને સ્વામિભક્તિથી હાથ જોડીને સારથી બોલ્યો:—આપ માતાપિતાને આ બાળકની ચિન્તા હોય જ એમાં કાંઇ નવાઇ નથી; પણ નમ્રતાપૂર્વક વિનવવાની આજ્ઞા લેઉંછું કે, મારા ઉપર જે આપત્તિ ગુજરી ગઇ છે, તેનો અને તેમાંથી હું અલૌકિક રીતે બચી ગયો છું, તેનો વિચાર કરતાં મને સ્વાભાવિક રીત્યે જે હર્ષ થાય છે તેના આવેશમાં અને આશ્ચર્ય-ભાવમાં મને કાંઇ પણ શ્રમ કે ઉજાગરો લાગતો નથી. વળી મને જે ઇષ્ટની સત્તાથી આ પ્રસંગે જીવનદાન મળ્યું છે તે ઇષ્ટ પરમાત્માના અગાધ સામર્થ્ય અને મહિમાના વિચારમાં મારૂં મન એવું તો ગરક થઇ ગયું છે કે મને જાણે તે મહેશ્વરભગવાનના સાનિધ્યનો ભાસ પળે પળે થયા કરે છે. જે સત્તાએ મને આવા દોહ્યલે પ્રસંગે અદ્ભૂત રીત્યે બચાવ્યો છે, તે જ સત્તા મને શું ઉજાગરા, શ્રમ અને શરદીની અસરમાંથી બચાવાને શક્તિ-માન નથી શું? જે સત્તા વજ્રપ્રહારથી બચાવવાને સમર્થ છે તે સત્તાની આગળ લુગડાનો ગોટીલો શી ગણતીમાં છે ? હું તે જ વિશ્વરક્ષક મોટામાં મોટી સત્તાથી બચીને આપની સેવામાં હાજર છું, અને તે જ સર્વો-પરિ સત્તાના ગુણાનુવાદ ગાવામાં મારી સ્વભાવશક્તિથી પ્રેરાયલો આ મારા નિષ્પાપ વનવાસી મિત્રોસાથે આનંદમાં ભાગ લેઉંછું. માટે મારી પ્રકૃતિ બગડવા વિષે આપ માતાપિતા જરાકે ચિન્તા કરશો નહિં. આ સાંભળીને ક્રોધથી છણકો કરીને અશ્રદ્ધાબાઇ બોલી:-તમારે સઉને તબિયત ન બગડે તેમ હોય અને જીવવું હોય તો જાગો. પણ મારે તો મારે પગે ચાલીને તમારૂં આગવાપણું કરવાનું છે; તેથી મારે તો ઉંઘ્યાવિના ચાલે તેમ નથી; તમારે તો આ પ્રમાણે ભજન-કીર્ત્તનના ભવાડા કરીને આખી રાત બરાડા પાડવા છે તે મને કેમ ફાવે ? તમે તો બધા પરમેશ્વરના દીકરા થઇને પરમેશ્વરને ખોળે બેઠા, પણ હું એમ પારકે આધારે રહેવા માગતી નથી, માટે મને મારી બુદ્ધિ જેમ સલાહ આપે તેમ કરવા દો. તમારે તો તમારી બુદ્ધિને પૂછવાનું જ રહ્યું નથી, કેમકે તેને તો તમે કોરાણે બેસાડી મૂકી છે. પણ મને તો નિરાંતે ઉંઘવાનું કાંઇ સ્થાનક મળે તેવી ગોઠવણ જલદી કરી આપો.

રાજારાણી તો સભ્યતાની ખાતર કાંઇ બોલ્યાં નહીં, પણ સંસ્કા-

રભદ્ર કરડાકીમાં બોલ્યો:—તમે જો આજ રાતે જાગો તો તમને નક્કી ઉજાગરો પાડે ખરો! કેમકે આ શ્રીઇશ્વરની સ્તુતિના લવારા થાયછે. વળી તમે રોજ રાત્રીદિવસ કયાં જંપો છો? રાત્રે પણ ઉજાગરા કરીને પરમેશ્વરનું અસ્તિત્વ છે કે નહિ એ વિષે શંકાઓ કરવામાં જગતના ઉપકાર માટે સમય ગાળોછો; તે ઉપરાંત કોઇ તમારો બોધ સાંભળનાર મળે તો તેને વહેમમાંથી કાઢવા મોડેલગી જાગરણ કરીને તેને પરમેશ્વર અને શાસ્ત્રની પાયાવગરની જાળમાં ન ફસવાને માટે બોધ આપો છો; વળી કોઇ પરમેશ્વર વિષે ચર્ચા કરનાર મળે તો તેને હરાવવાને માટે અનેક યુક્તિરૂપ પ્રમાણ આપીને વાદવિવાદ કરવામાં પણ આખી રાતો ને રાતો ગાળીને પ્રજા ઉપર અથાગ ઉપકાર કરવામાં અપ્રહત્ શ્રમ લીધાં કરો છો; વળી અમારા જેવા મુસાફરોને પરોપકાર ખાતર તમારાં યાંત્રિક સાધનોની મદદથી સહેલા અને ટુંકા માર્ગો બતાવવામાં પણ આગવાપણું કરો છો. આ પ્રમાણે નિરંતર પરોપકારમાં રાતદિવસ અપાર શ્રમ કરનારાં આપને વળી ઉજાગરાનો શ્રમ વિશેષ પડે તો આપની તબીઅત બગડે એટલું જ નહિ પણ આપની તબીઅત બગડવાથી આખી દુનિયાને પણ મોટી હાની થાય; કેમકે તમારા જેવાં પરોપકારી બાઇનો લાભ તેટલો વખત દુનિયાને મળતો અટકે! અને તેમ થાય તેમાં હું પણ ખુશી નથી. મારેમાટે હું તમારાથી આખી દુનિયાને થતો લાભ ખોવરાવવા માગતો નથી! એ પ્રમાણે કરડાકીમાં બોલીને સંસ્કારભદ્ર પેલા વનવાસીમાંના એક પાસે ગયો અને અશ્રદ્ધાના સંબંધી સઘળી હકીકત કહી, અને પૂછ્યું કે એને સૂઇ રહેવાને માટે જ્યાં કાંઇપણ કોલાહલ ન સંભળાય એવી કોઇ જગો હોય તો બતાવો. ત્યારે તે વનવાસી કે જેનું નામ શાંડિલ્ય હતું તે બોલ્યો:—કે આપણા આ ભગવતપ્રીત્યર્થ કરેલા ઉત્સવમાં એના જેવી શંકાશીલ સ્ત્રીનું કાંઇપણ કામ નથી. તેની હાજરીથી આપણને પણ આ ઉત્સવનો પૂરેપૂરો આનંદ મળવામાં વાંધો આવશે; માટે ભલે, તેને અંત્ર નથી ગોઠતું તો તેને એકાંતમાં જઇ ઉંઘતી પડી રહેવા દો. હું તેને માટે પેલી ગુફા પસંદ કરૂં છું. તેને તે ગુફામાં લઇ જઇને સુવાડો. તે ગુફામાં એને ઠીક ફાવશે. ત્યારે સંસ્કારભદ્ર બોલ્યો:—પણ એ ગુફા તો આપણી નજીક જ છે, તેથી તેનાથી કોલાહલ સંભળાશે, એટલે પાછી એતો બુમો પાડતી આવશે, અને મને આ ઉત્સવનું સુખ લેવામાં હરકત કરશે: માટે એને કોઇ દૂરની જગોમાં લેઇ જઇને સુવાડો કે ત્યાં તેને કાને કશો અવાજ જ પડે નહિ. પેલા વનવાસી શાંડિલ્યે ઉત્તર દીધો:-તમે કોઇ વાતે તે સંબંધી ચિન્તા રાખશો જ નહિ. એ ગુફા જો કે આપણી નજદિક

છે તોપણ આપણે તો શું પણ એક જ્વાળામુખી પહાડનો કિંવા તોપોનો અવાજ થાય તોયે તે ગુફામાં જરીક પણ સંભળાય નહિ એવી કુદરતી રચના એ ગુફામાં છે. તેથી એને સઉ " શુન્યકારની ગુફા " કહે છે. વળી તે ગુફાની અંદરની હવા પણ એવી મીણાયલી છે કે ગમે તેવો જાગ્રત માણસ હોય તોપણ તેમાં જઇને સુઇ રહે કે થોડાક સમયમાં તેને ઘેરણુ નિદ્રા આવ્યાવિના રહેતી નથી. માટે એ બાઇસાહેબને તો એ ગુફામાં જ લઇ જઇને સુવારો એટલે એમને પણ નિરાંત અને આપણને પણ નિરાંત.

શાંડિલ્યની સાથે એ પ્રમાણે વાતચિત કરીને સંસ્કારભદ્ર પાછો અશ્રદ્ધાબાઇ પાસે આવ્યો અને ગંભીરતાથી બોલ્યોઃ—ચાલો બાઇ! તમારે સુઇ રહેવાની ઇચ્છા છે તો હું તમને ગોઠવણ કરી આપું. આ પાસેની જ ગુફામાં તમારે સુવાલાયક શાન્ત જગા છે. તેમાં તમારે કાને કોઇ પણ પ્રકારનો કોલાહલ પડશે નહીં. ત્યાં સુતાં વાંત તમને મીઠી ઉંઘ આવી જશે. અશ્રદ્ધાને પોતાને કાંઇ ઉંઘવું નહોતું, તોપણ રાજારાણી તથા સારથીને તે યજનપૂજનરૂપ ઉત્સવમાં ભાગ લેતા ખાળવાને માટે તેણે ઉંઘવાસંબંધી બહાનું કાઢયું હતું. તોપણ જ્યારે સંસ્કારભદ્ર તેને માટે સુવાની સોઇ ખોળી લાવ્યો ત્યારે હવે ઉંઘવાનું ના પણ કહેવું તે તેને ઠીક લાગ્યું નહિ; તેથી તે અશ્રદ્ધાબાઈ પોતાની યાંત્રિક સામગ્રી લેઇને પેલી શુન્યકારની ગુફા તરફ સંસ્કારભદ્રની પાછળ પાછળ ચાલી. ગુફામાં પેસતાં પહેલાં પોતાની પાસેનું ફાનસ અશ્રદ્ધાએ રસાયનિક પદાર્થવડે સળગાવી દીધું અને અંદર પેસીને તેના અજવાળાવતી ચારે તરફ તપાસ્યું, તો તેને તે ગુફા સ્વચ્છ અને વપરાતી હોય એમ જણાયું. આથી તેના અંતઃકરણને ત્યાં નિર્ભયતાનો ભાસ થવા લાગ્યો, કેમકે ઘણાં માણસો એ ગુફામાં વારંવાર આવી આવીને રહેતાં તેથી તે બિલકુલ અવાવર જણાતી નહોતી. વળી અશ્રદ્ધાબાઇ તે ગુફામાં પેઠાં કે પેલા યજનપૂજન અને ભજનકીર્તનનો ઘોંઘાટ બિલકુલ તેના સાંભળવામાં આવતો નહોતો; તેથી અત્યંત આનંદ પામીને તે બોલીઃ—

અહો અહીં કેવી શાન્તિ વ્યાપી રહેલી છે! આવી જગોમાં કેવી સરસ ઉંઘ આવે એમ છે? આવું નિરાંતનું ઠેકાણું મૂકીને જેઓ કલબલાટમાં રહીને જાગવાનું પસંદ કરે છે તેઓ ખરેખર દયાપાત્ર બેસમજ મનુષ્યો છે. સંસ્કારભદ્ર! તમે તમારે હવે જવું હોય તો જાવ. જ્યારે સવારમાં પ્રવાસ કરવા તૈયાર થાવ ત્યારે મને ખબર આપજો. પછી સંસ્કારભદ્ર તો એ બાઇસાહેબને ગુફામાં જ મૂકી પેલા ઉત્સવમાં આનંદ લેવા ગયો; અને અશ્રદ્ધાબાઇ એકલાં શુન્યકારની ગુફાની મોજ માણવા તે ગુફામાંજ બિરાજ્યાં.

પ્રકરણ ૫ મું.

શુન્યકારની ગુહા.

સંસ્કારભદ્ર અશ્રદ્ધાબાઇને શુન્યકારની ગુહામાં એકલી મૂકીને ગયો, ત્યારપછી થોડાક વખતલગી તે ગુફામાં આમતેમ નજર નાંખતી ફરવા લાગી. તે ગુહામાં કોઇ પણ વસ્તુ ચિત્તનું આકર્ષણ કરે એવી જણાતી નહોતી અને કોઇ પણ અવાજ કાને પડતો નહોતો. તે ગુહા જાણે મરણનું મુખ હોય એવી નિસ્સ્વન ભાસતી હતી. ત્યારે શું આ જગા કોઇ યોગીને સમાધિ કરવાના સ્થાન જેવી શાન્તી ઉપજાવતી હતી ? સમાધિની શાન્તીમાં અને આ ગુહામાં વર્ત્તતા શુન્યકારમાં ઘણો જ તફાવત અશ્રદ્ધાબાઇને માલમ પડવા લાગ્યો. થોડાક વખત તો તે આમ તેમ ફરી, અને પેલાં રાજારાણી તથા સારથી અને વનવાસીઓની હૃદભરેલી ભક્તિ અને ભાવનાવિષે પોતાના મનમાં વિચારો કરવાનો પ્રયત્ન ચલાવ્યો: એટલામાં તે ગુફાની મીણાયલી હવાની અસર તેના મગજ ઉપર થવા માંડી. નિરંતર તર્ક કરવામાં રોકાયલું રહેનાર તેનું મગજ ઘણે ભાગે થાકેલા જેવું રહેતું, અને તેના ઉપર મીણાની અસર થવાથી, કાંઇક અશાન્તિ ભરેલા પ્રમાદ જેવી અસર થવા લાગી. તે વિચારો કરવાને અશક્ત જેવી થઇ પડી અને તેને ધીમે ધીમે અજંપાવાળા શુન્યકારની સ્થિતિ પ્રાપ્ત થવા લાગી. સમગ્ર શાન્તિના સમુદ્ર અજંપાવાળા હૃદયના આધારભૂત પરમેશ્વરના અસ્તિત્વ વિષે તો તેને ખાતરી જ નહીં અને ઉલટું ઇશ્વરનું નાસ્તિત્વ સ્વીકારવામાં અને પ્રતિપાદન કરવામાં જ તે પોતાના પુરૂષાર્થવાદની સિદ્ધિ સમજતી હતી, તેથી તે અવિનાશી તત્વનો આધાર તો તેને પોતાના અંતઃકરણને માટે પ્રાપ્ત જ નહોતો. તેથી તે ગુહાની હવાને લીધે જો કે તેનાં સઘળાં અંગ અને અવયવો તથા ઇંદ્રિયો અજંપાવાળી તન્દ્રાથી ઘેરાઇ જઇ જડ જેવાં થઇ જવા લાગ્યાં અને તેને એક પ્રકારની નિદ્રા આવવા લાગી તોપણ નિદ્રામાં જે સુખનો અંશ રહેલો છે તે અંશનો અંશ પણ તે નિદ્રામાં નહોતો. તોપણ શરીરમાં જડતાનો ભાસ થતો હતો તેથી એક ખુણામાં ઉંચી ઓટલી જેવું હતું તેના ઉપર પોતાની પાસેનું તર્કમય બિછાનું બિછાવીને તે સુતી. તે બિછાનું તેણે વિજળીના પ્રયોગોવડે એવું

ચમત્કારિક બનાવ્યું હતું કે તેના ઉપર બેસવા કિંવા સૂવાથી મનની વિચાર કરવાની શક્તિમાં અદ્‌ભૂત વધારો થતો અને તેથી શંકા, સમાધાન અને વાદવિવાદનુ બળ એવું વધતું કે આ અશ્રદ્ધા પોતાની વિવાદશક્તિને માટે આખા ત્રિભૂવનમાં બહુમતે અજીત પદ પામી છે. આ અશ્રદ્ધાએ પોતાના ભૌતિકશાસ્ત્રના જ્ઞાનના મોટા ભંડારના બળથી અનેક આવાં આવાં સાધનો શોધી કાઢયાં હતાં. તેના માથાઉપર પહેરવાના મુકુટમાં અને માથાનીચે સૂતી વખતે મૂકવાના ઉશીકામાં એવા તો વિદ્યુત્પ્રવાહ દાખલ કરેલા હતા કે તેનો મસ્તક સાથે સંબંધ થતાં સઘળાં આસ્તિકદર્શનો અને તેમના આચાર્યો એક રમત અને બાળક જેવાં જ જણાતાં અને તેમના અભિપ્રાયોમાં જે જે ઝીણાં છીદ્રો હોય તે મોટાં તલાવો કે મોટાં સરોવરો જેવાં જણાઈ આવતાં. આવાં તર્કમય સાધનોથી આ અશ્રદ્ધાબાઇની રોજની નિદ્રા તે પણ જાગ્રત અવસ્થા જેવી જ ચેતન હતી. પુરૂષાર્થને જ પરમેશ્વર માનનારી અને સ્વતંત્રતાઉપર સંપૂર્ણ હક ધરાવનારી આ બાઇ પોતાની નિદ્રામાં પણ જીવનચેષ્ટાનો અનુભવ માણતી અને જાણતી કે ખરૂં તત્વ તો મને જ મળ્યું છે અને સંસારનાં સમગ્ર પ્રાણી અજ્ઞાનના અંધકારમાં ગોથાં ખાધાં કરે છે રોજ તો આવાં સાધનોથી તેની નિદ્રા ફતેહમંદીના ભાનથી ફુલારાના સુખાભાસથી ભરપૂર ભાસતી. પણ આજ તો તેને આ ગુહામાં જે ઉંઘ આવવા લાગી તેનું સ્વરૂપ તો ઓર જ તરેહનું હતું, આજની ઉંઘમાં તેના મગજમાં તર્કો તો આવતા પણ તેથી ફતેહમંદીના ફુલને બદલે અજંપો લાગતો; અજંપો એકલો નહિ પણ તેની સાથે અવયવોમાં અને ઇન્દ્રિયોમાં પૂર્વોક્તરીત્યે જડતા પણ પ્રતીત થતી હતી. તેને ખરૂં જોતાં આ શુન્યકારની ગુહામાં શુન્યકારનો અનુભવ થયો. તે શુન્ય થઇને પોતાના બિછાનાઉપર પડી રહી. અનેક સંસ્કારની શળોથી જાગતા અંતઃકરણનો અજંપો અને ઉંઘતા શરીરના સંજોગથી જે અંતરિયાળ વ્યથા ભરેલી સ્થિતિ થાય છે, તે સ્થિતિનો સંપૂર્ણ અનુભવ કરતી અશ્રદ્ધાબાઇ તે ગુહામાં પડી હતી. તે પોતે કાંઇ બોલતી ચાલતી નહોતી પણ તેના મુખઉપર જોનારને તેના અંતઃકરણની સ્થિતિ, મુખઉપર આવતી જતી અને વારંવાર બદલાતી છાયાઉપરથી સ્પષ્ટ રીતે સમજાઇ આવે તેમ હતું.

અશ્રદ્ધાબાઇ પોતાની પથારીમાં, ઉપર વર્ણવી ગયા તે પ્રમાણે પડી પડી બેભાન સ્થિતિમાં અનેક પ્રકારની નાસ્તિકતાની અજંપા ભરેલી ઝંખનાઓમાં ઘેરાયલી ઘોરતી હતી. તેનાં સઘળાં યાંત્રિક સાધનો તેની પાસે પડેલાં હતાં. તેવામાં તે ગુહામાં કેટલાક ઉંદરો આવ્યા. તે ઉંદરો કદમાં

અસાધારણુ રીત્યે મોટા હતા. તે ઉંદરો તે સ્થળમાં વિકળિયા ઉંદરને નામે ઓળખાતા હતા. તે એવા તો નુકશાનકારક સ્વભાવના હતા કે તેઓ ખાવા પીવાની ચીજો ખેંચી જતા એટલુંજ નહીં, પણ મોટાં વાસણકુસણ જેવી ચીજોને અનેક યુક્તિથી ખેંચી જતા. કોઇ ચીજ વધારે ભારે હોય તો પણ તેઓ ખેંચી જઇ શકતા; કેમકે તેઓમાં સંપ કરવાની શક્તિ રહેલી હતી. એક વસ્તુ એક ઉંદરથી ન ઉચકી શકાય તેવી હોય તો એક કરતાં વધારે ઉંદરો ભેગા થઇને તે વસ્તુ તાણી જતા. તેમણે આવીને અશ્રદ્ધાબાઇનાં સઘળાં યાંત્રિક સાધનો એક પછી એક ખેંચી જઇને કોણ જાણે ક્યાંએ ઘાલી દીધાં કે તેનો પત્તો જ લાગે નહિં. તે ઉંદરો હરેક ચીજ ખેંચી જવાની કળ વિકળ જાણુતા તથા તેઓ પોતાની એવી શક્તિથી લોકોને એટલા બધા વિકળ કરી નાંખતા કે કાંઇ કહેવાની વાત નહીં, તેથી એ ઉંદરોને લોકોએ ‘ વિકળિયા ઉંદર ’ એવું નામ આપેલું હતું.

રાજારાણી અને સંસ્કારભદ્રે પેલા વનવાસીઓની સાથે યજનપૂજનમાં તથા ભજનકીર્ત્તનમાં આખી રાત ગાળી. પ્રભાત સમય થઇ ગયો અને સૂર્યોદય પણ થયો, તથાપિ પેલાં અશ્રદ્ધાબાઈ તો પેલી ગુહામાં બેચેની ભરેલી નિદ્રામાં ડૂબેલાં જ પડયાં હતાં. તેથી રાજાએ સંસ્કારભદ્રને કહ્યું કેઃ—ભાઇ ! હવે આપણે નિત્યકર્મથી તાગીને આપણો પ્રવાસ આગળ ચલાવવાની વેળા થઇ છે માટે પેલી ગુહામાં જઇને પેલી આપણા આગવાનું કામ કરનાર બાઇને જગાડીને અત્રે તેડી લાવ, કે તે પણ દાતણ પાણી તથા સ્નાન વગેરે કરીને તૈયાર થઇ જાય. આથી સંસ્કારભદ્ર શુન્યકારની ગુફા તરફ ચાલ્યો. પણ તે ત્યાં આવી પહોંચ્યો તે પહેલાં તો અશ્રદ્ધાબાઇ જાગી ઉઠયાં હતાં અને તેમનો મિજાજ તેમના હાથમાંથી ગયેલો હોવાથી તે તો ક્રોધ અને અસંતોષથી બડબડતાં હતાં. શુન્યકારની ગુહામાં જો કે રાત દિવસ એક પ્રકારની મીણુયલી હવાનું ઘેન રહેતું હતું તોપણ ત્યાં સૂર્યોદય વખતે ચમકપંખી નામનાં પક્ષીઓનાં ટોળેટોળાં ઉડતાં પ્રવેશતાં હતાં, તેથી તેમના કલબલાટથી તથા તેમની પાંખોના ફડફડાટથી અશ્રદ્ધાબાઇની આંખ ઉઘડી ગઇ. જાગતાંવાંત જ અશ્રદ્ધાબાઇએ જોયું તો પોતાનાં યાંત્રિક સાધનો પોતાની પાસેથી ચોરાઇ ગયેલાં દીઠાં. તેથી એકદમ ઉભાં થતે કે તેણે ગુફામાં ચારે તરફ ફરવા માંડયું અને જુએ છે તો પેલા ઉંદરોને ઘસડી જતાં અફાળીને ફાડી નાંખેલા દુરબિનના કાચના કટકા અને કાંટા વગેરે જમીન ઉપર પડેલાં દીઠાં. જે સાધનઉપર પોતાની લડાઇનો ખરેખરો આધાર હતો તે જ સાધનો આ પ્રમાણે ખોવાયલાં કે નાશ

પામેલા જાણીને અશ્રદ્ધાબાઈને પ્રથમ તો જે નિરાશા ઉત્પન્ન થઈ તેનું વર્ણન પણ કરી શકાય તેમ નથી. નિરાશાની આંધી ધીમે ધીમે ઉતરી જવા આવી એટલે ક્રોધના પ્રચંડ તડકો પડવા લાગ્યો. જેમ ધુંધવાતા કાષ્ટના ઢગલામાંથી એકદમ ભડકો નીકળી પ્રજળવા લાગે છે તે પ્રમાણે અશ્રદ્ધાબાઈનો ક્રોધાગ્નિ ભડ ભડ ભડ કરતો સળગી ઉઠ્યો, ને તે બોલીઃ– મૂર્ખ મુસાફરોનું અગવાપણું એ પણ એક મારી મોટામાં મોટી મૂર્ખાઈ જ! બુડતાને તારવા જતાં તારનાર જ પોતે ડુબે છે તે વાતમાં કાંઈપણ શક નથી. આ વહેમી મુસાફરોની સાથે હું આવી તેથી હું કેટલી બધી વિટમણામાં પડીછું. એ લોકો વહેમી છે એટલુંજ નહીં પણ તેઓમાં કૃતજ્ઞતાનો એક લેશ અંશ પણ નથી. મેં મફત તેઓનું આગવાપણું કરવાનું કાર્ય માથે લીધું છે, તેમ છતાં તેઓ મારો જોઈયે તેટલો આભાર માનતા નથી, તેમજ મારી સૂચનાપ્રમાણે વર્ત્તતા પણ નથી. જ્યારે તેઓ મારા કહ્યા પ્રમાણે વર્ત્તતા નથી ત્યારે તેઓ મારો ગુણ તો શો જ માનવાના હતા? ગઈ રાત્રે મારી સલાહ પ્રમાણે તેઓએ યજનપૂજનનો કોલાહલ બંધ કરાવીને આરામ લેવો જોઈતો હતો અને મને આરામ લેવા દેવો જોઈતો હતો. પરંતુ તેમ ન કરતાં મને આવી એકાન્ત અને જંગલી ગુહામાં સુખ રહેવાને મોકલી. મોકલી તેની તો કાંઈ હરકત નહિ પણ મારી સંભાળ રાખવાને તેમ જ મારાં યાંત્રિક સાધનો વગેરે મારો સામાન સાચવવાને માટે એકાદ માણસ સરખું પણ મારી સાથે આવ્યું નહિ. તેથી મારાં યાંત્રિક સાધનો કોઈયે તોડી નાંખ્યાં અથવા ચોરી લીધાં અને મેં તે યંત્રો બનાવવામાં કરેલ શ્રમ વ્યર્થ ગયો. હવે પાછાં તેવાં જ સાધનો ફરી તૈયાર કરવામાં મને જે શ્રમ પડશે, તથા મારો જે કાળ જશે, તેનો વિચાર એ ભગવાનને ભરોંસે બેસી રહેનાર પ્રમાદી અને મૂર્ખ મનુષ્યોને ક્યાંથી હોય? મને તો એમ થાય છે કે જાણે આ મૂર્ખ મુસાફરોને અધ્વચ રઝળતા છોડીને ચાલી જાઉં, પછી જોઉં છું કે એમનો માની લીધેલો પરમેશ્વર એમને કેવો આગવો થઈને રસ્તો દેખાડે છે? પણ ના ના એમ તે લોકોને છોડી નાસી જવાથી તો ઉલટી હું કાયર ઠરૂં. અને મારે મારા મતમાં ઘણા માણસો ભેળવવાનો જે વિચાર છે તે વિચાર મારો બર આવે નહિ. માટે મારે ગમે તેમ કરીને પણ આ લોકની સાથે રહીને તેઓને મારા અભિપ્રાયપ્રમાણે વર્તે તેવા બનાવવા, અને મારા મતને અનુસરનાર મનુષ્યોની સંખ્યા વધારવાના પ્રયત્નમાં મારે અડગરીત્યે મચ્યા રહેવું. મારે કોઈ પણ રીત્યે હવે કાયર થવું જોઈતું નથી. એ લોકોને

લલચાવીને મેં મારૂં આગવાપણું સ્વીકારાવ્યું છે, એટલે હવે જો હું ધીરજ રાખીને મારા પ્રયત્નમાં મંડી રહીશ તો હું તેઓને મારા વશમાં આણીને સંપૂર્ણ કહ્યાગરા બનાવી શકીશ રાજા તો એવા સ્વભાવવાળો છે કે તેને તો અલ્પ સમયમાં મારા કહ્યા પ્રમાણે વર્ત્તાવી શકીશ, તેમજ રાણી પણ પોતાના પતિની ઈચ્છાનુસાર વર્ત્તનારી પતિવ્રતા હોવાથી રાજા મારે વશ થયા પછી મારા કહ્યા પ્રમાણે વર્ત્તશે, એમાં શક નથી; પણ પેલો મૂર્ખ હઠીલો સારથી સંસ્કારભદ્ર દુરાગ્રહી હોવાથી મારા કાર્યમાં વારંવાર વિઘ્ન નાંખનારો થાય છે. સરલ અંતઃકરણવાળો રાજા મારી શિખામણમાં રહેલા હિતને સારી પેઠે સમજી શકે છે, પણ એ વહેમી ગાડીવાન રાજાને અવળે રસ્તે દોરી લઇ જાય છે. ગઈ કાલ જો એ સંસ્કારભદ્રનો જળની રેલમાં પાર આવી ગયો હોત તો રાજા એક વહેમી માણસની નીરંતરની સમીપતામાંથી છુટો થાત; પણ એ ગાડીવાનનો આવરદા હશે, તેથી બચી ગયો, એટલે ઉલટાં વહેમનાં બંધન બમણાં મજબુત થયાં.

ઉપર પ્રમાણે અશ્રદ્ધાબાઇ કાંઇ ગુસ્સો અને કાંઇ સ્વાર્થપરાયણતાથી વિચાર કરતી હતી અને બડબડતી હતી તેવામાં સંસ્કારભદ્ર તેની ખબર કાઢવાને માટે તે ગુફામાં આવ્યો. તેને જોતાં અશ્રદ્ધાબાઈ છળ સભ્યતાથી બોલી:—સંસ્કારભદ્ર ! તમારો આવરદા જ જબરો છે, હું તમને હમણાં જ સંભારતી હતી. સંસ્કારભદ્ર બોલ્યો:—પણ હું કેવો જબરો કે તમારા સંભારવા પ્રમાણે જ આવીને હાજર થયો. કેમ તમને રાત્રે ઉંઘવાનું અનુકૂળ પડયું હતું કે નહિ ? અમને તો રાત્રે હરિકીર્ત્તનમાં ઘણીજ અનુકૂળતા પડી હતી ! અમે તો બહુજ આનંદભરેલું જાગરણ કર્યું હતું ! અહો પરમાત્માના કીર્ત્તનમાં કેવો આનંદ પડે છે ? આ સાંભળીને કટાક્ષમાં અશ્રદ્ધાબાઇ બોલી:—ધાંધળવાળા ઉજાગરા કરતાં નિદ્રાની શાન્તિ કેટલાગણી ઉત્કૃષ્ટ છે તેનો મને આ ગુફામાં ગઇ રાત્રે સારો અનુભવ થયો છે, અને અને એવી તો નિરાંતે ઉંઘ આવી હતી કે આખી રાત્રી શી રીત્યે વહી ગઇ તેની મને ખબર પણ પડી નથી. પરંતુ અફસોસની વાત તો એટલીજ છે કે મને એકલીને જ તમે અત્રે સુઇ રહેવા મોકલી અને મારો અસબાબ સાચવવાને અત્રે મારી સાથે કોઇ પણ માણસને સુવાડયું નહીં, તેથી મારાં યાંત્રિક સાધનો કોઇએ ફોડી નાંખ્યાં અથવા તો કોઇ લઇ ગયું; તેથી હવે મને તમારા આગવાતરીકે કામ કરવામાં અડચણ આવશે. મારાં યાંત્રિક સાધન મને હવે કયાંથી હાલ ને હાલ મળી શકશે ? એ વિષેની મને પૂર્ણ ચિંતા થાય છે. રાત્રે જાગરણની ધાંધળ છોડીને આપણે સાથે જ એક ઠેકાણે

સુઇ રહ્યાં હોત તો આવું બનત ? પરંતુ મને જે નુકશાન થયું છે તે તમારા દુરાગ્રહથી જ થયું છે અને હવે પછી પણ તમે જો એ પ્રમાણે દુરાગ્રહ કર્યા કરશો તો મારે લાચારોથો તમારા આગવાતરીકેનું કામ છોડી દેઇને ચાલ્યા જવું પડશે. આ સાંભળીને સંસ્કારભદ્ર બોલ્યો:–તમોને જે નુકશાન થયું છે તે કાંઇ અમારા જાગવાથી થયું નથી, પણ તમારા પોતાના ઉંઘવાથી થયું છે. જો તમે પણ અમારી સાથે ઇશ્વરભજન કરવાને જાગ્યાં હોત તો તમારાં જે સાધનો ચોરીએ ગયાં અથવા ભાગી ગયાં તે ચોરીએ જાત નહીં અથવા ભાગી જાત નહિ અને તે ઉપરાંત તમારૂં કલ્યાણ પણ થાત. આ સાંભળીને ચીડાઇને અશ્રદ્ધાબાઇ બોલ્યાં:–હવે કલ્યાણ તો તમારૂં પોતાનું જ એ રીતે કલ્યાણ થાય તો કરી લેજો. પરમેશ્વરને કોણે જોયા છે કે તમે પરમેશ્વરનું ભજન કરવામાં જાગરણ કરવાથી મોક્ષ કે કલ્યાણની આશા બીજાઓને આપોછો ? આવી બેવકૂફીભરેલી વાર્તા તમારે મારી આગળ કરવી નહીં. મને એવી વાતો ઉપર બિલકુલ વિશ્વાસ નથી. સંસ્કારભદ્રે કહ્યું:—તમને બાઇ! જે કાંઇ નુકશાન થાય છે તે તમારા અવિશ્વાસને જ લીધે થાય છે. અમે ભજન કરતા હતા ત્યાં જ તમે તમારાં યાંત્રિક સાધનો વગેરે અસબાબ મૂકી ગયાં હોત તો આ પ્રમાણે તમને નુકશાન થાત નહીં. પણ તમારાં રત્ન કરતાં પણ વધારે દુર્લભ માની લીધેલાં યાંત્રિક સાધનો અમારી પાસે મૂકી જવા જેટલો વિશ્વાસ પણ તમને ન હોવાથી, બિલાડીના બચોળિયાંની માફક તમારો અસબાબ તમે સાથે ને સાથે લેઇને નિદ્રાનું સુખ ભોગવવાને આ ગુહામાં આવ્યાં. તમને અમારો વિશ્વાસ ન આવ્યો પણ તમારી સાચી સગી નિદ્રાનો વિશ્વાસ આવ્યો તેથી કરીને જ આ પરિણામ આવ્યું છે. તેમ છતાં પણ તમે તમને થયેલા નુકશાનનો દોષ મારા દુરાગ્રહઉપર મૂકો છો એ કેવું હાંસી ભરેલું છે ?

સંસ્કારભદ્રનાં આ મર્મનાં વાક્યોનો પ્રહાર સહન નહિ થવાથી ગુસ્સે થઇ જઇને અશ્રદ્ધાબાઇ બોલી ઉઠી:—મારે મન તો મારાં યાંત્રિક સાધનો રત્ન કરતાં પણ મોંઘાં છે. તે બનાવતાં કેટલો શ્રમ મારે કરવો પડયો છે તે તમારા જેના ગમારના સમજવામાં કયાંથી આવે ? ત્યારે શું રાત્રીએ હું પણ તમારી પેઠે નકામા રાગોટા કરીને ઉજાગરા કરૂં કેમ ? હું તમારી માફક બુદ્ધિનો શત્રુ નથી, સમજ્યા કે ? સંસ્કારભદ્ર ઠંડે પેટે બોલ્યો:— તમારાં સાધનને તમે ચહાય તો પરમેશ્વર તરીકેજ પૂજો તેની હું કયાં ના કહું છું: અને જો એમજ હતું તો તમારાં રત્ન કરતાં પણ મોંઘાં અને પરમેશ્વરની સાથે પિત્રાઇ દાવો ધરાવનાર તમારાં યાંત્રિક સાધનોને મૂકીને

તમને નિદ્રાનું સુખ શી રીતે સારૂં લાગ્યું તેની મને કાંઇ પણ સમજણ પડતી નથી; અમને પરમેશ્વર પ્રિય હતા તો તેમના યજન કીર્ત્તન માટે પણ અમે નિદ્રાને જીતી શક્યા, તો તમે તમારાં રત્ન કરતાં પણ વધારે મોંઘાં સાધનોને સૂનાં મૂકીને શી રીતે ઉંધી શક્યાં? તેમ છતાં પણ જાગી શકવું એ તો શરીરની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે એ વાત હું કાંઇ ખોટી કહેતો નથી, પણ જ્યારે તમને ઉંઘ આવી જાય તેમ હતું તો તમારો અસબાબ અમો આખી રાત જાગરણ કરવાના હતા માટે અમારી પાસે મૂકીને કે સોંપીને જવામાં તમને શી હરકત હતી? પણ પોતાના અવિશ્વાસથી થયેલા નુકશાનનો દોષ બીજા ઉપર નાંખો છો અને વળી બીજાજને તાના તાવડા ઉપર ચઢાવો છો એ કોઇપણ પ્રકારે તમારા જેવી તર્કશક્તિને શોભા આપે તેમ નથી. માટે જરીક મિજાજની લુગામ હાથમાં રાખો તો સારૂં. સંસ્કારભદ્રનાં એવાં સબળ દલીલવાળાં વચનો સાંભળીને તેને યોગ્ય ઉત્તર દેવાને અશક્ત બની ગયેલી અશ્રદ્ધાબાઇ તિરસ્કાર માત્ર દર્શાવીને બોલી:—ગાડીવાનની જાતને રાતદિન લુગામ અને અછોડાથી વ્યવહાર તેથી હરઘડીએ જ લુગામ યાદ આવ્યા કરે; પણ મારે તમારા જેવા જનાવરનાં પૂછડાં આમળનારની વાતો સાંભળે પાલવે તેમ નથી. માટે ચાલો હવે મહારાજા પાસે જઇએ, અને મારાં યાંત્રિક સાધનોને માટે જો પત્તો લાગે તો શોધ કરાવીએ. સંસ્કારભદ્રે ધીમે રહીને જવાબ દીધો:— ચાલો ત્યારે, હું પણ તમને તેડવા જ આવેલો હતો.

એ પ્રમાણે વાતચિત થયા પછી સંસ્કારભદ્ર તથા અશ્રદ્ધાબાઇ તે શુન્યકારની ગુહામાંથી નીકળીને મહારાજા તથા મહારાણીની પાસે આવ્યાં. અશ્રદ્ધાએ ગંભીર અને ફિકરમંદ ચહેરે પોતાના યાંત્રિક સાધનો ચોરાઇ ગયા વિષે તથા ભાગી ગયા વિષેની સઘળી હકીકત રાજા અને રાણીને કહી; તથા કહ્યું કે એ સાધનો વિના હું તમારા આગવાતરીકેની ફરજ સહેલાઇથી બજવી શકીશ નહિ. માટે ગમે તેમ કરીને આ વનવાસીઓને મોકલીને યાંત્રિક સાધનો વિષે પત્તો લગડાવો. તેથી પેલા વનવાસીઓમાંના મુખ્ય પુરૂષોને વિજ્ઞપ્તિ કરી કે:—અમારી આગવાબાઇ અશ્રદ્ધાના અસબાબમાંથી કેટલી ચીજો ગઇ છે તેનો પ્રયત્ન કરીને પત્તો લગાડી આપો તો સારૂં; કેમકે અમારા પ્રવાસનો આધાર આ બાઇના ઉપર તથા તેમનાં સાધનો ઉપર છે અને તે સાધનો હાલ ખોવાયાં છે, તેથી અમારો પ્રવાસ આગળ ચાલવામાં અમને પૂરેપુરી અડચણ છે. તે ઉપરથી તે મુખ્ય વનવાસીઓએ કહ્યું કે:—અમે અમારામાંના કહો તેને તમારી સાથે રસ્તો

બતાવવાને માટે મોકલીએ. આ બાઇને પણ તમારી સાથે રાખો. તે વિષે કાંઇ ફિકર નથી; પરંતુ તે સાધનો તો વિકળિયા નામના ઉંદરો જેઓ શુન્યકારની ગુહામાં એવો ભંજવાડ કરે છે તેજ ઘસડી ગયા હશે. તેથી તેનો પત્તો લગાડવો ઘણો જ કઠણ પડશે. કેમકે જનાવરો એ યાંત્રિક સાધનોને ઘસડીને કયાં લેઇ ગયા હશે તેનું કાંઇ પણ પ્રમાણ નહીં. વળી તેમ છતાં પણ અમો અમારા માણસો મોકલીને તે યાંત્રિક સાધનોનો પત્તો લગાડીશું પરંતુ તે અથડાઈ કુટાઇને એવાં તો ફુટી તૂટી ગયાં હશે કે તે હવે ઉપયોગમાં આવે તેવાં રહ્યાં જ નહિ હોય.

તેથી અમે તમને આપીએ તે મનુષ્યોને લેઇને તમે આગળ પ્રવાસ ચલાવો. અમારા મંડલમાંનો આ "શાબ્દશર્મા" તમારી સાથે રહીને તમોને કહેશો તે ઠેકાણે લેઇ જશે, અને તેને રસ્તાઓની સારી માહિતી છે તેથી માર્ગમાં તમને કોઇ પણ પ્રકારની હરકત પડશે નહીં. વળી આ શાબ્દશર્મા તેના વંશપરંપરાથી ટાંપાં કરવાનું કામ કરતો આવ્યો છે, તેથી તમને માર્ગદર્શકતરીકે રૂડે પ્રકારે ઉપયોગનો થઇ પડશે. વનવાસીઓનાં આ વચનો સાંભળીને મહારાજા શ્રી બહીરથર્માએ અશ્રદ્ધાબાઇના સામું જોયું એટલે તે બાઇ પોતે જ બોલી ઉઠી કે:—હે રાજન્! તમે મારા સામું શું જુઓ છો ? આ વનવાસીઓ જે વાત કહે છે તે વાત મને તો બિલકુલ પસંદ પડતી નથી. તેમના કહેવા પ્રમાણે વર્ત્તવામાં મારી તો લેશ પણ સંમતિ નથી. એમનો શાબ્દશર્મા મારીસાથે રહેવાથી મને કે તમને કોઈપણ પ્રકારની સગવડ થવાની નથી. એ તે શું મારાં સૂક્ષ્મદર્શક, હોકાયંત્ર કે દૂરદર્શકયંત્રની જરૂર પૂરી પાડશે ? મારાં સાધનો મારે તો જોઇએ છીએ, મારે કાંઇ એમના શાબ્દશર્માની જરૂર નથી. બીજું એ શાબ્દશર્મા તો કહેશે કે અમુક માર્ગે જવું છે, પણ તેનું કારણ પૂછીએ ત્યારે તો તે બતાવવાને ના જ પાડે એવો છે; ત્યારે મારે મારાં યાંત્રિકસાધનવિના શી રીત્યે પ્રત્યક્ષ ખાતરી કરી લેવી કે તે રસ્તો સલામતી ભરેલો છે? એ શાબ્દશર્માને આપ તો આજે જુઓછો પણ અમારે અને એને તો પ્રથમ ઘણીવાર કામ પડેલું છે અને અમને તો ખાતરી થઈ છે કે તેની સાથે રહીને કામ કરવું કે તેને બતાવેલે રસ્તે થઇને પ્રવાસ કરવો એ ઘણું જ જોખમ ભરેલું છે. એને અને પેલી અંધશ્રદ્ધાબાઇને તો સારૂં બને છે, તથા પેલાં શ્રદ્ધાબાઇ જે ડહાપણનો પોકળ ડોળ ઘાલે છે તેમની સાથે પણ શાબ્દશર્માને મળતા વશેક આવે છે, પણ મારે અને એને તો પગલે પગલે તકરાર ઉભી થયા વિના રહેવાની નહીં. માટે હું તો એની સાથે

રહીને આગવાતરીકે કામ કરવાની નથી જ. જો એને સાથે રાખવો હોય તો મને અહીંથી જ રજા આપો. અને જો મને તમારે આગવાતરીકે રાખવી હોય તો એને સાથે લેવાની વાત એક કોરાણે મૂકી દો, અને મને મારાં યાંત્રિક સાધનોનો પત્તો લગડાવી આપો. તે કદી અથડાઇ અફળાઇ ભાગી ગયાં હશે અથવા તો ખંડિત થયાં હશે તો તેને સુધારી લેવાનું કામ મને આવડે છે. એ પ્રમાણે અશ્રદ્ધાબાઇનું કહેવું સાંભળીને તથા મહારાજા અહીરથવર્મને તે બાઇના વલણમાં જોઇને અતિથિની ઇચ્છાને પ્રતિકૂળ નહીં વર્ત્તવાને ઇચ્છતા તે વનવાસીઓમાંના મુખ્ય પુરૂષોએ કહ્યું કે:-હે રાજન્! આપ અમારા અતિથિ છો, તેથી આપના ઇચ્છાપ્રમાણે આપને સંતોષ આપવો એ અમારો ધર્મ છે. અતિથિને હિતનો પણ ઉપદેશ કરવો અર્થાત્ જેમાં તેનું હિત રહેલું હોય તેવો માર્ગ જો કે તેને રૂચતો ન હોય તોપણ તેને કહેવો એવો પણ ધર્મ છે; માટે આપને અમારે આપના પ્રવાસવિષે કેટલીક ચેતવણી આપવી જોઇયે, તે આપવાનું યોગ્ય સમજીને આપને કહીએ છીએ કે, એવાં સાધનોને જ અધારે આ પ્રદેશમાં મુસાફરી કરનારને ઘણા પ્રકારની અડચણો નડે છે. એવાં પ્રત્યક્ષ કહેવાતાં સાધનોથી અનુભવેલી વસ્તુઓ આ પ્રદેશમાં ખરી પડતી નથી, પણ ઉલટી ભ્રાન્તિથી પ્રવાસીઓને મહા સંકટોમાં પડવું પડ્યું છે. જેમાંનું એક સંકટ તો તમોએ આ વહેળામાં જ પ્રત્યક્ષ જોયું છે. માટે આ પ્રદેશમાં જે આગવાની જરૂર છે તે આગવો આ માર્ગનો સંપૂર્ણ અનુભવી હોવો જોઇએ, અને તેવા આગવાનું કામ કરનાર આ "શાબ્દશર્મા" નામનો બ્રાહ્મણ છે. તે સત્યવાદી અને પરમ દયાળુ સ્વભાવનો મહાપુરૂષ છે. માટે તે પોતાના અનુભવથી તેમજ પરાપૂર્વથી જાણેલા જ્ઞાનથી જેવા સુખપૂર્વક આપને આપના ગંતવ્યસ્થાને લેઇ જશે તેવા સુખપૂર્વક આ અશ્રદ્ધાબાઇ પોતાનાં દૂરદર્શકયંત્ર આદિક કૃત્રિમ સાધનોથી લેઇ જઇ શકશે નહીં. માટે હે ત્રિલોકવિજયી મહારાજા અહીરથવર્મા! આપ તો સમગ્ર બુદ્ધિચમત્કાર ભંડારરૂપ છો, તો આ વિષયમાં સહજ સ્થિરતાથી વિચાર કરશો તો અમારૂં કહેવું હિતકર છે તે આપને સહજ સમજાયા વિના રહેશે નહિ. વળી આપની સાથે આ સારથી તથા મહાદેવીશ્રી પણ છે, તેમને પણ આ વિષયમાં અભિપ્રાય લેવાનું યોગ્ય જણાય તો આપ સઉ વિચાર કરીને અહીંથી આ શાબ્દશર્માને આગવાતરીકે લઇ લ્યો. તે કાંઇપણ દ્રવ્ય વગેરે પોતાના શ્રમના બદલામાં માગતો નથી. ફકત લોકોપકારની ખાતર જ તે આ આગવાતરીકે કામ કરે છે. જ્યારથી અમે આ સ્થળે રહીએ છીએ

ત્યારથી એ પણ અહીં જ રહે છે; તે એવો સત્પુરૂષ છે કે અમો સઉ એને અમારાથી જુદો જાણતા નથી, એને આ "શાસ્ત્રારણ્ય"માંનો હરેક પુરૂષ પોતાના રૂપ જ જાણે છે, અને તેનાથી કોઈપણ પ્રકારની જુદાઇ સમજતો નથી. એના જેવો વિશ્વાસપાત્ર પુરૂષ બીજો કોઇપણ અમે તો જોયો નથી. વળી તે પુરૂષ કાંઇ એકલડોકલ જેવો પણ નથી, અને તેને અનુકૂળ વર્ત્તનારી અને ઉત્તમ પુરૂષોના વંશમાં ઉત્પન્ન થયેલી એક મીમાંસાબાઇ નામની સતી સ્ત્રી છે. જો આપને એકલો શાબ્દદેશમાં આપની સાથે આવવાથી સંતોષ ન થતો હોય તો તે બાઇ પણ પોતાના સ્વામીની સાથે આવશે. તેથી આ મહારાણીશ્રી વૃત્તિપદ્માને પણ આનંદ થશે, અને કદાપિ કાંઇપણ કારણ કે ખુલાસો અશ્રદ્ધાબાઇ એ બાઇને પૂછશે તો તેનો ખુલાસો સકારણ રીત્યે આપે એવા શાન્ત સ્વભાવવાળી અને તીવ્ર બુદ્ધિવાળી એ બાઇ છે. એવી ડાહી અને સુજ્ઞ સ્ત્રી આપના જોવામાં ભાગ્યે જ આવી હશે. વળી જો આપ અત્રેથી કોઇ ભોમિયો સાથે નહીં લ્યો તો પછી આગળ જતાં આપને કોઇ ભોમિયો જ મળવાનો નથી. કેમકે અહીંથી આગળ ચાલશો એટલે હવે 'શંકાવર્ત્ત' નામનો વિસ્તીર્ણ પ્રદેશ આવે છે. ત્યાંના નિવાસીઓમાંનો કોઇપણ મનુષ્ય આગવાનું કામ કરતો નથી. કેમકે તે દેશના વતનીઓ તો તે દેશમાંથી બહાર કદી પણ નિકળતા જ નથી. તે દેશનો મહારાજા વિભ્રમસેન એવો તો લૌકિક દ્રવ્યવાળો છે કે તે પોતાના કોષમાંથી પોતાની પ્રજાને પોતાના દેશમાં જ બેઠે બેઠે ખાય તે પ્રમાણે ખાનપાન પૂરાં પાડે છે. ટુંકામાં એ જ કે શંકાવર્ત્તનો દરેક વતની એક રાજા જેવો જ બેપરવાવાળો છે અને તેથી કોઈનું આગવાપણું કરતો નથી. એમના દેશમાં આગવાવગર જે કોઇ મુસાફર જાય છે તે પાછો તે દેશમાંથી બીજે કોઇ ઠેકાણે જઇ જ શકતો નથી, અને ત્યાંનો ત્યાં જ રહે છે. એ દેશમાં ડુંગરો, જંગલો વગેરે એવાં એવાં છે કે આગવાવિના તે દેશમાં પ્રવેશેલો માણસ કાં તો વિભ્રમસેનની રાજધાની "સંદેહનગર"માં જ પડયો રહે છે કે કાં તો પેલા પહાડ અને જંગલોમાં રઝળી રખડીને ત્યાંનાં વિકાળ પશુઓના બલિદાનરૂપે નાશ પામે છે.

આ સઘળું વર્ણન સાંભળીને ભયભીત થયેલા બહીરથવર્મરાજા બોલ્યાઃ-પછી તે મુસાફરને પોતાને ગંતવ્યસ્થાને અથવા તો પાછા પોતાને ઘેર જવાનો સંભવ જ નહીં કે?

પેલા વનવાસીઓએ જવાબ આપ્યોઃ-તે મુસાફર શંકાવર્ત્તમાં આમ તેમ રખડતો હોય તેવામાં કોઇ બીજો પ્રવાસી પોતાના આગવા સાથે

આવી ચઢે અને તે આગવાનો લાભ લેઇને તેની સાથે શંકાવર્ત્તદેશની હદ મર્યાદાની બહાર નીકળી જાય તો તે મુસાફર પાછો પોતાને ખરે રસ્તે આવી શકે છે. પણ એવું તો ભાગ્યે જ બને છે; કેમકે તમને અશ્રદ્ધાબાઇએ આ રસ્તે આણ્યા છે; અને આ માર્ગ એવો છે કે આ રસ્તે થઇને ઝાઝા પ્રવાસીઓ આવતા જતા નથી. ખરો રસ્તો તો પેલાં અમારાં આશ્રમો જણાય છે તેની પાસે પેલી તરફનો છે. પણ હવે તે રસ્તાની અને આપણી વચ્ચે તો જેમાં સંસ્કારભદ્ર ડુબતો બચી ગયો છે તે જ વહેળો પૂરા જોસથી વહે છે. માટે હવે શંકાવર્ત્ત દેશ ચીરીને જ તમારે તો પ્રવાસ કર્યા વગર છુટકો નથી. માટે આ શાબ્દશર્મા અને તેની ધર્મપત્ની મીમાંસાબાઇને સાથે રાખો તો સારૂં, પછી જેવી તમારી સરૂની ઇચ્છા.

આ પ્રમાણે તે વનવાસીઓના ચેતવણીના શબ્દો સાંભળીને રાજા બહીરથવર્માએ પોતાની રાણીનો તથા સારથીનો અભિપ્રાય જાણવાનેમાટે તેઓના સામું જોયું. એટલે મહારાણી વૃત્તિપદ્મા કે જેણે અશ્રદ્ધાબાઇની આગવાતરીકેની કુશળતા જોઇ લીધી હતી અને જેને તે બાઇના આડંબરી સ્વભાવઉપર સ્વાભાવિક રીતે અણગમો થયો હતો, તેણે પોતાના પતિને કહ્યું કેઃ—હે સ્વામિન્! જો આ વનવાસી ભલા પુરૂષો કહે છે તે પ્રમાણે હવે પછીનો માર્ગ હોય તો આપણી સાથે આપણે આ શાબ્દશર્માને તથા તેની પત્ની મીમાંસાબાઇને લેવાં એ વધારે સારૂં છે. કેમકે આ વનવાસી સુજનોના કહેવા પ્રમાણે જો આપણે શંકાવર્ત્ત દેશમાં ફસાયાં તો આપણે બહાર નીકળી શકીશું નહીં. તો પછી આપણે શ્રીસદ્ગુરૂનાથના આશ્રમે પહોંચી શકીશું નહીં. એટલુંજ નહીં પણ પાછાં આપણે આપણા ઘેર પણ જઇ શકીશું નહીં વળી મીમાંસાબાઇ સાથે હશે, તો મને પણ રસ્તામાં ગમ્મત પડશે. આ અશ્રદ્ધાબાઇનાં દૂરદર્શકયંત્ર વગેરે ખોવાયાં છે તેનો પણ તેમને હરકત પડશે નહીં, અને આગવાતરીકે એમની મદદમાં આ શાબ્દશર્મા તથા તેની ભલી સ્ત્રી ઉપયોગમાં આવશે. સાથે એક સ્ત્રી વધારે હશે તો અશ્રદ્ધાબાઇને પણ આનંદ થશે. મારો અભિપ્રાય તો એવો થાય છે કે એકથી બે ભલા. પ્રવાસમાં વિશેષ મનુષ્ય સાથે હોય તો કામનાં થઇ પડે. આ પ્રમાણે પોતાનો અભિપ્રાય દર્શાવીને રાણીએ સારથી સંસ્કારભદ્રના સામું જોયું અને બોલીઃ—કેમ વત્સ સંસ્કારભદ્ર! તમારો અભિપ્રાય આ બાબતમાં શો થાય છે? કેમકે અમારે તો રથમાં બેશી રહેવાનું છે, અને રથ ખેડવાનું તમારે છે; અમારા આગવા તો તમે છો. અને તમારે વિશેષે કરીને આગવાની સહાયતાથી રથને પ્રવાસમાં હાંકવાનો છે.

મહારાણીનાં આ વાક્યો સાંભળીને સંસ્કારભદ્ર નમ્રતાથી રાજા તથા રાણી આગળ બોલ્યો:–હે માતા પિતા! મારો અભિપ્રાય પણ મહાદેવી-શ્રીના અભિપ્રાયને મળતો છે. કેમકે આ અશ્રદ્ધાબાઇને પ્રથમ તો પોતાનાં યત્નો વગેરે સાજાં કરતાં કેટલીક વાર લાગશે, તેથી અહીં માર્ગમાં ને માર્ગમાં નકામો વખત ગુમાવવાનું થશે. વળી એમનાં યંત્રોની મદદથી આપણને પ્રવાસમાં શી વિશેષ અનુકૂળતા મળવાની તે પણ હું હજુ લગી સમજી શક્યો નથી. કેમકે માર્ગનો સ્વતઃ અનુભવ અશ્રદ્ધાબાઇને ન હોવાથી તેમનાં યાંત્રિકસાધનો અનુકૂળતાને બદલે આપણને વિટંબણામાં નાંખે છે, એ તો આપણે પ્રત્યક્ષ જોયું છે. માટે આપણે માર્ગનો ખાસ ભોમિયો હોય તેવો કોઇ માણસ આપણી સાથે લેવો: અને યાંત્રિક સાધનોની જરૂર હશે તેવાં સાધનોવડે મદદ કરનાર અશ્રદ્ધાબાઇ તો આપણી સાથે જ છે.

આ સઘળી ચર્ચા અશ્રદ્ધાબાઇ પોતાના ક્રોધ! પોતાના મનમાં દાબી રાખીને દાંત વચ્ચે પોતાના હોઠને પકડી સાંભળતી. તેની લાગણી ન દુઃખાય તેટલામાટે બહીરથવર્મા સભ્યતાથી બોલ્યા:—આપણે તો બધાએ આ બાબતનો વિચાર કરીને પોતપોતાના અભિપ્રાય બાંધ્યા, પણ પ્રથમ જેણે આપણા આગવાનતરીકે કામ કરવાનું માથે લીધેલું છે, તે અશ્રદ્ધાબા-ઇનો પણ આ બાબતમાં આપણે અભિપ્રાય લેવો જોઇએ. કેમકે જેણે આપણને અહીં લગી આણ્યા છે, તે બાઇનો અભિપ્રાય લેઇને વર્તવાને માટે આપણે સભ્યતા અને ઉપકારથી બંધાયેલા છીએ.

અશ્રદ્ધાબાઇ જે પોતાનો બોલવાનો લાગ ખોળતી હતી, તેને હવે તે લાગ મળવાથી કાંઇક ગુમાન અને મરડવાળા સભ્યતાથી બોલી:–એકલી સભ્યતા અને ઉપકારથી જ નહીં, પણ પ્રથમના કરારથી પણ આપ બંધા-યલા છો. સભ્યતા અને ઉપકાર સમજવા રૂડી મતિ આપમાં જ છે; બાકી આ સંસ્કારભદ્ર જેવા હલકા મનુષ્ય તો સભ્યતા અને ઉપકાર શું તે પણ ભાગ્યેજ જાણે છે. મારા ઉપર પૂર્ણ ભરોંસો રાખવો અને મારી સુચના પ્રમાણે તમારે સહુએ વર્તવું એવો કરાર પ્રથમથી જ આપણી વચ્ચે થયેલો છે; અને એ કરાર થયો છે ત્યારે જ મેં તમારા આગવાપણાનું કામ સ્વીકાર્યું છે. નિકર એ કામ હું માથે લેત જ નહિં.

પોતે કરેલા કરારના વચન પ્રમાણે વર્ત્તવાની વૃત્તિવાળા મહારાજા બહીરથ બોલ્યા:—અશ્રદ્ધાબાઇ! તેથી જ અમે તમારો અભિપ્રાય જાણ્યા વિના પગલું પણ ભરવા માગતા નથી. જો તમારો મત હોય તો આપણે આ શાબ્દગ્રામમાં તથા મીમાંસાબાઇને પણ આપણી સાથે લેઇએ. આ પ્રદે-

ગના ખાસ ભોમિયાતરીકે એ બંને સ્ત્રીપુરૂષ આપણને ઉપયોગી થઇ પડે તેમ આ વનવાસીઓના કેહેવાથી જણાય છે, અને અમારા આખા પ્રવાસના મુખ્ય આગવાનતરીકે તો તમે પોતે જ છો. એટલે આપણને કોઇ પ્રકારે અડચણ પડવાની નથી. પરંતુ તમારો અભિપ્રાય જાણ્યાવિના અમે એક પગલું આગળ મુકવાના નથી. તો તમારો ખરેખરો અભિપ્રાય કહો; એટલે આપણે એક નિર્ણયઉપર આવી શકીએ."

સંસ્કારમદ્ર કે જેને અશ્રદ્ધાબાઇના જાનાડઅરનો વારંવાર હવે કંટાળો આવતો હતો, અને જેનો સ્વભાવ બટકબોલો હતો, તે બોલી ઉઠયોઃ— મેં અનેકવાર જોયું છે કે જે માણસો ખરા કામ કરનાર હોય છે, તે માણસો પોતાની અથવા પોતાના અભિપ્રાયની ઘણી મોટાઇ કરતા નથી. તેઓને પોતાના જ્ઞાનનો આડંબર હોતો નથી; અને જેઓ બીજાઓની સાથે રહીને કામ કરવાને ના પાડે છે, તેઓની પોતાની હોંશિયારીમાં પોલ હોય છે, પણ હોંશિયાર માણસો કે જેઓ પોતાના કામમાં પુરતી કુશળતા ધરાવનાર હોય છે તેઓ તો બીજાઓની સાથે રહીને કામ કરવામાં કોઇપણ પ્રકારની હિણપત ધરાવતાં જ નથી. તેઓ બીજા માણસોઉપર અદેખાઇની નજરે કદીપણ જોતાં નથી. અદેખાઇ એ તો પહોંચવગરના માણસોની જ સાથે દોસ્તી રાખે છે.

સંસ્કારમદ્રના આ શબ્દો સાંભળીને ખણુસાયલી અશ્રદ્ધાબાઈ બોલીઃ—હે રાજન્! આ સંસ્કારભદ્રના શબ્દો મારાઉપર કટાક્ષરૂપ છે એ હું સારી પેઠે સમજું છું, અને તેનો શો ઉત્તર દેવો તે પણ સમજું છું, પણ જ્યારે આપ મહારાજશ્રી જેવા સમજુ પુરૂષ મારી દલીલોને સાંભળનાર હોય ત્યારે એક ગાડીત જેવા હલકા માણસની સાથે બોલાબોલ કરવી એ હું ઠીક સમજતી નથી. પરંતુ એક સામાન્ય વાત તરીકે મારે કહેવું જોઇયે કે જે માણસો કામ કરવામાં જેની તેની સાથે ભાગમાં ઉતરે છે તે માણસને પોતાની કીર્તિની કાંઇ કિંમત હોતી નથી. જેની સાથે રહીને આપણે કામ કરવાનું હોય, તે માણસ કેવું છે તેનો વિચાર દરેક સારા માણસે કરવો જોઇયે, કેમકે પોતાનો જોડીદાર કામ કરનાર કુશળ ન હોય તો તે જોડીદારની અકુશળતાથી થયેલા નુકશાનનેમાટે પણ આપણી કુશળતા છતાં પણ આપણને અપજશ મળે છે, અને મોટા માણસોનું ખરૂં ધન તો તેમની કીર્તિ જ છે; માટે હું પણ જે કામ માથે લેઉં તે મારી મેળે એકલી જ પાર પાડવાનું રાંખુ છું. અને તેમાં હું બીજાનું ડહાપણ ભેળવવા માગતી નથી. તોપણ જો તમારી સઉની મરજી હોય તો શાબ્દશર્માને અને તેની સ્ત્રી

મિમાંસાને સાથે રાખો. જ્યાંલગી મારી કુશળતાને બટ્ટો નહિ લાગે ત્યાંલગી હું તેમની સાથે રહીને આગવાતરીકે કામ કરીશ, પણ જ્યારે મારી હોંશીયારીને લાંછન લાગવા જેવો વખત આવશે ત્યારે તો લાચારીથી કાં તો મારે આપની આંખ્યો ઉઘાડવી પડશે અને એ લોકોને વિદાય કરવાની ફરજ પાડવી પડશે અથવા તો મારે પોતે જ તમારું આગવાપણું છોડી દઇને મારે રસ્તે પડવુ પડશે. પરંતુ હાજી હાજી કરવાનો મારો સ્વભાવ નથી. માટે તેમ કરીને હું મારી દૃઢતાને શિથિલ કરીને તમારી જોડે રહેવાની નથી. હે બુદ્ધિમાન્ રાજેન્દ્ર! આપની આગળ "મીમાંસાબાઇ" નું નામ દેવામાં આવ્યું તેને આપ કાંઇ ઓળખતાં નથી, પણ એ મારી ઓરમાઇ બ્હેન થાય. મારા પિતા તર્કશર્માને વિહિતાનામની મારી ઓરમાઇ મારીથી મીમાંસાબાઇ નામની પુત્રી ઉત્પન્ન થઇ હતી. નાનપણથી જ તેનો સ્વભાવ હા જી હા જી કરવાનો પડી ગયો છે; અને તેથી જ તે પોતાના પતિ "શાબ્દશર્મા" ની મરજી એક ગુલામડીની પેઠે જાળવે છે. તેનામાં પોતાનામાં તો બુદ્ધિ નથી એમ નહિ, તોપણ તે પોતાની બુદ્ધિનો દુરૂપયોગ, પોતાના ધણીની ગાંડી ગાંડી આજ્ઞાઓ પણ ડહાપણ ભરેલી છે એમ પ્રતિપાદન કરવામાં કરે છે. એમ કરવાથી કાંઇ તેનો ધણી વધારે ડાહ્યો હોય એમ હું કે મારા જેવાં બીજાં મનુષ્યો માનતાં નથી પણ ઉલટું એ 'મીમાંસાબાઇ'ને જ અમે તો કાંઇ મતિમાં વિભ્રમ થયેલ સમજીએ છીએ. 'શ્રદ્ધાબાઇ' ને અને એને બહુ સારૂં સદીપણું છે. તેમ 'અંધશ્રદ્ધાબાઇ' પણ તેની સાથે સારો સંબંધ ધરાવે છે. પણ મારે અને એને જે સંબંધ છે તે રીતસર જ છે. મારે અને એને મતભેદ થતાં વાર લાગતી નથી; મારે જોવું છું કે મારે અને એને આ તમારૂં આગવાપણું કરવામાં કયાં લગી એક મત રહે છે!! જો મારો અને એનો એક મત રહે તો ત્યાંલગી તો કાંઇ પણ હરકત નથી. વળી તે સાથે હશે તો મને કાંઇક વધારે ફાવશે, બાકી એકલા 'શાબ્દશર્મા'ની સાથે તો મારે એક ક્ષણ પણ ઉભે રહ્યે બને નહીં. તેનું કારણ એજ કે 'શાબ્દશર્મા' પોતાનો અભિપ્રાય બતાવે, ત્યારે હું મારા સ્વભાવ પ્રમાણે કારણ પૂછ્યા વગર રહું જ નહીં; અને તે કારણ જો મીમાંસાબાઇ પાસે હોય તો મને કહે. પણ 'શાબ્દશર્મા' તો પોતાના અભિપ્રાયનાં કારણો આપ્યા વિના એક મોટા ચક્રવર્તી હોય એવો હુકમ જ કર્યા કરે; આથી મારે અને તેને તો બિલકુલ બનતું નથી. પણ જ્યારે એવી ચર્ચામાં મારો અને 'શાબ્દશર્મા'નો મત જુદો પડે ત્યારે, મીમાંસાબાઇ પોતાના ધણીનો પક્ષ કરીને તેના મતમાં મળી જાય, તેથી તે બાઇ મારી બહેન છતાં પણ

મારે તેનાથી છુટા પડવું પડે છે. આ પ્રમાણે મેં મારે જે કહેવું જોઇએ તે કહી દીધું છે; હવે જો તમારી સઉની મરજી એ ધણીધણીઆણીને સાથે રાખવાની ઇચ્છા હોય તો રાખો, હું કાંઇ એવી નિર્બલ નથી કે બીજા-ઓની અદેખાઇ કરૂં. પણ જ્યારે મારા આગવાનરીકેના કિસબને બટ્ટો લાગવા જેવી વખત આવે ત્યારે તો મારે મારી પોતાની ફરજ બજા-વવી પડે જ.

આટલી વાતચીત થયા પછી સર્વાનુમતે એવો ઠરાવ થયો કે શાબ્દ-શર્માને તથા **મી**માંસાબાઇને સાથે લેવાં. ત્યારપછી પેલા વનવાસીઓએ પોતામાંથી એક જણને પેલા **શા**બ્દશર્માને તથા **મી**માંસાબાઇને બોલાવવા મોકલ્યો. તે બંને જણ પોતાના સાદા અને વનવાસી જેવા પોશાકમાં આવ્યાં. ત્યારે પેલા વનવાસીઓએ તે દંપતીને કહ્યું કે–તમે આ મહારાજા બહીરથવર્માની સાથે જઇને તેમને શ્રીસદ્‌ગુરૂનાથના પવિત્ર આશ્રમે પહોચાડી આવો. આ પ્રદેશમાં તમારા જેવા કુશળ ભોમિયાની જરૂર છે. આ મહા-રાજા તથા મહારાણી આપણાં અતિથિ છે, તેમને સર્વ પ્રકારે અનુકૂળતા કરી આપવી એ આપણું કર્ત્તવ્ય છે. એમની સાથે આ **અ**શ્રદ્ધાબાઇ પણ આગવાતરીકે પ્રથમથી જ આવેલાં છે, પણ **શં**કાવર્તમાં થઇને પ્રવાસ કરવાનો હોવાથી તમે બંને સ્ત્રી પુરૂષ માહારાજશ્રીની સાથે હો તો જ ફાવે તેમ છે. નિકર આપણા અતિથિઓને અડચણ પડે તો આપણા ગૃહસ્થાશ્રમને દોષ લાગે. માટે તમો તેમને કુશળ રીત્યે પ્રવાસ કરાવો.

પ્રકરણ ૬ ઠું.

વનવાસીઓ પાસેથી વિદાયગિરી.

રાજારાણીના પ્રવાસમાં તેમના આગવાનરીકે કામ કરવાની તથા તેમને સાચવીને ગંતવ્યસ્થાને લેઇ જવાની પેલા ભલા વનવાસીઓએ **શાબ્દશર્મા** તથા તેની પત્ની **મીમાંસાબાઇને** જે ભલામણ કરી તે સાંભળીને **શાબ્દશર્મા** બોલ્યો:—આટલા દિવસથી આપણા અતિથિઓને સાથે રહીને તેમને જવાને ઠેકાણે પહોચાડવાનું કામ હું કરૂં છું, તેમાં કોઈ પણ અતિથિને મારા આગવાપણા નીચે કોઇ પણ પ્રકારની વિપત્તિ પડી નથી એ આપના સર્વના જાણવામાં છે. મારા બતાવેલા રસ્તા વખતે ઘણા લાંબા અથવા વિકટ હોય છે તથાપિ તેમાં મારી સૂચના પ્રમાણે જે પ્રવાસીજનો પોતાનો પ્રવાસ કરે છે તેઓને ફક્ત માર્ગનાશ્રમ ઉપરાંત બીજી કોઈ પણ આપત્તિ સહન કરવી પડતી નથી. પણ જેઓ મારી સૂચનાઓ ઉપર ધ્યાન આપતા નથી અને અવિશ્વાસ અથવા તો મિથ્યા જીજ્ઞાસાથી મને છોડીને આડા અવળા પોતાના પ્રવાસમાં ભટકે છે તેઓને કોઇ કોઇ વાર ઘણાં ભયકર સંકટ વેઠવાં પડે છે. તોપણ મારો અવાજ તેમનાથી સંભળાય અને તેમનો અવાજ મારાથી સંભળાય એટલે છેટે જ તેઓ આડા અવળા અથવા આગળ પાછળ હોય છે, તો હું તેમને સંપૂર્ણ પ્રયાસ કરીને તેમના ઉપર પડેલી આપત્તિમાંથી તેમને છોડવી શકું છું. પણ અમે એક બીજાનો અવાજ સાંભળી શકીએ નહિ એટલું બધું જો છેટું પડી ગયું હોય છે તો હું તેઓને કાંઇ પણ મદદ કરી શકતો નથી. માટે આપણા આ અતિથિઓને હું આપના સર્વના સમક્ષ જ કહી રાખું છું કે તેઓએ પ્રવાસમાં મારી પાસે ને પાસે ચાલ્યા કરવું અને કોઇ પણ કારણથી મારાથી વધારે છેટે જવું નહિ. આ મારી ધર્મપત્નીનો અવાજ મારા કરતાં વધારે દૂર લગી સાંભળી શકાય છે, કેમકે સ્ત્રીઓના અવાજ સ્વાભાવિક રીત્યે જ પુરૂષોના અવાજ કરતાં વધારે તીણા હોય છે. તે આ પ્રવાસમાં મારી સાથેજ મને સહાયરૂપ થવાને આવે છે, એટલે આપણા અતિથિરૂપ આ રાજારાણીના પ્રવાસમાં વધારે સગવડ પડશે.

અશ્રદ્ધાબાઇ પ્રથમથી આગવા તરીકે આમની સાથે આવ્યાં છે, તે મારાં ઓરમાઇ સાળી થાય, તેથી અમારો અને એમનો સંબંધ થાય.

હું પુરૂષ રહ્યો એટલે મારે અને એમને વધારે ખુલાસાથી વાતચિત કરવાનો રિવાજ આપણી આર્યનીતિને અનુસરીને હું રાખતો નથી. એ બાઇ જરીક વધારે બોલકાં છે, તેથી તેમને જરીક મારો સ્વભાવ અતડા જેવો લાગે છે. તેથી અમારે બંનેને જ આજે આગવાતરીકે કામ કરવામાં સંઘાત થયો હોત તો **અશ્રદ્ધાબાઇને** રસ્તામાં ગોઠત નહિ. પણ મારી સાથે તેમની બહેન પણ આજે આવવાની છે. એટલે એ બંને બહેનોને હમેશની રીત પ્રમાણે વાતચિત કરવાથી ઠીક ગમ્મત પડશે. પરંતુ આ મહારાજા તથા રાણીજીએ એક વાત બહુ ધ્યાનમાં રાખવાની છે કે એ બે બહેનો વાર્તાવિનોદ કરતાં મતભેદમાં પડીને ટપાટપી ઉપર આવી એક બીજા સાથે ચડભડી પડે છે; આ પ્રમાણે થાય છે ત્યારે **અશ્રદ્ધાબાઈ** ઉમ્મરે મારી ધર્મપત્ની કરતાં મોટાં હોવાથી પોતાનો વડીલપણાનો હક બજાવવા જાય છે અને પોતાના મતપ્રમાણે પ્રવાસીઓને દોરવા માગે છે. પણ તેમને તો **શ્રીસ**દ્‌ગુરૂનાથના આશ્રમના રસ્તાની કાંઇ પણ માહિતી નથી. અને અનુભવની બાબતમાં તો અનુભવનું વડીલપણું જ કામમાં આવે છે, કાંઇ ઉમ્મરનું વડીલપણું કામનું નથી. તેથી જે પ્રવાસીઓ એ બાઇના ઉમ્મરના વડીલપણા ઉપર આધાર રાખીને દોરાય છે. તેઓ ઘણી એક આપત્તિયોમાં ફસાય છે, અને કોઇ કોઇ વાર તો ઘણાએ પ્રવાસીઓ એ રીત્યે વિનાશને પામ્યા છે. માટે આ રાજાજી તથા તેમનાં રાણીને આ સંબંધી ચેતવણી હું પહેલેથી આપના સર્વના દેખતાં આપું છું કે પાછળથી આપનો સઉનો મારે ઠપકો સહન કરવો પડે નહિ. અને લોકોમાં મારો વિશ્વાસ ઉઠી જાય નહિ.

શાબ્દશર્મા આ પ્રમાણે આગળથી ચેતવણી આપતો હતો તે વખતે **અશ્રદ્ધાબાઇ** દાતણ કરી ઉલ ઉતારતી હતી, તેથી તે **શાબ્દશર્મા**નાં બધાં વચનો સાંભળતી હતી, તો પણ કાંઇ બોલી નહિ તેથી **શાબ્દશર્મા**એ પોતાની સૂચનાઓ આપવાનું કામ આગળ ચલાવ્યું.

શાબ્દશર્મા બોલ્યો:—વળી એ બાઇ પાસે કેટલાંક યાંત્રિક સાધનો વગેરે છે. તેથી કેટલીક પ્રત્યક્ષ બાબતો અને ચીજોનો નિર્ણય બહુ સારી રીતે થાય છે. તેથી પ્રત્યક્ષ જોવાઉપર હદઉપરાંત ભરોંસો રાખનાર કેટલાક પ્રવાસીઓ મોહ પામીને એ બાઇએ જે બાબતો પ્રત્યક્ષ જોએલી નથી, તેમ જ બીજાઓથી જાણી પણ નથી, અથવા બીજાઓથી જાણવા છતાં પણ પોતાના અણુવિશ્વાસી સ્વભાવથી ખરી માની નથી, તેવી બાબતો વિષે પણ એ બાઇ જે અભિપ્રાય જણાવે છે તે અભિપ્રાયને ખરા માનીને તે પ્રમાણે વર્ત્તવામાં મોટામાં મોટી ભૂલ કરે છે. ખરૂં જોતાં તો એ

સાધનો અશ્રદ્ધાબાઇયે પોતે ઉત્પન્ન કરેલાં સાધનો નથી, તેમજ તે સાધનોનો વાસ્તવ ઉપયોગ કરવાની શક્તિ પણ તેમને વારસામાં ઉતરી આવેલી નથી, તેથી તે બરોબર વાપરી જાણતાં નથી, તેમજ એ સાધનોનું બળ કેટલું છે. તે પણ તે જાણતાં નથી.”

આ વખતે રાજાએ અને રાણીએ જીજ્ઞાસાથી **શાબ્દશર્માને** પૂછયું:— જે સાધનો ઉપર **અશ્રદ્ધાબાઇ** આટલાં બધાં ઝુઝે છે તે સાધનો શું તેમનાં પોતાનાં નથી ? ત્યારે એ યાંત્રિક સાધનો તેમની પાસે કેવી રીત્યે આવ્યાં હશે ?

શાબ્દશર્મા પ્રથમના જેટલી ગંભીરતાથી બોલ્યો:—એ વિષેનો વૃત્તાન્ત હું જાણું છું. તે આપને કહું છું તે સાંભળો. તે સાધનોનાં બનાવનાર તો મારી ધર્મપત્નીની માનાં મા **અનુમિતિબાઇ** હતાં. તેમણે પોતાના વિદ્વાન્ પતિ **સંભવમિશ્રની** સાથે રહીને એ યાન્ત્રિક સાધનોનો શોધ કર્યો હતો, તથા એ સાધનો પોતાના શોધને અનુસાર બનાવી રાખ્યાં હતાં. મારાં સાસુનાં માતાપિતા **અનુમિતિબાઇ** અને **સંભવમિશ્ર** બન્ને બહુ દયાળુ હૃદયનાં અને પરોપકારપરાયણ હતાં. લોકોના સુખને માટે તેમણે લૌકિક અને પારમાર્થિક બાબતમાં ઉપયોગમાં આવે તેવાં અનેક શાસ્ત્રો અને સાધનો રચ્યાં છે. **સંભવમિશ્ર** તો પુરૂપ હોવાથી બહુ ચોકસ અંતઃકરણવાળા તથા અગમ બુદ્ધિવાળા છે. પણ **અનુમિતિબાઇ** પોતાના સ્ત્રી સ્વભાવ પ્રમાણે અત્યંત દયાળુ હૃદયનાં હોવાથી કોઇપાર પોતાની દયાનો અવળો ઉપયોગ પણ કરી દે તેવાં છે. વળી જ્યારે **સંભવમિશ્ર** તથા તે **અનુમિતિબાઇનો** થોડોક સમય પણ કોઈ કારણસર વિયોગ થાય છે ત્યારે તો **અનુમિતિબાઇ** તે વિયોગની વ્યાકુળતામાં એટલાં બધાં વિકળ થઇ જાય છે કે તે ગાંડાં જ બની જાય છે, એ વિરહ દશામાં તેમને કશું પણ ભાન રહેતું નથી. **અશ્રદ્ધાબાઇને** જે કાંઇ પ્રત્યક્ષ ન જણાઇ શકે તેવી બાબતોનું અસ્તિત્વ માલમ પડે નહિ એવો એક પ્રકારનો રોગ જન્મથી છે. દાખલા તરીકે જળનું પ્રત્યેક નાનામાં નાનું બિંદુ પણ જીવથી ભર્યું છે એમ અમે સઉ કોઇ જાણીએ છીએ પણ **અશ્રદ્ધાબાઇને** એ બાબતની કાંઇ પણ ખબર પડતી જ નહોતી. ત્યારે મારાં વડાં સાસુ **અનુમિતિબાઇયે** પોતે શોધી કાઢેલા સૂક્ષ્મદર્શકયંત્રથી **અશ્રદ્ધાબાઇને** તે પ્રત્યક્ષ દેખાડી આપ્યું. એ જ પ્રમાણે વિવિધ યંત્રોથી અને યુક્તિયોથી ઘણીએક **અપ્રત્યક્ષ** બાબતોને પ્રત્યક્ષ કરી આપી **અશ્રદ્ધાબાઇને** સુખ અને સંતોષ આપવાનું કામ **અનુમિતિબાઇએ** દયાની ખાતર આરમ્ભ્યાંનાં સંબંધનો વિચાર

કોરાણે મૂકીને કર્યું. આ **અશ્રદ્ધાબાઇનું** મન તેથી કાંઇ જાતનું સમાધાન પામ્યું નહિ. પણ તેનું ધ્યાન એ યાન્ત્રિક સાધનો ઉપર ચોંટયું. કોઇ પણ રીતે તે સાધનો પોતાના કબજામાં આવે તો સારૂં એમ તેને રાત્રીદિવસ થવા લાગ્યું. એકવાર **સંભર્વામિશ્ર** પ્રવાસે ગયાથી **અનુમિતિબાઇ** ગાંડાં જેવાં થઇ ગયાં હતાં તે વખતે તેણે તેમની પાસેથી એ યાન્ત્રિક સાધનો બક્ષીસ તરીકે માગી લીધાં, મારી ધર્મપત્ની તેમ જ મારાં સાસુને કાંઇ એવાં સાધનોની ખોટ પડે તેમ ન હોવાથી તેમણે પોતાનો વારસો ખોવાયા વિષે કાંઇપણ હાયવરાલ કરી નહિ. તેઓની પાસે યોગજન્ય સાધનો બીજાં અતિ ઉચ્ચ પ્રકારનાં છે તેથી તેમને એવાં યાન્ત્રિક સાધનોવિના કોઈ પણ પ્રકારની અડચણ પડતી નથી. પણ **અશ્રદ્ધાબાઇને** પોતાને તો એ સાધનો ફક્ત લોકોને મોહમાં નાંખવાના કામમાં જ આવે છે; પરંતુ **અશ્રદ્ધાબાઇનો** પોતાનો અસંતોષ તો હમેશને માટે કાયમનો કાયમ રહેલો છે. એ યાન્ત્રિક સાધનોથી પણ જાણી ન શકાય એવી વધારે સૂક્ષ્મ અથવા ઝીણી બાબતો તેને જોવીને તેની અજ્ઞાન જ રહે છે, તેથી તેવી ઝીણી બાબતોને તો તે જાણી કે સર્વ માની શકતી નથી. તેમ છતાં પણ તે પોતાને મળેલાં યાન્ત્રિક સાધનને સંપૂર્ણ પ્રકારે અને સર્વ કરતાં સમર્થ માની બેઠી છે. તો આવાં યાન્ત્રિક સાધનોનો ખરો ઉપયોગ જાણ્યા વિના તે સાધનોને આધારે **અશ્રદ્ધાબાઈ** જે કહે તેથી અમે કરેલી સૂચનાઓનો અનાદર કરવો નહિ એ અમારી ખાસ ભલામણ છે, તે આપ પ્રવાસમાં સર્વ પ્રકારે અને સર્વ સમયે ધ્યાનમાં રાખશો.

બધા વનવાસીઓ જેઓ ત્યાં હાજર હતા તેઓએ એકે અવાજે સાક્ષી આપી કે:—આ બધી હકીકતો અમે સઉ પણ જાણીએ છીએ. આથી આ હકીકતના સંબંધમાં તો **શાબ્દશર્માની** સામે **અશ્રદ્ધાબાઇ** કાંઇ બોલી શકી નહિ. પણ હરેક રીતે આ વખતે પોતાની મહત્તા દર્શાવવાને કાંઇ પણ બોલવું જોઇએ એવા વિચારથી પોતાનું માથું ઉંચું રાખવાને અને **શાબ્દશર્માને** કાંઇક ખટ્ટ પાડવાને તે બાઇ બોલી:— **શાબ્દશર્મા** ! તમે બનેવી છો એટલે ગમે તેમ તમે મારી હાંસિ કરો તે વાત એક જૂદીજ છે. પણ પોતાની બીજી દીકરી તથા પોતાની દીકરીની દીકરી આ **મીમાંસાબાઇ** હયાત છતાં પણ મને એકલીને પોતાનાં પ્રિય યાંત્રિક સાધનો હું ઓરમાઇ સગાઇ વાળી છતાં આપેલાં તે કાંઇ મારી ચડિયાતી યોગ્યતા જોયાવિના આપ્યાં હશે? આ પ્રશ્નનો વિચાર કરવા જેટલી શક્તિ તો તમને બધા વનવાસીઓને કદી ન હોય પણ આ મહારાજા

બહીરથવર્મા અને મહારાણી વૃત્તિપદ્માને તો છે જ. વળી મારી પાસેનાં યાંત્રિક સાધનોની શક્તિ અને તેનો ખરો ઉપયોગ હું સમજતી નથી એમ કહેવાની તમે અહીં હિમત બીડી, પણ એ વાત સાબીત કરવાનું તમારી પાસે કાંઇ પણ સાધન હાલ છે?

શાબ્દશર્માએ કહ્યુંઃ—આ પ્રવાસી મહારાજાને પોતાનો પ્રવાસ હાલ શરૂ કરવો છે, એટલે આ બાબતની લાંબી નકામી તકરાર કરીને હું સમય ગાળવો યોગ્ય ધારતો નથી.

મીમાંસાબાઇ બોલીઃ—બાકી હજુ આપણાં માતામહી અનુમતિબાઇ હયાત છે. તેમને જ અહીં બોલાવી લાવત એટલે તરત જ માલમ પડત કે તમે તે યાંત્રિક સાધનો વગેરેનો ઉપયોગ અને શક્તિ બરાબર સમજો છો કે નહિ.

અશ્રદ્ધાબાઇ ગંભીરતાનો ડોળ કરીને બોલીઃ—હું પણ આ પ્રવાસીઓના પ્રવાસમાં વિલંબ થાય નહિ એટલા જ હેતુથી નકામી તકરાર લંબાવા માગતી નથી. મારા સાધનોનો ઉપયોગ બરોબર જાણું છું કે નહિ તે હું પ્રસંગ આવ્યે તમને સઉને બતાવી આપીશ.

સંસ્કારભદ્ર કે જેણે આ વાતની દરમિયાન પોતાના ઘોડા જોડીને રથ સજ્જ કર્યો હતો અને જે પોતાનાં પૂજ્ય રાજારાણીને રથમાં બિરાજવાને વિનંતી કરતો હતો તે અશ્રદ્ધાબાઇનું છેવટનું બોલવાનું સાંભળીને સહજ ખડખડાટ થાય તેમ હસ્યો. કેમકે સંસ્કારભદ્રને તો અશ્રદ્ધાબાઈ પોતાનાં સાધનોનો ઉપયોગ તથા શક્તિ કેવી સારી રીત્યે સમજે છે તેનો પાકે પાકો અનુભવ થયો હતો. રાજા અને રાણી તથા સંસ્કારભદ્ર પેલા વનવાસીઓનો અત્યંત ઉપકાર માનીને ખરેખરા આભારી અંતઃકરણપૂર્વક વિદાયગિરી માનવા લાગ્યાં. તે વનવાસીઓએ પણ અત્યંત સ્નેહથી તેમને શંકાવર્ત્તની મુસાફરીમાં કેવી રીત્યે સાવધતા વગેરે રાખવાં અને કેમ વર્ત્તવું તે સંબંધી સૂચનાઓ ફરી ફરીથી કરી; સંસ્કારભદ્રને તેઓએ ફરીને ભલામણ કરી કે રાજા રાણીનો રથ સાચવીને હોંશીઆરીથી રસ્તામાં હાકજે; શાબ્દશર્માને પણ તેઓએ વારંવાર તે પ્રવાસીઓ માટે ઘણી કાળજી સાથે સાવધાનતાથી કંઇપણ અડચણ નડે નહિ તેમ મુસાફરી કરવાને ભલામણ કરી; તથા મીમાંસાબાઇને તેઓએ મહારાણી વૃત્તિપદ્માની સંભાળ રાખવાની તથા તેમને સર્વ પ્રકારે આનંદ પમાડવાની ભલામણ કરી. છેવટે જ્યારે તે વનવાસીઓની આજ્ઞા માગીને રાજા તથા રાણી આભારની લાગણીથી સજળ નેત્રે પોતાના રથમાં બેઠાં ત્યારે તે સઉ વનવાસીઓએ

વિવિધ પ્રકારનાં ફળ, ઔષધીઓ, અને ચમત્કારિક ગુણ ધરાવનાર ખનીજ પદાર્થોની ભેટોથી તે રથ ભરી કાઢયો. તેઓ પોતપોતાની ભેટો રથમાં રાજા આગળ મૂકતાં મૂકતાં તે તે પદાર્થોના ગુણો રાજાને કહેતા જતા હતા. આ સઘળી ઉપહારની ચીજોનું વર્ણન અત્ર કરવા બેશીએ તો ઘણો જ વિસ્તાર થઇ જાય. પરંતુ પેલા વનવાસીઓના ચાર વૃદ્ધ મુખ્ય પુરૂષોએ જે ભેટો આપી તેનું વર્ણન કરવાને તો આપણે થોભવું જ જોઇયે. તે ભેટો અસાધારણ પ્રકારની હતી, અને તે પોતાના અતિથિની રાજપદવીને યોગ્ય હતી.

ઋઙગવરે આયુષ્કરી નામની અલૌકિક ગુણવાળી એક દિવ્ય ઔષધી તે રાજા રાણીને આપી, અને બોલ્યોઃ—હે રાજેન્દ્ર જ્યારે કોઇ પણ ઔષધથી કોઇ પણ પ્રકારનો વ્યાધિ નિવૃત્ત થતો નથી ત્યારે આ ઔષધીથી તે વ્યાધિ શમે છે. વળી જે ઘા કોઇપણ ઓસડથી રૂઝાતો નથી તે ઘા આ ઔષધીથી અદ્‌ભુતરીત્યે સારો થઇ જાય છે. આપને શંકાવર્તના વિકટ પ્રદેશમાં થઇ પ્રવાસ કરવાનો છે તેથી કોઇવાર જરૂર પડયે આ ઔષધી ઉપયોગની થઇ પડે માટે, તેમ જ આપને આપણા મેળાપનું સ્મરણ રહે તેટલા માટે આપુંછું. પરમાત્મા આપને કોઇ પણ ઔષધીની જરૂર ન પાડે એવા આશીર્વાદ સાથે આ ઔષધી આપું છું; છતાં ઇશ્વરના કોઇ અચિન્ત્ય શુભહેતુથી આ ઔષધની સહાયતા લેવાની જરૂર પડે તો ઔષધી અમોઘ સત્યવાળી છે, એ વાર્તા હમેશ આપ સ્મરણમાં રાખશો. ઇન્દ્રાદિક દેવોપણ આ ઔષધીને નિરંતર વખાણે છે. માટે આને અતિ દુર્લભ ગણીને સાચવીને સાથે રાખશો, અને તેને આપણા સ્નેહના સંભારણા તરીકે ગણુશો. હે રાજન્! મહારાણી સાથે આપનો પ્રવાસ કુશલ અને સફલ થાવ.

એ પ્રમાણે ઋઙગવરનું બોલવું પૂરૂં થયા પછી યજુર્ધામ નામનો બીજો મુખ્ય વનવાસી વૃદ્ધ કેટલાંક અપૂર્વ હથિયારો રાજાને ભેટ આપીને બોલ્યોઃ—હે ત્રિભુવનવિજયી વીર મહારાજા! આ દિવ્ય શસ્ત્ર તથા અસ્ત્ર તમને હું ખરા પ્રેમથી આપું છું. આ ધનુષબાણ તથા ખડ્‌ગ અભંગ છે. તેની સાથે આ જે ધનુષ અને બાણ છે. તે લક્ષ્યનો ભેદ કરવામાં એવાં તો અમોઘ છે કે એવાં ધનુષબાણ દેવોને પણ મળવાં દુર્લભ છે મોટા મોટા દેવ તેમ જ દાનવ શત્રુઓ પણ આ શસ્ત્ર અસ્ત્રને ધારણ કરનાર આગળ યુદ્ધમાં કદી પણ ફાવી શકતા નથી. તો પછી અન્ય પ્રાણીઓની તો ગણત્રી જ શી? શંકાવર્ત્તમાં અનેક અરણ્યો ઘણાં ભયંકર છે તેમાં ઘણાં ભયંકર પશુ પિશાચો અને અસુરોનો નિવાસ છે અને તે એવાં ક્રૂર છે, કે પ્રવાસીઓને અત્યંત વીતાડે છે, અને સામાન્ય રીત્યે બ્હીવડાવ્યાં બ્હીતાં

નથી; પણ પ્રવાસીઓ તેમનો પોતાના બાહુબળવડે હથિયારો વાપરીને વધ કરે છે ત્યારે જ તેઓ જંપે છે. સામાન્ય માનુષી હથિયારોને તો તે ગાંઠતાં જ નથી. મોટા મોટા દેવોને પણ તેઓ યુદ્ધમાં હરાવે છે અને કોઇ કોઇવાર તે અમૃત પીનારા દેવોના કાળજાના લોહીનું પાન કરવામાં પણ તેઓ ફતેહમંદ થાય છે. દેવો અમૃતપાન કરનારા હોવાથી તેમના કાળજાનુંસત્વ પીવું તેઓને બહુ મિષ્ટ લાગે છે પણ જેઓને અમ્રતપાનથી મરણ આવી શકતું નથી તેવા દેવોને પણ કડવામાં કડવી રિબામણીવાળી જીંદગીની વ્યથાનો તેઓ અનુભવ કરાવે છે. વળી દેવોના પણ કાળજાનું અમ્રતમય સત્વ પીવાથી તેઓ પણ કાંઇક અમર જેવાં થઇ ગયાં છે તેથી મર્ત્ય લોકનાં હથિયારોથી તો તેમનો વધ થઇ જ શકતો નથી. **શ્રીમહેશ્વર** આપને આપના પ્રવાસમાં નિર્વિઘ્નપૂર્વક આપના ગન્તવ્યસ્વસ્થાનપ્રતિ જવાને સમર્થ કરો તથાપિ આપના ક્ષાત્રવર્ગની વૃદ્ધિ તથા સિદ્ધિ કરવાના શુભ હેતુથી સંહારશકિતના પતિ **શ્રીમહાકાલ** આપને આપના પ્રવાસમાં રણયજ્ઞનું દિક્ષા-કરણ બાંધે તો આ શસ્ત્રાસ્ત્રરૂપ સરવાઓથી આપ સમરયજ્ઞ પૂર્ણાહુતિ કરવા સર્વ પ્રકારે સમર્થ થશો એમાં કાંઇ પણ સંદેહ નથી. આપનાં ક્ષાત્ર આભૂ-ષણોતરીકે આ શસ્ત્ર અને અસ્ત્રની ભેટ મારા અને આપના સમાગમના સંભારણાની નિશાની તરીકે સદાસર્વદા આપની પાસે સંભાળીને રાખશો. આપનાં વિજય લક્ષ્મીરૂપ મહારાણીસાથે આપનો પ્રવાસ સર્વ પ્રકારે નિર્વિઘ્ન થાવ.

તે પછી **સામગ** નામનો મુખ્ય વનવાસી વૃદ્ધ બોલ્યો:—આ અતિ ઉત્તમ અને શ્રી **ભારતીદેવીએ** એકવાર પોતાના કરકમળમાં રમાડેલી એવી ઘણીજ પુરાતન વીણા હું આપને આપણા આ સમાગમના સંભારણા તરીકે આપું છું. આ વીણામાં જે બે તાર મુખ્ય છે, તેમાં એક **અનાહત** સ્વરજનક છે, અને બીજો **આહત** સ્વરજનક છે **આહત** તાર સદા સર્વદા વાગી શકશે, તેથી ત્રિભુવનવાસી જીવ માત્રને આપ મોહ પમાડી શકશો. ઉચ્ચરૂપ અને ગુણની ખાણરૂપ આપનાં પ્રાણપ્રિયા મહારાણીશ્રીને અને આપને સંગીતવિનોદમાં અલૌકિક સાહાય્ય આપનારી આ વીણા નિરંતર આપને આનંદપ્રદ થશે. પરંતુ આ વીણાનો **અનાહત** તાર તો આપ સદા સર્વદા વગાડી શકશો નહિ એવો અદ્દભુત ચમત્કાર આ વીણાની બનાવટમાં રહેલો છે તે તારને હાલ આપ આંગળી કરીને વગાડો તોપણ તેમાંથી કાંઇ પણ અવાજ સરખો નીકળતો સંભાળશે નહિ. પણ આપ અને મહારાણી બંને જણ એકઠાં રહી જે વખતે શ્રી **મહેશ્વરથી** અભિન્ન એવા **શ્રી સદ્દગુરૂ**

નાથની સ્તુતિ કરશો ત્યારે જ એ સ્તુતિના ગાનની સાથે આ વીણાનો અનાહત તાર તમારા વગાડયા વગર સ્વતઃ સ્વર પૂરશે નારદાદિક દેવલોકના ગવૈયા પણ આ વીણાના સ્વરના લોભી હરણ અને ભુજંગની પેઠે ખેંચાઇ આવે છે. ઘન પદાર્થોને પીગળાવી નાંખવા, ચંદ્ર સૂર્યની ગતિ, ઉદય અને અસ્તમાં ફેરફાર કરી નાંખવો, જળને સ્થાને સ્થળ અને સ્થળને સ્થાને જળ કરવું, જડ પદાર્થોને ગતિમાં મૂકવા અને ગતિવાળા પદાર્થોને સ્થંભાવવા, ચેતન પ્રાણીઓના મનોવિકાર અને મનોભાવોઉપર અપ્રતિહત સત્તા ચલાવવી, પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ તત્ત્વો તથા તેનાં કાર્ય માત્ર ઉપર યથારૂચિ અધિકાર ચલાવવો, ઇ૦. અનેક ચમત્કાર આ વીણાના પ્રત્યેક પરમાણુમાં રહ્યા છે, તો આ વીણાને શ્રી સરસ્વતીદેવીની પ્રસાદી રૂપ જ જાણીને ઘણા જ યત્નવડે આપ જાળવજો, અને જ્યારે આપ આનંદ લહરીનો અનુભવ કરો ત્યારે આપણા આ આરણ્યમાં થયેલા મેળાપને સંભારજો. આપનો બંનેનો સઘળો પ્રવાસ આનંદમય થાય એવી ઇચ્છાપૂર્વક આ માંગલિક ભેટ આપને અર્પણ કરી છે.

છેલ્લો આથર્વેન્દ્ર નામનો મધ્યમ વયનો પણ વૃદ્ધમાં ગણાતો મુખ્ય વનવાસી બોલ્યોઃ—હે રાજેન્દ્ર! હું આપને મારી તરફથી આ એક પેટી ભેટ આપું છું, તે આપણા આ સમાગમના સ્મરણાર્થે આપ અંગીકાર કરશો. આ પેટીમાં અનેક પ્રકારનાં શિલ્પ કામ જેનાથી થઇ શકે એવાં વિવિધ પ્રકારનાં ઓજાર ભરેલાં છે. આપના મનમાં એમ આવશે કે આ સુતાર, લુહાર કે સલાટના કામમાં આવે એવી હલકી ભેટ એક ચક્રવર્તી આગળ ધરવાનો અવિવેક આ વનવાસી કરે છે. પણ આ પેટીથી જ વિશ્વકર્માએ અનેક શિલ્પ ચમત્કાર કરેલા હતા, એવી આ પુરાતન પેટી છે. વળી એમાં રસાયનશાસ્ત્રને ઉપયોગી અનેક પદાર્થો યોગ્ય પાત્રોમાં ભરીને રાખેલા છે, તથા તેજોમય અને ભૌતિક ચમત્કાર કરવાનાં સાધનો પણ આ પેટીમાં જ રાખેલાં છે. માટે આ પુરાતન પણ નવી જેવી જણાતી પેટીને તુચ્છ સમજશો નહિ. આ પ્રવાસ કરોછો, તેથી નિર્જન સ્થળોમાં કોઇ વાર આપને ઉપયોગી થઇ પડે પણ ખરી. પરંતુ આપને પ્રવાસમાં કાંઇ પણ પ્રતિબંધ કે પ્રયાસ શ્રી મહેશ્વર પડવા દેશો નહિ, એવી જ ઇચ્છાથી આપને આ ઉત્તમ ભેટ અર્પણ કરૂં છું.

આથર્વેન્દ્ર આ પ્રમાણે રાજાને કહેતો હતો તેવામાં વચમાં જ એક પ્રકારના હર્ષથી પેલી અમ્બ્રદ્દાબાઇ બોલી ઉઠીઃ—રાજન્! આ વૃદ્ધ વનવાસી જે કહે છે તે વાત ખરી હોય તો પેટી આપણને બહુ ઉપયોગની

થઇ પડે ખરી. વિશેષે કરીને મારે જ સઉથી પહેલો તો એ પેટીનો ઉપયોગ કરવો પડશે. આગળ જતાં આપણે થોડોક સમય મુકામ કરીશું ત્યારે એ પેટીમાંથી ઓજાર કાઢીને તથા બીજાં સાધનો કાઢીને મારાં જે યાંત્રિક સાધનો શુન્યકારની ગુહામાં ભાગી ગયાં છે, તેને પાછાં સાજાં બનાવીશ. પછી તમારે 'શાબ્દશર્મા તથા મીમાંસાબાઇ' ના આગવાપણાની કાંઇ પણ જરૂર પડશે નહિ, હું જ તમને સારામાં સારા માર્ગે થઇને શંકાવર્ત્તના પ્રદેશમાં મુસાફરી કરાવીશ. આથર્વેન્દ્ર અત્યંત ઘરડો થઇ ગયેલો નથી, તેથી તેની બુદ્ધિ મને જરીક ઠેકાણે લાગે છે. બાકી આ બીજા ત્રણ ટરચાઓએ જે ઔષધી, શસ્ત્રઅસ્ત્ર અને વીણાના સંબંધમાં મોટી મોટી ગપ્પો મારી તે ઘરડપણે જરીક ગત ગયેલી હોય એમ જ દર્શાવી આપે છે. આ પેટી તો આપણી સાથે રાખવા જેવી જ છે.

અશ્રદ્ધાબાઈ બોલતી હતી તે વખતે તેના સામું જે આથર્વેન્દ્ર વક્રદૃષ્ટિથી જોઇ રહ્યો હતો તે ગંભીર અને કરડી વાણીથી બોલ્યો;–છોકરી! તું જે મારા વૃદ્ધ બંધુઓનો નિકર્ષ કરીને મારો ઉત્કર્ષ કરવાને મારાં વખાણ કરે છે તે વખાણની હું લેશ પણ દરકાર કરતો નથી. તને કાંઇ ખબર પણ નથી કે આ પેટીની અંદરના સઘળા પદાર્થો તે આ ત્રણ મારા વૃદ્ધ બંધુઓના પ્રમાદનું જ ફળ છે. વળી તું આ પેટી અંદરના સાધનોનો ઉપયોગ કરવાની આશા કે ઇચ્છા બતાવીને તારી પોતાની ધૃષ્ટતાને પ્રકટ કરે છે, પણ તને ખબર નથી કે એ સાધનોને હાથમાં પણ કેમ પકડવાં તેની પણ સૂજ તને તો પડે તેમ નથી. આ સાધનોનો ઉપયોગ કરતાં તો ફક્ત બે જણ આખા જગતમાં જાણે છે; એક તો તારી બહેન પેલી શ્રદ્ધાબાઇની પ્રાણ સખી શિક્ષાબાઇનો કૌશલ્યમિશ્ર આ પેટિમાંનાં સાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે તેવો છે, અને બીજો સંસ્કારભદ્ર સારથી આ પેટિમાંનાં સાધનોને જરૂર પુરતાં વાપરી શકે છે. બીજું કોઇ પણ એ સાધનનો ઉપયોગ કરવામાં આગળ આવી શકે તેમ નથી. તે છતાં પણ તું એ સાધનોને હાથ લગાડવાની હિંમત ભીડે છે એ, અંધારૂં સૂર્યને પ્રકાશ આપવાની આશા રાખે તેના જેવું છે. આથર્વેન્દ્રનું આ બોલવું એવા તો કરડા રોષથાં થયું હતું કે તેથી અશ્રદ્ધાબાઇતો દબાઇ જ ગઇ; અને આથર્વેન્દ્રે પોતાનું બોલવું આગળ ચલાવ્યું કે:—હે રાજેન્દ્ર! આપને હું ખાસ સૂચના કરવાની જરૂર જોઉછું કે આ પેટીની અંદરના સાધનોને આ અશ્રદ્ધાબાઇને અડકવા દેશો નહિ. નિકર એનો અવળો ઉપયોગ થતાં ઉલટી ઉપાધિ જેવું કરી બેસશે, જરૂર પડે તો સંસ્કારભદ્ર એ સાધનોને

ઉપયોગમાં લે તો કાંઈ અડચણ નથી; અને આ અશ્રદ્ધાબાઇ તો કૌશલ્યમિશ્રે તૈયાર કરી આપેલાં સાધનોનો પણ ખરો ઉપયોગ કરી જાણતી નથી. તેથી જ એ છોકરીની પાસે યાન્ત્રિક સાધનો હોવા છતાં પણ તમને આ વહેળાની વિટંબણામાં એણે લાવીને નાંખ્યા હતા. આટલું જ કહીને ઇચ્છું છું કે આપનો પ્રવાસ સુખદ થાવ. પણ આ પેટીને પોતાના ગુરૂના શિક્ષણમાં જેને વિશ્વાસ હોય નહીં; એવા કોઇ મનુષ્યને અડકવાદેશો નહિ, તથા આ પેટીને આપણા સ્નેહના સ્મરણતરીકે આપની પાસે જ રાખજો. વળી જેણે પોતાના શિક્ષક પાસે શિક્ષણ નથી લીધું એવા મનુષ્ય તો આ પેટીના સામું જોવાને પણ લાયક નથી એ વાત ભૂલશો માં.

ત્યાર પછી એ સર્વ વનવાસીઓએ આશીર્વાદ મુદ્રા કરીને વિદાય થવાની આજ્ઞા આપી. તે વખતે રાજા બહીરથવર્મ પણ સ્નેહ અને આભારમાં મગ્ન થયેલા અંતઃકરણથી બોલ્યા કેઃ—હે પરમ ઉદાર અંતઃકરણના પરોપકારપરાયણ મહાશયો ! પ્રવાસના માર્ગમાં વહન કરનાર અમો પ્રત્યે આપે સઙએ કાંઇ ઓળખાણ પારખાણ વગર પણ માત્ર પરોપકાર બુદ્ધિથી જે પ્રેમ અને દયા દર્શાવ્યાં છે તેનો ઉપકાર અમારાં અંતઃકરણમાંથી કદી પણ ખસે તેમ નથી. કેવળ પ્રેમ અને દયા દર્શાવીને જ આપનું ઔદાર્ય વિરમ્યું નથી, પણ આપે સઙએ અમારા માટે જે શ્રમ વેઠયો છે અને જે કાળજી બતાવી છે, તેનો જ્યારે અમે વિચાર કરીએ છીએ ત્યારે અમને એમ જ ભાસે છે કે આપ પરમકૃપાળુ પરમેશ્વર સવિતાનાં કિરણ છો. આપ જેવા પરમેશ્વરના પ્રાણાત્મસ્વરૂપ વિશ્વપાવન મહાશયોના સહવાસથી અમને જે લાભ થયો છે તે અવર્ણ્ય છે. અતઃપર આપનું પુણ્ય સ્મરણ અમને સર્વને વારંવાર થયા વિના રહે તેમ નથી. અમને સઙને આપનો સમાગમ એટલો બધો અનુકૂળ અને શાન્તિજનક લાગે છે કે અમને આ સ્થળ છોડીને જવું પણ ગમતું નથી; તથાપિ શ્રીસદ્‌ગુરૂનાથનાં દર્શનને માટે અતિ ઉત્કટ ઇચ્છા અમને છે તેથી જ અમે આપની પાસેથી જવાની આજ્ઞા લઇયે છીએ. આપને અમો પ્રવાસીઓની ખાતર જે શ્રમ પડયો છે, તેને માટે આપનો સઙનો આભાર ખરા અંતઃકરણપૂર્વક માનીએ છીએ, અને યાચીએ છીએ કે આપના સહવાસમાં રહેતાં અમારા અજ્ઞાત અથવા અવિવેકને લીધે જે કાંઇ અમારો અપરાધ થયો હોય તે આપ ઉદાર અંતઃકરણથી ક્ષમા કરશો.

એ પ્રમાણે મહારાજા બોલી રહ્યા પછી મહારાજાએ પોતે, મહારાણી વૃત્તિપદ્માએ, તથા સંસ્કારભદ્રે રજા લેવાના સંકેતતરીકે તે વનવાસીઓ

પ્રતિ નમસ્કાર મુદ્રા કરી. એટલે પેલા મુખ્ય વનવાસીઓ બોલ્યાઃ—એક વાર આપ શ્રીસદ્ગુરૂનાથને શરણે થઇને પાછા અત્ર પધારશો. આપ જેવા વિનયી પુરૂષોના સહવાસથી અમને પણ અત્યંત આનંદ થાય છે. પણ આપ આ ફેરી શ્રીસદ્ગુરૂનાથનાં દર્શનમાત્રથીજ સંતોષ પામીને બેશી રહેશો નહિ, પણ એ પરમાત્મસ્વરૂપ શ્રીસદ્ગુરૂનાથને શરણ થજો. વિધિપૂર્વક એ યોગ પુરૂષનો આશ્રય લેજો તેઓશ્રીનો વરદ હસ્ત આપને મસ્તકે મૂકાવશો. આ અમારી ભલામણ આપ કદી પણ વિસારશો નહિ. આ પ્રમાણે આપ શ્રીસદ્ગુરૂનાથને શરણ થઇને પુનઃ આ અમારા નિવાસના સ્થાનરૂપ અરણ્યમાં આવશો તો પછી આ અરણ્યમાં રહેલ વિવિધ ચમત્કારો જણાશે અને આપને વિશેષ આનંદ પડશે. એ ચમત્કારો તો આ અરણ્યમાં છે જ પરંતુ શ્રીસદ્ગુરૂનાથજીનું શરણ પકડયા વિના કોઇ પણ તે ચમત્કારોને દેખી શકતું નથી. તે જોઇ શકાય તેવી અલૌકિક દૃષ્ટિ તે શ્રીસદ્ગુરૂનાથના ચરણકમળનું શરણ લીધાનું જ ફળ છે. તો હવે આપનો પ્રવાસ સુખદ થાય એ જ આશીર્વાદ દેઇએ છીએ.

પ્રકરણ ૭ મું.

શંકાવર્ત્ત દેશમાં પ્રવાસ.

શાબ્દશર્મા અને મીમાંસાબાઇ રથની આગળ થયાં અને સંસ્કારભદ્રે રથ હાંકવા માંડયો. રથની પાછળ પાછળ અશ્રદ્ધાબાઇ પણ ચાલી. સંસ્કારભદ્રે રથ ધીમે ધીમે હાંકયો હતો, કેમકે પેલા વનવાસી વૃદ્ધપુરૂષો વખતે રાજાને વળાવવાને માટે થોડેક લગી તેઓની સાથે આવશે એમ તેને લાગ્યું હતું; પણ તે સર્વે વનવાસીઓ તો રથની પાછળ એક ડગલું પણ આવ્યા નહિ. શાબ્દશર્મા અને મીમાંસાબાઇ રથની આગળ ચાલતાં હતાં. સંસ્કારભદ્રે હવે ઘોડાઓને જરીક ઉતાવળે કદમે હાંકવા માંડયા. તેથી મીમાંસાબાઇએ કહ્યું કેઃ—હે કુશલ સારથિ! તું ભાઈ! ઘોડાઓને પ્રથમનો માફક જ ધીમે ધીમે જ ચાલવા દે. હવે શંકાવર્ત્તના ખડબચડા પ્રદેશની સીમામાં પ્રવેશ કરવાની તૈયારીમાં આપણે છીએ. તમારા અશ્વ સબળ છે એ વાર્તા ખરી છે. પણ અહીંથી જે અણીવાળા પથરાઓવાળો

રસ્તો શરૂ થઈ ચૂક્યો છે. તેમાં જો કદી અશ્વનાં ખરીને નુકશાન લાગશે તો ઘોડાઓ એકદમ ત્રણે પગે થઇ જશે. વળી આ મારા પતિ તો પુરૂષ છે તેમ જ પ્રબળ છે તેથી તમારી આગળ ચાલવામાં નભી શકશે પણ હું તો અબળા છું. અને વારંવાર મારે આગવાપણું કરવાનો પ્રસંગ નહિ આવવાથી પ્રવાસમાં ઉતાવળું ચાલવાની મને ટેવ નથી. આજે જ હું કેટલો સમય વીત્યા પછી પ્રવાસ કરૂં છું. કેમકે સાધારણ પ્રવાસીઓની સાથે તો મારા પતિ જ આગવા તરીકે જાય છે. પણ કોઇ વાર આવું રાજ-કુટુંબ પ્રવાસ કરવાનું હોય ત્યારે જ અમારા મુખ્ય વૃદ્ધો આ મારા પતિની સાથે મને મોકલે છે. માટે રોજ પ્રવાસ કરવાના મહાવરાવગર હું ઉતા-વળી ચાલી શકું તેમ નથી. તેમ જ મારા પતિની પાછળ રહી જવું તે પણ મારી પ્રતિજ્ઞાવિરૂદ્ધ છે. હું પ્રવાસમાં કદી પણ મારા પતિથી જરીક પણ આગળ પાછળ રહેતી નથી; પોતાની નિર્ભયતાને ઇચ્છનારી અબળાએ પોતાના પતિની સાથે પ્રવાસ કરતાં કદી પણ જરાયે આગળ પાછળ રહી જવું નહિ, એ હિતકર નિયમને હું કદી પણ તજતી નથી.

મીમાંસાબાઇના આ શબ્દો સાંભળીને સારથી સંસ્કારચંદ્રે પોતાના અશ્વોને ધીમે કદમે ચલાવવા માંડ્યા. પણ એજ શબ્દો ઉપર આડકતરી રીત્યે ટકટાકી કરવાના હેતુથી પેલી અદ્યપાંસળી અશ્રદ્ધાબાઈ બોલી:-જો બહેન તારાથી ઉતાવળુ ન ચલાતું હોય તો આવ્ય અહીં, રથની પાછળ પાછળ આપણે બંને સાથે સાથે ચાલીશું. પણ આમ 'સાંઇકે ટટ્ટુ ચલનેદો, ધારે ધારે ચલને દો' જેવી મુસાફરી આપણે કરીશું તો કેટલો બધો વખત નકામો જશે. મને તો આમ રગશિયા ગાડાની પેઠે ચાલવું પડે તો કંટાળો આવે. આ રથની સાથે જો હું એકલી જ હોઉં તો ધારેલો પ્રવાસ અડધા વખતમાં કરાવીને લેઇ જઉં. આમ મરતાં મરતાં હીંડવું તે શા કામનું ? પેલું તો ઝટ છેવટને મુકામે જઇ પહોચ્યાં કે નિરાંત તો ખરી. આપણને પણ સુખ અને પ્રવાસીઓને પણ સુખ ! આમ ટાંટીઆ ઘસડતાં ચાલવાથી આપણને પણ શું સુખ ? પણ બહેન ! તને રોજ મારી પેઠે મુસાફરી કર-વાની ટેવ નથી. એટલે ઉતાવળ કરતાં આધાં જઇ પાછાં પડીએ.

મીમાંસાબાઇએ ટુંકામાં પણ સચોટ ઉત્તર આપ્યો:-મારાથી ઉતાવળે ચાલવાની શેકિયાત મારી શકાય તેમ નથી. તેમાં વળી ધીમે ચાલવામાં મારૂં અને પ્રવાસીનું હિત કેટલું રહેલું છે, તે પણ આ પ્રદેશમાં પ્રવાસ કરતાં મારે લક્ષમાં રાખવું જોઇએ. હું મારા પતિની આગળ પાછળ પ્રવાસના સમયમાં રહેવા માગતી નથી, એ તો મેં પ્રથમથી જ કહેલું છે.

અશ્રદ્ધાબાઈ વાત ઉડાવવાને હસતાં બોલી:—ઠીક બ્હેન ! તું તો મારા બનેવીને એક ઘડી પણ વ્હીલા મૂકે તેમ નથી, તો લે હું તમારી જોડે જોડે ચાલવા રથની આગળ આવું. આપણે વાતો કરતાં ચાલીશું એટલે તને રસ્તો ખૂટતાં વાર લાગશે નહિ. પણ બ્હેન ! તારો સ્વભાવ વાત કરતાં મહેણાં મારવાનો છે, અને મારો સ્વભાવ એવો છે કે ઝટ લેઇને ખોટું લાગી જાય અને હું તો વાત કરતાં વઢી પડું, માટે વાત કરતાં તું તારી જીભ ઠેકાણે રાખજે. આપણે સગાં છીએ. માટે કાંઇ ડાંગે માર્યાં પાણી છુટાં થવાનાં હતાં? આપણે તો હળી મળીને રોજે રહેવું જોઇયે અને આતો વળી પ્રવાસ છે.

એ પ્રમાણે બોલીને **અશ્રદ્ધાબાઇ** ઉતાવળે પગલે આવીને **શાબ્દશર્મા** તથા **મી**માંસાબાઈની સાથે રથની આગળ આગળ ચાલવા લાગી. **મીમાંસા** બોલી:—આવ બ્હેન! મારે કાંઇ ઓછુંજ કોઇની સાથે વેર છે ? પણ જ્યારે કોઇ મારા પૂજ્ય પતિનાં છુંદણાં પાડે ત્યારે સામા માણસની સાતે પહેડીઓ મારે ખુલ્લી કરીને બતાવવી પડે.

એ પ્રમાણે પોતાની આગવા તરીકે કામ કરનારી બંને બહેનોની ટપાટપી સાંભળતાં રાજા રાણીને ઘણો આનંદ પડતો હતો; **સંસ્કારભદ્ર** તેમાં ટાપસી પૂરીને વખતો વખત તે બંને જણીઓને ઉશ્કેરતો હતો. **શાબ્દશર્મા** પોતાની ગંભીરતા જાળવીને બન્નેરાં બહેરાંની બોલાબોલીમાં કાંઇ ભાગ લેતો નહિ. ફક્ત જ્યારે રાજા કે રાણી કે સારથી રસ્તામાંની કોઈ જગા કે વસ્તુ વિષે કાંઇ માહિતી મેળવવાને પ્રશ્ન પૂછે તેનો ઉત્તર તે સ્પષ્ટ રીત્યે અને ઘટિત વિસ્તારથી કે ઘટિત સંક્ષેપથી આપ્યે જતો. આ પ્રમાણે આનંદ અથવા કૌતુકનો રસ ચાખતાં તેઓ હવે **શંકાવર્ત્તની હદમાં** પ્રવેસ્યાં. આ સ્થળે તેઓને કેટલાક કોસને છેટે વૃક્ષોનાં યુથ જણાતાં, પણ આસપાસ નજીકમાં તો કેવળ નાના મોટા અણીઓવાળા પથરાઓનું ભરેલું મેદાન જણાતું હતું. તે પથરાઓ એવા તો સૂર્યના કિરણથી ચળકતા હતા કે તેમાંથી નિકળતાં પ્રતિબિંબિત કિરણો મુસાફરોની આંખ્યોને અંજાવી નાંખીને આંધળી બનાવી દેતાં હતાં. વળી તે પથરાઓ એક બીજા ઉપર એવી રીત્યે અડુક દડુકિયા સ્થિતિમાં ગોઠવાયેલા હતા કે તે એક પથરા ઉપર પગ દેતાં તે પથરો તથા તેની સાથે સંબંધમાં આવેલા પથરાઓ એકદમ ડગમગીને આમ તેમ ખશી જતા હતા. તેથી ઘણાએ પ્રવાસીઓ ત્યાં પડી જતા હતા, કોઇનાં હાડકાં ખોખરાં થતાં, કોઇને પગમાં વાગતું, કોઇને પથરની અણીઓ વાગી લોહી નિકળતું, કોઇના

ઢીંચણ ઝમ્મર થતા, કોઇનું ઉંધે મોઢે પડવાથી કપાળ ફુટતું; આ પ્રમાણે ઘણાએ મુસાફરો આ સ્થળે મુસાફરી કરતાં પીડાતા. વળી બપોરના તાપથી તે પથરા એવા તો તપી જતા કે તેમના ઉપર પગ મૂક્યો કે તપાવેલી લોઢાની પાંચશેરી અથવા દશશેરી ઉપર પગ મૂકવા બરોબર થઇ પડતું. આ સ્થળે અશ્રદ્ધાબાઇએ તો પોતાની સાથે રાખેલા ભૌતિકશાસ્ત્રના ધોરણ પ્રમાણે બનાવેલા જોડા પોતાના પગમાં પહેર્યા તેથી હવે તેને પેલા પથરાઓની અણીઓ ખુંચે તેમ નહોતું. તેથી તે આમ ફતેહમંદથી ભભકામાં છાતી કાઢીને ચાલવા લાગી, અને પોતાના ડોળથી રાજા તથા રાણીને એમ બતાવતી હતી કે-આગવો જોઇએ તો મારા જેવો જોઇએ. મીમાંસાબાઇ અને શાબ્દશર્મા બંને જણ ગંભીર મુખમુદ્રા રાખીને અડવાણે પગે ધીમાં ધીમાં પણ દૃઢ પગલાં ભરતાં રથની આગળ ચાલતાં હતાં, અને જ્યાં વધારે ધાંચ આવે તેવા પથ્થરો આવતા ત્યાં, તે બંને જણ સંસ્કારભદ્રને રથ સાચવીને હાંકવાની સૂચના આપતાં હતાં, તથા જ્યાંથી પથરા ખસેડીને રથને માટે અનુકૂળ માર્ગ કરવા ઘટે ત્યાં સંસ્કારભદ્રને રથ ઉભો રાખવાની સુચના આપીને તેઓ તે પથરા ખસેડીને માર્ગ કરતાં હતાં. અશ્રદ્ધાબાઇ આ કામમાં જરીક પણ મદદ કરતી નહિ, અને વેગળે ઉભી ઉભી, તેમને કરવી પડતી હતી તે માથાકુટ વિષે, મંદમંદ હાસ્ય કરતી. કોઇક વખતે મદદ કરવાનો ડોળ ટરડાકીથી કરીને એક પથરો આઘો ખસેડતાં બાજા ચાર પાંચ પથરા ચીલામાં ગોઠતી હતી. તેની આવી રીતથી કંટાળીને છેવટે મીમાંસાબાઇ તેની તરફ કરડી નજરે કરીને સાફ કહી દેતી કે-અમારે તારી મદદની જરૂર નથી, તને જે કામ આવડે નહિ તે કામમાં અમે તારી મદદની ઇચ્છા રાખતાં નથી. અશ્રદ્ધાબાઇ એટલો જ તાનો મારતી કે-આ આગવાપણુંએ આપણને આવડે નહિ, આવો રસ્તોએ આપણને જડે નહિ, અને આવો રસ્તો સાફ કરવાની મહેનત અથવા કારીગરી પણ આપણને આવડે નહિ. હું તો ખાસી સોપારી ભાગે તેવી ફાળી જમીનવાળે રસ્તે જ મારા પ્રવાસીઓને પ્રવાસ કરાવું છું. બાઇ સાહેબ! આવી હોંશીઆરી તો તમને જ આવડે. આ હુંશીઆરી મારા જેવી કુમારિકાને ના જોઇએ. મારે પતિ નહિ અને હું મારે એકલી રહી એટલે મને આવું આગવાપણું કરૂં તો આમ પથરા ઉચકવા કોણ લાગે? આ ટપાટપી જોઇ રાજા રાણી તથા સારથીને વારંવાર હસવું આવતું હતું. થોડીકવાર તો પહેલાં રાજા રાણીને આથી ગમત પડવા લાગી, પણ જેમ વધારે સમય જતો ગયો તેમ તેમ વાત બદલાવા લાગી, આગળ જતાં પથ્થર એવા તો કથણા

આવવા લાગ્યા કે બહુ સંભાળી સંભાળીને રથ હાંકવામાં આવતો હતો તોપણ કોઇ કોઈ વાર એવા જબ્બર આંચકા લાગતા હતા કે તેથી સગર્ભા રાણીને બહુ જ બેચેની થતી હતી. પોતાની રાણીના મુખ ઉપરથી તે જણાવા લાગ્યું એટલે પતિસ્નેહમાં અત્યંત વખણાયલા મહારાજા બહીરથવર્માને ઘણીજ લાગણી થવા માંડી. ફરીને ચીલામાંથી પથરા ખસેડતાં મીમાંસા બાઇને તથા અશ્રદ્ધાબાઇને આપણે ઉપર વર્ણવી ગયા તેવી ટપાટપી થઇ. આ વખતે પોતાની રાણીનું વીલું મુખ જોઇને તથા અશ્વોને અને સારથીને પડતી અડચણોનો વિચાર કરીને રાજાના મનમાં અશ્રદ્ધાબાઈ જે કરાકીઓ કરતી હતી તે ઉપરથી કાંઇક અધૈર્ય ઉત્પન્ન થયું. તેથી તે મહારાજાએ મીમાંસાબાઈના પક્ષની લાગણી ધરાવતા હોય તેમ કહ્યું:—"જ્યારે આ અશ્રદ્ધાબાઇ તમારું આટલું બધું હાસ્ય કરે છે અને પથ્થર વગેરે દૂર કરતાં આટલો આટલો શ્રમ તમારે કરવો પડે છે. ત્યારે બીજો કોઇ માર્ગ સારો હોય અને તે લેઇએ તો કેવું સારું ? કદી બીજો માર્ગ જરાક લાંબો હશે તોપણ તેની કશી હરકત નહિ પણ આ પ્રમાણે તમો કયાં લગી નકામી મહેનત કર્યા કરશો ? તમારે જે શ્રમ કરવો પડે છે, તે વિષે મને ઘણી ચિન્તા થાય છે."

શબ્દશર્મા બોલ્યાઃ—હે રાજેન્દ્ર ! જે મનુષ્ય શ્રમથી અને વિપત્તિથી ડરીને પાછો હઠે છે, તે શ્રીસદ્‌ગુરૂનાથને આશ્રમે જઈ શકતો નથી. અહીંથી જો પાછાં ફરીને આપણે ઘેર જવું હશે તો જવાશે પણ શ્રીસદ્‌ગુરૂનાથના આશ્રમે આ શિવાય હવે બીજે રસ્તે જવાશે નહિ. વળી પાછા વળીને ઘેર જતાં અને ઘેરથી ફરીને નીકળતાં સમય જશે તે કેવળ નકામો જશે, અને ફરીને તમે શ્રીસદ્‌ગુરૂનાથના આશ્રમે જવા નીકળશો તો તમને તે ચમત્કારિક આશ્રમનાં દર્શન થશે કે નહિ તે શંકા પડતું છે. શંકાવર્ત્તમાંથી જે પાછો હઠીને ઘેર જાય છે તેવા માણસને ફરીને શ્રીસદ્‌ગુરૂનાથની ઇચ્છા વગર તેમનો આશ્રમ કદી પણ દેખાતો નથી. આપના નગરથી નીકળતાં એક રસ્તામાં સરોવર આવે છે, તેની નજીકથી બે રસ્તા ફંટાય છે, ત્યાંલગી આપણે પાછું જવું પડે. તે તો લગભગ ઘેર પાછા ગયા જેવુંજ છે. આ રસ્તા શિવાય બીજો રસ્તો મારા જાણવામાં નથી. તેમ છતાં કોઇ આપણને સામું મળશે તો તેને પુછીશું. પણ હાલતો આપણે જે રસ્તે જઇયે છીએ તે જ રસ્તામાં પ્રયાણ ચાલુ રાખવું તેજ સારું છે. માર્ગમાં અને ચીલામાંથી પથ્થર કાઢવાના કામમાં જે શ્રમ પડે છે તે વિષે આપે જરીક પણ ચિન્તા કરવી જ નહિ. એતો અમારું રોજનું કામ છે પણ મહારાણીને

આ ખડબચડા રસ્તામાં કાંઇક વિફળતા સહન કરવી પડે છે તેથી અમે દિલગીર છીએ. પરંતુ અમારાથી બને તેટલો શ્રમ કરી ઓછા આંચકા આવે તે પ્રમાણે કરીએ છીએ.

રાજાબોલ્યા:—એ વાત મળી ખરી. અમારા પુરોહિત **ભાવમિશ્ર** એ જ સરોવરમાં જલપાન કરવા ગયા હતા, અને ત્યાર પછી અમારો રથ આગળ ચાલ્યો, અને બે રસ્તા ફાટતા હતા ત્યાં આગળ અમે આવી પહોંચ્યાં ત્યાંથી આ **અશ્રદ્ધાબાઇને** અગવા તરીકે લીધાં અને **નિર્ભયાભાસના વહેળા** આગળ તમારી સઉની મુલાકત થઇ.

શબ્દશર્મા બોલ્યા:—"જો અશ્રદ્ધાબાઇ તમને આ રસ્તે ન લાવી હોત અને પેલે રસ્તે લઇ ગઇ હોત, તો તમને સર્વને આ વિટંબણા વેઠવી પડત નહિ. પણ હવે આ પ્રદેશમાં આવી પડ્યા પછી બીજો કશો ઇલાજ નથી. આ માર્ગે થઇ જવું જ પડશે.

અશ્રદ્ધાબાઇ કહે:—"જો મારૂં દૂરદર્શક યંત્ર સાજું હોત તો હું પ્રથમથી જ તેને આધારે કહી દેત કે આ રસ્તો આવો વિકટ છે; તો આપણે આ માર્ગે આવત નહિ, અને બીજો સારો માર્ગ જણાત તે લેત. પણ મારાં સાહિત્ય બધાં આ **સંસ્કારભટ્ટે** મને શુન્યકારની ગુફામાં લેઇ જઇને સુવારી તેથી ભાગી ગયાં. હવે મારો કાંઈ ઇલાજ નથી. હવે તો જ્યાં આ **શાબ્દશર્મા** અને **મીમાંસાબાઇ** તમને સઉને દોરીને લઇ જાય ત્યાં જવાનુ રહ્યું.

મીમાંસાબાઇ બોલી:—પણ જો તું આ રસ્તે આ પ્રવાસીઓને તેડી લાવી ન હોત અને પેલે રસ્તે લેઇ ગઈ હોત તો આ **શંકાવર્ત્ત** જેવા વિકટ પ્રદેશમાં થઇને તેમને પ્રવાસ જ શાનો કરવો પડત ?! આ પ્રદેશમાં અડચણ વેઠવી પડે છે તે તારી પ્રથમનીજ ભૂલનું પરિણામ છે. અમને જે માર્ગ સઉથી સલામત ભરેલો લાગ્યો છે, તેજ માર્ગે અમે આ મહારાજા તથા મહારાણીને લાવ્યાં છીએ અને ધીમે ધીમે પણ સહીસલામત તથા બનતાં લગી ટુંકે રસ્તે થઇનેજ શ્રીસદ્‌ગુરૂનાથને આશ્રમે તેઓને પહોંચાડીશું. તેમ છતાં પણ હજુ તું અમારી સાથે જ છે. તેથી હજુ પણ તને કોઇ સહેલો માર્ગ માલમ હોય તો તું કહીદે એટલે આપણે તે રસ્તે જઇએ. તું રથ આગળ થા અને અમે રથ પાછળ પાછળ ચાલ્યાં આવીશું. ને પાછળથી અમારી જરૂર પડશે તો અમે કામમાં આવીશું. હજુ પણ તારે તારી પ્રવીણતા અજમાવવી હોય તો અજમાવી જો. હરકોઇ રીત્યે પ્રવાસીઓને અનુકૂળતા થાય એ જ અમારી મતલબ છે: અને અમે તો અમારી પોતાની માહિતી અને જબાબદારી પ્રમાણે વર્તીશું.

આ પ્રમાણે તકરાર ચાલતી હતી અને મધ્યાન્હ થવા આવ્યો, એટલે પેલા પથરા તપીને ગરમ થઇ ગયા. તેથી બિચારા ઘોડાઓની ખરીઓ તો દાઝવા માંડી, અને ઘોડાઓ વિકળ થવા લાગ્યા. જોકે સંસ્કારભદ્ર બહુ બહુ સાવધતાથી તે ઘોડાઓને હાકતો હતો, તેમ છતાં ઘોડાઓ બરોબર કાબુમાં રહેતા નહિ અને રથને ચીલામાંના પથ્થરોથી આચકા લાગતા હતા. હવે રાણીથી સહન થઇ શકતું નહોતું, અને તે સગર્ભા રાણીથી ઉંહકારા થઇ જતા હતા. આથી સંસ્કારભદ્રને પણ બહુજ લાગણી થતી હતી. રથને આંચકો આવતાં રાણીને જે ઉંહકારા થતા તેથી રાણીને પોતાની માતા સમાન માનનાર તે સારથીનું અંતઃકરણ ચીરાઈ જતું હતું. રાજા પણ અધીરા થઈ ગયા હતા. તેમણે અશ્રદ્ધાબાઇને કહ્યું કે:—તમે બાઇ આ તમારાં બહેન તથા બનેવીને આ માર્ગે લાવવા માટે દોષ કાઢો છો, પણ તમે તો કાંઇ આ પ્રદેશની માહિતી ધરાવતાં નથી, એટલે તમે કાંઇ સલાહ આપવાને શક્તિમાન નથી; અને આ શાબ્દશર્મા અને મીમાંસાબાઈ તો કહે છે કે આ શિવાય બીજો રસ્તો નથી; એટલે હવે દુઃખે કે સુખે આ રસ્તો ખુટાડી પ્રવાસ પૂરો કર્યા સિવાય બીજો કાંઇ ઉપાય નથી.

એવામાં એક વૃદ્ધ પણ મજબુત સ્ત્રી સામેથી ચાલી આવતી હતી; તેને સંસ્કારભદ્રે અધીરાઇથી પૂછ્યું:—આ પથ્થરવાળા મેદાન કરતાં બીજો કોઇ રસ્તો શ્રીસદ્‌ગુરૂનાથના આશ્રમે જવાનો છે? જો હોય તો અમને કૃપા કરીને કહો. આ તપેલા પથ્થરમાં મારા ઘોડાની ખરીઓ કહ્યું કરતી નથી.

તે બાઇને શાબ્દશર્મા અને મીમાંસાબાઇએ ઓળખી અને કહ્યું:-હા, આ તિતિક્ષાબાઇને પૂછો. જુઓ એ શો ઉત્તર દે છે? તિતીક્ષાબાઈ! ઠીક થયું તે તમે આવ્યાં. તમને પણ આ પથ્થરમય પ્રદેશની સારી માહિતી છે."

તે તિતિક્ષાબાઇ બોલી:—પ્રવાસીઓ ! જોકે મને આ પ્રદેશની સારી માહિતી છે, તોપણ આ શંકાવર્ત્તના રસ્તાનો કોઈપણ ભોમિઓ આ ધણી ધણીઆણી (શાબ્દશર્મા અને મીમાંસાબાઇ) જેટલો હોંશિયાર નથી. પેલો પાછળ મૂકયો તે વહેળા આગળ આવ્યા એટલે પછી આ શંકાવર્ત મૂલકમાં થઇને જ અને તેમાં પણ આ પથ્થરના મેદાનને રસ્તેજ શ્રી સદ્‌-ગુરૂનાથના આશ્રમે જવાય છે; હું આટલામાં ફરતાં ઘરડી થવા આવી પણ બીજો રસ્તો મારા જાણવામાં આવ્યો નથી.

તિતિક્ષાબાઇનો આવો ઉત્તર સાંભળીને સારથીના મુખ ઉપર ગભરાટનાં ચિન્હ જણાવા લાગ્યાં. મહારાણી વૃત્તિપદ્માએ નિઃશ્વાસ નાંખ્યો અને મહારાજા બહીરથવર્માનું મુખ રાતુચોળ થઈ ગયું. આ પ્રમાણે લાગ મળવાથી

સઉના અંતઃકરણની લાગણીઓ જાણીને અશ્રદ્ધાબાઇ બોલી:—જો એમજ હોય તો બહેતર છે કે સદ્‌ગુરૂનાથના આશ્રમે જવાનો નકામો દુરાગ્રહ કોરાણે મૂકીને પાછા તમારા નગરમાં જાઓ. આ પ્રમાણે જો પથ્થરવાળા રસ્તામાં આંચકા લાગ્યા કરશે અને સગર્ભા મહારાણીને કાંઇ વિપરીત થશે તો સૌના મોઢાં કાળાં મેશ થઇ જશે. એતો બધાએ આગવાપણું કર્યું તે જોયાં. મારાં બધાં રાચ ભાગી ગયાં છે, એટલે હું તો આવા રસ્તામાં રાણીજીને આ સ્થિતિમાં પ્રવાસ કરાવવાની સલાહ આપતી નથી. મેં તો મારે કહેવાનું તે સર્વને કહી દીધું છે, માટે પછી મારો દોષ કાઢશો નહિ.

શાબ્દશર્મા બોલ્યા:—આગળ ચાલવું કે પાછા ફરવું તે આપની મરજી ઉપર છે, પણ મારે એટલું તો કહેવુંજ જોઇયે, કે, આપણે લગભગ અડધે રસ્તે આવી પહોચ્યા છીએ, આગળ ચાલતાં જેટલો પથરાનો રસ્તો આપણે પસાર કરવો પડશે તેટલોજ પથ્થરવાળો રસ્તો આપણે પાછા ફરતાં પણ કાપવો પડશે. માટે બંને રીત્યે આપણને લગભગ તેટલા આંચકા ખાધા વિના હવે બીજો રસ્તો નથી.

તિતિક્ષાબાઇ બોલી:—તમારે શું કરવું તે તમારે વિચારવાનું છે. પણ મારો અભિપ્રાય તો એ જ છે કે જે પોતાના પ્રવાસમાં પડતી અડચણો અને આપત્તિયો સહન કરવાને તૈયાર નથી હોતું, તેવું માણસ કદી પણ ધારેલે ઠેકાણે જઇ શકતું નથી. સંકટથી ડરનાર માણસ નથી રહેતું ઘરનું કે નથી રહેતું ઘાટનું.

રાજા અને સારથી આ વિટંબણાથી ગુંચાયા અને તેઓ ખેદ પામીને રાણીના શ્રમખિન્ન મુખ સામું જોવા લાગ્યા. રાણી ક્ષત્રાણીને યોગ્ય ધૈર્યથી પોતાનું હસતું મુખ કરીને બોલી:—જે શ્રી સદ્‌ગુરૂનાથનાં દર્શન કરવાનો સંકલ્પ કરીને હું ઘેરથી નિકળી છું, તે જ સમર્થ યોગપુરૂષઉપર મને પૂર્ણ શ્રદ્ધા છે કે તેઓ અત્યંત વિકટ પ્રવાસમાં પણ પોતાના અભિમુખ થયેલાં પ્રવાસીઓને કશું પણ વિઘ્ન થવા દેશે નહિ. આપણે આ પથ્થરના વિકટ મેદાનમાં આ પ્રમાણે અર્ધો અર્ધ આવી પહોચ્યાં છીએ તે પણ તેમની કૃપાજ છે. કેમકે જ્યારે પાછાં વળતાં પણ આગળ વધવા જેટલી જ હરકતો વેઠવાની ત્યારે આપણે પાછાં વળવાને બદલે આગળ વધવાના નિશ્ચય ઉપર ઉપર આવીએ છીએ. પાછાં વળી ઇષ્ટ અર્થથી વિમુખ થવામાં જે કષ્ટ વેઠવું તેના કરતાં ઇષ્ટ અર્થને સામે મુખે કષ્ટ સહન કરવું એ વધારે યોગ્ય છે માટે હે વત્સ સંસ્કારભદ્ર! તારાથી બને તેટલી સાવધતા રાખીને રથને

ચલાવજે, પછી તો જે ભાવી હશે તે બનશે, પણ આટલે આવીને પાછાં ફરવું તે મને યોગ્ય લાગતું નથી.

તિતિક્ષાબાઇ બોલી:—ક્ષત્રિય મહારાજાની મહારાણીને યોગ્ય જ હે દેવી ! તમારો નિશ્ચય છે. પરમેશ્વર તમારા તે નિશ્ચયને સદા સહાય રહેશે.

એ પ્રમાણે બોલીને તિતિક્ષાબાઇ તો પોતાને રસ્તે ચાલવા લાગી, પણ મીમાંસાબાઇએ તેને કહ્યું:–તિતિક્ષાબાઇ આ પથ્થરના મેદાનને છેડે અમે પહોચીએ ત્યાં લગી અમારી સાથે રહો તો સારૂં. તમારે એટલો પ્રવાસ વધારે કરવો પડશે પણ આ મહારાણીજી સગર્ભા છે અને આ આંચકા આવે તેવો રસ્તો છે તે આપણે બે બઇરાં સાથે હોઇયે તો સારૂં. તમને શ્રમ તો પડશે પણ આટલી કૃપા કરો તો ઠીક. આપ સમાન વડીલને આવી તસ્દી આપું છું તે ક્ષમા કરશો.

તિતિક્ષાબાઇ:—જો તું કહે છે, તો ખુશીની સાથે, ચાલ બહેન તારી સાથે આવું. એટલો સમય તમારો સત્સંગ થશે. પણ આ અટકચાલી છોકરી અશ્રદ્ધાબાઇ છે તે રસ્તામાં સ્ત્રીના સ્વભાવ પ્રમાણે મારી મશ્કરીઓ કર્યા વિના રહેવાની નથી. હશે પણ મને તો તે સહન કરી લેવાની ટેવ પડી છે. આ પ્રમાણે બોલી તે પુખ્ત તિતિક્ષાએ પોતાના પ્રવાસની દિશા બદલી, સંસ્કારભદ્રે ઘોડાને આગળ ચલાવ્યા અને તે રથ પથ્થરના મેદાનમાં આગળ ચાલવા લાગ્યો. ખરો બપોર થયો અને પથ્થર તો ઉના અંગારા જેવા થઇ ગયા. ઘોડાઓની ખરીઓ હવે કહ્યું કરતી નહોતી તેથી તે ઘણા વેગથી ચાલવા લાગ્યા અને રથને આંચકા ન લાગે તેમ તેમને હાંકવાને વાપરેલી સારથીની હોશીઆરી હવે ચાલે તેમ નહોતું. સગર્ભા રાણીના પેટમાં આથી અસુખ જેવું જણાવા લાગ્યું. તે તેમનાથી સહન થાય તેટલું તો સહન કર્યું પણ આખરે સહન નહિ થવાથી નિઃશ્વાસ ભરેલે મુખે મહારાણીએ સારથીને રથ થોભાવવાની આજ્ઞા કરી. સારથીએ ઘોડાઓને રોકયા, પણ તે ખરીઓ તપવાથી પગ પછાડતા અને રથને આંચકા લગાડતા ઉભા રહ્યા. દયામણે સ્વરે રાણીએ મીમાંસાબાઇને કહ્યું:– બહેન ! મારાથી હવે મને જે દરદ પેટમાં થાય છે તે સહન થતું નથી. આ શબ્દો સાંભળીને મહારાજ બહીરથવર્માને મનમાં અત્યંત લાગણી થઇ સંસ્કારભદ્રનું મોઢું તદન ઉતરી ગયું. તે બોલ્યો:—જો મારાં માતુશ્રી દેવીને કાંઇ પણ થશે તો આપઘાત કરીને મરીશ, પણ પાછો નગરમાં મુખ દેખાડીશ નહિ. ”

અશ્રદ્ધાબાઇ બોલી:—મેં તો પ્રથમથી જ પાછાં વળવા કહ્યું હતુ, પણ તમે કોઇ મારૂં ન માનો ત્યારે હું શું કરૂં ?

મીમાંસાબાઇ:—અશ્રદ્ધાબાઇ! તમારૂં કહ્યું માનવાની વાત તો કોરાણે રહી; પણ તમે જ આ રાજકુટુંબને અવળું આગવાપણું કરીને આ **શં**કાવર્તના રસ્તે પ્રવાસ કરાવ્યો છે; અને તે પણ તમારાં દૂરદર્શક યંત્રો વગેરે સાધનોને આધારેજ આ રસ્તે આણ્યું છે. તો એમ બળતાં બોલવાથી તમે તમારા કૃત્યના દોષ બીજાઓની ઉપર નાંખી શકવાનાં નથી. (રાજા તથા રાણીની પ્રત્યે) દેવી ! તમને જે પીડા ઉદરમાં થાય છે તેને માટે મને બહુજ દીલગીરી થાય છે. આનો આપણે હાલ તત્કાલ ફાયદો કરે એવો કાંઇ ઉપાય કરવો જોઇયે. જ્યાંલગી રથને ઘોડા જોડેલા રહેશે ત્યાંલગી તપેલા પથ્થરોને લીધે દાઝતા એ ઘોડાઓ આઘા પાછા અને ઉંચા નીચા કુદા કરવાના અને તમને આચકા લાગ્યા કરવાના તેથી પીડા થવાની, માટે હે ! **સં**સ્કારભદ્ર ! તમે એ ઘોડાને છોડીને પાસે ઉભા રાખો કે તેમની વિકળતાને લીધે રથને આંચકા લાગે નહિ; એટલે પછી વીચાર કરીને આ આપત્તિનો કાંઇ પણ ઉપાય કરીએ. મહારાણીશ્રીની આવીને આવી સ્થિતિમાં રથ આગળ હાકયે જવો એ કાંઇ સારૂં નથી. ભલે મોડું પહોંચાશે અથવા રસ્તામાં વિલંબ થશે એની કાંઇ બળબળા કરવાની નથી: પણ સગર્ભા દેવીને અનુકૂળતા પૂર્વક પ્રવાસ કરાવવાની ખાસ કાળજી રાખવી જોઇએ.

મીમાંસાબાઇના આ શબ્દો સાંભળતાં વાંત જ અને મીમાંસાબાઇ બોલી રહી તે પહેલાં તો **સં**સ્કારભદ્ર સારથીએ રથ ઉપરથી ઉતરીને રથે જોતરેલા ઘોડાને છોડીને વેગળા ઉભા રાખ્યા; એટલે તેમની વિકળતાથી જે આંચકા રથને લાગતા હતા તે અટકયા, અને મહારાણીને કાંઇક પીડા ઓછી થઇ આરામ મળવા લાગ્યો. ઘોડા તો ખરીઓ પછાડતાજ ઉભા હતા પણ રથ સાથેનો તેમનો સંબંધ છુટતાં તેટલી વાર તો રાણીને આરામ મળ્યો; પણ મુસાફરીને માટે યોગ્ય રાણીનું શરીર થાય અને આટલું પથારાનું મેદાન પસારી શકાય અને તેમના ઉદરમાં રહેલા ગર્ભને કાંઇ પણ ઇજા આવે નહિ એવો શો ઉપાય કરવો એ વિષે **મી**માંસાબાઈએ પોતાના અનુભવી પતિ **શા**બ્દશર્માને એકાન્ત કહી પૂછ્યું–" હે પતિ ! આપ આ આપત્તિના સમયમાં ઉપયોગી થઈ પડે તેવો કાંઈ ઉપાય બતાવો. જો કે હું આપની કૃપાથી વિવિધ પકારના વિચાર અને તર્ક કરી શકું છું, તોપણ આ વખતે મને કાંઇ ઉપાય જડતો નથી. આ પથરાના ખડબચડા માર્ગમાં પ્રવાસ કરવો અને આ રાણીની સગર્ભા સ્થિતિ, તેમાં પણ અત્યારલગી કરેલા પ્રવા-

સમાં લાગેલા આંચકાઓથી પીડા થવા લાગીછે. સગર્ભાને આવી પીડા તે બહુજ ઉત્પાતસૂચક જણાય છે માટે જો આનો પરિણામ કોઇ પ્રકારે અનિષ્ટ આવશે તો આપણે કરેલા આટલા દિવસલગીના આગવાના ધંધાને નામોશી બેસશે સંસારમાં મનુષ્યો આપણા ફક્ત બોલ ઉપર પણ જે ભરોસો રાખે છે તેવો આપણો તોલ છે તેને હાનિ પહોંચશે. માટે આ વિપત્તિમાં કાંઇ પણ ઉપાય જો આપના જાણવામાં હોય તો આપ સત્વર કહો. મને વિચાર કરતાં એમ જણાય છે. કે રાણીને જે આ પીડા ઉદરમાં થાય છે તેથી હું માનું છું કે ગર્ભપતન થવાની તૈયારી જેવી સ્થિતિ થઇ છે. આથી કાંઈ નહિ તો આપણી પ્રતિષ્ઠાની ખાતર આ પ્રવાસીઓને સર્વ પ્રકારે કુશળતા મળે તેમ કરવું જોઇએ. બીજું આ અશ્રદ્ધાબાઇ અને એના જેવાં બીજાં પણ આપણી હમેશને માટે હાંસિ કરશે અને આપણા આગવાપણાને બટ્ટો લગાડશે. ખરૂં જોતાં આ રસ્તે આ પ્રવાસીઓને આણવાનો દોષ એનો છે, છતાં તે દોષ આપણા આગવાપણાને માથે ઓઢાડશે. માટે આપ ઘણી જુની બાબતો જાણો છો તેથી આ સંકટનો કાંઇ પણ ઉપાય શોધી કાઢો.

શાબ્દશમાં ગંભીરતાથી બોલ્યાઃ-હે પ્રિયે! આ વિષમ સંકટ છે. એ વાત ખરી પણ મારો સ્વભાવ જ એવો પડી ગયો છે કે વગર પૂછયે હું કાંઈ બોલતો નથી, કેમકે અહીં આપણું કામ આગવનરીકેનું છે કાંઇ વૈદ્યનું નથી, તેથી આપણે નકામું ડહાપણ કરવું એ યોગ્ય નથી, આમ ધારીને હું કાંઇ બોલતો ન હતો, પણ જ્યારે તું પૂછે છે ત્યારે હું કહું છું કે આ સંકટમાં તો ઔષધના ઉપચારથી આ મહારાણીના ગર્ભની સ્થિરતા કરીને પછી આપણે પ્રવાસ ચલાવીએ તો કશી અડચણ નડે નહિ. બાકી આ પથ્થરના મેદાનમાં તો પસાર થઇ ગયા વિના સિદ્ધિ નથી. આંચકા વાગે તો પણ રાણીને દુઃખ ન થાય તેવા ઔષધનો ઉપચાર કરવામાં આવે તો પછી મુસાફરી કરવામાં કાંઇ અડચણ નથી.

ઉત્સાહ અને ગભરાટથી મીમાંસાબાઈ બોલીઃ-હે પતિ! આપે ઉપાય બતાવ્યો પણ આ પથ્થરના મેદાનમાં આપણે વૈદ્ય કે ઔષધને કયાંથી મેળવી શકીએ? આ તો આપે જે ઉપાય કહ્યો તે ન કહ્યા જેવોજ થયો. અહીં મુકામ રાખીને વૈદ્યને તેડવાને માટે આપણે આશ્રમોમાં પાછાં જઇએ અને તેને તેડીને પાછાં આવીએ તેટલામાં તો આ રાણીનો ગર્ભપતન થઇ જાય તો પછી મિથ્યાશ્રમ અને અપયશ જ આપણને મળે, તેથી અહીં આપણે જે ઉપાય કરી શકીએ તે બતાવો. કેમકે રાણીના ઉદરમાં હજી પીડા થયાજ કરે છે.

શાબ્દશર્મા બોલ્યા:—અધીરી પ્રિયા! એવો ઉપાય આપણી સાથે જ છે, તેથીજ હું તે ઉપાય યોજવાને કહુંછું. તું જાણે જ છે કે આ રાજારાણીને વિદાય કરતી વખતે આપણા પૂજ્ય અગ્રેસર ઋગ્વરે આયુષ્કારી નામની ઔષધી આપેલી છે. તેનો ઉપયોગ આવી અણીને વખતે નહિ કરવામાં આવે તો પછી ક્યારે કરવામાં આવશે? માટે આપણે સત્વર રાજાને આ સલાહ આપીએ. એમ નિશ્ચય કરીને તે મીમાંસાબાઇ તથા શાબ્દશર્મા રાજા અને રાણીની પાસે જઇને બોલ્યો:-હે રાજન્! આપની પાસે જે ઋગવરે આપેલી ઔષધી છે, તેમાંથી રાણીજીને થોડાંક ટીપાં પાવ અને થોડાંક ટીંપાં ઉદર ઉપર ચોપડો. એટલે થતી પીડા એકદમ શમી જશે અને રાજગર્ભની સ્થિરતામાં કોઇપણ પ્રકારે વાંધો રહેશે નહિ."

આ વચનો સાંભળીને રાજા અત્યંત પ્રસન્ન થયા અને તે આયુષ્કારી નામની અમોઘ ઔષધીનો ઉપચાર પોતાની રાણીને શાબ્દશર્માની સૂચના પ્રમાણે કર્યો. એકદમ ચમત્કારિક રિત્યે રાણીના ઉદરમાં થતી પીડા મટી ગઇ, અને ગર્ભ ચલાયમાન થવાનાં જે ચિન્હો થતાં હતાં તે બધાં એકદમ બંધ પડયાં. થોડીકવાર વિશ્રાન્તિ લીધા પછી તેજ પ્રમાણે બીજીવાર ઉપચાર કર્યો એટલે તો રાણી સગર્ભા છતાં તેમના પ્રત્યેક અંગમાં એવી દ્દઢતા જણાવા લાગી કે ગમે તેવા ખડબચડા માર્ગમાં ત્વરતક દોડતા ઘોડાઉપર બેશીને પણ મુસાફરી કરવી હોય તોપણ તે કરી શકે. રાણી બોલી:—

પૂજ્ય મીમાંસાબાઈ તમારા ઉપચારથી હવે મારૂં શરીર બહુ જ સ્વસ્થ અને સુદ્દઢ થયેલું ભાસે છે. માટે હવે આપણે મુસાફરી આગળ કરીશું તો કાંઈ પણ અડચણ થવાની નથી એમ હું નિશ્ચયપૂર્વક કહુંછું. રાણીએ આ પ્રમાણે હસતે મુખે કહ્યું તે સાંભળીને રાજાને ઘણોજ આનંદ થયો. તેમણે શાબ્દશર્મા તથા મીમાંસાબાઇનો ઘણોજ ઉપકાર માન્યો. રાજાજી બોલ્યા:- " હે પવિત્ર દંપતી! તમે જો આ અમોઘ ઔષધી વિષે મને યાદ દેવડાવ્યું ન હોત, તો પાસે જ ઔષધ છતાં આંખ્ય ગયા જેવું થાત. શાસ્ત્રમાં ઘણે ઠેકાણે લખેલું છે કે આપણી પાસેની સાધનસામગ્રી પણ દેશિક અથવા સૂચકવિના યોગ્ય કાળે ઉપયોગની થઇ શકતી નથી એ વાત સાચેસાચી છે, એનો મને આજે પ્રત્યક્ષ અનુભવ થયો છે.

પછી રાજાએ સારથીને આજ્ઞા કરી કે હવે પાછા ઘોડાને રથમાં જોડવા, કેમકે રાણીએ વારંવાર રાજાને આગ્રહ કરી કરીને કહ્યું કે હવે આપણુ પ્રવાસ નિર્વિઘ્ને કરી શકીએ એવું સારૂં મારૂં શરીર થયું છે. સંસ્કારભદ્રે ઘોડા લાવીને રથે જોડયા પણ ખરીઓ તપેલા પથરા ઉપર તપી

જવાથી પગ અફાળવા લાગ્યા. તેથી સંસ્કારભદ્રે કહ્યું:—આ ઘોડા ખરીઓ તપવાથી બહુ સતપત કરે છે તેથી મને બહુ બીક રહે છે કે ફરીને મારાં માતુશ્રીદેવીને કાંઇ અસુખ થાય.

આના જવાબમાં શાબ્દશર્મા બોલ્યા કે.—સ્વામિભક્ત સારથિ! મહારાણીના શરીર માટે કાંઇપણ ચિન્તા કરશો નહિ. તે તો અમોઘ ઐાષધીના પ્રતાપે કરીને વજ્ર જેવું દૃઢ થયું છે. તેમજ અમૂલ્ય રાજગર્ભની રક્ષા સંબંધે પણ કાંઇ ચિન્તા કરશો નહિ. મહારાણી જો ઘોડાઉપર સ્વારી કરીને દોડાવતાં લેઇ જાય તોપણ હવે તેમને કાંઇપણ હરકત થાય તેમ નથી. એવો આ ઋગ્વરે આપેલી મહૌષધીનો ચમત્કાર છે તે છતાં પણ બિચારા અણબોલ્યા જીવ જે આ ઘોડા છે તેમના સુખને માટે પણ પાણીમાં થોડાંક ટીંપાં એ ઐાષધનાં નાંખી તે પાણીવડે ઘોડાની ખરીઓ કાંડાં સુધી ધોઇ નાંખો એટલે લગભગ ત્રણ પહોર લગી તો તેમની ખરીઓ અગ્નિમાં ચાલવાનું હશે તોપણ તપશે નહિ, અને થંડી હિમ જેવી રહેશે.

મહારાણીના સુખને માટે વધારે કાળજીથી તથા પોતાના ઘોડાઓની સામાન્ય કાળજીથી તે સંસ્કારભદ્રે પોતાના ઘોડાઓની ખરીઓ પણ એ મહૌષધી વાળા જળથી પખાળી. એટલે ઘોડા તરતજ શાન્ત રીત્યે પગ મૂકીને એ તપેલા પથરા ઉપર પણ ઉભા રહ્યા. તેથી સંસ્કારભદ્રને પણ અકથ્ય આનંદ થયો. તે બોલ્યો:—હવે તો ઘોડાઓને એવા જમાવી હાંકીશ કે પૂજ્ય મહાદેવીને એક જરીકપણ બેચેની થવાની નહી. એ પ્રમાણે બોલીને તે સ્વામિભક્ત સારથી પોતાને સ્થાને રથ ઉપર બેઠા, અને ઘોડાનો અછોડો (પ્રગ્રહ) હાથમાં લઇને આસ્તે ચલાવવા લાગ્યો. રથ થોડેક સુધી એ પ્રમાણે ચાલ્યો તોપણ મહારાણીને કાંઇ પણ બેચેની લાગી નહિ, એટલે સંતોષ અને નિર્ભયતાથી હસતી દેવી વૃત્તિપદ્મા બોલી કે:—વત્સ! સંસ્કારભદ્ર! હવે રથ ગમે તેવી રીત્યે હાંકશો—કદાપિ કાંઇ બીક કે સંકોચ રાખ્યાવિના હાંકશો—તોપણ કાંઇ હરકત નથી."

રાણીના આ શબ્દો સાંભળીને રાજા તથા સંસ્કારભદ્રને જે આનંદ થયો તે કહી શકાય તેવો નહોતો. તેમજ રાજા અને રાણી તથા સંસ્કારભદ્રના મનમાં તે આયુષ્કારી ઐાષધી આપનાર ઋગ્વર તેમજ તે ઐાષધીનો ઉપયોગ કરવાનું યાદ દેવરાવનાર મીમાંસાબાઇ તથા શાબ્દશર્મા વિષેજે પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો તેનું પણ વર્ણન કરી શકાય તેમ નથી. એ પ્રમાણે સહુ આનંદમાં વાતો કરતાં તે પથ્થરનામેદાનમાં પોતાનો પ્રવાસ આગળ ચલાવવા લાગ્યાં; પણ અશ્રદ્ધાબાઇના મોઢાઉપર તો અસંતોષ પ્રકટપણે જણાતો

હતો. રાજા અને રાણીને પ્રવાસમાં જે વિપત્તિ પડે તેનો લાભ લેઇને તે તેમના મનમાં શાબ્દશર્મા અને મીમાંસાબાઈ ઉપર અશ્રદ્ધા ઉત્પન્ન કરવાનો જે ઇરાદો રાખતી હતી તે ઇરાદો હવે સફળ થાય તેમ રહ્યું નહોતું. અશ્રદ્ધાબાઇને એમ સ્પષ્ટ જણાવા લાગ્યું કે હાલમાં તો હવે તેનો કોઇ ભાવ પૂછે તેમ રહ્યું નહોતું તેથી બીજા સઉના મુખઉપર જે સંતોષ રૂપિ સૂર્યનું અજવાળું પ્રકાશતું હતું તેથી અશ્રદ્ધાબાઈના અદેખા અંતઃકરણરૂપિ ઘુડને ઘણીજ ગ્લાનિ થતી હતી. અદેખાઇ એવો ગુણ છે કે તેથી પારકું સુખ દેખી શકાતું નથી તેથી પ્રથમતો તે સઉને થયેલા આનંદથી અશ્રદ્ધાબાઇને ગ્લાનિ થઇ. જેમ જેમ પ્રવાસમાં તેઓ આગળ વધતાં ગયાં તેમ તેમ તેમનો આનંદ અને ઉત્સાહ કાંઇક વધતો જતો જણાયો તેથી તેજ પ્રમાણમાં અશ્રદ્ધાબાઇની અદેખાઇયે ગ્લાનિને બદલે અશુભ ચિન્તન રૂપ પકડયું; તેના મનમાં એમ થવા લાગ્યું કે આ લોકો જે આનંદમાં ને હર્ષમાં ફુલી જવા લાગ્યાં છે તેમના ઉપર કોઇક એવી આપત્તિ આવી પડે કે જેથી તેઓને શું કરવું તે પણ સૂઝે નહિ તો હમણાં આ લોકોએ જે ગલગલિયાં માંડયાં છે તેનો પાર આવી જાય. આ પ્રમાણે અશ્રદ્ધાબાઇના મનમાં અશુભ ચિન્તન ચાલી રહ્યું હતું ત્યારે બીજાઓના મનમાં રસ્તો કપાતો જતો હતો તેમ આનંદ વધતો જતો હતો. એમ કરતાં કરતાં સાંજ પડવા આવી અને દિવસના અંતની સાથે પેલા પથ્થરના મેદાનનો પણ અંત આવ્યો. સારી સપાટ જમીન આવી તેથી સંસ્કારભદ્રે પોતાના ઘોડાને થોભાવી રથ ઉભો રાખ્યો. રાજા રાણી જરીક જમીન ઉપર આમ તેમ ફરવાને માટે ઉતર્યા; અને અદ્યાપિ લગી કરેલા વિકટ પ્રવાસને અંતે થોડીક ઘડી આરામ લેવાને માટે સઉએ ત્યાં મુકામ કર્યો. મહારાજા બહીસ્થવર્માએ ત્યાંસાયંસંધ્યા કરી સૂર્યનારાયણને અર્ધ્યપ્રદાન અને શાબ્દશર્માએ પણ સંધ્યોપાસન કર્યું. સંસ્કારભદ્રે પણ પોતાના ઘોડાનાં અંગમર્દન વગેરે કરીને પરમેશ્વરનું સ્મરણ કરવા માંડયું. મહારાણી મીમાંસાબાઇ, તથા તિતિક્ષાબાઇ પરસ્પર વાતો કરતાં હતાં. અશ્રદ્ધાબાઇ બધું અદેખી આંખ્યે જોઇ પોતાના અદેખા હૃદયરૂપ તળાવમાં ખાંડીબંધ ખાર નાંખતી હતી.

રાજા અને શાબ્દશર્મા બંને જણ સંધ્યા કરી રહ્યા એટલે તેઓ આવીને સંસ્કારભદ્રે બિછાવી રાખેલા બિછાના ઉપર બેઠા; અને સ્ત્રી વર્ગ આવીને પાસે બીછાવેલા બીજા બિછાના ઉપર મહારાણીની પાસે બેઠો. આ વખતે પથ્થરના મેદાનમાં પડેલાં સંકટો તરીને પાર આવી શકયા તેને માટે સઉ પરમાત્માનો આભાર માનવા લાગ્યાં. એ ઉપરથી વિષયાન્તર

થતાં થતાં સઉ ઋગ્ગુંવરની તથા તેમણે આપેલી આયુષ્કરી મહોષધીની પ્રશંસા કરવા લાગ્યાં, અને છેવટે રાજા રાણી અને સંસ્કારભદ્રે શાબ્દશર્મા અને મીમાંસાબાઇની તે ઔષધીના ઉપયોગમાં સમયસૂચકતાનાં અત્યંત વખાણ કરવા માંડયાં. વળી રાજા તથા રાણીએ એ ધણી ધણિયાણીની આગવા તરીકેની માહિતી તથા શાન્તિની પણ બહુજ પ્રશંસા કરી; અને અને તેમાં સંસ્કારભદ્રે એવી ટાપશી પૂરી કે બિલકુલ ડોળધાલુવેડા કર્યા વિના ધૈર્ય અને શાન્તિથી આગવાપણું કરવાની શાબ્દશર્મા તેથા મીમાંસાબાઇની છટાની બરોબર કોઇ પણ આવી શકે નહિ. તે સારથી બોલ્યો–આવાં ઉત્તમ આગવાં મે કદી જોયાં નથી.

એ પ્રમાણે મીમાંસાબાઇ અને શાબ્દશર્માનાં વખાણ થતાં સાંભળીને અશ્રદ્ધાબાઇના હૃદયમાં બળતરા થવા લાગી. તે બળતરા ધીમે ધીમે વધતાં વધતાં એટલે લગી પહોચી કે જે શાન્તિ અને સુખનું ભાન એ પ્રવાસીઓને થતું હતું તેના ઉપર જ તેનો દ્વેષ પ્રજ્વલિત થયો. અશ્રદ્ધાબાઇના મનમાં એમજ આવ્યું કે આ પ્રવાસીઓને હજી વીતવાની જ જરૂર છે, કેમકે આટલું આટલું વીત્યા છતાં પણ આ નિરાંતનો વખત આવ્યો એટલે તો તેઓ પાછાં ઘેલડાં બની જઇને આ મીમાંસાબાઇ અને તેના ધણીનાં વખાણ કરવાને મંડી પડયાં છે. તેમને ફરી ફરીને વીતશે નહિ ત્યાં લગી તેઓ એ ઘેલછામાંથી મુક્ત થવાનાં નથી. મીમાંસાબાઇ અને શાબ્દશર્મા તેઓને નઠારામાં નઠરા રસ્તે લાવ્યાં છે એમ અનેક વિપત્તિઓ વડે તેમને સમજાશે નહિ ત્યાં લગી એ લેભાગુ આગવાં ધણીધણીઆણીનો ભાર વક્કર આ મૂર્ખ પ્રવાસીઓ આગળ ઓછો થશે નહિ; અને જ્યાં લગી તેમનો વક્કર ઓછો થશે નહિ ત્યાં લગી એ લોકો મારો ભાવ પૂછવાનાં નથી. આવા વિચાર આવવાથી જ્યારે આખો સાથ આનંદમાં અને પરમેશ્વર પ્રત્યેના આભારમાં લીન થયો હતો ત્યારે અશ્રદ્ધાબાઇ અદેખાઇથી ઉપજતી ચટપટી પોતાના અંતઃકરણમાં અનુભવીને વિકળતામાં પડી હતી છેવટે તેણે પ્રવાસીઓને પજવવાની યુક્તિ શોધી કાઢી.

પ્રકરણ ૮ મું.

અશ્રદ્ધાબાઇની અદેખી યુક્તિ.

અશ્રદ્ધાબાઇએ પોતાની અદેખાઇની અકળામણમાં, તે પ્રવાસીઓ પાછા વિટંબણામાં શી રીત્યે પડે તેને માટે અનેક ઘાટ પોતાના મનમાં ઘડયા હતા. પ્રથમ તો તેના મનમાં એમ થયું કે આટલામાં કોઇ ચોરલોક કે વાટપાડુ લોક વસતા હોયતો તેમને તેડી લાવીને આ પ્રવાસીઓ ઉપર ધાડ પડાવી હોય તો સારૂ; પણ આ શંકાવર્ત એવો મુલક હતો કે તેમાં અશ્રદ્ધાબાઇ મુસાફરોને પોતાનાં ભૌતિક વિદ્યાનાં સાધનોથી ઠગાવીને દોરી લાવતી હતી તોપણ આગળ કયાં જવું અને આશપાશ કેવા લોક વસે છે તથા આગળ શું શું આવે છે તેની કાંઇ પણ ખબર એ બાઇ સાહેબને નહોતી. તે છતાં પણ પોતાનાં તે ભૌતિકયાંત્રિક સાધનોના અલ્પબળ ઉપર મોટા સર્વશક્તિમાનપણાનો અને સર્વજ્ઞતાનો આધાર રાખતી હતી, આ પ્રદેશમાં એવા ધાડપાડુ લોક કયાં રહે છે તેની તેને માહિતી નહિ હોવાથી તેમજ તેનાં યાન્ત્રિક સાધનો ભાગી ગયેલાં હોવાથી એ વિચાર તેનો બર આવી શકે તેમ નહોતું. તેથી તે નિરાશ થઇ તેને કોઇ દેવ દેવીની મદદથી પણ આ પ્રવાસીઓને વીતાડવાનો વિચાર આવ્યો. પણ તેને દેવ દેવીઓની હયાતી વિષેજ વિશ્વાસ નહોતો એટલે એ વાતમાં પણ ફાવે તેમ નહોતું. પણ નાનપણથીજ અશ્રદ્ધાબાઇને એક પિશાચિણી તુષ્યમાન થઇ હતી; તે પિશાચિણીનો સ્વભાવિક રીત્યે જ અશ્રદ્ધાબાઇ ઉપર પ્રેમ હતો અને તેણે તેને પ્રસન્ન થઇને એવું વચન આપ્યું હતું કે તું જ્યારે મને સંભારીશ ત્યારે હું તારી મદદે આવીને હાજર થઇશ. એ પિશાચિણીનું નામ **નાસ્તિકતા** હતું. જો કે અશ્રદ્ધાબાઇનું નામ અશ્રદ્ધાજ હતું તોપણ આ ઉગ્ર પિશાચિણી ઉપર તેને સ્વાભાવિક ભક્તિ હતી. અશ્રદ્ધાબાઇ એવી ગર્વવાળી અને ઉદ્ધત હતી કે કોઇની પણ તે ઉપાસના કરે તેવી નહોતી, તો પણ સ્વભાવ વેગથીજ તે **નાસ્તિકતાની** તો મોટામાં મોટી ઉપાસક હતી. આ સ્વભાવ વેગવાળી ભક્તિથી નાસ્તિકતા પણ સ્વાભાવિક વેગથી જ અશ્રદ્ધાબાઇને પ્રસંન્ન થઇ હતી. આ પ્રસંગે અશ્રદ્ધાબાઇના મનમાં આ પિશાચિણીની મદદ લેવાનો વિચાર થયો તેથી તેણે બધા સાથથી વેગળે જવાનો

નિશ્ચય કર્યો અને ત્યાંથી ઉઠીને તે કોઇ દેખે નહિ તેટલે વેગળે ચાલી ગઇ. પેલાં રાજા રાણી વગેરે બીજાં જે હતાં તેતો વધારે વધારે આનંદથી પરમેશ્વરના મહિમાનો વિચાર સાયંકાલની લીલા જોઇને કરવા લાગ્યાં.

અશ્રદ્ધાબાઇએ એકાન્તમાં જઇને તેની ઇષ્ટ પિશાચિણી **નાસ્તિકતાનું** સ્મરણ કરવા માંડયુંઃ—હે મારા સાથે સ્વભાવથી પ્રસન્નતા ધરાવનારી **નાસ્તિકતા** ! આ મારા ખરા અણિના પ્રસંગે હું તને યાદ કરૂં છું. તું જો કે મારા કરતાં ઘણી જ મોટી છે, મારા કરતાં ઘણીજ પ્રબળ છે, મારા કરતાં ઘણીજ બુદ્ધિમતી છે, તોપણ હું તને મારા કાર્યને માટે આવાહન કરૂં છું; કેમકે તું મારી સખી ભક્તિને જ પસંદ કરનારી છે. નાનું મોટાને પોતાનું કાર્ય બનાવવાને યોગ્ય નથી. પણ સખાભક્તિ તું પ્રસન્ન છે, તેથી એક સખી જેમ બીજી સખીને કામ બનાવી શકે છે તેમ હું તને મારૂં કામ બજાવવાને અહીં બોલાવું છું. માટે શીઘ્ર આવ! અને આપણી સખી ભાવનાના ખરાપણાનો પડછો બતાવ, કેમકે પ્રત્યક્ષ પડછાવિના આખા વિશ્વમાં કાંઇ પણ ખરૂં નથી.

અશ્રદ્ધાબાઇએ કરેલા આ આવાહનને અંતે તે પિશાચિણીએ સ્વાભાવિક પ્રેમરૂપ સખીભાવથી ખેંચાઇને ત્યાં આવીને **અશ્રદ્ધાબાઇને** દર્શન દીધું, તરતને તરત પ્રત્યક્ષ થયેલી **નાસ્તિકતાને** જોઇને પ્રસન્ન થયેલી **અશ્રદ્ધાબાઇ** બોલીઃ—હે ઇષ્ટ સખી! તું ભલે આવી. તેં મારી સખાભક્તિને ખરી કરી આપી. તારા અપાર બળની મારે જરૂર પડયાથી મેં તને જેવી સંભારી તેવીજ તું આવી. મારી દષ્ટિયે તો આખા સંસારમાં તુંજ એક પ્રકટ પડછો આપનારો છે; બીજાં દેવ દેવિઓ એ ગપ છે, અને ઇશ્વર તો વળી મોટામાં મોટી ગપ છે; તુંજ ખરેખરી છે! તુંજ આ લોકમાં અખંડ વિષય-વિલાસની આપનારી છે, અને પરલોક સંબંધી ભયને કાપનારી છે!! હે પરમ ઇષ્ટ સખી! ભલે પધારી. તારા દર્શનથી હું કૃતાર્થ થઇ. હે પ્રાણ સખી! ત્વરાથી તું આવી, તે કાંઇ આટલામાં વિકટ પ્રદેશમાં તું વિચરતી હતી ત્યાંથી આવી કે મારે માટે ઘણાજ દૂર પ્રદેશમાંથી આવવાનો પ્રયાસ તારે કરવો પડયો ?

અશ્રદ્ધાબાઇના આવા અત્યંત ઉમળકાના શબ્દો સાંભળીને પ્રેમવડે જેનું હૃદય ઉભરાઇ જતું હતું તે **નાસ્તિકતા** બોલીઃ—હે ઉપાસકસખી! એતો મારૂં વરદાન તું નિત્ય સ્મરણમાં જ રાખજે કે તારા હૃદયમાં જ હું વસુછું, અને મારા હૃદયમાંજ તું વસે છે. આપણે એક બીજાથી કદી પણ દુર રહ્યાં નથી અને રહેવાનાં નથી. આદિ અનાદિથી હું તો સદા તારા હૃદય-

માંજ રહું છું, પણ તું જાણજે કે આ શંકાવર્ત્તના પ્રદેશમાં જ મારી વિલાસભૂમિ છે. મારી વિલાસભૂમિમાં મને આનંદની મસ્તીને લીધે કોઇ દિશા કે કોઈ પદાર્થ સુજતો નથી. પણ અહીંજ મને વિલાસમાં ખેલ્યા કરવાનું ગમે છે માટે હું તો આ પ્રદેશમાંજ મહાલ્યા કરૂં છું. અહીં તું પણ આવી એટલે મારા વિલાસમાં ખરેખરો વધારો થયો. અહીંથી થોડુંક આગળ ચાલતાં મારી ખાસ વિભ્રમવાડી આવે છે; અને તેમાં ફક્ત મને પ્રિય એવાં ભ્રમવેલીઓનાં ઝુંપ છે. બીજો કોઇ પણ છોડ તેમાં ઉગી શકતો નથી. મને સર્વ પ્રકારની ત્યાં અનુકૂળતા છે. એ બધી અનુકૂળતાનો અનુભવ તને પણ આજે મારી અતિથિ સખી તરીકે આપવો છે. આ પ્રદેશમાં આપણે ભેગાં થયાં એ ખરેખરા હર્ષની વાત છે. પણ હે પ્રિય સખી! તેં મને શા માટે સ્મરી હતી તે મને કહે તારી મહેમાનગત કરવાની ધુનમાં હું તો તને તે પણ પૂછવાનું ભૂલી ગઇ. તો મને સત્વર કહે કે તારૂં શું કાર્ય કરૂં?

પછી અશ્રદ્ધાબાઇએ પોતાના આગવાપણાની બધી વાત માંડીને કહી, તથા પૂછ્યું કે જેથી મારી વાત રહે અને હું મીમાંસાબાઇ અને તેના વરથી વધારે હોંશિયાર આગવાનરીકે ગણાઉં એવો કોઇ ઉપાય કે માર્ગ બતાવશો? ત્યારે નાસ્તિકતા બોલી;—એ વાત તો ખરી, પણ આ શંકાવર્તના દેશમાં મારૂં મન તો એક એવા પ્રકારના હર્ષની ખુમારીમાં રહે છે કે મને આ દેશમાંથી બહાર નિકળી જવાનો કોઇ પણ માર્ગ કે ઉપાય સુજતો નથી, તો પછી તને આ દેશમાંથી નિકળી જવાનો રસ્તો હું શી રીત્યે બતાવું અને મને તો આ પ્રદેશમાં એવી તો હર્ષનિમગ્નતા થાય છે કે આ પ્રદેશમાંથી તારા પ્રવાસીઓને બહાર લેઇ જવાની તારી ઇચ્છા તે મને ગાંડપણભરેલી લાગે છે; અહિં જે આનંદ આ શંકાવર્ત્તના રમણીય પ્રદેશમાં અને વિશેષે કરીને આ પાસે આવેલી મારી વિભ્રમવાટિકાના પ્રદેશમાં મળી શકે તેમ છે તેવો આનંદ કોઇ પણ ઠેકાણે હોવો સંભવતો નથી; આવું સુખ કોઇ પણ ઠેકાણે હોવું સંભવતું નથી. ભલેને શાસ્ત્રો વાંચનારા ગપ્પીઓ સ્વર્ગ સુખ વિષે ગપ્પાં મારે! પણ અહીં જે આનંદ છે તેવો આનંદ તો કોઇ પણ સ્થળે આખા વિશ્વમાં હોવો સંભવવો નથી. આ ખરેખરો પ્રત્યક્ષ સુખપ્રદેશ મૂકીને જુઠાં ગપ્પાં ઉપર આધાર કોણ રાખે? તારા પ્રવાસીઓ પણ મૂર્ખજ હોવા જોઇએ, નિકર આવા સુંદર પ્રદેશમાંથી નિકળી જવાનું તેઓ કદીપણું ઇચ્છે નહિ. હું સંસારમાં બધા સુખના અવધિરૂપ આ પ્રદેશને અને તેમાં પણ મારી વિભ્રમવાટિકાને ગણું છું. મારી આ વાટિકા તો એવી વિશાળ છે કે મોટાં અરણ્યો પણ તેમાં સમાઇ જાય, અને આ વાડીનાં વૃક્ષ હમેશ

લીલાં જણાય છે તે કદી કરમાતાં નથી. નિર્ભયતા અને વિષય બાગના આનંદની નિશામાં મગજ અહીં એવું તો તર રહે છે કે રાત્રિદિવસની ખબર પડતી નથી. આ સુખ છોડી આગળ અથવા બીજે કોઇ ઠેકાણે જવાની ઇચ્છા રાખનાર પ્રવાસીના જેવું આખા દુનીયામાં કોઇપણ મૂર્ખ ગણાય નહીં; અને જો ખરૂં પૂછોતો આનાથી આગળ હવે બીજો કોઇ પ્રદેશ છે જ નહિ. લોકો શાસ્ત્રનાં ગપ્પાં સાંભળીને ગુરૂપદ અને ઇશપદના પ્રદેશોની વાતો ખરી માને છે. પણ મારો તો એવો નિશ્ચય જ છે કે એવા કોઇ પ્રદેશો કોઇપણ સ્થળે છે જ નહિ. માટે તારા પ્રવાસીઓને. સમજાવ કે અહીં પણ હવે આગળ જવા જેવું કોઇ સ્થળ નથી. ઉત્તમમાં ઉત્તમ આ સ્થળ છે. તેઓ જો અહિં મારી છાયા નીચે રહેશે તો તેમને સર્વ પ્રકારનાં સુખ ભોગ અને વૈભવ આપીશ. માટે તે લોકોને તું સમજાવ અને તેમને સુખી કરીને મારા આગવાપણાનું સાર્થક કર.''

અશ્રદ્ધાબાઇ બોલી—મને પણ આ પ્રદેશમાં પ્રવેશ કર્યો ત્યારે અનુકૂળતાનું ભાન થાય છે; અને અહીં જ્યારે તમારાં દર્શન થયાં ત્યારે તો બહુજ અનુકૂળતાનું ભાન થાય છે અને એક પ્રકારની કેફથી હું પણ મત્ત થઇ ગઇ છું. તમારૂં કહેવું મને અક્ષરે અક્ષર ખરૂં ભાસે છે; પણ મારાં સાથેનાં મૂર્ખ પ્રવાસી મારૂં કહ્યું માનવાનાં નથી. કેમ કે તેઓને મારા કરતાં મીમાંસાબાઇ ઉપર તથા તેના જડથા જેવા વર શાબ્દશર્મા ઉપર વધારે વિશ્વાસ બેઠો છે. એ બધાયમાં વળી રાજા તો કાંઇક સમજે તેવો છે. તે એકલો હોય તો તો આપણે તેને અહીં નિત્યને માટે રોકી પાડીએ, પણ તેની સાથે તેની રાણી અને તેનો સારથી સંસ્કારભદ્ર છે તેઓ કદી પણ મારા કહ્યા ઉપર ઇતબાર રાખે તેમ નથી. તેઓતો મીમાંસાબાઇ અને શાબ્દશર્માના વચનોને આકાશ વાણીની પેઠે જ માને છે, અને હું જે કાંઇ કહુંછું તે ઉપર તેઓ પ્રકટ રીત્યે જ તિરસ્કારની નજરથી જુએ છે, માટે આ લોકને કાંઇ પણ રીત્યે નરમ પડાય અને પેલી મીમાંસાબાઇ અને તેના ધણીનો વક્કર ઉડાવી નંખાય તો જ તમે કહો છો તે પ્રમાણે બને; અને એ પ્રમાણે ક્યારે બને કે જ્યારે એ બધાયને મારા આગળથી કહેવા પ્રમાણે ખુબ વીતે ત્યારે જ તેઓને હું આગળથી ચેતાવું કે–તમે અહીંથી હવે આગળ ચાલશો નહિ કેમકે આગળ ઉપર એક અપ્રતીતિ નામની રાક્ષસી રહે છે તે આવીને આપણો સઉનો કળિયો કરી જશે. તે છતાં તેઓ મીમાંસાબાઇનું કહ્યુ માનીને આગળ ચાલે એટલે ગોડે આગળ જતાં તમે "અપ્રતીતિ" ના ભયંકર રૂપે આવીને સઉને ખુબ

વીતાડો અને બ્હીવડાવો એટલે તે સર્વને મારી અગમચેતી ખરી પડવાથી મારાઉપર વિશ્વાસ બેસશે અને મીમાંસાબાઇ અને તેનો વર રસ્તાનાં આગળથી ભૂમિયાં નથી એમ સઉની ખાતરી થશે. મને આ પ્રમાણે તમે મદદ કરો તો એક સપાટામાં એ બધાંનાં મગજ ઠેકાણે આણી દઉં; પછી આ બધાંને અહીં જ રાખીને એ બધાંનું નૈવેદ્ય કરીને તમને ધરાવું, તો જ મારી દાઝ હોલાય. એટલું બધું તેમણે મારૂં અપમાન કર્યું છે.

નાસ્તિકતા અત્યંત પ્રસન્ન થઇને બોલી:–જો કે આ શંકાવર્ત્તમાંથી નિકળી જવાનો માર્ગ તો હું કોઇને બતાવવાને સમર્થ નથી તો પણ આ પ્રમાણે તારા પ્રવાસીઓને પીડીને ત્રાહિ પોકરાવવાનું મારૂં સામર્થ્ય તો અપાર છે, તે હું તને આ તારી યુક્તિમાં મદદ કરીને તને બતાવી આપીશ; માટે તું હવે તારા પ્રવાસીઓ પાસે જા અને તારી યુક્તિ રચ. હું તેમાં તને સોળે અંગે મદદ કરીશ. પ્રવાસીઓ તો શું પણ આગવાપણું ડહોળવાને આવેલાં મીમાંસાને અને તેના માટીને પણ પ્રાણસંકટમાં ન ઉતારી દેઉં તો મારૂં નામ નાસ્તિકતા નહિ.

નાસ્તિકતાનાં આ વચનો સાંભળીને મનમાં અતિશય પ્રસન્ન થયેલી અશ્રદ્ધાબાઇ પાછી પોતાના પ્રવાસીઓના સાથ ભેગી થવાને ટાંટીઆમાં સંપૂર્ણ જોર સાથે ચાલી ને ત્યાં જઇને પાછી ખુશમિજાજથી બધાં સાથે વાતચિત કરવા લાગી તથા જાણે પ્રથમ કોઇ પણ વિરોધનું કારણ બન્યું જ નથી એમ બતાવી મીમાંસાબાઇ વગેરે સાથે હળી મળીને વર્ત્તવા લાગી. આ વખત સંસ્કારભદ્રે જરીક મશકરી કરતાં કહ્યું:–અશ્રદ્ધાબાઇ આજે તો કાંઇક તમે ખુશીમાં છો ખરાં !? એક બીજા જોડે ચઢભડો ખરાં પણ મીમાંસાબાઇનાં તમે સગાં રહ્યાં એટલે કાંઈ ડાંગે માર્યાં પાણી જુદાં થતાં નથી તેમજ તમારી વચ્ચે પણ છે.

અશ્રદ્ધાબાઈ:—સંસ્કારભદ્ર ! અમે જે લડીએ કે ચઢભડીએ તે કાંઇ અમારા ખાનગી લાભ કે સ્વાર્થ માટે નહીં; પણ અમારા જે પ્રવાસીઓ હોય તેમની સલામતી માટે જે કાળજી અમને રહે છે તે હેતુથી જ અમારો વખતે મતભેદ થાય; પણ અમારે કાંઇ એક બીજા સાથે શત્રુવટ નહીં જ. પ્રવાસીઓની કુશળતાનો હેતુ એક સરખી રીતે મારા તેમજ તેમના મનમાં રહેલો અને અમારાં મન જરીક પણ મેલાં નહિ એટલે કાંઇ ઉને પાણીએ ઘર બળવાનો સંભવ નહિ જ.

બહીરથવર્મા:—એમજ કુશળ મનુષ્યોએ વર્ત્તવું શોભે છે. એ પ્રમાણે સરલ મનથી મત ભેદ પડે તેથી તો તમારી બંને જણની હોંશીઆરી અને

અભિપ્રાયનો લાભ સાથે આવનાર પ્રવાસીઓને મળી શકે; તેમ જ પ્રવાસીઓ પણ તમારી તકરાર વિષે કંટાળો ન ખાતાં ધ્યાનપૂર્વક તમારું કહેવું સાંભળીને પોતાના પ્રવાસમાં પોતાની સલામતી સાધી શકે.

અશ્રદ્ધાબાઈ:—ત્યારે હે મહારાજા! અમારો મતવિરોધ અને તેનું ખરું સ્વરૂપ આપ અને સંસ્કારભદ્ર સારી પેઠે સમજ્યા છો; એટલે હવે અમારી બંને જણની તકરારને પ્રસંગે આપ કંટાળશો નહીં. અને મને આશા છે કે હું અને મીમાંસાબ્હેન આપને આપના પ્રવાસમાં બહુ ઉપયોગના થઈશું અને અમારા એક બીજાની વિરુદ્ધ પડતા અભિપ્રાયોને શાન્ત અંતઃકરણથી તોળીને વિવેકપૂર્વક આપના પ્રવાસંતર કે કર્તવ્યમાં આપ નિર્ણય કરશો જ. એ બાબત મને પૂર્ણ ખાતરી છે. તેમ હવે પ્રસંગ આવ્યે યથામતિ આપની સેવા બજાવવામાં હું પણ કાંઈ સંકોચ રાખીશ નહિ.

પછી થોડોક વખત સહુએ ત્યાં આરામ લીધા પછી પાછાં અડધી રાત ગયા પછી બધાં જાગ્યાં અને તૈયાર થઈને આગળ પ્રવાસ ચલાવવાનો નિશ્ચય કર્યો; કેમકે બપોરનો સમય થતાં પહેલાં આગળ મુકામસર પહોંચી જવું એવી ઇચ્છા સંસ્કારભદ્રે જણાવી હતી. પહેલે રોજ દિવસે ખરે બપોરે પથરાના રણમાં જે વીત્યું હતું તે સહુને સારી પેઠે યાદ હતું તેથી સહુએ એ વાતમાં પોતાનો એક મત દર્શાવ્યો. અશ્રદ્ધાબાઈએ પણ ટાપશી પુરી. તિતિક્ષાબાઈને પણ પથ્થરનું પેલું મેદાન ઓળંગીને પોતાને મુકામે જવું હતું તેથી તેણે પણ રજા આપી. તે પાછી પેલા પથ્થરના રણ તરફ ચાલી અને આપણા મહારાજ બહિરથવર્માનો રથ તથા તે સાથેના આગવા પોતાના પ્રવાસમાં આગળ ચાલ્યાં. તિતિક્ષાબાઈ પાછાં વળી તે વખતે રાણીને એટલું કહેતી ગઈ હતી કે, રસ્તાની માહિતીના સંબંધમાં તો આ મીમાંસાબાઈના ઉપર જ તમે સર્વ આધાર રાખજો, અને ગમે તે કેઈ બાબત ખુલાસો પુછવો હોય તો આ શાબ્દશર્મા જે તમારી સાથે છે તેમને જ પૂછજો. કેમકે એ પુરૂષ સર્વજ્ઞ છે. પણ એમનો સ્વભાવ એવો ગંભીર છે કે એ પોતાને પૂછયા વિના કાંઈ પણ બાબતમાં આગળ પડીને પોતાની મેળે બોલતા નથી.

તિતિક્ષાબાઈના ગયા પછી બધા સાથ આશરે એકાદ કોસ સપાટ અને સારી જમીનમાં ગયા પછી અશ્રદ્ધાબાઈએ હવે પોતાની યુક્તિને અમલમાં આણવાનો ઘાટ રચવા માંડયો. તેણે સંસ્કારભદ્રને ગંભીરતાથી અને મમતાથી જરીક રથને થોભાવવાનું કહ્યું. સંસ્કારભદ્રે રથ ઉભો રાખ્યો એટલે રાણીએ અશ્રદ્ધાબાઈને પૂછયું:—જમીન સારી સપાટ છે, કાંઈ અડચણનું કારણ જણાતું નથી, તે છતાં રથને ઉભો રખાવવાનું શું કારણ છે?

અશ્રદ્ધાબાઇએ પોતાની આવડતના અભિમાનવાળી ગંભીરતાથી કહ્યું:—મહારાણીજી સાહેબ ! જેનું કામ જે કરે. આગવાનું કામ અમારૂં છે, તેમાં આપ પ્રવાસીઓ કાંઇ સમજી શકો નહિ. જો પ્રવાસીઓજ પોતે પ્રવાસના માર્ગના ભય અને અડચણો વગેરેથી માહિતગાર હોય તો પછી આગવાને કોઇ રાખે જ શું કરવા ? આપ કહો છો કે જમીન સારી સપાટ છે અને અડચણનું કારણ જણાતું નથી. પણ પ્રવાસમાં રસ્તો સારો હોય પરંતુ ત્યાં ભય અને અડચણનો સંભવ પૂરેપૂરો હોય છે, અને કોઇ સ્થળે રસ્તો નઠારો હોય છે પણ તેમાં ભય કે અડચણ કાંઇ હોતી નથી. તે બધું અમે જાણીએ. આપને તેની શી ખબર ?

મહારાણી વૃત્તિપદ્મા સહજ ચિન્તા દર્શાવી બોલ્યાં:—તો આ વિષે આપણે મીમાંસાબાઇને પૂછીએ કે અહીં કેવા પ્રકારનો ભય છે ?

અશ્રદ્ધાબાઇ મહારાણીને બનાવતી હોય તેમ હસીને બોલી:-એમાં મીમાંસાબાઇને શું પૂછવું છે ? આ હું પોતે આપની પાસે ઉભી છું, તો મને જ પૂછોને ? મીમાંસાબાઇની બુદ્ધિ એનો ભલો પતિ જે કાંઇ આંખો મીચીને બોલે તે પ્રતિપાદન કરવાને કંટાળો આપે તેવી દલીલો કરવા સિવાય બીજા કશામાં કામ આવે તેવી નથી. માટે નકામો વખત ગુમાવવો અને મગજ ભમાવવું એમાં શો માલ છે ?

મહારાણી બોલ્યાં:-બાઈ! મીમાંસાબાઈ આપણી સાથે છે, ત્યારે આપણે તેમને પૂછીએ તો એમાં શું ખોટું ?

અશ્રદ્ધાબાઇ પોતાના જ્ઞાનના ગર્વથી બોલી:—રથને ઉભો રખાવ્યો છે મેં, તેથી તે ઉભો રખાવવાનું કારણ તે હું જાણું કે બીજું કોઇ જાણે ? છતાં તમારે જો અમારી ત્રણે જણની પરીક્ષા કરવી હોય તો કરો. આપણે કાંઇ તેમાં વાંધો નથી !

આ પ્રમાણે મહારાણીશ્રી અને અશ્રદ્ધાબાઇ વચ્ચે વાત ચાલતી હતી તેવામાં શાબ્દશર્મા અને તેમની પત્ની મીમાંસાબાઇ બંને જણ રથની પાછળ થોડેક છેટે આવતાં હતાં, તે રથની પાસે આવી પહોચ્યાં, એટલે મહારાણીશ્રીએ મીમાંસાબાઇને પૂછ્યું:-બહેન ! આટલામાં કાંઇ ભય છે ? આટલામાં ભયનો સંભવ છે એમ જાહેર કરીને અશ્રદ્ધાબહેને રથ અત્રે ઉભો રખાવ્યો છે. જો ભય હોય તો કેવો છે અને તેને માટે આપણે શી સાવચેતી રાખવી અને શા ઉપાયો લેવા ? તે તમે ત્રણે જણ અમને જણાવશો.

મીમાંસાબાઈ બોલી:—આ શંકાવર્ત્તનો પ્રદેશ છે, એટલે તેમાં પ્રવાસ કરતાં કેવો ભય અથવા અડચણ ક્યારે આવી પડશે, તે કાંઈ નક્કી કહી

શકાય નહિ; પણ જયાં લગી આપણને કોઈ ભય અથવા અડચણ આવવાનાં ચિન્હ કે કારણ જણાય નહિ ત્યાં લગી આપણે આપણા પ્રવાસને આગળ ચલાવ્યા કરવો. પ્રવાસીઓએ જેટલી સાવધતા રાખવી જોઇએ તેટલી તો આપણે રાખીએ છીએ અને વળી રાખતાં રહીશું. હાલ તુરતને માટે તો કાંઈ ભય કે અડચણનું કારણ જણાતું નથી. હા, આ પ્રદેશમાં પ્રવાસીઓને એક જ ભય છે, તે એ કે જો તેઓની સાથે સારો આગવો નથી હોતો તો તેને કેણી તરફ જવું એની શંકા જ થયા કરે છે અને તેને પોતાનો પ્રવાસ આગળ ચલાવવાની કાંઇ પણ સુજ પડતી નથી. તેવી અડચણ તો આપને નડે તેમ નથી, કેમકે અમો આપની સાથે જ છીએ.

બહીરથવર્મ મહારાજા બોલ્યાઃ—ત્યારે તો હવે કાંઈ ચિન્તા જેવું નથી; પણ તમે અમારી આગળ પાછળ ન રહી જતાં અમારી સાથે જ રહેજો. કેમકે આ પ્રવાસના માર્ગથી જાણીતા અમારા પુરોહિતજી સહજ પાછળ રહેતાં અમારાથી જુદા પડી ગયા તેથી અમને આટલું બધું પ્રવાસમાં વીત્યું છે.

શાબ્દવર્માએ શાન્તિથી કહ્યુંઃ—રાજેન્દ્ર ! આપ એ વિષે કાંઈ ચિન્તા જ કરશો નહિ અમે આગળ પાછળ ગમે તેમ રહીશું, તોપણ આપથી અમે વિખુટા પડવાના નથી. ગમે તેટલે છેટે અને ગમે તે માર્ગે આપ આ પ્રદેશમાં નિકળી ગયા હશો, તો પણ આપ આ પ્રદેશમાં અમારી સૂચના વિના એક ક્ષેત્રવાર આગળ ચાલી શકશો નહિ, એવા સ્થળે સ્થળે વિવિધ પ્રકારના અને વિવિધ દિશામાં ફંટાતા માર્ગો અને ઉપમાર્ગો આ શંકાવર્ત્તમાં છે; તેથી અમે પણ રથની સાથે સાથે જ રહીશું. અત્યારે તડકો ચઢયો નથી માટે ચાલવા ધો રથને, જે માર્ગ કપાયો તે ખરો.

અશ્રદ્ધાબાઇ કરડાકીમાં બોલીઃ—બનેવીજી ! તમે જે વાતો કરો છો, તે કેવળ એક ગામડીઆ ગમાર જેવી કરો છો. તમે રથ હાંકવાનું કહો છો પણ હાલ હમણાં જ એવા ભયમાં આપણે સઉ સપડાઇશું કે ફરીને આમવાપણું કરવું જ ભૂલી જશો અને આ પ્રવાસીઓની શી ગતિ થશે તે તો હું કહી જ શકતી નથી. આ મારા દૂરદર્શકયંત્રથી મેં તો જોઇ લીધું છે કે પેલી ડુંગરી આગળ કોઇ રાક્ષસી જેવું બેઠું છે, તે આપણે ત્યાં જઇશું એટલે આપણને સઉને ગટક કરી જશે. કોઈ કોઇના સમાચાર કહેનારું પણ પાછળ રહેશે નહિ.

મીમાંસાબાઇ સહજ ગુસ્સે થઇ બોલીઃ—અલિ અશ્રદ્ધાબાઇ! તું બોલે તે જેટલું જરૂરનું હોય તેટલું બોલની! હા ! એ કોઈ મલીન પિશાચ જેવી અને ભયંકર જણાતી સ્ત્રી વેગળેથી અમે પણ ઘણીવાર આ

પ્રદેશમાં જોઇએ છીએ પણ તે અમારી તો આગળ પણ આવતી નથી અને અમારી સાથેના પ્રવાસીઓ પ્રત્યે તે નજર સરખી પણ કરતી નથી. હા ! તે તો અમારા જાણવામાં છે કે તારી સાથે જે મુસાફરો હોય છે તેમને તે ઘણીવાર નડે છે અને જો તેમને બીજું કોઇ ઉગારનાર નથી હોતું તો તે મુસાફરોનો કોળિઓ પણ કરી જાય છે; પણ પેલી શ્રદ્ધાબાઇના તો સામું પણ એ જોઇ શકતી નથી, એવું તો તે શ્રદ્ધાબાઇનું તેજ એ રાક્ષસી ઉપર પડે છે; એટલુંજ નહિ પણ પેલી અંધશ્રદ્ધાબાઇથી પણ તે વેગળી ને વેગળી જ રહે છે: કેમકે એકવાર એ રાક્ષસી તે આંધળીના આગવાપણા નીચે પ્રવાસ કરનારા કેટલાક ભલા માણસોની સામે ચેષ્ટા કરવા ગઇ એટલામાં એ આંધળીએ પોતાની આગ્રહારણ્યમાંથી આણેલી લાકડી-વડે ખુબ ઠોકી ત્યારની તે એ આંધળીથી વેગળી જ નાસતી ફરે છે. અમારૂં કશુંએ અજાણ્યું નથી. તું અમને શું કહેતી હતી. તને જેટલાં વર્ષ થયાં હશે તેટલા દહાડા તો અમને થયા હશે !

અશ્રદ્ધાબાઇ બોલી:-હું તમારા જેવાં જંગલી અને જડ્ડી દંપતી સાથે વાત જ કરવા માગતી નથી. પણ મારો જે ધર્મ મુસાફરો પ્રત્યે છે તે મારે બજાવવો જોઇએ.

એ પ્રમાણે બોલીને અશ્રદ્ધાબાઇ રાજા અને રાણીને કાંઇ કહેવા જતી હતી એટલામાં શાબ્દશર્મા બોલ્યા:—જુઓ અશ્રદ્ધાબાઇ ! તમે તો મુસા-ફરો પ્રત્યેનો તમારો ધર્મ બજાવો છો એમ અહીં બતાવવા માગો છો, પણ લોકોમાં હવે એવી વાત ચાલતી અમારા કાને આવી છે કે તમે પોતે જ આ રાક્ષસીના હાથમાં તમારા પ્રવાસીઓને ફસાવો છો.

અશ્રદ્ધાબાઇ લાલ ચોલ થઇને બોલી:—તમે જે બોલો તે વિચારીને બોલજો ! તમે બંને ઘણુંઆણું વર્ષ દિવસમાં કેટલા મુસાફરોનું આગવા-પણું કરો છો તે મને જરી મહેરબાની કરીને કહેશો ?

શાબ્દશર્મા બોલ્યા:-અમે કાંઇ આગવાનો ધંધો કરતા નથી. આ તો ખાસ આ મહારાજા અને મહારાણીની સાથે અમને મોકલ્યાં તેથી અમે આવ્યાં છીએ બાકી અમે તો પ્રવાસીઓને રસ્તા સંબંધી હકીકત બધી પહેલેથી કહીએ છીએ; અને શ્રદ્ધાબાઈ અને તેની આંધળી બહેન બે જણુ આગવાનું કામ કરે છે; અને તમે પોતે તો અગવાનું નહિ, પણ ઠગવાનું કામ કરો છો એમ જેમને અનુભવ થયો હોય છે તેઓ સર્વે કહે છે.

અશ્રદ્ધાબાઈ ગુમાન અને ગુસ્સાથી બોલી:-ઠગવાનું કામ તે તમે કરો છો કે હું ? તમારે મોઢે જ તમારો ન્યાય થઇ ગયો છે. અગવાનું કામ તો

તમે કરતાં નથી. ફક્ત મોઢાની વાતો કરવામાં બંને આ પુરૂષ કુશળ છો. અને પેલી શ્રદ્ધાબાઇ અને તેની આંધળી બહેન તમારા પક્ષનાં છે એટલે એમની બાબતમાં સારૂં સારૂં બોલો છો અને મારે માટે મરજીમાં આવે તેમ બકો છો; તેથી લોકોમાં મારી જે પ્રતિષ્ઠા છે તે કાંઇ ઓછી થવાની નથી. (રાજા તથા રાણીને) જો આપને આ દંપતીની સલાહ સલામતી ભરેલી લાગતી હોય તો તેમના અભિપ્રાય પ્રમાણે રથ આગળ ચાલવા દો પણ કોઇ પણ પરિણામ માટે હું જવાબદાર નથી.

અશ્રદ્ધાબાઇના આ શબ્દો સાંભળી રાજા અને રાણીએ શાબ્દશર્માની સામે જોયું. શાબ્દશર્માએ ઇસારાથી સૂચવ્યું કે રથ ચાલવા દો. તેની સાથે તરત જ સંસ્કારભદ્રે રથ આગલ ચલાવ્યો. એટલે મીમાંસાબાઇ બોલી:– વિરોધી સ્વભાવનાં માણસો જોડે કામ કરવામાં કાલક્ષેપ અને કલહ થાય છે. જુઓ તો ખરા ! જુઓ તો ખરા ! પરિણામને માટે જાણે પોતે વિમો ઉતારીને આવી હોય એમ મોટા ગુમાનથી બોલે છે કેવી કે–" પરિણામને માટે હું જવાબદાર નથી ! "

શાબ્દશર્મા બોલ્યા:—પરિણામ તો સઘળે પરમેશ્વરના જ હાથમાં છે. મનુષ્ય મિથ્યા પોતાના પુરૂષાર્થનો અભિમાન કરે છે, અથવા ડરીને પુરૂષાર્થને વૃથા ત્યજી દે છે.

આ પ્રમાણે રથ થોડેક દૂર આગળ ચાલ્યો એટલામાં એક લગભગ જમીનથી સહેજ ઉંચી એવી એક આડી માટીની બાંધેલી પાળ આવી. ત્યાં આગળથી આગળ વધતાં પહેલાં કેટલીક સૂચના આપવાને માટે મીમાંસાબાઇએ રથ ઉભો રખાવ્યો, એટલે શાબ્દશર્મા બોલ્યા:–હે રાજન્ ! આ આડી નાનીપાળ છે તે **તર્કમર્યાદા** અથવા **શંકામર્યાદાની** પાળ કહેવાય છે. જુઓ ! અત્રેથી આ ત્રણ રસ્તા આગળ ચાલે છે. એક રસ્તો મધ્યમાં ચાલે છે, અને બીજો રસ્તો (જમણો) દક્ષિણે અને ત્રીજો રસ્તો તે મધ્ય માર્ગની વામ એટલે ડાબી બાજુએ સાથે સાથે ચાલે છે. આ પ્રમાણે ત્રણે રસ્તા સાથે સાથે ચાલે છે. હવે અગવાએ અને પ્રવાસીએ આ ત્રણ માર્ગોમાં કેવી વ્યવસ્થાસર ચાલવાનું છે, તે બાબત ઉપર હું આપનું સહુનું ધ્યાન ખેંચવા માગું છું. અગવાઓએ તેમજ પ્રવાસીઓએ આ વામ એટલે ડાબા માર્ગનો તો ઉપયોગ ન જ કરવો. કેમકે આ ડાબો માર્ગ તે નાસ્તિકતા નામની રાક્ષસી પિશાચિણી કે જેના વિષે હમણાં થોડાક વખત ઉપર અશ્રદ્ધાબાઇ બોલતી હતી તેનો આ પ્રદેશ હોવાથી તેનો પોતાનો ખાસ રાજમાર્ગ છે. પ્રવાસીઓએ કાંતો આ જમણા માર્ગે અથવા તો

મધ્ય માર્ગે પ્રવાસ કરવો. આ ત્રણે રસ્તા ઘણા પાસે પાસે છે તેથી એક ઉપરથી બીજા ઉપર જતા ન રહેવાય તેની સાવધતા રાખવાની છે. વળી ડાબા માર્ગ તરફ લલચાવે એવાં ફલ ફુલનાં ઝાડો, સુંદર પશુ પક્ષીઓ વગેરે બહુ છે, તેથી પ્રવાસીઓ તે તરફ જવાને લલચાઇ જાય છે; માટે જરીક મનને પણ કબજે રાખવાની જરૂર છે. વળી તેમાં જે અગવો હોય તેણે તો મુસાફરોની જમણી તરફ જ રહેવું એ જરૂરનું છે. કેમકે એ રાક્ષસી **નાસ્તિકતા** હમેશાં હુમલો કરે છે તે જમણી તરફથી જ કરે છે. પણ જો અગવો જમણી તરફ જ ઉભેલો હોય છે, તો તે પ્રવાસી ઉપર એ રાક્ષસી હુમલો કરી શકતી નથી. વળી તે પ્રહાર કરે છે તે પણ પ્રવાસીના જમણાં જ અંગો ઉપર કરે છે. પેલી અંધશ્રદ્ધાબાઇ આંખે દેખતી ન હોવાથી કોઇ કોઇવાર ચાલતાં ચાલતાં પ્રવાસીઓની જમણી કે ડાબી તરફ પણ જતી રહે છે, તે વખતે પેલી રાક્ષસી **નાસ્તિકતા** તેનો લાભ લેઇને પ્રવાસીઓને દુ:ખ દે છે અથવા કોઇવાર તેમનો નાશ પણ કરે છે. માટે આગવાઓએ તો પ્રવાસીઓની જમણી બાજુએ જ આગળ આગળ ચાલવું, અથવા તો પાછળ પાછળ ચાલ્યા કરવું પણ જમણી બાજુ છોડવી નહિ. જ્યાં લગી બીજી આવી પાળ આવી જાય ત્યાં લગી **શંકાવર્ત્ત**માં મુસાફરી કરતાં આ બધી સૂચનાઓ આપણે ધ્યાનમાં રાખવાની છે.

લાગ જોઇને **અશ્રદ્ધાબાઇ** બોલી:-મહારાજા તથા મહારાણીજી! આપને હવે સમજાશે કે હું પણ જે ભયને માટે ચેતવણી આપતી હતી તે ખોટી નહોતી, તે છતાં પણ હું જરીક આગળથી ચેતવણી આપતી હતી તેથી મને આ બંને સ્ત્રી પુરૂષે કેવી રીત્યે ઉતારી પાડવાનું કર્યું!? જેઓ આ પ્રમાણે રાગદ્વેષથી ભરેલાં મનવાળાં હોય છે તેઓની સાથે રહેવું એ મને યોગ્ય નથી; તોપણ હું ખરી છું કે આ લોકો ખરાં છે તેની આપને ખાતરી કરી આપતાં લગી હું આપની સાથે રહીશ અને પછી હું મારે પાછી મારે સ્થાને ચાલી જઇશ, પછી તમે જાણો અને આ તમારૂં અગવાપણું કરનારાં દંપતી જાણે.

• રાજાજી બોલ્યા:-**અશ્રદ્ધાબાઇ**! તમે બધાં સગાં સગાં થઇને આમ ખોટું લગાડો તે ઠીક નહિ; વળી હમણાં તો તમે કહેતાં હતાં કે કાંઇ ડાંગે માર્યાં પાણી જુદાં થાય નહિ અને આમ માઠું લગાડીને કેમ બેઠાં? ચાલો હવે રથ ચલાવીએ. પણ **અશ્રદ્ધાબાઇ** તમે પણ અમારાં આગવામાં ગણાવ માટે તમે પણ અમારી જમણી બાજુએ આગળ કે પાછળ ચાલ્યા કરજો.

મીમાંસાબાઇ બોલ્યાં:--જો આ **અશ્રદ્ધાબાઇ** પણ જમણી જ તરફ

ચાલશે તો તો એ રાક્ષસી **ના**સ્તિકતા આપણા ઉપર ચઢી આવશે. કેમકે આ બાઇતો પ્રવાસીઓની ડાબી તરફ રહે તો જ સલામતી. કેમકે આ બાઇમાં ડાબી તરફ રહીનેજ બચાવ કરવાનું સામર્થ્ય છે. પણ એ કોઇનું કહ્યું માને તેવી નથી. એ તો એની મરજીમાં આવે તેમ ચાલે તેવી છે. **શ્ર**દ્ધાબાઇને દેવોનું એવું વરદાન છે કે તે હમેશાં જમણી તરફ રહે તો તે પ્રવાસીઓનો બચાવ કરવાને સમર્થ થઇ શકે છે પણ આ બાઇના સંબંધમાં તો તેથી ઉલટું જ છે.

રાજાજી બોલ્યાઃ—ત્યારે **અ**શ્રદ્ધાબાઈ! તમે તો અમારી ડાબી તરફ ચાલ્યા કરજો અને સાવધ રહેજો.

અશ્રદ્ધાબાઈ બોલીઃ—સાવધતા તો મારામાં કેટલી વધારે છે તે આપે વખતો વખત જોયું છે; અને આપને જે કાંઇ વેઠવું પડે તેમાં મારે માથે દોષ આવે એવું હું કાંઇ પણ કરવાની નથી. એ બાબતમાં આપ સઉ નિશ્ચિંત રહેજો.

આ પ્રમાણે સમજુન થયા પછી સંસ્કારભટ્ટે રથ ચલાવ્યો અને **અ**શ્રદ્ધાબાઈ ડાબી તરફ રથની આગલ, તથા **મી**માંસાબાઈ રથની આગળ જમણી તરફ, તથા શાબ્દશર્મા રથની પાછળ જમણી તરફ સઉની ઉપર નજર રાખતા તથા પાછલ સિંહાવલોકન કરતા તેમજ બંને બાજુઓ ઉપર પણ નજર રાખતા ચાલવા લાગ્યા.

અશ્રદ્ધાબાઇ પોતાના મનમાં જાણતી હતી કે તેની કરેલી સંતલસ પ્રમાણે હમણાં મહા પિસાચી રાક્ષસી **ના**સ્તિકતા આ બધા કાફલાના ફના ફાતિયા કરી નાખશે, અને પોતાનું કહેવું ખરૂં પડશે, અને તેથી પ્રવાસીઓનો વિશ્વાસ **મી**માંસાબાઈ તથા શાબ્દશર્મા ઉપરથી ઉઠી જશે. આમ **અ**શ્રદ્ધાબાઈ પોતાના મનમાં મલકાતી હતી; પણ જ્યાં લગી તે **રથની** ડાબી તરફ ચાલતી હતી, ત્યાં લગી દેવોના વરદાનના નિયમ **પ્રમાણે** **નાસ્તિકતા** રાક્ષણીથી એ કાફલા ઉપર આવી શકાતું નહોતું. જો કે **ના**સ્તિકતા અદૃષ્ય રૂપે તે મુસાફરોના રથની ડાબી તરફ ચાલતી હતી, **પણ** તેમના ઉપર તે હુમલો કરી શકતી નહોતી. હવે તેણે વિચાર કર્યો કે કોઇ બહાનું **અ**શ્રદ્ધાબાઇને ડાબી બાજુ છોડી જમણી બાજુએ જવાનું મળે તો **અ**શ્રદ્ધાબાઈ તરત જ પોતાનું સ્થાન છોડી જમણી તરફ જતી રહેશે અને પછી **શા**બ્દશર્મા અને **મી**માંસાબાઇનું કાંઇ પણ ન ચાલે તેવી રીત્યે હુમલો કરી શકાશે. આ પ્રમાણે વિચાર કરીને રાક્ષસી **ના**સ્તિકતાએ **પોતાની** રાક્ષસી માયા યોજી અને એક એવો વંટોળિયો ચલાવ્યો કે **તેથી શ્રો**

અહીરથવર્માના રથ ઉપરની ધ્વજાનું લુગડું દંડ ઉપરથી ઉડી ગયું અને જમણી તરફ ઉડીને જતું રહેવા લાગ્યું. રથની શિખારૂપ મહા મૂલ્યવાન ધ્વજપટ ઉડી જતું જોઇને **સંસ્કારભદ્રે** અગવાઓ તરફ જોયું કે કોઇ એ ધ્વજપટ લાવી આપે. **શાબ્દશર્મા** અને **મીમાંસાબાઇ** પોત પોતાનાં સ્થાન છોડીને ખસવામાં **નાસ્તિકતાના** હુમલાનો જે ભય હતો તે સારી પેઠે જાણતાં હતાં. તેથી તેમણે તો **સંસ્કારભદ્રની** દૃષ્ટિના ઇશારા ઉપર કાંઈ ધ્યાન જ આપ્યું નહિ. તેથી સ્વાભાવિક રીતે **સંસ્કારભદ્ર** સારથિની દૃષ્ટિ **અશ્રદ્ધાબાઇ** તરફ ગઈ અને તેની સાથે જ રાજરાણીની સેવા બજાવવાનું નિમિત્ત મળવાથી **અશ્રદ્ધાબાઇ** તો પેલા વટોળિયામાં ઉડી જતા ધ્વજપટની પાછળોજ જમણી તરફ દોડી. **નાસ્તિકતાએ** ચલાવેલા વંટોળિયાથી ધ્વજાનું લુગડું જમણી તરફજ આમ તેમ ઉડતું ફરતું હતું તેમ તેમની પાછળ પાછળ **અશ્રદ્ધાબાઈ** પણ પોતાની પ્રવાસીઓને ઉપયોગી થઈ પડવાની શુભેચ્છા બતાવવાનો ડોળ કરતી આમ તેમ દોડતી હતી. આ વખતનો લાગ સાધી પેલી **નાસ્તિક્તા** એકદમ ડાબી તરફથી પ્રવેશી અને તેણે પોતાની માયાવી શક્તિ વાપરીને એક એવો મોટો અંધકારમય કોટ પ્રવાસીઓના રથ અને તેમના અગવાઓ વચ્ચે રચી દીધો કે પ્રવાસીઓ અગવાઓમાંથી કોઈને દેખે નહિ અને અગવાઓમાંથી કોઈ પ્રવાસીને દેખે નહીં. જે વખતે રાજાના રથનું ધ્વજપટ ઉડ્યું તે વખતે જ શાબ્દશર્મા બોલી ઉઠ્યા હતા કે આ અપશકુન છે. તેથી તેમણે **મીમાંસાબાઈ** સામુ જોઇ તે ધ્વજપટ લેઇ આવવા પોતાની આજ્ઞાનો ઇસારો કર્યો હતો, પણ **મીમાંસાબાઈ** વિચારમાં પડીજઈ તે નહિ સમજવાથી **સંસ્કારભદ્રની** દૃષ્ટિ **અશ્રદ્ધાબાઈ**લગી પહોચવાનો પ્રસંગ આવ્યો. **શાબ્દશર્માનો** આશય એવો હતો કે જો **મીમાંસાબાઇ** ધ્વજપટ લેવા જશે તો અશ્રદ્ધાબાઇ ડાબી બાજુએથી તેનાં સ્થાનેથી ખસશે નહિ અને **મીમાંસાબાઈ** ધ્વજપટ લેવા જમણીજ બાજુએ જશે તો તે બાજુ તેમને રહેવાની યથાર્થ બાજુ હોવાથી અને તેનીજ સાથે પોતે **શાબ્દશર્માતો** રથની સાથે જ જમણી બાજુએ ચાલતા હતા તેથી કોઇપણ પ્રકારનો ભય ન હોવાથી બધું ક્ષેમકુશળ નભશે—પણ શાબ્દશર્માનો ઇસારો વ્યર્થ જવાથી આપત્તિનું દ્વાર ઉઘડ્યું.

નાસ્તિકતાએ આગવા અને પ્રવાસીઓ વચ્ચે જે અભેદ્ય કોટ ઉભો કરી દીધો હતો, તેમાં વળી એક એવું બધિરતાજનકતત્વ એટલે બહેરાપણું ઉત્પન્ન કરે એવું તત્વ હતું કે તેઓની વચ્ચે એ કોટ આવ્યો હોય તેઓ એક બીજાને દેખી શકે નહિ એટલુંજ નહિ; પણ જો તેઓ એક બીજાને

હાક મારે તોપણ એક બીજાનો અવાજ સરખો પણ તેઓ સાંભળી શકે જ નહિ.

પ્રકરણ ૮ મું.

મીમાંસાબાઇની સમયસૂચકતા અને નાસ્તિકતાનો પરાભવ.

નાસ્તિકતા રાક્ષસીએ કરી દીધેલા કોટથી અને તેથી ઉપજેલા અંધકાર અને બહેરાપણાથી સંસ્કારભદ્ર ગભરાયો, વૃત્તિપદ્મા ભય પામી, બધીરથવર્મા મહારાજા ઘણા વિચારમાં પડી ગયા. તે સર્વે **શાબ્દશર્માને** અને **મી**માંસાબાઇને ઘણીએ હાકો મારી, પણ તેમનો અવાજ તે અગવાઓ સાંભળી શકતા નહોતા. વળી તે અગવાઓએ જે બુમો પાડીને શું કરવું તેની સલાહ આપી તે પેલાં રાજારાણી અને સારથીના સાંભળવામાં આવે નહિ. આ પ્રમાણે થયેલું જોઇને **મી**માંસાબાઈ તો આશ્ચર્ય પામી ગઇ. **નાસ્તિકતા**ના માયાવી પરાક્રમ આગળ **મી**માંસાનું કાંઇ પણ ચાલ્યું નહિ. **મી**માંસાબાઇએ પોતાની પાસેની દર્ભની શલાકાઓને પોતાના મંત્રબળેથી વિવિધ પ્રકાશમય બાણો બનાવીને તેણે તે માયાવી અંધકારના કોટને તોડવા ફેંકી; પણ તે મંત્રમય બાણો કાંઇ પણ તેમાં પ્રવેશ કરી શક્યાં નહિ. અંદરથી બધીરથવર્માએ પણ પોતાનાં ધનુષ્યે બાણ ચઢાવી અનેક બાણ એ કોટ તોડવા યોજ્યાં, પણ તે બાણુ જેમ કાદવમાં તૃણ ચોટી જાય તેમ ચોટી ગયાં. બધીરથવર્મા નિરાશ થઇને ઉભા. તેમણે સારથિને અને પોતાની પત્નીને ધૈર્ય આપતાં કહ્યું:-જે ભાવિ હશે તે બનશે, પણ ક્ષત્રિયનાં સંતાનોએ મરણ સમયે પણ ભયભીત થવું નહિ એજ સાચો ક્ષાત્રધર્મ છે.

તો પણ **શાબ્દશર્મા** અને **મી**માંસાબાઇ જે એ અંધકારમય કોટથી બહાર હતાં, તેમણે બુમો પાડી પાડીને કહ્યું:-હે મહારાજા! યજુર્ધામ નામે પવિત્ર વનવાસીએ જે હથિયારો આપને ભેટ આપ્યાં છે, તેમાંના પ્રત્યેકનો ઉપયોગ કરી જુઓ. પણ તેમનો આ સલાહનો અવાજ અંધારા કોટમાં સપડાયેલા રાજાને કાને જ પડતો નહીં. **મી**માંસાબાઇ સર્વત્ર વિજ

પામતી; ખાસ **નાસ્તિકતા** રાક્ષસીની સાથે દ્વંદ્વયુદ્ધમાં પણ **મીમાંસાબાઇ** **નાસ્તિકતાને** હજારોવાર પટકતી, પણ આ વખતે **નાસ્તિકતાએ સાવચેતી** વાપરીને પોતે અદૃશ્ય રહીને લડાઇ ચલાવવાનું પસંદ કર્યું હતું હવે **તે** રાક્ષણીએ પોતાનું માયાવી તિમિર એટલું બધું વધારવા માંડયું કે **રાજા** અને રાણી તથા સારથી એક બીજાને પાસે પાસે છતાં પણ દેખે નહિ; તેમજ રથ ઘોડા અને પેલા વનવાસીઓએ આપેલા બેટોના પદાર્થ **તથા** કાંઇ પણ નજર પડે નહિ. રાજારાણી, સારથિ અને ઘોડાઓ એક **બીજાને** જાણે ધુમસમાં અદૃશ્ય થતા જતા હોય તેમ ઝાંખા ઝાંખા જણાવા **લાગ્યા;** તેમજ એક બીજાના શબ્દોને પણ ઘણા આછા જ સાંભળવા લાગ્યા; **તેમજ** **નાસ્તિકતાએ** એ અંધકારમાં હવે એવી શક્તિ દાખલ કરવા માંડી કે **તે** અંધકારમાં વીંટાયલાં માણસ પોતાના હાથ પગ હલાવી શકે નહિ—**આખું** શરીર જડ જ બની જાય. આ પ્રમાણે કરીને એ રાક્ષણીએ **વૃત્તિપદ્માનું** હરણ કરવાનો વિચાર કર્યો.

તે અંધારા કોટ બહાર **શાબ્દશર્માને** પણ જેમ વખત જતો **ગયો** તેમ તેમ વધારે ચિન્તા થવા લાગી. તે કોટમાં પૂરાયલાં પ્રવાસી**ઓનું** શું થશે અને હવે શું કરવું? એ બાબતની **શાબ્દશર્માને** ઘણી ચિન્તા **થવા** માંડી. તેણે પોતાનું **પ્રમાણયંત્ર** નામનું યંત્ર ગોઠવીને તે અંધારા **કોટની** આરપાર જોયું; તો રાજારાણીની અને સારથિની જે શોચનિય **સ્થિતિ** થવાની તૈયારી હતી તે પ્રત્યક્ષ જણાઇ. હવે એક ક્ષણ પણ ખોવી **એ** પ્રવાસીઓનો નાશ જ થવા દેવા તુલ્ય હતું. પણ આ પ્રસંગે કરવું **શું?** તે પણ **શાબ્દશર્માને** સમજાતું નહોતું. **શાબ્દશર્માએ** આથી તે અંધકારના કોટમાં પોતે પેસવાને માટે હડી કાઢી; પણ એ આંધળો કોટ એક **પથ્થરની** દિવાલની માફક **શાબ્દશર્માના** શરીરે અફળાયો અને **શાબ્દશર્મા પાછા** પડયા. **મીમાંસાબાઇએ** પોતાનાં **અનુમિતિ** અને ઉપમિતિ નામનાં **દિવ્ય** **અસ્રો** પોતાની પાસેથી કાઢીને ચલાવ્યાં; પણ તે **નાસ્તિકતાએ** રચેલા માયાવી જાડ્યતિમિરના કોટમાં ભેદી શકયાં નહિ, ઉલટાં અફળાઇને પાછાં **આવ્યાં.**

શાબ્દશર્માએ પોતાનું **પ્રમાણયંત્ર** જે પોતાને નેત્રે ગોઠવ્યું હતું, **તે** નેત્ર આગળથી ખસેડીને પોતાને કાને ગોઠવ્યું તો તેમાંથી અવાજ થયો:— **શ્રદ્ધાબાઇને** ગમે ત્યાંથી તેડી લાવો તો તે બાઇના સાદા ઓજસથી **આ** **રાક્ષસીની** માયાનો નાશ થઇ જશે. **શાબ્દશર્મા** વિચારમાં પડી ગયા **કે** **આ** વખતે **શ્રદ્ધાબાઇ** કયાં હશે? અને તેને **એકદમ** અત્રે શી રીતે **તેડી** **લાવવી?** **પણ** એ પ્રશ્ન તેમના મનમાં ઉઠતાં જ પેલા **પ્રમાણયંત્રમાંથી**

અવાજ નિકળ્યો કે **શ્રદ્ધાબાઇ** હાલ તેના પતિ **શ્રીઇશ્વરાનુગ્રહશર્માની** પાસે બેઠી છે, તેને હે **શાબ્દશર્મન્**! તમારી પાસેના **સંકલ્પયંત્ર**દ્વારા બોલાવો, એટલે તે એકદમ એક ક્ષણમાત્રમાં આવીને ઉભી રહેશે. **શાબ્દશર્માએ** તત્કાળ પોતાની ઝોળીમાંથી એ **સંકલ્પયંત્ર** કાઢ્યું અને તે દ્વારા જેમ આપણે હાલ ટેલિફોનદ્વારા ખબર આપીએ છીએ તે પ્રમાણે **શ્રદ્ધાબાઇને** ખબર આપી.

શાબ્દશર્માએ આ પ્રમાણે પોતાની પાસેનાં યંત્રોનો ઉપયોગ કર્યો અને **શ્રદ્ધાબાઇને** ખબર આપી તે દરમ્યાન **મીમાંસાબાઇ** પોતાના **ઇશ્વરસંભવ સ્ફુરણાસ્ત્ર**દ્વારા ઇશ્વારાનુમાનચિન્તામણિની બનાવેલી ગોળીઓ પેલા **નાસ્તિકતાના** માયાવી કોટમાં મારતી હતી; તેથી તે અંદર જઇને પડતી જતી હતી તેમ તેમ પેલા રાજા રાણી વગેરેને થોડા થોડા તેજના ચમકારાથી અજવાળાનો લાભ મળતો હતો અને ચોમાસાની ઘોર અંધારી રાત્રે વિજળીના ક્ષણિક ચમકારાઓથી જેમ મુસાફરો રસ્તામાં પોતાના પગલાં મુકવાની સલામતીનો નિર્ણય કરે છે, આસપાસની વસ્તુઓને જોઈ લે છે અને પોતાની દુઃખમય મુસાફરીનાં દુઃખ અને અમુઝણમાંથી ક્ષણભર આરામ મેળવે છે તે પ્રમાણે રાજા રાણી અને સારથીને **મીમાંસાબાઇએ** ગભરાટમાંથી બચાવવાનો પ્રયત્ન જારી રાખ્યો હતો.

શાબ્દશર્માએ **શ્રદ્ધાબાઇને** ખબર આપી કે તરતજ તે **પતિવ્રતા** બાઇએ પોતાના પતિ **શ્રીઇશ્વરાનુગ્રહવર્માને** તે હકીકત જણાવી, એટલે **શ્રીઇશ્વરાનુગ્રહવર્માએ** સંભ્રમપૂર્વક કહ્યું:—આજનો પ્રસંગ એવો છે કે મારે પણ તારી સાથે આવવું જોઇયે. એમ બોલીને તેણે પોતાની **મહાપ્રતીતિ** નામની ઘોડી તૈયાર કરી અને તેના ઉપર તે, દંપતી બેસીને એક ક્ષણમાં જ્યાં **શાબ્દશર્મા** અને **મીમાંસાબાઈ** હતાં ત્યાં **શંકાવર્ત્તમાં** આવી પહોચ્યાં. જ્યાં એ દંપતી આવ્યાં ત્યાં બાકી શી રહી? તેજ ક્ષણે પેલી નાસ્તિકતાએ રચેલો માયાવી અંધારો કોટ **શ્રદ્ધાબાઇના** **નેત્રમાંથી** નિકળતા અત્યંત ભેદક પ્રકારનાં કિરણોથી એક જ ક્ષણમાં નાશ થઇ ગયો. **શ્રદ્ધાબાઈ** આમ સાધારણ રીતે જોતાં એક સાદી બાઇ જણાતી હતી, પણ જ્યારે તેને આવો પ્રસંગ આવતો ત્યારે તે **નાસ્તિકતા** રાક્ષણીની સામે એક **ઉગ્રચંડી** મહાસંહાર **શક્તિ** જણાતી હતી. તેના રોમેરોમમાંથી તીવ્ર પ્રકાશમય દાહ કિરણો નિકલતા હતા અને તે કિરણો પેલી **નાસ્તિકતાના** અંધકારમય કોટઉપર મહા પ્રલયના અગ્નિની વૃષ્ટિની ધારાઓની ઝડી આપક પડતા હતા. તેથી તે અંધકારના કોટ રૂપે પોતાની માયાવી શક્તિથી

થયેલી તે નાસ્તિકતા મહા રાક્ષસી હવે શ્રદ્ધાબાઇના શરીરમાંની નિકળતા અગ્નિથી વ્યથિત થયેલી એકદમ તે અંધારાકોટનું રૂપ ત્યજીને પોતાનું મૂળ રૂપ ધારણ કરીને શ્રદ્ધાબાઇની સામે યુદ્ધ કરવાને તૈયાર થઇને ઉભી. શ્રદ્ધાબાઇ પણ પોતાના સર્વ શક્તિમાન પતિના ખોળામાં બેઠેલી પોતાનાં સર્વ શસ્ત્ર અસ્ત્ર તૈયાર કરી મહાપ્રતીતિ અશ્વિની ઉપર બેઠેલી જાણે વૃષભ ઉપર બેઠેલા શ્રીમહારૂદ્રના ખોળામાં બેઠેલાં મૂર્તિમતી સંહારશક્તિ શ્રી રૂદ્રાણીના જેવી જાજ્વલ્યમાન અને નિર્ભય દીપતી હતી. રાજા બહીરથવર્મા અને રાણી વૃત્તિપદ્મા પણ હવે અંધકારથી મુક્ત થયાં અને સંસ્કારભદ્ર સારથિએ પોતાનો રથ શ્રદ્ધાબાઇની બાજુએ લાવીને સ્થાપ્યો. મીમાંસાબાઇ પણ પોતાનાં શસ્ત્ર અસ્ત્ર સજ્જકરીને શ્રદ્ધાબાઇની જોડે ઉભાં. આ પ્રમાણે એક તરફ નાસ્તિકતા રાક્ષસી અને બીજી તરફ રાજા રાણી અને તેમનાં સહાયકો શ્રદ્ધાબાઇ વગેરે, એ પ્રમાણે યુદ્ધ ચાલ્યું. શાબ્દશર્મા, બહીરથવર્મા, અને ઇશ્વરાનુગ્રહશર્મા એ ત્રણે જણ પુરૂષ હોવાથી તેમણે એકલી અને સ્ત્રી એવી નાસ્તિકતા સામે કોઇ પણ હથિયારનો ઉપયોગ નહિ કરવાની પ્રતિજ્ઞા લેઇ તટસ્થ ઉભા. શ્રદ્ધાબાઇની હાજરીથી જ હવે મીમાંસાબાઇનાં સાધક બાધક સપ્રતિઘ તર્ક અને વિતર્કરૂપ બાણુની વૃષ્ટિથી આખું શંકાવર્તનું આકાશ ઘેરાઇ ગયું. મીમાંસાબાઇમાં હવે કોઇ વિલક્ષણ પ્રકારનું બળ અને પરાક્રમ ઉત્પન્ન થયેલું ભાસતું હતું. પ્રથમ અંધકારરૂપે થઇને અશરીર રૂપે ફેલાયલી નાસ્તિકતા રાક્ષસીને મીમાંસાબાઇના હથિયાર સ્પર્શ પણ કરતાં નહોતાં તે હવે શ્રદ્ધાબાઇના પ્રકાશમય તાપથી શરીર ધરીને ઉભેલી હોવાથી મીમાંસાબાઇનાં બાણ તે રાક્ષસીના શરીરમાં ભચોભચ વાગતાં હતાં; રાણી વૃત્તિપદ્મા પણ ખરી ક્ષત્રિયાણીની માફક હવે પોતાનાં પતિનાં હથિયાર લેઇને નાસ્તિકતા રાક્ષણીની સામે રણમાં પરાક્રમ દર્શાવતી હતી, અને તે પણ મીમાંસાબાઇના સરખુંજ પરાક્રમ દાખવતી હતી. તે બંને પેલી નાસ્તિકતાએ નાંખેલી ગદાઓ અને પથરાઓના પોતાના વજ્ર સમાન શરોથી ચૂરેચૂરા કરી નાંખતી હતી. આ પ્રસંગે અશ્રદ્ધાબાઇ પણ વચમાં આવીને જાણે લડવા સંબંધી સલાહ આપતી હોય તેમ ડોળ કરીને ઘણી વાર વૃત્તિપદ્માનાં બાણનું લક્ષ્ય ચૂકાવતી હતી. શ્રદ્ધાબાઈની વધારે નિકટ ઉભી રહીને લડતી મીમાંસાબાઇની પાસે તો અશ્રદ્ધાબાઇ આ પ્રસંગે જઇ જ શકતી નહીં; મહારાણી વૃતિપદ્મા પણ સગર્ભ છતાં એક ખરી વીર નારી તરીકે આ રણમાં પોતાનું ક્ષાત્રત્વ દીપાવતી હતી.

આસુરી નાસ્તિકતાએ જાણ્યું કે આ બધી બાજી ઓર જ પરી ગઇ છે

તેનુ મુખ્ય કારણ તો આ શ્રદ્ધાબાઇનું આગમન જ છે, તેથી નાસ્તિકતાએ એક શંકાશંકુ નામનું પોતાનું અમોઘ અસ્ત્ર શ્રદ્ધાબાઇ ઉપર ચલાવ્યું. શ્રી ઇશ્વરાનુગ્રહશર્માના ખોળામાં બેઠી બેઠી તે પોતાના તેજોમય દાહક અગ્નિકિરણની વૃત્તિ નાસ્તિકતા ઉપર વર્ષાવ્યા કરતી હતી, તેથી તે નાસ્તિકતાએ તેના ઉપર નાખેલું શંકાશંકુ અસ્ત્ર શ્રીઇશ્વરાનુગ્રહશર્માના એક હુંકાર માત્રથી ઉડીને ક્યાંએ ગયું તેની કોઇને ખબર પણ પડી નહિ. પછી શ્રદ્ધાબાઇએ પોતાના પતિને નમસ્કાર કરીને શંકાસ્ફોટ નામના મહા વિષયમય બાણને નાસ્તિકતાના હૃદયમાં તાકી માર્યું અને તેની જ સાથે મીમાંસાબાઇએ પોતાના મર્યાદા સ્થાપક મ । ધનુષ્ય ઉપર ચઢાવીને મુખસ્તંભનાસ્ત્ર નામનું અપરિમિત સામર્થ્ય વાળું બાણ તાકીને નાસ્તિકના મોઢામાં માર્યું તથા વૃત્તિપદ્માએ નાગપાશ અથવા યોગપાશ નામનું અસ્ત્ર છોડી તે નાસ્તિકતા રાક્ષણીને બાંધી લીધી તેથી તે રાક્ષણી હવે મૂર્ચ્છા પામીને પડી. આ વખતે શ્રદ્ધાબાઇ ઉપર પુષ્પની વૃષ્ટિ થઇ. દેવોએ આકાશમાં દુંદુભિના ઘોષ કર્યા. રાજા અને રાણીએ શ્રીઇશ્વરાનુગ્રહશર્મા અને શ્રદ્ધાબાઇના મહિમાનાં વખાણ કર્યાં. તથા શાબ્દશર્મા અને મીમાંસાબાઇનો ઘણોજ આભાર માન્યો. તેમણે પણ વૃત્તિપદ્મા મહારાણીના વીરત્વની ઘણી પ્રશંસા કરી, અને રાજારાણીને હવે શાબ્દશર્મા અને મીમાંસાબાઇની સૂચના પ્રમાણે પોતાનો પ્રવાસ આગળ ચલાવવાની ભલામણ કરીને શ્રદ્ધાબાઇ તથા ઇશ્વરાનુગ્રહશર્માએ પુનઃ પોતાને સ્થાને જવાની રજા માગી. વૃત્તિપદ્મા મહારાણીએ સ્ત્રીઓના મૃદુસ્વભાવ પ્રમાણે સાચા મનથી કહ્યું કેઃ-અમો આપને શ્રમ આપનાર થઇ પડયાં છીએ તેને માટે તો અમે આપના નહિ વળી શકે એવા મોટા આભાર નીચે છીએ, તે છતાં હજુ આપને વિશેષ શ્રમ આપવાની ઇચ્છા થાય છે અને અમારૂં અંતકરણ એમ ચાહે છે કે આપ ઠેઠ લગી અમારી સાથે રહો તો સારૂં, પણ એમ માગણી કરવાની અમારી જીભ ઉપડતી નથી.

શ્રદ્ધાબાઇ બોલ્યાંઃ—મહારાણીજી! આપનો અમારી પ્રત્યે જે પ્રેમ છે તે જ અમે છીએ અને તે પ્રેમ તમારી સાથે છે તેથી અમો સદા તમારી સાથે જ છીએ એમ જાણજો. શાબ્દશર્મા અને મીમાંસાબાઇ જેવાં સમર્થ અગવા તમારી સાથે છે તેથી તમને કોઇ પણ પ્રકારે અડચણ પડશે નહિ.

વૃત્તિપદ્માએ ઘણાજ પ્રેમ અને સંકોચથી કહ્યુંઃ-ત્યારે જેવી આપની મરજી પણ જ્યારે કોઇવાર આમ સંકટમાં આવી પડીએ ત્યારે આપ બંને જણ અમારી સંભાળ લેતાં વિલંબ ન કરશો.

રાજાએ પણ શ્રી ઇશ્વરાનુગ્રહશર્મા સામે જોઇને એવોજ આગ્રહ દર-

આવ્યો. ત્યારે શ્રી ઇશ્વરાનુગ્રહશર્મા મંદ સ્મિતથી પ્રેમપૂર્વક બોલ્યાઃ—તમે ધર્મનિષ્ઠ અને પરમાત્માના પ્રત્યે પ્રેમ ધરાવનાર છો, તમારી સંભાળ પરમેશ્વર પોતે જ રાખે છે. અમે તો આ વિશ્વાધિપતિ મહેશ્વરનાં અનુચર માત્ર છીએ. તોપણ આપને સહુને માટે હું એક બંદોબસ્ત કરવો ભૂલી ગયો છું. ઉભા રહો !

એમ કહીને શ્રી ઇશ્વરાનુગ્રહશર્માએ પેલી આમ તેમ ફરતી અને ડાફોડીયાં મારતી અશ્રદ્ધાબાઇને બોલાવીને કહ્યું:–જુઓ, અશ્રદ્ધાબાઇ તમારે હવેથી આ મહારાજા અને મહારાણીશ્રીના રથની ડાબી બાજુએ જ ચાલ્યા કરવું. ડાબાં બાજુ છોડીને જો ખસ્યાં તો મારે તમને સેનાપતિ શ્રી ઇશ્વર પ્રકોપવર્માને સ્વાધીન કરવાં પડશે. ધર્મી મનુષ્યોને આપણે સહુએ આપણા સ્વભાવ પ્રમાણે આ પ્રયાસમાં મદદ કરવી એ જ આપણું કામ છે. તેમાં જો આપણે આડું અવળું કરીએ તો પછી મહારાજાધિરાજ સમગ્ર વિશ્વાધિપતિના નિયમ પ્રમાણે આપણે શિક્ષાને પાત્ર જ થઇએ.

આ બધું શ્રી ઇશ્વરાનુગ્રહશર્માએ અશ્રદ્ધાબાઇને એવા તો રોફથી કહ્યું હતું કે તે બાઇ તરત વીલે મોઢે ડાબી તરફ જઇને ઉભી, અને હમેશ વામ માર્ગેજ ચાલવાનું સ્વીકાર્યાનો ભાવ દર્શાવી મૌન પકડી ઉભી. પછી રાજારાણીએ શ્રી ઇશ્વરાનુગ્રહશર્માને અને શ્રદ્ધાબાઇને પૂજ્યભાવે નમસ્કાર કર્યા અને પોતાનો પ્રયાસ ચાલુ કર્યો; તથા ઇશ્વરાનુગ્રહશર્મા અને શ્રદ્ધાબાઇ બંને જણ પોતાને સ્થાને સિધાવ્યાં. તોપણ તેમનો પ્રેમ રાજારાણીની પાછળ પાછળ જ ચાલતો હતો તેમને પરસ્પરનું સ્મરણ થતું હતું. રાજા અને રાણીને હવે શંકાવર્તનો પ્રયાસ બહુજ સહેલો થઇ પડયો

રાજા અને રાણીને હવે પોતાની સાથેના આગવા શાબ્દશર્મા અને મીમાંસાબાઇની અલૌકિક શક્તિનો જે અનુભવ થયો હતો તે ઉપરથી તેમને અનુમાનથી સમજાયું કે એ બંને સ્ત્રી પુરૂષને આપણે ગમે તે બાબત પુછીએ તો તેઓ આપણને ખરી માહિતી આપી શકે એવાં સમર્થ છે. તેથી રાજાએ અને રાણીએ શાબ્દશર્માને કોઇ વિષય ઉપર પ્રશ્ન પુછવાનો નિર્ણય કર્યો. તેમને સહુથી પ્રથમ પૂછવા લાયક પ્રશ્ન તો એજ જણાયો કે આપણા પુરોહિતજી ભાવમિશ્રજી પાછળ રહી ગયા છે અને આપણાથી વિખુટા પડી ગયા છે, તે હાલ કયાં હશે અને હવે તે આપણને કયાં મળશે ? તેમણે એ પ્રશ્ન શાબ્દશર્માને પૂછયો. શાબ્દશર્માએ તરત જ પોતાની ઝોળીમાંથી પેલો પોતાનો પ્રમાણયંત્ર કાઢયો અને તેમાં નજર નાંખીને જોવા માંડયું તો તેમને જણાયું કે, પુરોહિતજી તો ઠેઠ શ્રીસદ્દગુરૂનાથના આશ્રમ-

વાળા તપોવનની પાસે એક યોજનઉપર એક અભયવડ કરીને વડનું વૃક્ષ છે, તેના ઉપર વિસામો છે, ત્યાં જઇ નિરાંતે સુતેલા છે. તેમની પાસે ભીના પોતિયામાં વીટી રાખેલાં શ્રી સદ્ગુરૂનાથને અર્પવાને લીધેલાં કમલનાં પુષ્પો પડેલાં છે અને વડની વડવાઇએ પોતાનો ઘોડો લાંબી બાગદોરથી બાંધેલો છે, તે ઘોડો ત્યાં આગલ ઉગેલી લીલી કલ્હાર જેવી ધરોના અંકુર પોતાના દાંતેથી તોડી તોડીને ઘણા આનંદથી ખાય છે. આ બધું વર્ણન શાબ્દશર્માએ યથાસ્થિત રાજા અને રાણીને કરી બતાવ્યું અને વિશેષમાં જણાવ્યું જે, હવે તો આપણે એ વડ આગળ જઇશું ત્યાર પહેલાં તો પુરોહિતજી શ્રીસદ્ગુરૂનાથની પાસે પચીસવાર જઇને પાછા આપના નગરમાં જાય એટલે છેટે એ વડ છે. માટે હવે તો આપે ધીરજ રાખી રસ્તો કાપવો એથી જ સિદ્ધિ છે.

આ સાંભળી રાજાએ કહ્યું કેઃ—આપનું કહેવું તો ઘણું આશ્ચર્યકારક છે, પણ અમે શ્રદ્ધાબાઇને પ્રથમથી આગવા તરીકે ન લીધાં તેથી જ અમે આડે અવળે રસ્તે આવ્યાં અને તેથી જ આ બધો ચક્રાવાવાળો રસ્તો ખેડવો પડયો છે.

શાબ્દશર્મા બોલ્યાઃ—એટલુંજ નહિ, પણ એ ભાવમિશ્ર શ્રીસદ્ગુરૂનાથના વરદાનથી જ તેઓશ્રીના આશ્રમ પ્રત્યે જાય છે, તેથી તે ખરા આગવાને જ પસંદ કરીને ગયો છે, એટલું નહિ પણ તે પોતે અગવાપણું કરી શકે એટલી શક્તિ ભાવમિશ્રને શ્રી સદ્ગુરૂનાથના પોતાના કૃપાબળથી પ્રાપ્ત થયેલી છે. અને એમ હતું ત્યારે તો તેણે આપને શ્રી સદ્ગુરૂનાથના આશ્રમે સાથે તેડી લેઈ જવાની હામ બીડી હતી. પણ આપ અને એ વિખુટા પડી ગયા તેથી જ આપને આ બધી આપત્તિ ખમવી પડી.

રાજા બોલ્યાઃ—ત્યારે તો પ્રથમથી અમારી જ ભૂલ થઇ કે એમની સાથે ને સાથે ન રહેતાં તેમનાથી વિખૂટા પડી ગયાં અને હમણાં ભાવમિશ્રજી આવી મળશે એમ જાણીને રથ આગળ ને આગળ ચલાવ્યા કર્યો કે જેથી અમારો અને એમનો મેળ ખાધો જ નહીં, અને અનેક વિટંબનામાં પડી પસ્તાવાનું થયું.

શાબ્દશર્મા બોલ્યાઃ—તમો શ્રીસદ્ગુરૂનાથનાં કૃપાપાત્ર દંપતી છો, તેથી તમારે આમાં કોઇ પ્રકારે પસ્તાવો કરવાનું કારણ નથી. પોતાના સાચા ભક્તોની બાબતમાં શ્રીસદ્ગુરૂ ભગવાન્ જે કાંઇ કરે છે તે શ્રેયસ્કરજ હોય છે. માટે તમારે જે આ ચક્કર ખાઇને લાંબી મુસાફરી કરવી પડી છે,

તેમાં પણ તમને ઘણું જાણવાનું અને જોવાનું મળે અને તેથી તમારૂં પણ કલ્યાણ થાય એવા હેતુથી જ શ્રી ગુરૂમહારાજે આવો સંકેત જ કરેલો હશે.

વૃત્તિપદ્માએ પૂછયું:—ફરીને પાછો આવો કાંઇ વીતવાનો પ્રસંગ આવે તેવો સંભવ હોય તો અમને પહેલેથી ચેતાવી દેજો. શ્રીસદ્‌ગુરૂનાથની ઇચ્છાનુસાર જે સુખદુખ ભોગવવાનું હશે તે પ્રમાણે ભોગવી લેવાને પહેલેથીજ તૈયાર થઇ રહીએ. આખરે તો હાથ ઝાલીને સહાયતા તેઓશ્રીએ જ કરવી પડવાની છે.

મીમાંસાબાઇ બોલ્યાં:—હવે તો તમને પોતાને વીતીને અનુભવ મળે, એવા પ્રસંગો આ મુસાફરીમાં આવવાના નથી. પણ બીજાઓને જે જે કાંઈ આ પ્રવાસમાં આગવાઓની અને તેમની પોતાની ખામીઓથી વીતે છે, તે તે બધું તમારી પોતાની નજરે જોઇને જાણવાનું મળશે અને તમારા પોતાના ઉપર શ્રી સદ્‌ગુરૂનાથનો કેવો અપૂર્વ અને અગાધ અનુગ્રહ છે, તે મુકાબલો કરીને સમજવાના પ્રસંગો આવશે.

આ પ્રમાણે વાતો કરતા કરતા તે પ્રવાસીઓ અને તેમના આગવા શંકાવર્ત્તના મુલકમાં પોતાના પ્રવાસનો રસ્તો કાપવા લાગ્યા. તેવામાં રસ્તે ચાલતાં એક મોટો કુવો ડાબી બાજુએ આવ્યો, તે જોઇને મહારાણી વૃત્તિપદ્માએ મીમાંસાબાઇને પૂછયું:-આ કુવામાં જળ સારૂં હશે ? જો હોય તો મને તૃષા લાગી છે તેથી થોડુંક જળ પીએ.

શાબ્દશર્માએ તરત ઉત્તર આપ્યો:-આ કુવામાં પાણી નથી. આ મદ્યકૂપ નામે કુવો છે, અને તે नास्तिकताઆસુરીના ભાઇ ધર્માભાસાસુર નામના દાનવોના રાજાએ બંધાવ્યો છે. તેમાંથી જે કોઇ પ્રવાસી તરશને લીધે પાણી કાઢીને પીએ છે, તે પાણીને બદલે મદ્યજ પીએ છે. તેને પછી એકદમ નિશો ચઢી જાય છે અને પછી તેને કશું ભાન રહેતું નથી અને પછીથી તે માણસ ધીમે ધીમે ધર્માભાસના કબજામાં ફસાય છે. ધર્માભાસ તે માણસને પોતાની બહેન નાસ્તિકતાને સોંપે છે. તે નાસ્તિકતા છેવટે તે માણસોને મારી નાંખીને તેમને રાંધે છે અને તે રસોઇ એ ભાઇ બહેન જમે છે.

આ સાંભળીને વૃત્તિપદ્માએ પૂછયું:-જ્યારે એ મદ્યકૂપ છે અને તેનું પાણી પણ મદ્ય જ છે, એમ તેના ગંધ અને રૂપ ઉપરથી જાણી શકાય છે તે છતાં પ્રવાસી મનુષ્યો એને પીતાં કેમ હશે ?

મીમાંસાબાઇએ ખુલાસો આપ્યો:—આ સ્થળે એ ધર્માભાસ દાનવનો નાનો ભાઇ વિભ્રમાસુર રહે છે. તે રસ્તે જતા પ્રવાસીઓને બોધ કરે છે.

કેઃ-ભાઇઓ ! પ્રવાસ કરીને થાકયા હશો. થાક ઉતારવાને આ કુવાનું મધકૂપ જળ તમને ઘણો ફાયદો કરશે. અમે તો આ ધર્મની ખાતર પરબ જેવું જલાશય કરાવેલું છે. બીજું આ પીધા પછી શ્રી સદ્‌ગુરૂનાથના આશ્રમમાં જઇને અથવા કોઈ દેવ દેવીની ઉપાસના કરવી હશે તો અંતઃકરણ શાન્ત અને એકાગ્ર થશે, અને જેઓ નિરંતર પ્રસન્નતા સેવવાનો બોધ કર્યા કરે છે તેઓ પણ ગુરૂએ આપેલા ક્રમનો શ્રમ ઉઠાવ્યા વિના સમગ્ર ચિન્તાનો નાશ કરવાને અને પ્રસન્નતાને પ્રકટ કરવાને સાચા પુરૂષાર્થ રૂપે આ કુવાના જળનું જો સેવન કરે છે, તો તથી સદેહે સ્વર્ગનું સુખ અને પ્રાણ કે મનના નિરોધ વિના જ સમાધિનું સુખ પ્રાપ્ત કરે છે. આવા ઉપદેશથી ભ્રાન્તિમાં પડેલાં એકલ ડોકલ પ્રવાસીઓ અથવા મૂર્ખ આગવાઓની આગેવાની નીચે પ્રવાસ કરનાર પ્રવાસીઓ આ મધકૂપનું જળ પીએ છે, અને તત્કાલ જ તેઓ વિનાશના મુખમાં ફસાય છે

વૃત્તિપદ્મા આશ્ચર્ય સાથે સહ જ ભય દર્શાવતાં બોલીઃ—પરંતુ, મીમાંસાબાઇ ! આ સ્થળે કોઇ સારા પાણીનો કુવો હશે કે નહિ ? મને તૃષા ઘણી લાગી છે. જો આટલામાં કોઇ કુવો હોય તો આપણે જળ પી લેઇએ, નહિ તો પછી આગળ ઉપર થઇ પડશે.

મીમાંસાબાઇ બોલીઃ-આ જમણી તરફ પેલો સુનીતિકૂપ પેલા મર્યાદવડના ઝાડ પાસે છે. તે છે તો જરાક વેગળો પણ આપણા સારથિ સંસ્કારભદ્ર ત્યાં પહોચશે તો તેમાંથી અમૃત જેવું જળ લેઇ આવશે.

આ સાંભળતાં તરતજ સંસ્કારભદ્રે પોતાના અશ્વોના અછોડા મહારાજ શ્રી બહીરથવર્મદેવના હાથમાં આપ્યા અને શુદ્ધ સુવર્ણમય કલશ લઇને પાણી લેવા જતાં બોલ્યોઃ—મહાદેવી ! હું અલ્પ સમયમાં જ જળ લેઇ આવું છું, આપ નિશ્ચિન્ત રહો.

સંસ્કારભદ્રે સુનીતિકૂપ ઉપર જઇને અંદરથી જળ કાઢયું અને થોડા જ સમયમાં પાણીનો કળશ ભરીને લઇ આવ્યો. એક કાંચનના પવાલામાં તે જળ ભરીને રાણી વૃત્તિપદ્મા આગળ ધર્યું. રાણીએ તે પાત્ર લેઇ પોતાને ઘણી જ તરશ લાગી હતી તે છતાં પ્રથમ તે જળ પોતાના પતિશ્રી આગળ ધર્યું અને મધુર સ્વરે બોલીઃ—પ્રભુ ! આપ આરોગો.

બહીરથવર્મા બોલ્યાઃ-મૃદ્વી પ્રાણ સખિ ! તું તૃષાતુર છે, તારે માટે જ આ જળ ખાસ મંગાવ્યું છે, તો તું જ તે પ્રથમ પી લે.

વૃત્તિપદ્મા ઘણાજ પ્રેમથી બોલીઃ—આપનું પ્રસાદામૃત થશે પછી પીશ.

પછી રાજાએ પ્યાલું મોઢે માંડી એકાદ ઘુંટડો પીધા પછી બોલ્યા—

મીમાંસાબાઇ ! જળ તો સ્વાદમાં ઘણું ફીકું છે તેથી તરશ છીપવાને બદલે તરશ વધે તેવું છે. તમે તો આ જળને અમૃત જેવું કહેતાં હતાં !

સાબ્દશર્મા બોલ્યાઃ—પ્રથમ ઘુંટડો ભરતાં એ જળ ફીકું લાગે છે, બીજો ઘુંટડો ભરતાં તેનું તે જ જરા વધારે સ્વાદવાળું લાગે છે, અને ત્રીજો ઘુંટડો ભરતાં એ જલ અધિક મિષ્ટ લાગે છે; એમ જેમ જેમ અધિક પીતા જાવ તેમ તેમ તેમ વધારે મિષ્ટ લાગતું જાય છે; અને તમે ધરાઇને પી રહો ત્યારે તો તે અમૃત જેવો સ્વાદ અને તૃપ્તિ આપે છે, તથા શરીરના બળમાં અને મનની શક્તિમાં ઘણોજ વધારે કરે છે. પણ જે માણસ પ્રથમના ઘુંટડાના સ્વાદ ઉપરથી આ જળના ઉપર અનાદર કરે છે, તેને આગળનો પ્રત્યેક ઘુંટડો નીરસ લાગતો જાય છે, અને તે માણસ આ જળ પીવાનું ત્યજી દે છે અને એનાથી થવાના ફાયદાથી તે અભાગી માણસ વિરહિત જ રહે છે. એ જલનો દિવ્ય ગુણ એ પ્રાપ્ત કરી શકતો નથી. તેથીજ ગીતામાં સાક્ષાત્ શ્રી પૂર્ણપુરૂષોત્તમે કહેલું છે કેઃ—यत्तदग्रेविषमिव परिणामेऽमृतोपमम् । જે આગળ તો વિષના જેવું લાગે છે, પણ પાછળથી પરિણામે અમૃતના જેવું ગુણકારી છે, તેવી સાત્વિકતા આ જળમાં છે

શાબ્દશર્માનાં આ વચનો સાંભળીને રાજાએ તે જળના એક પછી એક ઘુંટડા ઘણા આદરપૂર્વક પીધા, અને રાજાને બરોબર શાબ્દશર્માના કહેવા પ્રમાણે જ અનુભવ થયો. રાજાએ આથી આશ્ચર્ય પામીને તે જળ રાણીને પણ પીવાને કહ્યું અને રાણીને પણ એ જ પ્રમાણે અનુભવમાં આવ્યું. રાજા અને રાણી બંને ઘણાં પ્રસન્ન થયાં અને શાબ્દશર્મા તથા મીમાંસાબાઇની તેમણે ઘણી પ્રશંસા કરી આભાર માન્યો.

હવે તેઓ પાણી પીને તથા તાજાં થઇને આગળ રથ ચલાવવાની તૈયારીમાં હતાં, તેવામાં એક પરબ માંડનારી યુવાન સ્ત્રી પેલા મધકૂપમાંથી જળ ભરીને સુંદર બિલોરના પાત્રમાં લેઇને આવી અને આપણાં રાજા અને રાણીને કહેવા લાગીઃ-મારૂં નામ મોહિની છે અને મને આ વામપ્રદેશના મહારાજાએ અત્રે પરબ માંડવા બેસાડેલી છે. આપ જેવા સુજ્ઞ અતિથિઓ પ્રવાસના શ્રમ નિવારણ કરી સુખી થાય માટે આ લોકોપયોગી સાર્વજનિક પરબ છે. આ મનોહર પાત્રો ભરીને હું આપ દંપતીને માટે લાવીછું તો આપ તે અંગીકાર કરી મારી પરબની ઉપયોગિતામાં વધારો કરશો.

આ મોહિનીનું લાવણ્ય સૌંદર્ય અને બોલવું તથા ચાલવું એવું તો ચિત્તને ચોરી લે એવું હતું કે રાજા અને રાણીને પ્રથમ મધકૂપના સંબંધમાં

શાબ્દશર્મા અને મીમાંસાબાઇએ યોગ્ય ચેતવણી તેમને પ્રથમથી આપેલી હતી તે છતાં પણ રાજા અને રાણી આ મોહિનીબાઇનું અતિ મોહક મુખડું અને લટક જોઇને દિગ્મૂઢ જેવાં બની ગયાં. પોતાના બોલવાની અસર આ રાજા રાણીને થયેલી જોઇને તે મોહિની બોલી:—આપ રાજવંશી દંપતી છો, વીર ક્ષત્રિ જાતિને શોભાવનાર છો, સંગ્રામવિલાસિની મહા શક્તિનાં બાળક છો. યુદ્ધમાં આદ્યશક્તિએ એના ઘુંટડાથી પોતાનું અમિત વીર્ય પ્રદીપ્ત કર્યું હતું, સંગ્રામયજ્ઞમાં સોમરસનો સાચો પ્રતિનિધિ આજ રસ છે. બ્રાહ્મણ સિવાય ઇતરના ઉદરમાં જેમ સોમરસ જીરવી શકાતો નથી, તેમ શુદ્ધ ક્ષાત્ર પાત્રવિના આ રસનો પણ કોઇ અધિકારી નથી. વીરદંપતી! લ્યો આરોગો, અને આપનાં ઓજસ્વા ક્ષાત્ર શરીરની સાબીતી આપો !

એ પ્રમાણે બોલીને સુંદર સ્ફટિકના જેવા શુભ્ર બિલોરના પ્યાલા મદ્યરસથી છલોછલ ભરેલા કોઇ અલૌકિક લટકાથી લેઇને રાજા રાણીની આગળ ધર્યા અને બોલી:—ધણી ખમા ! વીરશિરોમણિને અને વીરપત્નીને ! અંગીકાર કરો આ મારા ભક્તિથી અર્પેલા જલ માત્રને. આપ દેવ અને દેવી છો, હું અલ્પ પરબવાળી છું ! યથાર્થ મોટાં નાનાંનું મહત્વ વધારે છે!

મોહિનીના સપાટાથી મહાત થઇ ગયેલી મૃદુ અંતઃકરણવાળી રાણી વૃત્તિપદ્મા બોલી:—ચિત્તવેધક બહેન ! તમારૂં દરેક મોહક છે. જોકે તમે ઓછાં સાદાં ધોળાં વસ્ત્ર જ ધારણ કરેલાં છે, અને માત્ર અત્રે ઉગેલાં જંગલી પુષ્પોનાજ માત્ર અલંકાર ધારણ કરેલા છે તો પણ તમારા વપુ અને વાણીમાં જે મનોહર તત્વ વિલસી રહ્યું છે, તે તમને પરમેશ્વરે લીધેલા મોહિની સ્વરૂપની ઓલમાં મૂકે છે. જો તમારો આગ્રહ છે તો—

એમ કહીને વૃત્તિપદ્મા મહારાણી પોતાના પતિને આપવાને માટે એક પ્યાલો મોહિનીના હાથમાંથી લેવા જતી હતી. તેજ વખતે પોતાના ટોકણી ભરેલા કઠોર અવાજે શાબ્દશર્માએ ટકોરો માર્યો કેઃ—ખબરદાર ! મહાદેવી ! શ્રી સદ્ગુરૂનાથને આશ્રમે જવું છે કે રસ્તામાંજ રહેવું છે? જુઓ ! સાંભળો ! શ્રી ભગવદ્ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરી છે કે:—

> यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
> निद्रालस्य प्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥

જે પ્રથમ તેમજ પાછળ પણ આત્માને મોહમાં નાખનાર અને નિદ્રા, આલસ્ય, અને પ્રમાદથી ઉત્પન્ન થતું તે તામસ છે પ્રથમથીજ આ મોહિનીના શબ્દોથી તેમજ આ મદ્યના દુર્ગંધ અને દેખાવથી તમે આકર્ષાયાં છો અને

પરિણામે એનાથી દ્વેષ અને બેભાનની જ ઉત્પત્તિ થાય છે. તેથી આ તમારે સ્વીકારવાનું નથી.

આ પ્રમાણે બધાં વાતમાં રોકાયાં હતાં તેવામાં લાગ જોઇ પેલી અશ્રદ્ધાબાઇ ડાબી બાજુએથી કોઇ જાણે નહિ એમ ખસીને જમણી બાજુએ આવીને ઉભી હતી. તેના પર પ્રથમ ધ્યાન મીમાંસાબાઇનું ગયું એટલે મીમાંસાબાઇએ એ અશ્રદ્ધાબાઇનો હાથ પકડીને ધક્કો મારીને પાછી ડાબી બાજુએ લેઇ જઇને ઉભી રાખી, અને ધમકાવીને કહ્યું કેઃ—જો તારે આમ તારી મરજી પ્રમાણે વર્ત્તવું હોય, તો અમારે તને અમારી સાથેથી દૂર કરવી પડશે અથવા તો તને શ્રી ઇશ્વરપ્રકોપવર્માને સ્વાધીન કરવી પડશે.

શાબ્દશર્માની ટોકણીથી વૃત્તિપદ્મારાણી પેલો મોહિનીના હાથમાંથી પ્યાલો લેતાં ખમચાઇ; એટલે ઓર કોઇ અવનવી મનમોહક લટકથી બીજા પાત્રમાંથી બીજા બે પ્યાલા મદ્યના ભરી મોહિની બોલીઃ—આ મદ્ય અમે સુગન્ધમય બનાવેલું છે. ઇન્દ્ર અને ઇન્દ્રાણી પણ આને આરોગવા તલસે એવું સૌરભ આમાં મગમગી રહ્યું છે. વળી એનો સ્વાદ પાકી દ્રાખના જેવો જ અને તે પણ દ્રાખનો રસ જ છે એમ જાણજો. આપ જેવા રાજવંશી પ્રવાસીઓના સ્વાદાનુરાગી મુખારવિંદ માટે જ આ જળ છે. સ્વાદ અને સુગંધ બંને ઉત્તમ છે. પછી કાંઇ ! આ તો અમૃત જ છે ! માટે મહારાણીજી આમાં કાંઇ સંકોચનું કારણ છે જ નહિ.

મોહિનીના આ શબ્દો સાંભળીને વૃત્તિપદ્માએ શાબ્દશર્માના સામું જોયું, કે તે હવે શું કહેશે? શાબ્દશર્માએ તરત જ કરડી રીત્યે ઉત્તર વાળ્યો કેઃ—જેઓને સુસ્વાદ અને સુગંધ ઉપર જ મોહ હોય છે, અથવા જેઓ સ્વાદ અને સુગંધ ઉપરથી જ વસ્તુઓની યોગ્યતાનો નિર્ણય કરનારા છે પણ જેમને પદાર્થોના પરમાણુઓના ગુણની કાંઇ દરકાર નથી એવા મનુષ્યોને માટે મોહિની ! તારી દલીલ કામની છે. પણ અમને તો શાસ્ત્રનો એવો નિષેધ છે કે કોઇ પણ રૂપમાં અને કોઇ પણ આકારમાં સુરા અથવા મદ્ય ત્યાજ્ય છે.

મોહિની પોતાની લટકમાં ઓર વધારો કરીને બોલીઃ—ભલે તમને બ્રાહ્મણોને તે નિષેધ હો ! પણ આ તો રાજા અને રાણી છે. તે ક્ષત્રિયોને તેમના ધર્મથી તમે શા માટે ભ્રષ્ટ કરો છો ? ઇતર વર્ણને પોતાના ધર્મથી ભ્રષ્ટ કરવામાં જ જો બ્રાહ્મણોનું બ્રાહ્મણપણું ગણાતું હોય તો તમને મુબારક હો !

ધર્માભાસમહારાજાની આ પરબવાળીની દલીલથી રાજા બહીરથવર્મા

સહેજ પલળવા લાગ્યા અને બોલ્યાઃ—શાબ્દશર્મા આ દલીલમાં કાંઇક વધારે તત્વ રહેલું જણાય છે, આ વિષે આપનો શો ખુલાસો છે ?

શાબ્દશર્માએ શાન્તિથી પણ દૃઢતાથી જવાબ આપ્યોઃ—મહારાજા ! આપ છો ક્ષત્રિય, પણ આપને જવું છે શ્રીસદ્‌ગુરુનાથને ત્યાં. તેઓ બ્રાહ્મણ છે. देवो भूत्वा देवं यजेत-એ જ પ્રમાણે જ્યારે બ્રાહ્મણનાં દર્શને જવું છે તો બ્રાહ્મણ થઇને જ જવું જોઇએ. વળી જો કે આ મદ્યને બીજા પદાર્થોને યોગે સુવાસિત અને સુસ્વાદ બનાવેલું છે, પણ તે સ્વતઃતો મદ્ય જ છે; તેથી તે જો કે પ્રથમ તો પોતાં સારૂ લાગે, તો પણ અંતે તે નિશો વગરે હાનિને પ્રકટાવ્યા વિના રહેવાનું જ નહિ. તેથી શ્રીગીતાજીમાં શ્રીમુખે કથેલી આજ્ઞા પ્રમાણે આ તોઃ—

विषयेन्द्रिय संयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥

આ મદ્યરસનો અને રસના ઇંદ્રિયનો સંયોગ થતાં તે અમૃત જેવું સ્વાદ અને સુગંધવાળું લાગે એવું વિવિધ યુક્તિથી બનાવેલું હોય તો પણ તે પરિણામે મૂર્છા તંદ્રા વગેરેને ઉત્પન્ન કરનાર હોવાથી તે પરિણામે વિષરૂપ છે. તેથી આ રાજસ અને તે પણ તામસપ્રાય પદાર્થ છે. આપ રાજા છો, તેથી આપમાં રજોગુણ પ્રધાન હોવાથી આપની જાતિનાં મનુષ્યોને એ રૂચિકર થાય ખરૂં. પણ આપ જે મહાપુરૂષના દર્શનાર્થે આ યાત્રાએ આવેલા છો તેનો વિચાર કરતાં આ વસ્તુ આપને તજવાની છે. વળી આપ સામાન્ય રાજા નથી પણ ચક્રવર્તી રાજર્ષિ છો, તેથી આપે બ્રાહ્મણત્વના પ્રતિનિધિરૂપ બ્રહ્મણ્યત્વનો પાળવું જ જોઇએ.

મોહિની આ સાંભળી મુખ મરડીને મોહક રીત્યે બોલીઃ—હે નરેન્દ્ર ચૂડામણિ ! सौत्रामण्यां सुरां पिबेत् એ શાસ્ત્રના વાક્ય પ્રમાણે સૌત્રામણી યજ્ઞમાં બ્રાહ્મણોએ પણ જે વસ્તુ પીવા યોગ્ય ઠરે છે, તેને માટે પણ આ શાબ્દશર્મા નિષેધ કરે છે તે કેવું હડહડતું અસત્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ છે? તમે બ્રાહ્મણો જ ધર્મનો નાશ કરવા બેઠા છો !

શાબ્દશર્મા શાન્તિથી બોલ્યોઃ—હે મોહિની ! सौत्रामण्यां सुरां पिबेत् એ વાક્ય પણ મારૂં પોતાનુંજ છે. તેનો અર્થ અને ઉપયોગ હું વધારે સારી રીત્યે સમજું કે તું સમજે ? હું જે જે કાંઇ કહું છું તે સાપેક્ષ હોય છે. તેનો નિરપેક્ષ ઉપયોગ કરનાર માણસો જ વ્યામોહમાં પડે

છે, અથવા જેઓ વ્યામોહમાં પડેલા હોય છે તેઓ મારાં વાક્યનો નિરપેક્ષ ઉપયોગ કરે છે ?

મોહિની રાજા અને રાણી પ્રત્યે જોઇને બોલીઃ—જોયું ! ખુલાસો આપવાને બદલે જ્યાં બંધાઇ ગયા અને તે પણ પોતાને દોરડે જ પોતે બંધાયા ત્યારે આવા "સાપેક્ષ" અને "નિરપેક્ષ" જે કોઇથી સમજાય નહિ એવા સંસ્કૃત ભારે શબ્દોના પથરા ઓઢવીને ઉભા ! આવા ઢંગધડાવિના ભટ્ટાઓની વાત કોઈ મૂર્ખ હોય તો તરત જ માની બેસે, પણ આપ તો રાજેન્દ્ર છો, તેથી ન્યાય અન્યાય તોલવાનું આપને કોઇની પાસેથી શીખવા જવું પડે તેમ નથી.

મોહિની આ પ્રમાણે શાબ્દશર્મા વિષે તુચ્છકારપૂર્વક બોલી તે સાંભળીને મીમાંસાભાઇને ઘણો ક્રોધ ચઢ્યો અને તે બોલીઃ—તું પુરૂષો જોડે વાદ કરવા જેટલી યોગ્યતા વાળી નથી. મોહિની ! હું જ તને તારૂં સમાધાન આપું છું. જેમ ભીખારા અથવા ચોર શ્રીમાનના વસ્ત્રાલંકાર ભીખીને કે ચોરીને લાવે છે અને તેમને તે પહેરતાં આવડતાં નથી, તેમ વિશ્વનું હિતચિન્તક મહાત્મા અને પરમાત્માનાં વાક્યોનો ઉપયોગ તમારા જેવાં ઉઠાઉગિરને આવડતો જ નથી. તારા દોઢડહાપણનો ખુલાસો એટલોજ છે કે, અત્યારે મહારાજા સાહેબ સૌત્રામણી યજ્ઞ કરતા નથી. તેમજ મહારાણીજી સાથે શયનગૃહમાં વિરાજતા નથી. અત્યારે તો એક ઉત્તમમાં ઉત્તમ બ્રાહ્મણ મહર્ષિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી સદ્‌ગુરૂનાથને આશ્રમે જવાને પ્રવાસમાં છે. પ્રવાસમાં કોઈ પણ ગફલત ઉપજાવનાર નિશાના પદાર્થનું સેવન નહિ કરવું એજ સર્વોત્તમ વાત શાસ્ત્ર અને શિષ્ટાચારથી છે. સાવધતાપૂર્વક પ્રવાસ કરતાં છતાં પણ, પ્રથમ એક ભોમિયામાં ભૂલવાથી અને ભાવમિશ્રથી વિખુટા પડી જવાથી જે જે આપત્તિયો આ સગર્ભા મહારાણીજી સાથે આ નરેન્દ્રને ભોગવવી પડી છે તે તેઓ પોતે તારા કરતાં વધારે સારી પેઠે સમજે છે. માટે તારૂં ડહાપણ તારી પાસે રહેવા દે.

આ સાંભળીને વૃત્તિપદ્માનું ભાન ઠેકાણે આવી ગયું અને તેણે મોહિનીનો ઘણો આભાર માનતાંની સાથે તેની પરબનું મદ્ય પીવાની ના પાડી. મોહિની પોતાના લટકામટકાની સાથે બડબડતી અને ફડફડતી મદ્યકૂપ અથવા જેને લોકો મોહકૂપ કહેતા હતા તે તરફ ચાલી ગઇ, અને આપણા પ્રવાસીઓ પોતાના પ્રવાસમાં આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં શાબ્દશર્માએ રાજા રાણીને ચેતવણી આપી કેઃ—આગળ જતાં હજુ આવાં ચાર બીજાં સ્થાનકો આવે છે, ત્યાં પણ આપને આવાં લોભાવનાર લફરાં આવીને વળગશે.

પણ તેમને બીલકુલ ગાંઠશોજ નહિ. જેમ બને તેમ આ શંકાવર્ત્તમાંથી આપણે વહેલા નિકળી જઇએ તેમ સારૂં. જેમ કુરૂક્ષેત્રમાં મુસાફરો પરસ્પર લડી મરે છે અને વિખુટા પડે છે, તેમ આ શંકાવર્ત્તમાં પ્રવાસીઓને અને તેમના આગવાઓને મતભેદ થઇ જાય છે. આ તો શ્રી સદ્દગુરૂનાથનો આપના ઉપર અનુગ્રહ છે તેથી અને અમો પેલા ચાર વનવાસી મહા પુરૂષોની આજ્ઞાથી આપની સાથે આવ્યાં છીએ તેથી જ આપણી વચ્ચે એવો કુસંપ થવાનો સંભવ નથી. બાકી આ શંકાવર્ત્તની ભૂમિ એવી છે કે તેમાં એક એ તો ચાલી રહી હોય તેમાં વળી તીસરી જાગે !

તેઓ આ પ્રમાણે કેટલાક કોસ પ્રવાસ કર્યા પછી એક મકાન આગળ આવ્યા. આ મકાન પણ રસ્તાની ડાબી બાજુ ઉપર જ આવેલું હતું. તેના ઉપર તો એક પાટિયું મારેલું હતું અને લખેલું હતું કે **आतिथ्य भुवन-महाराजा श्री धर्मामास स्थापित.** વળી તેના પેસવાના દ્વારની બંને બાજુએ લખેલું હતું કે **स्वागतम्** અને **सुस्वागतम्**. આપણા પ્રવાસીઓ ત્યાં આવી પહોચ્યા કે તરતજ તે આતિથ્ય ભુવનમાંથી એક સ્વાગતાધિકારી બહાર આવ્યો અને રાજા રાણીને તે સ્થળે અતિથિસત્કાર સ્વીકારવા વિનંતી કરી. પણ મીમાંસાબાઇએ રાણી વૃત્તિપદ્માને આ પ્રસંગે ઈસારાથી ચેતાવી દીધી હતી અને શાબ્દશર્માની ચેતવણી મહારાજાના પણ ધ્યાનમાં હતી, જેથી તે આતિથ્ય ભુવનના અધિકારીનો આભાર માની સભ્યતા પૂર્વક ત્યાંથી રજા લેઇ તેઓ સહુ આગળ ચાલ્યા. દૂર ગયા પછી શાબ્દશર્માએ ખુલાસા સાથે જણાવ્યું કે એ આતિથ્યભુવનમાં કેવળ માંસાહાર જ આપવામાં આવે છે, અને જો કોઇ વનસ્પતિ કે ધાન્યનો આહાર હોય છે, તોપણ તેમાં માંસ જ પકાવેલું હોય છે; અને શુદ્ધ ખોરાક ત્યાં મળતો નથી. માંસાહારી વર્ણના માણસો અથવા તો માંસ ખાવામાં પણ ધર્મ રહેલો અથવા તો માંસ ખાવાથી અધર્મ થતો નથી એમ માનનારા માણસો અત્રે ખોરાક લેઇ શ્રી સદ્દગુરૂનાથના આશ્રમે જવા મુસાફરી કરતા હોય છે, તો તે આ રસ્તામાંજ રવડી મરે છે, પણ ગન્તવ્યસ્થાને જઇ શકતા નથી એવો અદ્દભુત શ્રી સદ્દ-ગુરૂનાથનો આશ્રમ છે.

રાજા બોલ્યાઃ—તમોએ અમને ચેતાવી રાખ્યાં હતાં તેથી ઠીક થયું. અહીં આપણને લાંબી લપમાં વખત ગાળવો પડયો નહિ.

શાબ્દશર્મા બોલ્યાઃ—આ જ પ્રમાણે જો આપણે આગળ ચાલ્યા જઇશું, તો આપણે આજે સાંજે જ શંકાવર્ત્તનો મુલક વટાવી પાર નિકળી જઇશું.

તેઓને આગળ ચાલતાં ચાલતાં પાછું એક મકાન રસ્તાની ડાબી બાજુએ આવ્યું. તેમાંથી એક માણસ બહાર આવ્યો અને આપણા મુસાફરોને કહેવા લાગ્યોઃ—જન સમાજના સુખ અને સગવડને જ માટે, જેઓનો સર્વ પ્રકારે અમર્યાદ પ્રયાસ ચાલી રહ્યો છે એવા ધર્માભાસમહારાજાએ આ આરામગૃહ પ્રવાસીઓની સગવડને માટે સ્થાપ્યું છે. અહીં સર્વ પ્રકારની ખાવાની વસ્તુઓ નાસ્તા અને રોઢા માટે તૈયાર રાખવામાં આવે છે. તેમાં અત્રે ઉચ્ચી જાતનાં મત્સ્યનાં ભોજન તૈયાર રહે છે. કેટલાંક માછલાંમાં તો વૈદકીય ગુણ ઘણો ઉત્તમ હોય છે. એક કોડ જાતની માંછલીથી તો ક્ષય જેવો રોગ પણ મટી જાય છે. તે માંછલીનું તેલ અને તેની રૂચિકર વાનીઓ અત્રે તૈયાર છે. કેટલીક માંછલીઓથી ધાતુપુષ્ટિ અને કામોદ્દીપન થાય છે. તેનાં પણ ટીમણ અત્રે તૈયાર રાખેલાં છે. આપ રાજવંશી છો માટે આપને આ સઉ ઉપયોગનું છે. આપ આજ્ઞા કરો તે વસ્તુ આપની આગળ હાજર કરૂં.

બહીરથવર્માએ આનો પણ આભાર માની તથા ધર્માભાસ મહારાજાની રાજનીતિનાં સભ્યતાની ખાતર વખાણ કરીને ટુંકામાં ઉત્તર વાળ્યો કે—અમારે કોઇ પણ વસ્તુની હાલ જરૂર નથી. જરૂર હોત તો શ્રમ આપત.

ત્યાંથી પણ રથ આગળ ચલાવ્યો, અને એક બીજું મકાન તેમના રસ્તાની ડાબી બાજુએ જ આવ્યું. આના ઉપર રમત ગમતનું સ્થાન એવું લખેલું હતું. અને તેના ઉપર એવું વિશેષમાં દર્શાવેલું હતું કે મુસાફરોને રમત ગમત અને કસરતનો આનંદ મળવાને આ સ્થાન ધર્માભાસવર્મા મહારાજે બનાવરાવ્યું છે. આ સ્થળેથી પણ પ્રથમથી ચેતેલાં બહિરથવર્મા મહારાજાએ જલદીથી છુટી આગળ ચાલવાનો નિશ્ચય કરેલો હતો. પણ આ સ્થળે અંદર જઇને બહીરથવર્મા અને વૃત્તિપદ્માને ત્યાં ચાલતી ગમતો જોવાને કાંઈ અડચણ જેવું ન હોવાથી, શાબ્દશર્માએ અને મીમાંસાબાઇએ તેમને કહ્યું કે—આ સ્થળે જરીક અંદર જઇને જોવામાં કાંઇ ભય જેવું નથી. તેથી તેઓને તે સ્થાનના અધ્યક્ષે આવીને વિનંતી કરી એટલે તેઓ સઉ તે મકાનની અંદર ગયાં. ત્યાં શરીરનાં વિવિધ અંગોને અમૂક રીત્યે વાળવાની અથવા અમૂક સ્થિતિમાં રાખવાની રમત શીખવવામાં આવતી હતી. તે પ્રમાણે રમતથી કસરત થતી હતી અને પ્રવાસમાં થાકી ગએલા મુસાફરોનાં અંગોને તાજગી મળતી હતી. વળી ત્યાંનો અધિકારી એમ કહેતો હતો કે એક બીજી ત્રણ મોટી કસરતની ક્રિયાઓ કે જેમને વજ્રોલી, અમરોલી અને સહજોલી કહેવામાં આવે છે તે તો આગળ ઉપર, મુસાફરોને માટે અમારા

મહારાજાએ એક શયનગ્રહ રાખેલું છે, ત્યાં જ શીખવવામાં આવે છે. આ બધી કસરતોને અમે મુદ્રાઓ કહીએ છીએ.

તે બધી મુદ્રાઓ જોઇને તથા કેટલીક અજમાવી જોઇને તાજા થયેલા આપણા પ્રવાસીઓ પાછા તે મકાનથી બહાર નિકલ્યા અને પોતાનો પ્રવાસ આગળ ચલાવવા લાગ્યા.

ચાલતાં ચાલતાં બહીરથવર્માએ પૂછ્યું:-આ બધી મુદ્રાઓથી શરીરના અવયવોનો થાક ઉતરી જાય છે અને તે અવયવો તાજા થયા હોય એમ લાગે છે. આ ઉપરાંત બીજો કોઇ ઉપયોગ આ મુદ્રાઓનો તેઓ, શો કરતા હશે ?

શાબ્દશર્મા બોલ્યા:-એ મુદ્રાઓ દેવોના આવાહન વગેરેમાં તથા ઉપાસનામાં અમુક અમુક કાર્ય સિદ્ધ કરવાનાં સહાયક સાધન તરીકે એનો ઉપયોગ થાય છે. વળી કેટલીક મુદ્રાઓ તો યોગમાં ઉપયોગની અને કેટલીક જ્ઞાનનો સંકેત સૂચવનારી છે. પણ આ ડાબી બાજુએ મુસાફરી કરનાર અને વસનાર મનુષ્યો આમાંનું કશું પણ જાણતાં નથી. એ લોકો તો વિના સમજ્યે દેખાદેખી મુદ્રાઓ શીખે છે, શીખવે છે અને કોઇ જાણે નહિ એ પ્રમાણે માંછલાં મંગાવવાં હોય ત્યારે તે લેવા જનાર માણસને મત્સ્ય મુદ્રા બતાવે; દારૂ લાવવો હોય ત્યારે કલશ મુદ્રા બતાવે; માંસ લાવવું હોય ત્યારે મુદગર મુદ્રા બતાવે; વગેરે સમસ્યાના કામમાં જ એ લોકો તો આ મુદ્રાઓનો ઉપયોગ કરે છે. બાકી ખરો મુદ્રાઓનો બોધ અને ઉપયોગ તો આપને શ્રીસદ્‌ગુરૂનાથના આશ્રમમાં મળી શકશે.

આ પ્રમાણે વાતો કરતા કરતા તેઓ છેક સાંજે શંકાવર્ત્તને છેડે નિકલી ગયા. ત્યાં પણ ડાબી બાજુએ શંકાવર્ત્તની જ હદમાં એક શયનગૃહ એવું લખેલા પાટિયાવાળું ઘણું જ મોહક મકાન બાંધેલું હતું. તેમાં અનેક સુંદર યુવતીઓ દેખરેખ રાખનાર અને પ્રવાસીઓનું આતિથ્ય કરનાર તરીકે રાખેલી હતી. આ પણ ધર્માભાસ મહારાજાએ જ બંધાવેલું હતું. ત્યાં પ્રવાસને અંતે થાકેલા મુસાફરો રાત્રીએ વાસો રહેતા; પણ શાબ્દશર્માએ રાજાજીને અને રાણીજીને ચેતાવ્યાં કે, આપણે હવે શંકાવર્ત્તની હદમાં આવેલા શયનગૃહમાં રાત્રીએ વસવું નહિ. આપણે શ્રીસદ્‌ગુરૂનાથના આશ્રમની તીર્થયાત્રાએ જઇએ છીએ. માટે બ્રહ્મચર્ય એ તો આપણે પાળવું જ જોઇએ, એ આ શયનગૃહમાં રાત્રી ગાળનાર પાળી શકે જ નહિ, એવું ત્યાંનું વાતાવરણ છે. માટે આપણે ત્યાં તો રહેવું જ નથી.

રાણી વૃત્તિપદ્મા બોલી:—એવા ખોટા સંસ્કારવાળા સ્થાનમાં આપણે

રહેવું નહીં. પણ બીજું કોઈ આટલામાં આપણે રાત્રી ગાળીએ અને અત્રે કોઈ ભોજનને માટે પણ વ્યવસ્થા કરીએ એવું સ્થળ છે?

શાબ્દશર્મા બોલ્યાઃ—અત્રે મારા પિતરાઇભાઇ શ્રીશિષ્ટાચાર શર્માનો આશ્રમ અહીંથી પા ગાઉને છેટે છે, ત્યાં આપણે હમણાં થોડા જ સમયમાં જઈ પહોચીશું. ત્યાં રાત્રીએ નિવાસ કરવાની પર્ણકૂટીઓ તથા આહાર માટે ગાયનું પવિત્ર દુધ, શ્યામો, નીવાર વગેરે આર્ષ અન્ન અને કંદ ફળ અને વનસ્પતિ તથા કેટલાક પવિત્ર અને સાત્વિક અન્ન પણ તૈયાર મળશે. એ આશ્રમનું વાતાવરણ એવું તો છે કે અમને પણ પવિત્ર કરે. મારા કરતાં એમનો સ્વભાવ વધારે કડક છે, તેમને તેજે અમને પણ અમારા વિરોધીઓ કદી પણ સતાવી શકતા નથી.

વૃત્તિપદ્માએ કહ્યું:—ત્યારે તો આપણે ત્યાં જ જઇશું. આપણને ત્યાં સર્વ પ્રકારની અનુકૂલતા પડશે અને તેની સાથે એવા પ્રતાપી મહાત્માનાં દર્શનનો અને સમાગમનો લાભ પણ મળશે.

રાજા બહીરથવર્મા બોલ્યાઃ—રાત્રી પડી જશે, અને તે સમયે તેમના આશ્રમે પહોચીશું, તેથી આપણે તેમને ઉપાધિરૂપ તો નહિ થઇ પડીએ?

શાબ્દશર્મા બોલ્યાઃ—એમનો આશ્રમ અતિથિયોને માટે સદા ખુલ્લોજ છે. એમને ત્યાં ભણતા વિદ્યાર્થી શિષ્યો ઘણા છે અને તેઓ અતિથિયોને સત્કાર અને સગવડ આપવામાં ઘણા ઉદાર અને ઉત્સાહવાળા છે. પણ પેલી મોહિની કરતાં વધારે પુખ્ત ઉમરની તેની બહેન રતિ આવે છે, તે આપણને શયનગૃહમાં અત્રે રાત્રી રહેવા કહેશે, પણ આપણે તેને વિનયથી પાછી વાળવી અને અત્રે રથ આગળ ચલાવીને શિષ્ટાચારશર્માના આશ્રમે જ રાત્રી ગાળવી છે એ આપ લક્ષમાં રાખજો.

રતિ આવીને મોહક અને ગંભીર ચેષ્ટાથી બોલી:—અતિથિ મહાનુભાવો! આપ પ્રવાસને અંતે થાકયા હશો, સાયંકાલ થયો છે. માટે આ શ્રી ધર્માભાસવર્મા મહારાજે અતિથિઓના સુખને માટે શયનગૃહ રચાવેલું છે, તેનો ઉપયોગ કરો અને આજની રાત્રી અત્રે ગાળો. ખાનપાન અને આરામની સઘળી સવડ છે.

રાજા રાણીના ઉપર આ જગમોહન રતિનો ઓજસ પડયો અને તેથી તેઓ તેને ના પાડી શકયા નહિ. પણ શાબ્દશર્મા બોલ્યાઃ—અત્રે પાસે જ મારા ભાઇનો આશ્રમ છે, અને આ પ્રવાસીઓ પણ અમારા નિકટના સ્નેહી છે, તેથી અમે સહુ ત્યાં જ જવાના કેમકે અમારા ભાઇને ખોટું લાગે નહિ તો અહીંજ રહેત.

રતિ બોલીઃ—એ બ્રાહ્મણના આશ્રમે તમોને અનુકૂલતા નહિ પડે; માટે અત્રે રાતવાસો રહી જાવ તો ઘણું સારૂ.

મીમાંસાબાઈ બોલીઃ—બાઈ! આપના પ્રેમ ભરેલા આગ્રહ માટે અમે આપનો આભાર માનીએ છીએ. ત્યાં સુખ પડે કે ન પડે પણ અમારાવહાલાનું મન દુભાય એવું કરવું યોગ્ય નથી. તેથી જ અમે અત્રેથી આગળ ચાલવા માગીએ છીએ. સંસ્કારભદ્ર! જોઇ શું રહ્યા છો! બાઈ! તમારા ઘોડાઓ જલદી હાંકો આપણને વધારે અસુર થાય છે.

સંસ્કારભદ્ર જે રતિના મહામોહક અને ભવ્ય તથા ઓજસ્વી મુખને જોવામાં સ્થિર થઈ ગયો હતો, તે મીમાંસાબાઇના આ ટકોરાથી સાવધ થઈ ગયો અને પોતાના ઘોડાઓને અછોડાનો ઇસારો કર્યો. રથ ત્યાંથી આગળ ચાલ્યો. રતિ પ્રેમ દર્શાવતી બોલીઃ–ઠીક! હાલ એમ હોય તો પધારો! પણ આવતી વખતે જરૂર આ શયનગૃહ આપનુંજ છે તેને પાવન કરજો.

રાજા અને રાણીએ મૌનપૂર્વક રતિએ દર્શાવેલા આદરભાવનો સ્વીકાર મંદ હાસ્ય પૂર્વક નેત્રની ચેષ્ટાથી દર્શાવ્યો.

મહારાણી વૃત્તિપદ્માએ મીમાંસાબાઇને રસ્તે ચાલતાં પૂછ્યું:––જેમને આશ્રમે આપણે જઇએ છીએ તે શિષ્ટાચારશર્મા ઉમરમાં વધારે મોટા કે તમારા પતિ વધારે મોટા છે.!

મીમાંસાબાઇ બોલ્યાંઃ—શિષ્ટાચારવમાં ઉમરમાં વધારે નાના છે, પણ તેમની ગંભીરતા અને પ્રતાપ કોઇ પણ રીત્યે ઓછાં નથી. તો પણ તેઓ અમારી મર્યાદા ઘણીજ પાળે છે. અમે જે કાંઇ આજ્ઞા કરીએ તેમાં વખતે કાંઈ ખામી હોય તો તેને પણ એવી રીત્યે સુધારી લેઇને તે આજ્ઞાનું પાલન કરે છે કે જેથી વડીલ તરીકે અમારી અને આજ્ઞાંકિત તરીકે એમની શોભા વધે છે. આખા જગતમાં અમારાં બંને કુટુંબો માટે સર્વે કોઇને બહુ માન છે, તેનું કારણ એજ છે. મારાં દેરાણી રૂઢિબાઈ જો કે સરલ સ્વભાવનાં અને ભલાં છે, તો પણ અડગ પ્રતિવ્રતવાળાં સતી છે. તેથી જો કે કોઇવાર અમારી અને તેમના પતિની સલાહનો અમલ તાત્પર્ય સમજયા વિના કરી દે છે, તો પણ તેમના પતિવ્રતનો અને શુદ્ધ હૃદયનો પ્રભાવ જગતમાં એવો તો જબરો પડે છે કે તેમની આજ્ઞાને કોઈ એકદમ ઉથાપતું નથી.

આ પ્રમાણે વાતો કરતાં કરતાં આપણા પ્રવાસીઓની સ્વારી શ્રી શિષ્ટાચારશર્માના આશ્રમ આગળ આવી પહોંચી. અતિથિ સત્કારને માટે ઘણો ઉત્સાહ ધરાવનાર શિષ્યોએ આપણા પ્રવાસીઓને स्वागतम् सुस्वागतम् શબ્દોથી વધાવી લીધા અને કેટલાક તો પોતાના ગુરૂશ્રીને તેમના આવ્યા

પ્રભુ પધારવાની ખબર આપવાને હરખાતા હરખાતા દોડયા. તે ખબર સાંભળતાં વાંત જ શિષ્ટાચારશર્મા અને બલી રૂઢિબાઇ મધુપર્ક અને અર્ધ્યનાં સાધનો લેઇને શાબ્દશર્મા અને મીમાંસાબાઇનો સત્કાર કરવાને આવી પહોચ્યાં. બન્ને ઘણી ઘણીઆણી સાબ્દશર્માને અને મીમાંસાબાઇને અર્ધ્યપાદ્ય કરીને પગે લાગ્યાં, અને બોલ્યાં:—આપ બંને વડીલે અમને દર્શન દીધાં એ મોટા અનુગ્રહ કર્યો. શાબ્દશર્માએ અને મીમાંસાબાઇએ ખરા પ્રેમથી આશીર્વાદ દીધો:-વત્સ! તમારૂં જોડું સદા અક્ષત રહો. તમે બંને કુશલ છો ને? તથા તપશ્ચરણ નિર્વિઘ્ન ચાલે છે?


શિષ્ટાચારશર્મા બોલ્યા:-સર્વ અનુકૂલ છે, અને તે આપના આશીર્વાદથીજ.

પછી શાબ્દશર્માએ રાજારાણીને ઓળખાવતાં કહ્યું:—આ શ્રી મનુભાવતીના મહારાજા શ્રી બહીરથવર્મ દેવ અને આ મહાદેવી વૃત્તિપક્ષા. એટલે બીજા ક્ષાત્રિય વિદ્યાર્થીઓ પાસે તેમનું અર્ધપાદ્ય પૂજન કરાવ્યું. રાજારાણીએ શિષ્ટાચારશર્માને અને રૂઢિબાઇને નમસ્કાર કર્યા અને તે પતિ પત્નીએ રાજા રાણીને આશીર્વાદ આપ્યો કેઃ—આપનું રાજ તેજ વૃદ્ધિ પામો અને આપનું રાજવંશી જોડું દીર્ઘાયુષ થાવ.

સરલ હૃદયની રૂઢિબાઈ પોતાના અતિથિયો માટે ભોજન આસન શયન વગેરેની વ્યવસ્થાની હિલચાલમાં જોડાઈ અને સ્વલ્પ સમયમાં તે વ્યવસ્થા કુશળ વિદ્યાર્થીઓની મદદથી કરી દીધી. ઉત્તમ, સાત્વિક અને પવિત્ર ભોજનથી પ્રવાસીઓને તૃપ્ત કર્યા પછી તેમને માટે સુવાની વ્યવસ્થા જેમાં યથાયોગ્ય કરેલી હતી એવી પર્ણશાલાઓ તેમને સોંપી દીધી. અશ્વ અને સારથિને માટે પણ જેવી જોઇએ તેમ સારી વ્યવસ્થા કરી દીધી. પ્રવાસીઓ થાકેલા હોવાથી સર્વ પોત પોતાને સ્થાને સુઈ ગયા અને એ નિર્ભય પવિત્ર આશ્રમમાં શાન્તિની સાથે સહીપણુ કરવાને નિદ્રાદેવી પોતાનું તામસરૂપ તજીને આરોગ્ય અને બળ આપનાર રૂપ ધારણ કરી આવી ગઈ.

ઇતિ પ્રથમ ચિત્રમ.

પુષ્પાવિહાર તેલ રંજન.



આ તેલરંજન માટે લોકો ઉંચા હાથ કરી રહ્યા છે અને તે પર મળતાં ઇનામો માટે આશ્ચર્યચકિત થઈ મોંમાં આંગળીઓ ઘાલે છે.

એકવાર મંગાવી જુઓ.

આજકાલ સુગંધી તેલોનું બજાર બહુ ગરમ છે. પણ અમે કહીએ છીએ કે તેલો શામાટે મંગાવો છો ? **તેલરંજન** મંગાવો. અમારા તેલરંજનથી આપ ઘેર બેઠા ઉત્તમ તેલો બનાવી શકશો. જે ગુણોથી સંસારમાં તેલ પ્રશંસાને પાત્ર થાય છે તે સર્વે ગુણ આમાં છે. આમાં સુગંધીઓનો પ્રવેશ એવી રીતે કરવામાં આવ્યો છે કે જેથી સુગંધ કાયમને માટે છવાઈ રહે છે, મસ્તક ઠંડું થાય છે અને કવખતે વાળ ધોળા થતા નથી. માથામાં ગડગુમડ વિગેરેનો નાશ થાય છે. આ **તેલરંજન** બનાવેલાં તેલો લગાવ્યા પછી બીજાં કોઈ પણ તેલો લેવાની ઇચ્છા થતી નથી છે. એક શીશીની કિંમત ૦ાા.

ઇનામ ! ઇનામ !! ઇનામ !!!

દરેક શીશી સાથે નીચે લખ્યા પ્રમાણે ઇનામો આપવામાં આવે છે. અંગ્રેજી શાહીની એક પડીકી ૧ ગુલાબી દંતમંજન ૧ ડબી તાંબુલ રંજન ૧ દરાજનો મલમ ૧ સાબુની વડી ૧ પૈસા મુકવાનું પાકેટ ૧ પેન્સીલ બનાવવાનું નિશાન ૧ જલચિત્ર ૧ ખમીસનાં સોનેરી બટન ૧ હજાર દાસ્તાન સીટો ૧ મોજા જોડ ૧ નકલી હીરાની વીંટી.

એમ્પાયર એજન્સી, મુંબઈ નં૦ ૨.